સેન્ટરોમાં આઉટલેટ્સ છે.જ્યારે COVID-૧૯ રોગચાળાએ વેચાણને અસર કરી, ત્યારે તાંગ લાઈવ સ્ટ્રીમિંગ તરફ વળ્યો અને ૧૨ લાખના મજબૂત ઓનલાઈન ફોલોઅર્સ મેળવ્યા. એક સત્રમાં, તે ૧૦ લાખ યુઆન (૧.૨૫ કરોડ રૂપિયા)ની કિંમતનો માલ વેચી શકે છે. જોકે તેના પર હજુ પણ પૈસા બાકી છે, ટાંગ ઝડપથી દેવાનું વિસ્તરણ અને ચૂકવણી કરવા માટે નફાનું ફરીથી રોકાણ કરે છે. કૃત્રિમ બુદ્ધિમત્તાની મદદથી, તેણે એક ચુકવણી યોજના બનાવી જે આગાહી કરે છે કે તે ૨૦૨૭ સુધીમાં બધા દેવા ચૂકવી દેશે. તાંગ તેના લેણદારોના વિશ્વાસ અને ધીરજ માટે આભારી રહે છે. તેમની નિષ્ફળતા, નમ્રતા અને દ્રઢતાની વાર્તાએ ચીનભરમાં ઘણા લોકોના હૃદયને સ્પર્શી લીધા છે. SCMPએ એક સોશિયલ મીડિયા યુઝર્સને ટાંકીને કહ્યું, ક્યારેક આપણી સફળતા આપણા સમય અને થોડા નસીબનું પરિણામ હોય છે. મહત્ત્વપૂર્ણ વાત એ છે કે જ્યારે વસ્તુઓ સરળતાથી ચાલે છે ત્યારે સ્પષ્ટ મન રાખવું. બીજી એક પોસ્ટમાં લખ્યું, તેમની ભાવનાથી, મને ખાતરી છે કે તે બધી મુશ્કેલીઓ છતાં આમાંથી બહાર નીકળી શકશે.

# અંજાર નગરની હદ વધારવા માટેનો ઐતિહાસિક ઠરાવ પસાર કરતી અંજાર નગરપાલિકા

(સંવાદદાતા દ્વારા)
અંજાર, તા.૧૧



અંજાર નગરપાલિકાની રાબેતા મુજબની ત્રિમાસિક સામાન્ય સભાની બેઠક નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ દીપકભાઈ કોડરાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી.

જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં ''બચત ઉત્સવ'' (જી.એસ.ટી.ના દરમાં ઘટાડો) સરકારનો Next-Gen GST Reformsના સમર્થનમાં પ્રસ્તાવ રજૂ કરતા ઠરાવ કરાયો હતો. આ સુધારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી અને કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણજીના પ્રભાવશાળી નેતૃત્વનું પરિણામ છે. તેમનું પારદર્શક, કાર્યક્ષમ અને સમાવેશી ટેક્સ પ્રણાલીનું વિઝન વિકસિત ભારતના નિર્માણ તરફ ગતિ પ્રદાન કરશે. અંજાર શહેરનો દિન પ્રતિદિન વિકાસ અને વસ્તી વધારો થઈ રહ્યો છે. શહેરની આસપાસના ઘણા વિસ્તારોમાં રહેણાંક અને ઔદ્યોગિક વિકાસ થયો છે. જે હાલ ગ્રામ્ય પંચાયત/સીમની હદમાં આવે છે. આ વિસ્તારોને નગરપાલિકાની હદમાં સમાવવામાં આવે તો ત્યાંના નાગરિકોને પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ, સ્વચ્છતા અને અન્ય માળખાકીય સુવિધાઓ સારી રીતે પૂરી પાડી શકાય તેમ છે. અંજારના સર્વાંગી વિકાસના ઉદેશથી અંજાર નગરપાલિકાની હદ વધારવી અત્યંત આવશ્યક હોઈ તે અંગે દરખાસ્ત કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.અંજારની ટી.પી. સ્કીમ-૫ અને ૭ અંતર્ગત ખેડૂતો અને શહેરીજનોની આવેલી રજૂઆતોને ધ્યાનમાં લઈને તેઓ તમામનું હિત જળવાય તે હેતુ માટેનો ગુજરાત સરકારને ભલામણ કરતો એક ઠરાવ આજની સામાન્ય સભાએ સર્વાનુમતે પસાર કર્યો હતો.બસ સ્ટેશન સામે આવેલ અંજાર નગરપાલિકા સંચાલિત કોમ્પ્લેક્સમાં જરૂરી નવી છત બાંધવા સહિતના રિપેરિંગ કામના ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત જિલ્લા આયોજન કચેરી દ્વારા ધારાસભ્ય તથા સંસદ સભ્ય દ્વારા નગરપાલિકાને ફાળવવામાં આવેલી વિવિધ ગ્રાન્ટોમાંથી વિવિધ વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી હતી.આજની આ સામાન્ય સભાની બેઠકમાં પ્રમુખ વૈભવભાઈ કોડરાણી, ઉપપ્રમુખ શિલ્પાબેન બુદ્ધ ભટ્ટી, કારોબારી સમિતિ ચેરમેન પાર્થભાઈ સોરઠીયા, શાસક પક્ષના નેતા નિલેશગીરી ગોસ્વામી, દંડક કલ્પનાબેન ગોર, કેશવજીભાઈ સોરઠીયા, અમરીશભાઈ કંદોઈ, ડાયાલાલભાઈ મઢવી, સુરેશભાઈ ઓઝા, વિનોદભાઈ ચોટારા, વિજયભાઈ પલણ, રાજેન્દ્રસિંહ જાડેજા, મામદ હુસેન ગુલામશા સૈયદ, લીલાવતીબેન પ્રજાપતિ, કુંદનબેન જેઠવા, પ્રીતિબેન માણેક, ઈલાબેન ચાવડા, ગાયત્રીબા ઝાલા, કંચનબેન બાંભણિયા, હર્ષાબેન ગોહિલ, મંજુલાબેન માતંગ, નસીમબેન રાયમા, રાજીબેન અખીયાણી, નીતાબેન ઠક્કર એ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો. ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયાના માર્ગદર્શન હેઠળ ગુંજનભાઈ પંડ્યા અને ધવલભાઈ થરાદરા એ વ્યવસ્થા સંભાળી હતી.

### જાહેર રોડ પર કેક કાપવાની સાથે ભવ્ય આતશબાજી વચ્ચે ઉજવણી

# કાયદાના ધજાગરા : ઉધનામાં ભાજપના વોર્ડ પ્રમુખનું જાહેરમાં બર્થ-ડે સેલિબ્રેશન

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૧

ઉધના ખાતે હાલમાં જ ભાજપ કાર્યાલયમાં થયેલા લાફા પ્રકરણની શાહી સુકાઈ નથી ત્યાં જ વધુ એક નવો વિવાદ સામે આવ્યો છે. ઉધના ખાતે ભારતીય જનતા પાર્ટીનાં ઉધનામાં વોર્ડ નંબર ૨૪ના પ્રમુખ પ્રકાશ ખેરનારે તમામ નીતિ નિયમો નેવે મૂકી જાહેર માર્ગ ઉપર જન્મદિવસની ભવ્ય ઉજવણી કરી હતી. જાહેર રોડ ઉપર કેક કાપી, ફટાકડા ફોડી સુરત પોલીસ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તેવા તમામ નિયમોની ધજીયા ઉડાડી છે. ત્યારે હવે આ સમગ્ર વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થતાં સુરત પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે. સુરત પોલીસ પ્રકાશ ખેરનાર સામે ગુનો નોંધી તેની ધરપકડ કરશે કે કેમ તેવા પણ સવાલ ઉઠી રહ્યા છે.

સુરત શહેર ભાજપમાં હાલમાં જ માત્ર એક સપ્તાહની અંદર બે અલગ-અલગ કાર્યકર્તાઓના વિવાદો સામે આવ્યા છે. ઉધના ખાતે આવેલ ભાજપના કાર્યાલયમાં કાર્યકર્તા દ્વારા ખજાનચી પર કરવામાં આવેલા હુમલાની શાહી હજી સુકાઈ નથી ત્યાં જ ભાજપના વોર્ડ નંબર ૨૪ના પ્રમુખ પ્રકાશ ખેરનારના કારણે નવો વિવાદ સપાટી પર આવ્યો છે. પ્રકાશ ખેરનારનો ઉધના વિસ્તારમાં ધામધૂમથી ભવ્યાતી ભવ્ય જન્મદિવસની ઉજવણી કરી હતી. જેમાં ઉધના વિસ્તારમાં આવેલ સાંઈબાબા સોસાયટીના ગેટ ઉપર મુખ્ય માર્ગ ઉપર તેઓએ રસ્તા વચ્ચે ટેબલ મૂકી કેક કાપી હતી એટલું જ નહીં પરંતુ આગળ પાછળ અને ચારેય બાજુમાં આતશબાજી મૂકી ફટાકડા ફોડી સામાન્ય જનતાને બાનમાં લીધી હતી. આતશબાજી અને ફટાકડા સાથે રસ્તા પર કેક કાપવાને કારણે ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવાની નોબત આવી હતી. સુરત પોલીસ દ્વારા જાહેરમાં કેક કાપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં પણ વોર્ડ નંબર ૨૪ના પ્રમુખ પ્રકાશ ખેરનારે તમામ નીતિ નિયમો નેવે મૂકી જાહેરમાં બર્થડે સેલિબ્રેશન કરી સોશિયલ મીડિયામાં વીડિયો પણ વાયરલ કર્યો છે. સામાન્ય લોકો સામે તરત જ ગુનો દાખલ કરતી સુરત પોલીસે હજુ સુધી પ્રકાશ ખેરનાર સામે કોઈ પોલીસ ફરિયાદ દાખલ કરી નથી. ત્યારે આગામી સમયની અંદર સુરત પોલીસ તમામ નીતિ નિયમોનો ઉલાળીયો કરનાર પ્રકાશ ખેરનાર સામે ગુનો દાખલ કરી તે ધરપકડ કરવામાં આવશે કે કેમ તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે.

# સુરેન્દ્રનગરના સર્કિટ હાઉસ રોડની ભંગાર હાલતને લઈ કોંગ્રેસનો અનોખો વિરોધ

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૧

સુરેન્દ્રનગરમાં ખરાબ રસ્તાઓની સ્થિતિને લઈને કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો. શહેરના સર્કિટ હાઉસ રોડ પર કોંગ્રેસના કાર્યકરોએ રસ્તા પર જ હવન યોજીને પ્રતિકાત્મક રીતે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે અગાઉ કેબિનેટ મંત્રી મુરૂભાઈ બેરાની મુલાકાત દરમિયાન આ રસ્તો બેથી ત્રણ વખત રિપેર કરવામાં આવ્યો હતો. તેમ છતાં, તે વારંવાર તૂટી જતાં સ્થાનિક લોકોને અને વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે શહેરમાં ૫૫ કરોડના ખર્ચે રસ્તાઓનું સમારકામ કરાયું હોવા છતાં, થોડા જ મહિનામાં રસ્તાઓ ફરીથી તૂટી રહ્યા છે. આના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને તેમણે તંત્ર તેમજ શાસક પક્ષ પર નિષ્ક્રિયતાનો આરોપ મૂક્યો હતો.

''પ્રજા પરેશાન અને નેતાઓ મસ્ત'' જેવા સૂત્રોચ્ચાર સાથે કાર્યકરોએ તંત્રને ચેતવણી આપી હતી કે જો તાત્કાલિક ગુણવત્તાસભર રીપેરીંગ કામ શરૂ નહીં થાય તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. કોંગ્રેસે માગણી કરી છે કે તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગોનું તરત જ સમારકામ કરીને નાગરિકોને રાહત આપવામાં આવે.

# પાલીતાણામાં 'આપ' પાર્ટીની મીટિંગ, ભંગાર રોડ-રસ્તા પશ્ને વિરોધ



(સંવાદદાતા દ્વારા)
પાલિતાણા, તા.૧૧

આગામી જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને પાલીતાણા નગરપાલિકા ચૂંટણી યોજાવાની હોય તે નિમિત્તે ભાવનગર જિલ્લા આમ આદમી પાર્ટી અધ્યક્ષ દોમડીયાના અધ્યક્ષ સ્થાને પાલીતાણા ખાતે આમ આદમી પાર્ટીની તાજેતરમાં મીટીંગ મળી રહી હતી. જેમાં પાલીતાણા તાલુકા પ્રમુખ એડવોકેટ આર. આર. ગોહિલ સહિતના હોદ્દેદારો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે હોદ્દેદારોએ આગામી ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ પાલીતાણા શહેરના રોડ-રસ્તાઓની બિસ્માર હાલત સામે અનોખો વિરોધ દર્શાવી વાહન ચાલકો-રાહદારીઓને પુષ્પ આપી રોડ-રસ્તા સારા બને તેવો સંદેશ પણ સમસ્ત પ્રજાજનોને આપ્યો હતો.

# સુરતના પાંડેસરામાં ધમધમતું ચલણી નોટ બનાવવાનું રેકેટ ઝડપાયું

## નકલી ચલણી નોટો સહિત ત્રણ આરોપીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૧

ભારતીય અર્થ તંત્રને ખોખલું કરવાના ઈરાદે કેટલાક તત્વો અવાર નવાર પ્રયાસો કરતા હોય છે. અગાઉ પણ શહેરમાં નકલી ચલણી નોટો છાપવાના તેમજ આવી નકલી નોટો બજારમાં ફરતી કરવાના ષડયંત્ર રચનારાઓને પોલીસે પકડી પાડ્યા છે. દરમિયાન આજ દિશામાં હવે પાંડેસરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં આવેલા મકાનની અંદર પોલીસે રેઈડ કરી હતી અને ચલણી નોટ છાપવાનું રેકટ ઝડપી પાડ્યું હતું તેમજ સ્થળ પરથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી અને ચલણી નોટો તેમજ પ્રિન્ટર, કાગળો સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પાંડેસરા પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પોલીસે મળેલ બાતમીને આધારે પાંડેસરા ગુ.હા. બોર્ડ જ્વેલરી બજાર ચાર રસ્તા પાસે આવેલ હરીઓમનગર સોસાયટીના પ્લોટ નંબર ૧૭ અને ૧૮ના બીજા માળે આવેલ મકાનમાં રેઈડ કરવામાં આવી હતી અને ચલણી નોટો બનાવવાના રેકેટનો પર્દાફાશ કરી સ્થળ પરથી ત્રણ આરોપીઓ મુળારામ મોતીરામ ચેરામારામ પ્રજાપતિ, દિનેશકુમાર છોગારામ ખેરાજરામ પ્રજાપતિ અને નારાયણ છોગારામ ખેરાજરામ પ્રજાપતિ (ત્રણે રહે-હરીઓમનગર સોસાયટી, પાણીની ટાંકી પાસે, કોમ્યુનિટી હોલ, ગુ.હા. બોર્ડ, પાંડેસરા)નાઓની ધરપકડ કરી હતી. તેમજ સ્થળ પરથી રૂા.૫૦૦ના દરની ૩ નોટો, રૂપિયા ૨૦૦ના દરની ૩ નોટો અને રૂા.૧૦૦ના દરની ૬ બનાવટી ચલણી નોટો તથા પ્રિન્ટર, કાગળ, સ્કેલ, કટર અને ત્રણ મોબાઈલ સહિતનો મુદ્દામલાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ પોતે આર્થિક લાભ મેળવવા તેમજ ભારતીય અર્થતંત્રને ખોખલુ કરવાના ઈરાદે આ બનાવટી ચલણી નોટો ભારતીય બજારમાં ફરતી કરવા પોતાના કબજામાં રાખેલી હતી. ત્રણે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુમાં પાંડેસરા પોલીસ મથકના પીઆઈ જે.સી. જાદવએ જણાવ્યું હતું કે આરોપીઓ મકાની અંદર આ ચલણી નોટો બનાવતા હોવાનું જાણવા મળ્યું છે તેઓ આ કૃત્ય કેટલા સમયથી કરી રહયા હતા, વિગેરે માહિતી એકત્રિત કરવા અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે.

# લિંબાયતમાં યુસુફ ગેંગનો આતંક : ખુલ્લા પ્લોટમાં ટેમ્પો પાર્ક કરવા ખંડણી મંગાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૧

ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા યુસુફ ગેંગ અને તેના સાગરીતોનો ફરી લિંબાયતમાં આતંક સામે આવ્યો છે. લિંબાયતના ગોવિંદનગર ખાતે કબ્રસ્તાનની સામે આવેલ જગ્યા પર પાર્કિંગ કરવા મુદ્દે ખંડણી માગવાના પ્રકરણમાં યુસુફ ગેંગે એક યુવક ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. આ મામલે યુસુફ ગેંગ વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ લિંબાયત ખાતે યુસુફ ગેંગે આતંક મચાવી દીધો હતો. સુરત પોલીસે યુસુફ ગેંગ વિરૂદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી હાથ ધરી જેલ ભેગા કર્યા હતા. ત્યારબાદ યુસુફ ગેંગ અને તેની ટોળકી જામીન ઉપર બહાર આવી હતી. થોડા દિવસો શાંત રહ્યા બાદ ફરી યુસુફ ગેંગે આતંક શરૂ કરી દીધો હતો. લિંબાયત ગોવિંદનગર કબ્રસ્તાનની સામે આવેલ પાલિકાની જમીન ઉપર ચાલતી પાર્કિંગની જગ્યા મુદ્દે યુસુફ ગેંગે ખંડણી માગી હતી. જે ખંડણી આપવાની ના પડાતા યુસુફ ગેંગે એક યુવકને ઢોર મારમાર્યા બાદ ચપ્પુના ઘા ઝીંક્યા હતા. ત્યારબાદ આ ગેંગ ત્યાંથી ભાગી ગઈ હતી. ઈજાગ્રસ્ત હાલતમાં યુવકને સારવાર માટે હોસ્પિ.માં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ ગઈ હતી. લિંબાયત પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. હાલ પોલીસે આ ટોળકી વિરૂદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવા ચક્રોગતિમાન કર્યા છે. ઘટના સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ છે.

# દ. ગુજરાત યુનિવર્સિટીની સમરસ બોયઝ હોસ્ટેલમાં હોબાળો, ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરણા પર

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૧

સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા સમરસ બોયઝ હોસ્ટેલમાં ભોજનની ખરાબ ગુણવત્તાથી કંટાળેલા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રાત્રે હંગામો મચાવ્યો હતો. ભોજનની ગુણવત્તા અંગે અનેક વખત રજૂઆત છતાં કોઈ નિકાલ ન આવતા વિદ્યાર્થીઓના અસંતોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો હતો. આ દરમિયાન સિક્યુરિટી સાથે ઘર્ષણ પણ સર્જાયું હતું.બોયસ હોસ્ટેલમાં છેલ્લા ઘણા સમયથી ખોરાકની અશુદ્ધતા, સ્વચ્છતાની દયનિય સ્થિતિ અને વીજળીની બેદરકારી જેવી મૂળભૂત સુવિધાઓ ન મળતા ત્રસ્ત વિદ્યાર્થીઓએ મધરાત્રે બળવો કર્યો હતો અને ધરણા પર બેઠા હતા. આ ગંભીર સમસ્યાઓ અંગે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરોના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓએ મધરાત સુધી ધરણા યોજી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા હોસ્ટેલના વોર્ડન તથા સમાજ કલ્યાણ અધિકારી સ્થળ પર દોડી આવ્યા હતા. પરંતુ વિદ્યાર્થીઓએ સ્પષ્ટ ચેતવણી આપી કે જો આગામી સાત દિવસમાં સમસ્યાઓનો ઠોસ ઉકેલ નહીં આવે, તો વધુ ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે. આ દરમિયાન વોર્ડનને બોલાવવાની માગ કરવામાં આવી રહી હતી જે દરમિયાન આવવામાં મોડું થતા સિક્યુરિટી સાથે ઘર્ષણ પણ સર્જાયું હતું. સમરસ હોસ્ટેલના પહેલા માળે કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ રહે છે. આ માટે બે ટોઈલેટ-બાથરૂમની વ્યવસ્થા છે. જો કે, છેલ્લા ઘણા મહિનાઓથી બાથરૂમની ખરાબ હાલતને કારણે તેને બંધ કરી દેવાયું છે. જેને લઈને ૧૫૦ વિદ્યાર્થીઓ એક જ ટોઈલેટ-બાથરૂમનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે. આ ઉપરાંત દર વર્ષે નવા વિદ્યાર્થીઓને નવી ચાદર અને ગાદલા આપવાનો નિયમ હોવા છતાં એક પણ વિદ્યાર્થીને વસ્તુઓ ફાળવવામાં આવતી નથી.

# ઉનાના નવાબંદર ગામે જર્જરિત આરોગ્ય કેન્દ્ર દૂર કરવા સરપંચની માંગ

ઉના, તા.૧૧

ઉના તાલુકાના નવાબંદર ગામે આવેલ જૂની પંચાયત નજીક શાકમાર્કેટ પાસે વર્ષોથી જર્જરિત હાલતમાં બંધ પડેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તાત્કાલિક ઊતારી લેવા નવાબંદર ગ્રામ પંચાયતના સરપંચ સમજુબેન સોમવાર ભાઈ મજીઠીયાએ રજૂઆત કરી છે.

સરપંચ પ્રતિનિધિ સોમવાર મજીઠીયાએ જણાવ્યું હતું કે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ સંચાલિત તાલુકાના નવાબંદર ગામે આવેલુ જૂનું જર્જરિત પેટા આરોગ્ય કેન્દ્ર શાક માર્કેટ વિસ્તારમાં આવેલું છે. જે અત્યંત જર્જરિત બની જતાં દીવાલો પણ નમી જતાં ઘણા લાંબા સમયથી બંધ હાલતમાં હોવાથી ઈમલો પણ ખંડેર હાલતમાં મુકાઈ ગયો છે.

જર્જરિત બનેલા આ આરોગ્ય કેન્દ્ર ગમે સમયે તૂટી પડે તેવી સંભાવના વ્યક્ત કરી શાક માર્કેટ બકાલુ અને ફીસ અન્ય ચીજવસ્તુઓ વેચાણ કરતી મહિલાઓ પેટા આરોગ્ય કેન્દ્ર ની દીવાલ પાસે બેસી વેપાર કરતી હોય માર્કેટમાં મોટીસંખ્યામાં લોકોની અવર જવરના કારણે કોઈ અઘટીત ઘટના સર્જાય તેવી સ્થિતિ છે આ પ્રશ્નને ગંભીરતાને ધ્યાને રાખીને તાત્કાલિક પેટા આરોગ્ય કેન્દ્રને પાડી નાખવા ગ્રામ પંચાયતને મંજૂરી આપવા મહિલા સરપંચ દ્વારા જિલ્લા પંચાયત વિકાસ અધિકારી પ્રાન્ત અને મામલતદાર, તાલુકા વિકાસ, આરોગ્ય અધિકારી ને લેખિત રજૂઆત કરી માગણી કરી છે.

# રત્નકલાકારે RTOની લિંક ઓપન કરતા જ ખાતામાંથી રૂા.૧.૨૭ લાખ ઉપડી ગયા

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૧

સુરત કામરેજ રોડ, લસકાણા ખાતે રહેતા રત્નકલાકાર સાયબર ક્રાઈમ ફ્રોડનો શિકાર બન્યા છે. ભેજાબાજાએ તેમને બોગસ આરટીઓની ઈ ચલણની એપીકે ફાઈલ મોકલી હતી. જે ફાઈલ ડાઉનલોડ કરવાની સાથે જ તેમના બેન્કના ખાતામાંથી બે તબક્કામાં રૂપિયા ૧.૨૭ લાખ ઉપડી ગયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ હીરા ઘસવાની મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હરસુખ ભીખુભાઈ પટોળિયા (ઉ.વ. ૪૮ રહે. સિદ્ધીવિનાયક સોસાયટી, ગઢપુર રોડ, લસકાણા) સાથે ફ્રોડ થયો છે. ગત તા.૧૯ ઓગસ્ટના રોજ ભેજાબાજાએ તેમના મોબાઈલના વોટ્સઅપ ઉપર આરટીઓ ઈ ચલણની બોગસ એપીકે ફાઈલની લીક મોકલી હતી. હરસુખભાઈએ આ લીક ઓપન કરવાની સાથે જ તેમના બેન્કના ખાતામાં બે તબક્કામાં રૂપિયા ૧,૨૭,૯૭૩ ટ્રાન્સફર થઈ ગયા હતા. ભેજાબાજાએ બોગસ લીક મોકલી મોબાઈલ હેશ્વર કરી ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરી તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવતા ગતરોજ લસકાણા પોલીસમાં ફરિયાદ નોધાવી હતી.

### ભાવનગરમાં આજે સાંસ્કૃતિક કાર્યક્રમ અને જલસાનો કાર્યક્રમ

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૧

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ''સ્વદેશી મેળો ભાવનગર શોપિંગ ફેસ્ટિવલ''માં ભાવનગરના લોકો સાંસ્કૃતિક કાર્યક્રમનો આસ્વાદ મળી રહે તે હેતુથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત તારીખ ૧૨/૧૦/૨૫ રવિવાર ''હેપી સ્ટ્રીટ જલસા'' એટલે કે શેરી જલસાનું પણ આયોજન કરેલ છે. જેનો લાભ લેવા અને કાર્યક્રમમાં જોડાવા વહીવટીય તંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવેલ છે. ''હેપી સ્ટ્રીટ જલસા''નું સ્થળ આતાભાઈ ચોક જવાહર મેદાન સમય સવારે ૬:૩૦થી ૮:૩૦ કલાક રાખેલ છે. વિકાસ સપ્તાહ ૨૦૨૫ની ઉજવણી હાલ શરૂ છે તે અંતર્ગત ઉદ્‌ઘાટન સમારોહ આવતીકાલે મેયરના હસ્તે અને તેમના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ છે. તા.૧૨/૧૦/૨૫ રવિવારના રોજ ઉદ્‌ઘાટન કાર્યક્રમ રાખેલ છે જેમાં પધારવા તમામ નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

# અમરેલી એ.પી.એમ.સી.ની કમાન યુવા નેતૃત્વને સોંપતા સોજીત્રા



(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૧

અમરેલીના રાજકારણની અભૂતપૂર્વ ઘટના પી.પી. સોજીત્રાએ APMCની કમાન યુવા નેતૃત્વને સોંપી રાજકારણમાં નાના-મોટા દરેક રાજકારણીઓ ને પદ નો ભારે મોહ હોય છે અને એકવાર પદ મળે પછી તેના પર ઈતરહીની જેમ ચોટી રહેતા હોય એવા અનેક કિસ્સાઓ જોવા સાંભળવા મળે છે. પરંતુ અમરેલીના પી.પી. સોજીત્રા એક અપવાદરૂપ વ્યક્તિ છે. અમરેલી APMCના ચેરમેન પદની ચૂંટણીમાં વધુ એક વખત તેઓએ પદનો મોહ છોડી યુવા ડિરેક્ટર ભાવિન સોજીત્રાને ચેરમેન તરીકે કામ કરવાની તક આપી હતી. અમરેલી APMC હોય કે નાગરિક સહકારી બેંક પી.પી. સોજીત્રા હંમેશા યુવાનોને તક આપતા રહે છે APMCના ચેરમેન તરીકે ભાવિન સોજીત્રા બીનહરીફ ચૂંટાયા બાદ યુવાનોને પણ કામ કરવાનો મોકો મળવો જોઈએ. પી.પી. સોજીત્રાના આ અભિગના કારણે જ તેઓ અન્ય રાજકારણીઓથી અલગ તરી આવે છે.

# જૂનાગઢના ધૂળિયા માર્ગોની સત્વરે મરામત કરાવવા કોંગ્રેસની માંગ

## સહી ઝુંબેશને લોકોનો જબ્બર પ્રતિસાદ



(તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ શહેરમાં આજરોજ શહેર કોંગ્રેસ દ્વારા શહેરના માર્ગોને તત્કાલ સમારકામ કરવાની માગણી સાથે શહેરીજનો માટે સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ શહેરના નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લઈને કોંગ્રેસના ધૂળિયા, બિસ્માર માર્ગો વિરૂદ્ધના અભિયાનને સફળ બનાવ્યું હતું. કોંગ્રેસના કાર્યક્રમને લોકો તરફથી જબ્બર પ્રતિસાદ મળ્યો હતો. માત્ર ૪૫ મિનિટમાં ૧૨૦૦થી વધારે લોકો સહી ઝુંબેશમાં જોડાયા એના પરથી જ સાબિત થાય છે કે લોકો જૂનાગઢના ધૂળિયા રસ્તાઓથી કેટલા ત્રાહિમામ્ પોકારી ગયા હશે ! આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જૂનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ જોશી, કોર્પોરેટર અશરફભાઈ થઈમ, અમિતભાઈ પટેલ વગેરે સહિત કોંગ્રેસના કાર્યકરોએ ભારે ઉઠાવી હતી.

### જામનગરના તળાવમાંથી યુવાનની લાશ મળી

જામનગર, તા.૧૧

જામનગરના રણમલ તળાવમાં જૂની આરટીઓ કચેરી નજીકના પાણીના ભાગમાં ગઈકાલે બપોરે એક યુવાન પાણીમાં પડ્યો હોવાની માહિતી મળતાં ત્યાં હાજર રહેલા લોકોએ પાણીમાં ઝંપલાવી તેને પાણીમાંથી બહાર કાઢ્યો હતો, પરંતુ તેનું મૃત્યુ નિપજ્યું હતું.

મૃતકનું નામ સુરેશ બટુકભાઈ વાઘેલા (૩૫) હોવાનું જાણવા મળ્યું છે. ૧૦૮ની ટીમે પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલીતાણામાં નગરપાલિકા દ્વારા દિવાળી ટાણે દિવસ-રાત્રિ સ્વચ્છતા અભિયાન



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)
પાલીતાણા, તા.૧૧

પાલીતાણામાં નગરપાલિકાના ચીફ ઓફિસર આર.પી. સોલંકી અને પ્રમુખ ભૂપેન્દ્રસિંહ ગોહિલના માર્ગદર્શન દેખરેખ નીચે આગામી દિવાળીના તહેવારો નિમિત્તે શહેરમાં દિવસ-રાત્રિ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ઉપરાંત ડી.ડી.ટી છંટકાવ પણે કામગીરી વિસ્તાર મુજબ થાય છે.

આગામી દિવસોમાં દિવાળી તહેવાર નિમિત્તે પાલીતાણા શહેરમાં નગરપાલિકાના ચીફ ઓફિસર આર.પી. સોલંકી અને પ્રમુખ ભૂપેન્દ્રસિંહ ગોહીલ આરોગ્ય વિભાગ અધિકારી દ્વારા શહેર વોર્ડમાં દિવસ- રાત્રિ સ્વચ્છતા ડી.ડી.ટી છંટકાવ કરાઈ રહ્યો છે. જેમાં કાર્યકર્તાઓ, એજન્સી ન.પા., અધિકારીઓ, પદાધિકારીઓ, સ્ટાફવર્ગ, શહેર સ્વચ્છતામાં સહયોગ આપી રહ્યા છે.

# ડભોઈ નજીક ઊભેલી ટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં બે યુવાનોનાં મોત


મરણ જનનનું નામ . રાઠવા રંગીત ભાઈ ઈન્દુભાઈ


મરણ જનન નું નામ . સુનિલભાઈ ગીરીશભાઈ નાયકા


(તસવીર : હસન ખત્રી, ડભોઈ)

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૧૧

ડભોઈ તાલુકાના પણસોલી ગામ નજીક ગત મોડી રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક સવાર બે યુવાનોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે. બોડેલીથી ડીસા તરફ મકાઈ ભરીને જઈ રહેલી ટ્રક ડભોઇ તાલુકાના પણસોલી ગામ પાસે રોડની બાજુમાં ઊભી હતી. આ દરમિયાન, પુરપાટ ઝડપે બાઈક નંબર GJ34X6040ના ચાલકે અંધારામાં ઊભેલી ટ્રક નંબર GJ09AVની પાછળ ધડાકાભેર ઘૂસી ગયા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે બાઈક પર સવાર બંને યુવાનોએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના કાવર ગામના સુનિલભાઈ ગીરીશભાઈ નાયકા (ઉમર ૩૦ વર્ષ) તથા રંગીતભાઈ ઈન્દુભાઈ રાઠવા (ઉંમર ૨૮ વર્ષ)ના મોત નિપજ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ ડભોઇ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહોનો કબજો લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ડભોઈ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત અંગેનો ગુનો નોંધીને ટ્રકના ડ્રાઈવર સામે કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાને પગલે જેતપુરના કાવર ગામના આદિવાસી વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# કોડીનાર નગરપાલિકા ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ઝળકી

કોડીનાર, તા.૧૧

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત અને 'વિકસિત અને આત્મનિર્ભર ભારત' થીમ આધારિત એસ.વી.એસ. કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૫નું તાજેતરમાં સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કોડીનાર તાલુકાની શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, કોડીનારે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.શાળા તરફથી કુલ ૪ પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં ૧૨ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તેમની વૈજ્ઞાનિક સૂઝ અને સર્જનાત્મકતાનું પ્રદર્શન કર્યું હતું.ખાસ કરીને, મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલના એક પ્રોજેક્ટે



વિભાગ ૪માં પ્રથમ ક્રમ મેળવીને શાળા પરિવાર અને સમગ્ર કોડીનારનું ગૌરવ વધાર્યું છે. આ સફળતા બદલ શાળાના આચાર્ય અને સમગ્ર શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થિનીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. ઉપરાંત, પ્રોજેક્ટ માર્ગદર્શન અને વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા બદલ શાળાના તમામ ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકોની કામગીરી બિરદાવી હતી.

# ભરૂચ સિવિલ હોસ્પિ.માં કોલ્ડ સ્ટોરેજ બંધ રહેતા પાંચ મૃતદેહો વિકૃત થઈ ગયા

## સામાજિક કાર્યકરે માનવતા દાખવી મૃતદેહોની અંતિમ ક્રિયા કરાવી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૧

ભરૂચ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં કાર્યરત કોલ્ડ સ્ટોરેજ છેલ્લા બે દિવસથી બંધ હાલતમાં રહેતા પાંચ જેટલા મૃતદેહો વિકૃત હાલતમાં થઈ ગયા હતા જેના પગલે સામાજિક કાર્યકરે તાત્કાલિક મૃતદેહોની અંતિમ ક્રિયા કરાવી હતી.ભરૂચ સિવિલ હોસ્પિટલમાં બેદરકારીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં આવેલ કોલ્ડ સ્ટોરેજ બંધ રહેતા અંદર મૂકવામાં આવેલ પાંચ મૃતદેહ વિકૃત હાલતમાં થઈ ગયા હતા જેના કારણે તીવ્ર દુર્ગંધ ફેલાઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકી સ્થળ પર પહોંચ્યા હતા અને માનવતાના નાતે તાત્કાલિક



કાર્યવાહીના ભાગરૂપે મૃતદેહોની અંતિમક્રિયા કરાવી હતી. આ તરફ હોસ્પિટલ પ્રશાસન દ્વારા કોલ્ડ સ્ટોરેજના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અગાઉ પણ કોલ્ડ સ્ટોરેજ બગડવાના બનાવો સામે આવ્યા હતા, પરંતુ યોગ્ય જાળવણીના અભાવે સમસ્યા વારંવાર ઊભી થઈ રહી છે. સામાન્ય રીતે પોલીસ અને સિવિલ હોસ્પિટલના નિયમ અનુસાર, બિનવારસી હાલતમાં મળતા મૃતદેહોને ત્રણ દિવસ સુધી કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવે છે, જેથી કોઈ સગા-સંબંધીઓ મળી જાય તો તેમને મૃતદેહ સોંપી શકાય પરંતુ હાલની પરિસ્થિતિ વિકટ બની રહી છે.

# ડીસા અને ભાભરમાં રિફાઈન ઓઈલના બે સેમ્પલ ફેઈલ

## ફૂડ સેફટીના ૩ કેસમાં રૂા.૧૭ લાખનો દંડ ફટકારતા ચકચાર

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૧

પાલનપુર અધિક કલેક્ટર કચેરી દ્વારા વધુ ત્રણ ચુકાદા આપીને જુદી-જુદી પેઢીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરાઈ છે. ગતવર્ષે ભાભર અને ડીસામાંથી ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા રિફાઈન ઓઈલ અને મિનરલ વોટરના સેમ્પલ ફેઈલ થયા છે. આ ત્રણ કેસોમાં વેપારીઓને ૧૭ લાખનો દંડ કરાયો છે.મળતી માહિતી મુજબ, ડીસા જીઆઈડીસીમાં શાંતિભાઈ દેવાભાઈ રાજગોરની બજરંગ માર્કેટિંગ પેઢીમાંથી જૂન ૨૦૨૪માં ફૂડ વિભાગની ટીમે ક્રિષ્ના બ્રાન્ડ રિફાઈન્ડ રાઈસ બ્રાન્ડ ઓઈલનું સેમ્પલ લઈ પરિક્ષણ અર્થે લેબમાં મોકલી આપ્યું હતું. જેનો રિપોર્ટ સબ સ્ટાન્ડર્ડ આવતાં અધિક નિવાસી કલેક્ટરે આ વેપારીને પાંચ લાખનો દંડ કર્યો છે. તેમજ વર્ષ ૨૦૨૪માં ભાભરમાં સુઈગામ રોડ પર આવેલી કલ્પેશકુમાર મનુભાઈ ઠક્કરની દુકાનમાંથી મોરબીનું મિનરલ વોટરનું સેમ્પલ લેવાયુ હતું.તે પણ પરિક્ષણમાં પીવા લાયક ન નીકળતાં આ વેપારીને એક લાખ અને મોરબીના આકાશ બેવરેજીસ પ્લાન્ટના માલિક અનિલકુમાર બાબુલાલ ઉધરેજાને ત્રણ લાખનો દંડ કરાયો છે. તેમજ વર્ષ ૨૦૨૪ ભાભરની લાટી બજારમાં આવેલ આશિષકુમાર નટવરલાલ ઠક્કરના શિવ પ્રોવિઝનમાંથી કાઠિયાવાડી ગોલ્ડ રિફાઈન સોયાબિન ઓઈલનું સેમ્પલ પણ લેબમાં સબ સ્ટાન્ડર્ડ આવતા આ કેસ પાલનપુરના અધિક કલેક્ટરની કોર્ટમાં ચાલી જતાં ભાભર લાટી બજારના વેપારીને બે લાખ જ્યારે આ ઓઈલના ઉત્પાદક વારાહીની પેઢી ચામુંડા ટ્રેડિંગના આયર વીમાભાઈ અમથાભાઈને ત્રણ લાખ તેમજ તેમના ભાગીદાર આયર ભગવાનભાઈ નોધાભાઈને ત્રણ લાખનો દંડ કરવામા આવ્યો છે.

# વડોદરામાં સોશિયલ મીડિયા પર વિદ્યાર્થિનીને ફસાવી, યુવકે માર મારી બળાત્કાર ગુજાર્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૧

વડોદરાના અકોટા વિસ્તારમાં સગીર વિદ્યાર્થિનીને સોશિયલ મીડિયાના માધ્યમથી ફસાવ્યા બાદ બળાત્કાર ગુજારનાર પર પ્રાંતીયને પોલીસે ઝડપી પાડ્યો છે.

પોલીસના જણાવવા પ્રમાણે, સગીર વયની વિદ્યાર્થિની બે મહિના પહેલા સોશિયલ મીડિયાના માધ્યમથી એક અજાણ્યા યુવકના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે ચેટિંગ થયા બાદ પ્રેમાલાપ શરૂ થયો હતો. વિદ્યાર્થિનીને પોતાની પ્રેમજાળમાં ફસાવ્યા બાદ પરપ્રાંતીય યુવકે તેને મળવાનું શરૂ કર્યું હતું અને દિવાળીપુરા ખાતે પોતે રહેતો હતો તે મકાનમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. થોડા દિવસો પહેલા પણ આવી જ રીતે તેણે સગીરાને પોતાને ઘેર લઈ જઈ માર માર્યો હતો અને બળાત્કાર ગુજાર્યો હતો.

જેથી અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે વડોદરામાં ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવતા સૌરભ ઓમકાર પંડિત (અનંત પાર્ક સોસાયટી, દિવાળીપુરા, વડોદરા મુળ બનારસ, યુપી)ને ઝડપી પાડ્યો છે.

# નડિયાદના નાગરિકો માટે ટેક્સ રિબેટ યોજના

## મિલકત વેરામાં ૧૦ ટકા રિબેટ અને ૧૮ ટકા વ્યાજ માફીની જાહેરાત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૧

નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ નડિયાદ મહાનગરપાલિકાને તારીખ ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મહાનગરપાલિકા વિસ્તારના નડિયાદ શહેર અને સમાવિષ્ટ ૧૦ ગામોના વિવિધ ટેક્સ ભરનાર નાગરિકોને ટેક્સ રિબેટનો લાભ મળે તે હેતુથી ટેક્સ રિબેટ યોજના પુનઃશરૂ કરવાની રજૂઆત કરી હતી. જેના પગલે રાજ્ય સરકારે જાહેરાત કરી છે કે તારીખ ૦૧ ઓકટોબર ૨૦૨૫થી તારીખ ૩૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધી એટલે કે ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન જે મિલકત ધારકો તમામ ટેક્સ ભરશે, તેમને મિલકત વેરામાં ૧૦ ટકા રિબેટ (છૂટ) આપવામાં આવશે. આ ઉપરાંત, બાકી રહેતા વેરા પર લાગતા ૧૮ ટકા વ્યાજમાં પણ માફી આપવામાં આવશે. ધારાસભ્યની અસરકારક રજૂઆત અને રાજ્ય સરકારના આ નિર્ણયથી નડિયાદ મહાનગરપાલિકાના હજારો કરદાતાઓને મોટો આર્થિક લાભ થશે અને કરવેરાની વસૂલાત ઝડપી બનશે.

# વાપીની શ્રી એલ. જી. હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓ ઝળક્યા


(તસવીર : શકીલ સૈયદ, વાપી)

(સંવાદદાતા દ્વારા)

વાપી, તા.૧૧

ઉમરગામ તાલુકામાં આવેલ લક્ષ્મી ઈન્ટરનેશનલ સ્કૂલ સરીગામ દ્વારા આંતર શાળા FUTUREPRENEURS - 2025 , Where young minds pitch bold ideas (Concept શાર્ક ટેન્કથી પ્રેરિત થઈ) પ્રતિયોગિતાનું આયોજન કર્યું હતું. જેમાં વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ Innovative solutions for a sustainable future વિષય ઉપર આકર્ષક બિઝનેસ આઈડિયા પ્રદર્શિત કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ટ્રોફી અને રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. પ્રતિયોગિતામા ભાગ લેનાર વિદ્યાર્થીઓ અનુક્રમે વેદાન્ત દામા અને જયોતિ શેખાવત ધોરણ બાર, કાજલ તિવારી ધોરણ દસ અને સુશીલ નિશાદ ધોરણ નવ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકો અર્જુન મત્તાથીલ અને શ્રીજા પિલ્લાઈને શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા બીનીપૌલે શાળા પરિવાર વતી શુભેચ્છા પાઠવી છે.

# પાવીજેતપુરનું ક્ષતિગ્રસ્ત નાળું આખરે રિપેર થતાં ભારદારી વાહનોનો ધમધમાટ

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૧૧

પાવીજેતપુર નગરના મધ્યમાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૫૬ પરનું ત્રણ મહિનાથી વધુ સમયથી ક્ષતિગ્રસ્ત નાળું આખરે તંત્ર દ્વારા કામચલાઉ ધોરણે રીપેર કરી દેવામાં આવ્યું છે. ૨૫મી જૂનના રોજ ભારે વરસાદના કારણે આ નાળાની દિવાલ ધસી પડ્યા બાદ સતત ત્રણ મહિનાથી બંધ રહેલા ભારદારી વાહનોની અવરજવર હવે ફરી શરૂ થતાં સ્થાનિક જનતા અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

જૂન મહિનામાં નાળું ક્ષતિગ્રસ્ત થયા બાદ તંત્રએ તાત્કાલિક અસરથી ભારદારી વાહનોની અવરજવર બંધ કરાવી દીધી હતી. અને ત્યારબાદ લાંબા સમય સુધી નક્કર સમારકામ ન થતાં પાવીજેતપુરનો છોટાઉદેપુર તરફનું કનેક્શન તૂટી ગયુ હતું, બોડેલી તરફ ભારજ નદી ઉપરનો બ્રિજ અને ડાયવર્ઝન તૂટી ગયું હોવાના કારણે સ્થાનિક વેપાર-ધંધા ભાંગી પડ્યા હતા અને લોકો પરેશાન થઈ ગયા હતા.

સ્થાનિકોના સતત પ્રશ્નો અને આંદોલનની ધમકીઓ બાદ તંત્રએ આખરે કામચલાઉ સમારકામ કરી કામચલાઉ રીતે મજબૂત કરીને ભારદારી વાહનોની અવરજવર માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેના પગલે વેપારીઓ અને મુસાફરોને મોટી રાહત મળી છે. જોકે, આ નાળાના કાયમી અને નક્કર પુનઃનિર્માણની કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી માંગણી પાવીજેતપુરની જનતા દ્વારા કરવામાં આવી રહી છે.

# ચડોતર નજીક હિટ એન્ડ રનમાં ડમ્પરની અડફેટે વૃદ્ધનું મોત

(સંવાદદાતા દ્વારા)ડીસા, તા.૧૧

બનાસકાંઠાના પાલનપુર નજીક ચડોતરમાં એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. હાઈવે ક્રોસ કરી રહેલા એક વૃદ્ધને ડમ્પરે અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક ખોડલા ગામના રહેવાસી હતા. તેઓ હાઈવે ક્રોસ કરી રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતા એક ડમ્પરે તેમને ટક્કર મારી હતી. અકસ્માત સર્જી વાહન ચાલક વરાર ગળેથી કરાર થઈ ગયો હતો. હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે.આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ઘટનાની જાણ થતા જ પાલનપુર તાલુકા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને ફરાર વાહન ચાલકને ઝડપી પાડવા માટે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

## મોકસી ગામ પાસે ખેતરમાં દીપડો કેમેરામાં કેદ

# વડોદરાના રાયકા-દોડકા વિસ્તારમાં દીપડાના આંટાફેરા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૧

વડોદરા નજીક રાયકા અને દોડકા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી દિપડો દેખાવાની ચર્ચાએ ગ્રામજનોમાં ભય ફેલાવ્યો છે. ત્યારે ગઈકાલે રાત્રે મોકસી ગામ પાસે ખેતરમાં દિપડો કેમેરામાં કેદ થતાં ચર્ચાની પુષ્ટિ થઈ હતી. વડોદરા નજીકના રાયકા અને દોડકા ગામોમાં છેલ્લા બે દિવસથી દિપડો દેખાયો હોવાની ચર્ચાએ ગ્રામજનોમાં ચિંતાનો માહોલ ફેલાવ્યો છે. ગ્રામજનો દ્વારા વિવિધ વિસ્તારોમાં દિપડાને જોયાની અફવાઓ વચ્ચે આખરે ગઈકાલે રાત્રે મોકસી ગામ પાસેના ખેતરમાં દિપડો કેમેરામાં કેદ થતા આ વાતની પુષ્ટિ થઈ હતી. રાત્રિના સમયે ખેડૂત ખેતરમાં કામ કરી રહ્યો હતો તે સમયે અચાનક દિપડાને જોયો હતો. દિપડાના વીડિયો પુરાવા મળતાં વનવિભાગને જાણ કરવામાં આવી હતી. વનવિભાગના અધિકારીઓ અને ટીમોએ તાત્કાલિક વિસ્તારની મુલાકાત લીધી હતી. હાલમાં દિપડો કઇ દિશામાં ગયો છે તે જાણવા માટે આસપાસના વિસ્તારોમાં પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. રાત્રિના સમયે લોકો ખેતરોમાં અથવા એકાંત વિસ્તારોમાં ન જવાની સૂચના અપાઈ છે. ગ્રામજનોમાં ભયનું વાતાવરણ છે.

# હિંમતનગરના વોર્ડ-૧માં નર્કાગાર જેવી હાલત શાસકોને જગાડવા કોંગ્રેસનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૧

હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા હિમતનગર શહેરના વોર્ડ નંબર એકમાં આવેલ બ્રાહ્મણી નગર અને ખાડા વિસ્તારમાં ઘણા વરસોથી વરસાદી પાણી અને ઘર વપરાશના ગંદા પાણીનો યોગ્ય અને કાયમી નિકાલ નથી.

વિસ્તારના રહીશોના ઘરની આજુબાજુ ગંદુ પાણી ભરાઈ રહેતા દુર્ગંધ આવે છે અને રોગચાળાનો ભય સ્થાનિકોને સતાવી રહ્યો છે.

નગરપાલિકાના સત્તાધિશો અને સ્થાનિક ભાજપના કોર્પોરેટરોને અવારનવાર રજૂઆત કરવા છતાં કોઈ નિકાલ આવતો નથી. મેહતાપુર વિસ્તાર વરસોથી ભાજપનો ગઢ માનવામાં આવે છે વિસ્તારના રહીશો ખોબલે ખોબલા મત આપી ભાજપને હંમેશા જીતાડે છે છતાંયે વોર્ડ નંબર એકના રહીશોની જાણે નગર પાલિકાના સત્તાધીશોને બ્રાહ્મણી નગરના રહીશોના આરોગ્યની કોઈ ચિંતાના હોય તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. મધ્યમવર્ગના પરિવારો અહીં અમાનવીય પરિસ્થિતિમાં રહેવા મજબૂર જણાય છે.

ત્યારે આજરોજ હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને કોંગ્રેસના હોદ્દેદારો વોર્ડ નંબર એકના રહીશોની મુલાકાત લીધી


(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

હતી. તેમની સમસ્યાઓ સાંભળી સત્તાધીશોને રજૂવાત કરવાની અને આ સમસ્યાનો કાયમી નિકાલ કરાઈ આપવાની બાહેધરી આપી હતી.

કોંગ્રેસના શહેર પ્રમુખ મનોજ બારોટે જણાવ્યું હતું કે આ સમસ્યાનો નિકાલ નગરપાલિકા દ્વારા કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે સ્થાનિકો સાથે રેલી અને નગર પાલિકા ખાતે ધરણાના કાર્યક્રમ કરવામાં આવશે. આગામી દિવસોમાં શહેરના દરેક વોર્ડમાં જઈ લોકોની સમસ્યા સંભાળવામાં આવશે. આજના આ કાર્યક્રમમાં પૂર્વ જિલ્લા પ્રમુખ અશોકભાઈ પટેલ, શહેર પ્રમુખ મનોજ બારોટ, નેતા વિપક્ષ ઈમરાન બાદશાહ, પૂર્વ શહેર પ્રમુખ પ્રિયવદન પટેલ, ઈસ્વરભાઈ દેસાઈ, પૂર્વ કોર્પોરેટર જયોતિબેન દવે, કમળા બેન પરમાર, ગમનભાઈ દેસાઈ, રણછોડભાઈ પરમાર, કાંતિભાઈ ધામેટી, સદસ્ય જાહીદાબેન, કુમારભાટ, કાદિર ડોઈ સમેત કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા પોલીસનો સપાટો : નદીના કોતરોમાંથી ૬ દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૧

વડોદરા શહેર પોલીસે સપાટો બતાવતા વડસર અને ભાલીયાપુરા ગામે નદીના કોતરોમાંથી ૬ દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપી પાડી હતી. જ્યારે એક.મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી. આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરના પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા અધિક પોલીસ કમિશનર ડૉ.લીના પાટીલ દ્વારા અલગ-અલગ વિસ્તારમાં ધમધમી રહેલા દેશી દારૂના ભઠ્ઠાઓનો સપાટો બોલાવવા માટેની સૂચના આપવામાં આવી હતી. માંજલપુર પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી કરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે વડસર ગામના વિશ્વામિત્રી નદીના કોતરોમાં અલગ-અલગ જગ્યા ઉપર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ધમધમે છે અને હાલમાં પણ દારૂ ગાળવાની પ્રક્રિયા ચાલુ જ છે. જેના આધારે પોલીસે આજે વહેલી સવારે વડસર ગામ પાસેથી પસાર થતી વિશ્વામિત્રી નદીની કોતરોમાં



અલગ-અલગ જગ્યાએ રેઈડ કરી દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપી પાડવામાં આવી હતી. અલગ-અલગ જગ્યાએ દારૂ ગાળનાર કિશન વીરાભાઈ માળી (રહે.વડસર ગામ ગોચરમાં માળી ફળીયુ વડોદરા), આસા રણજીત માળી (રહે.ચંદન તલાવડી વડસર ગામ વડોદરા) તેમજ મંગી લક્ષ્મણ માળી (રહે.માળી મહોલ્લો વડસર ગામ વડોદરા) ધરપકડ કરાઈ હતી. જેમાં પોલીસે સ્થળ ઉપરથી દેશી દારૂ, દારૂ બનાવવાનો વોશ ખાલી પીપ અને પ્લાસ્ટિકની પાઈપ સહિત રૂા.૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેવી જ રીતે પાલીયાપુરા ગામ પાસે નદીના કોતરોમાં દેશી દારૂ ગાળવાની ત્રણ ભઠ્ઠી ઉપર કપુરાઈ પોલીસે રેડ કરી હતી અને ભઠ્ઠીનો નાશ કરીને સ્થળ ઉપરથી દેશી દારૂ તેમજ દેશી દારૂ બનાવવાનો વોશ ગોળ સહિત રૂપિયા ૧૯ હજારનો મુદ્દામાલ કબજે કરી કરવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી દેશી દારૂ બનાવનાર ત્રણ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

# સ્માર્ટ સિટી વડોદરામાં ખાડાના કારણે મહિલાનું માથું ફૂટ્યું, તંત્ર સામે બળાપો કાઢ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૧

વડોદરામાં રાવપુરા કોઠી ચાર રસ્તા પાસે ખાડાના કારણે વાહન ચાલક સિનિયર સીટીઝન દંપતી પટકાયું હતું. જેમાં મહિલાને માથાના ભાગે ઈજા પહોંચી હતી.

વડોદરા શહેરમાં જ્યાં જુઓ ત્યાં ખાડા નજરે પડી રહ્યા છે, થોડા સમય પહેલા ખાડાના કારણે એક રીક્ષા ચાલકનું મોત થયું હતું. જ્યારે કેટલાય વિસ્તારોમાં ખાડાઓના કારણે નાગરિકો અકસ્માતોનો ભોગ બની રહ્યા છે. મ્યુનિસિપલ કમિશનરે પણ થોડાક દિવસો પહેલા જાહેરાત કરી હતી કે, શહેરના તમામ માર્ગો પર પડેલા ખાડાને રીપેરીંગ કરવામાં આવશે. પરંતુ અધિકારીઓ કમિશનરનો આદેશ ઘોળીને પી ગયા હોય તેમ લાગી રહ્યું છે.

ત્યારે, શહેરના રાવપુરા કોઠી ચાર રસ્તા પાસે છેલ્લા ઘણા સમયથી પડેલા ખાડાના કારણે અનેક વાહન ચાલકોને હાલાકી પડી રહી છે, તેવામાં આજે એક સિનિયર સિટીઝન મહિલા તેમના પતિ સાથે મોપેડ પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે ખાડામાં પડતા મહિલા નીચે પટકાતા તેમને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જેથી તેઓએ તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા.

ઈજાગ્રસ્ત મહિલા મીનાબેન પટેલે જણાવ્યું હતું કે ખાડો હતો અને બાજુમાં સ્કૂટર વાળાએ એની ગાડી દબાવી એટલે અમે ગબડી પડ્યા હતા. ખાડાના કારણે કોઠી ચાર રસ્તા પાસે આ ઘટના બની હતી. તંત્રને પણ હવે શું કહેવાનું જ્યાં જુઓ ત્યાં ખાડા જ આવી રહ્યા છે. ઈજાગ્રસ્ત મહિલાના પતિ રાજુભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમે અટલાદરાથી સંગમ સોસાયટી જઈ રહ્યા હતા. વચ્ચે કોઠી ચાર રસ્તા આગળ લોખંડી એંગલ મૂકેલી છે અને આ ખાડા પૂરતા નથી કોર્પોરેશન વાળા, કેટલા દિવસથી વરસાદ નથી તેમ છતાં ખાડા પૂરતા નથી અને એક્સિડન્ટ થાય તો જવાબદાર કોણ ? કોઠી ચાર રસ્તા ખાતે પડેલા ખાડાના કારણે અમે પડી ગયા હતા.

### ખેડા જિલ્લા પોલીસના ૧૬ હેડ કોન્સ્ટેબલને બઢતી

નડિયાદ, તા.૧૧

ખેડા જિલ્લા પોલીસ વિભાગમાં ફરજ બજાવતા કુલ ૧૬ અનાર્મ હેડ કોન્સ્ટેબલોને બઢતી આપી અનાર્મ એ.એસ.આઈ (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર) તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ દ્વારા પ્રવર્તા યાદી તથા નિયમિત મૂલ્યાંકન અને ઉત્કૃષ્ટ કામગીરીના આધારે આ પ્રમોશન આપવામાં આવ્યા છે. ખેડા પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, આ તમામ કર્મચારીઓ ભવિષ્યમાં પણ વધુ ઉત્સાહ અને જવાબદારીપૂર્વક જનસેવામાં પોતાનું યોગદાન આપશે. પ્રમોશન મેળવનાર કર્મચારીઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

# વડોદરામાં ગાય દોડાવનાર બે પશુપાલકો સામે પોલીસે ગુનો દાખલ કર્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૧

વારસીયા વિસ્તારમાં પાલિકાની ઢોર પાર્ટીના કર્મચારીઓ ગાયો પકડી હતી. ત્યારે પશુપાલકોએ બુમો પાડી ગાય દોડાવી હતી. ત્યારે રસ્સો એક કર્મચારીના પગમાં ફસાઈ જતા ગાય તેમને ફતેપુરા ચાર રસ્તા સુધી ઢસડી ગઈ હતી. જેમાં સુપરવાઈઝરે ફરિયાદ નોંધાવતા પોલીસે બે પશુપાલકો સામે ગુનો દાખલ કર્યો છે.

વડોદરા મહાનગર પાલિકાની દબાણ શાખામાં સુરપરવાઈઝર તરીકે નોકરી કરતા વિજયકુમાર હરીરામ યાદવ ગત ૯ ઓક્ટોબરના રોજ અન્ય સ્ટાફના જવાનો સાથે સાથે દક્ષીણ ઝોન વિસ્તારમાં ઢોર પકડવાની કામગીરી કરી રહ્યાં હતા. તે દરમ્યાન જુના આરટીઓ રોડ સાંઈબાબા મંદીર પાસે આવતા રોડ ઉપર ચારથી પાંચ ગાયો જોવા મળતા ઢોર પાર્ટીના કર્મચારીઓએ બે ગાયોને પકડી રસ્સા પડે બાંધી દીધી હતી અને ત્રીજી ગાયને પકડવા માટે રસ્સો નાખી પકડતા બે પશુપાલકોએ શંકરભાઈ પુંજાભાઈ રબારી તથા જૈમીન ગોપાલભાઈ રબારી (બન્ને રહે. ખારી તલાવડી રબારીવાસ મેલડી માતાના મંદીર કુંભારવાડા) એ ઈરાદાપુર્વક જોરજોરથી બુમો પાડી ગાયને ભગાડતા સ્ટાફના મહેશ ધવલભાઈ પટેલના પગમાં રસ્સો ફસાઈ જતા ગાય ફતેપુરા ચાર રસ્તા સુધી ઢસડી ગઈ હતી. જેમાં તેમને ઈજાઓ પહોંચી હતી. જેથી સુપરવાઈઝરે કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શંકર તથા જૈમિન રબારી વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# વેકેશનમાં નવનિયુક્ત શિક્ષકોની તાલીમના આયોજનથી મુશ્કેલીના પગલે રજૂઆત

## શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણમંત્રીને તાલીમ તબક્કાવાર યોજવા માટે માગણી કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં નવનિયુક્ત શિક્ષકોની તાલીમ સત્રની શરૂઆતમાં જાણ કરી ગોઠવવા તથા વર્તમાન ટ્રેનિંગની તારીખ બદલવા માટે શૈક્ષિક સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. હાલમાં જે તાલીમ ગોઠવવામાં આવી છે તે દિવાળી વેકેશન દરમિયાન ગોઠવવામાં આવી હોવાથી શિક્ષકોને મુશ્કેલી પડે તેમ હોવાનું જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં પરિપત્ર કરીને નવનિયુક્ત શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ યોજવા માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ તાલીમ કાર્યક્રમ દિવાળી વેકેશનના પુર્ણાંતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. શિક્ષણની ગુણવત્તામાં વધારો અને નવા શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત માર્ગદર્શન આપવા માટે આ તાલીમ મહત્ત્વપૂર્ણ છે. જો કે, વર્તમાનમાં તાલીમના જાહેર કરાયેલા દિવસો દિવાળી વેકેશન દરમ્યાન આવતાં હોવાથી દિવાળી દરમિયાન મોટાભાગના શિક્ષકો પોતાના વતન ખાતે હોય છે. આ ઉપરાંત આ ટ્રેનિંગની અગાઉથી જાણ કરી ન હોવાથી ઘણા શિક્ષણ સહાયક દ્વારા અગાઉથી સામાજિક પ્રસંગો તેમજ અન્ય સ્થાને જવાના બુકિંગ કરાવી એડવાન્સ પૈસા ભરી દેવામાં આવ્યા છે. આમ, શિક્ષકોએ અગાઉથી જ દિવાળી વેકેશનની તૈયારીઓ કરી લીધી હોવાથી શૈક્ષિક મહસંઘ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, તાલીમ કાર્યક્રમ દિવાળી વેકેશન પૂર્ણ થવાના છેલ્લા પાંચ દિવસ દરમ્યાન યોજવામાં આવે તેમાં પણ જેનું એડવાન્સ બુકિંગ સામાજિક, ધાર્મિક કે અન્ય કારણસર તેઓને આ તાલીમ ફરજિયાત લેવામાંથી છૂટ આપી દ્વિતીય સત્રમાં વારાફરતી આ ટ્રેઈનિંગનો વિકલ્પ આપવામાં આવે જેથી શાળાનું શૈક્ષણિક કાર્ય અવિરત થઈ શકે. તાલીમ જિલ્લા અથવા તાલુકા સ્તરે યોજાય તો વધુ સુવિધાજનક સાબિત થશે. શિક્ષકો તાલીમમાં ભાગ લેવા ઉત્સુક છે, તેથી આ બાબતો પર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને શિક્ષક હિતમાં સાનુકૂળ નિર્ણય લેવામાં આવે તેવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા માગણી કરવામાં આવી છે.

### બહુ મોટા અભરખાથી બનાવાયેલું

# ગાંધીનગરનું 'ગિફ્ટ સિટી' રાત પડતા ખાલીખમ-ભેંકાર થઈ જાય છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) સિંગાપોર અને દુબઈ જેવા વૈશ્વિક નાણાકીય કેન્દ્રોને ટક્કર આપવાની યોજના સાથે બનાવવામાં આવ્યું હતું. ગગનચુંબી ઈમારતોનું આ શહેર મોટી અપેક્ષાઓ અને આર્થિક સંભાવનાઓ સાથે બનાવવામાં આવ્યું હતું, પરંતુ હાલ વાસ્તવિકતા અલગ છે.



જે ભવ્યતા અને ધમાલ સાથે તે ચમકવું જોઈતું હતું તેને બદલે રોનક જ ગાયબ થઈ ગઈ છે.

અહીંના ભવ્ય ટાવર અને પહોળા રસ્તાઓ હજુ પણ ખાલી દેખાય છે. સૌથી મોટી ચિંતા એ છે કે "વોક ટુ વર્ક" ના સ્વપ્ન સાથે બાંધવામાં આવેલા શહેરની રહેણાંક ઈમારતો ઘરો ખરીદવા તૈયાર નથી. લોકો કામ માટે આવે છે, પણ રોકાતા નથી. ભારતના ડ્રીમ પ્રોજેક્ટને તેની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચતા શું રોકી રહ્યું છે ? કારણો ફક્ત કર પ્રોત્સાહનો પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે મૂળભૂત કાર્યબળ અને જીવનશૈલીના પડકારો સાથે ઝઝૂમી રહ્યું છે.

GIFT સિટીમાં ખાલી મકાનોની સંખ્યા ચિંતાજનક છે, જે રહેણાંક વિકાસને મર્યાદિત કરે છે. તાજેતરના રિયલ એસ્ટેટ અહેવાલો અનુસાર, જુલાઈ ૨૦૨૫ સુધીમાં GIFT સિટીમાં કુલ રહેણાંક પુરવઠો ૩,૧૬૮ યુનિટ હતો, જેમાંથી આશરે ૨,૧૦૦ યુનિટ વેચાયા વિના રહ્યા. ઘરો ન વેચાવાનું મુખ્ય કારણ કિંમત છે. GIFT સિટીમાં ડેવલપર્સ સીધી જમીન ખરીદતા નથી, પરંતુ ડેવલપમેન્ટ રાઈટ્સ માટે બોલી લગાવે છે. ભવિષ્યની માંગની અપેક્ષા રાખીને, ડેવલપર્સે એટલી વધારે બોલી લગાવી છે કે રહેણાંક જમીનની કિંમત લગભગ બમણી થઈ ગઈ છે. જમીનની ઊંચી કિંમત ખરીદદારોને સીધી અસર કરે છે, જેના કારણે અમદાવાદ અને આસપાસના વિસ્તારો કરતાં એપાર્ટમેન્ટના ભાવ ઘણા વધારે છે, જેના કારણે સરેરાશ કામ કરતા કર્મચારીઓને તે પોષાય એમ નથી.

PwC ઇન્ડિયાના તાજેતરના અભ્યાસ મુજબ, અહીંના કર્મચારીઓ ઝડપથી નોકરી છોડી દે છે, એટલે કે નોકરીનો ટર્નઓવર રેટ ઊંચો છે. કર્મચારીઓ સારા પગાર અને જીવનશૈલી માટે મુંબઈ, બેંગ્લોર અથવા દિલ્હી જેવા સ્થાપિત મહાનગરોમાં જવાનું પસંદ કરે છે.

અહીંના કામદારોને અન્ય મોટા શહેરોની સરખામણીમાં ઓછો પગાર મળે છે.

આંતરરાષ્ટ્રીય નાણાંકીય કેન્દ્રમાં જે સામાજિક અને મનોરંજન સુવિધાઓ (જેમ કે પ્રીમિયમ રેસ્ટોરન્ટ, મોલ, સિનેમા અને સક્રિય નાઈટલાઈફ) હોવી જોઈએ તેનો અહીં અભાવ છે. કર્મચારીઓને હજુ પણ સારી જીવનશૈલી માટે અમદાવાદ આવવું પડે છે.

પરિણામે, GIFT સિટીમાં કામ કરતા ઘણા લોકો અમદાવાદમાં રહેવાનું અને દરરોજ લાંબા અંતરની મુસાફરી કરવાનું પસંદ કરે છે. આના કારણે GIFT સિટી રાત્રે ખાલી પડી જાય છે, જેના કારણે મકાનોની માંગ ખરીદી સુધી નહીં. અહીંના મકાનો માત્ર ભાડા સુધી મર્યાદિત રહી ગયા છે.

GIFT સિટીનો વિચાર લગભગ બે દાયકા પહેલા, ૨૦૦૭માં જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આવ્યો હતો. આજે, Google, IBM અને SBI જેવી મોટી કંપનીઓએ અહીં તેમની વૈશ્વિક ઓફિસો ખોલી છે, અને તે પહેલાથી જ ૩૦,૦૦૦ લોકોને રોજગારી આપી ચૂકી છે. તે એક સંપૂર્ણ શહેરની જેમ ઝોનવાર ડિઝાઈન કરવામાં આવ્યું છે.

વાણિજ્યિક અને નાણાકીય ક્ષેત્રઃ બેંકો, આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો, વીમા કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓ અહીં કાર્યરત છે, જેઓ ખાસ કર પ્રોત્સાહનો મેળવે છે.

રહેણાંક ક્ષેત્રઃ કર્મચારીઓને સમાવવા માટે અહીં હાઈ-રાઈઝ ટાવર બનાવવામાં આવી રહ્યા છે.

સામાજિક ક્ષેત્રઃ આમાં શાળાઓ, હોસ્પિટલો, હોટલ અને છૂટક સેવાઓનો સમાવેશ થાય છે.

ગિફ્ટ સિટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રભાવશાળી છે, પરંતુ જ્યાં સુધી તે એક જીવંત અને સંપૂર્ણ શહેર ન બને ત્યાં સુધી, તેને ખાલી માસ્ટરપીસ રહેવાના પડકારનો સામનો કરવો પડશે.

# આગામી દસકામાં સરકારી નોકરીઓમાં ઓછી ભરતી થશે : કેલેન્ડર જાહેર

અમદાવાદ, તા.૧૧

૩૦ સપ્ટેમ્બરે સરકારે ૧૬ વિભાગનું ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર બહાર પાડ્યું છે, તેણે સરકારી નોકરીની આશા રાખતા ગુજરાતના અસંખ્યા યુવાનોમાં ચિંતાનો માહોલ ઊભો કરી દીધો છે. ઊંડાણથી એનાલિસિસ કરતાં આ ભરતી કેલેન્ડરનો એવો અર્થ નીકળે છે કે આવનારાં આઠ વર્ષમાં નવી સરકારી નોકરીની જગ્યાઓ ઓછી રહેશે. આવનારાં આઠ વર્ષમાં ૧.૮૨ લાખ જગ્યા પર ભરતી થવાની છે, જ્યારે એક અંદાજ મુજબ ગુજરાત રાજ્યમાં લગભગ ૩ લાખ ૪૬ હજાર ૪૩૬ શિક્ષિત યુવાનો બેરોજગાર છે. આના પરથી જ ખબર પડી જાય છે કે ભરતીમાં કેવી કોમ્પિટિશન છે. બીજી તરફ હાલમાં ગુજરાતમાં સરકારી કર્મચારીઓની નિવૃત્તિ વય ૫૮ વર્ષની છે. કર્મચારી સંઘો આ ઉંમર વધારીને ૬૦ વર્ષ કરવાની સતત માગ કરી રહ્યા છે. જો સરકાર આ નિર્ણય લે છે તો જે કર્મચારીઓ આવનારાં બે વર્ષમાં રિટાયર્ડ થવાના હતા તેમની સર્વિસ ચાલુ રહેશે, જેના લીધે સરકારી ભરતીની જગ્યામાં લગભગ બે વર્ષ સુધી નવી જગ્યા ઊભી થવાનું અટકી જશે અને નવી ભરતી પર કામચલાઉ બ્રેક લાગી શકે છે. રિટાયરમેન્ટ એજની આ અનસર્ટેઈનિટીના લીધે જ સરકારી વિભાગો માટે લાંબા ગાળાનું ભરતી આયોજન કરવું મુશ્કેલ બન્યું છે, જે ભરતી જાહેરાતોમાં વિલંબનું મુખ્ય કારણ હોઈ શકે છે.

### રાજ્ય સરકારના ૧૬ વિભાગોમાં આગામી દસ વર્ષમાં થનારી ભરતી

| વિભાગ થનારી | ભરતી |
|---|---|
| પંચાયત વિભાગ | ૧૫,૪૧૩ |
| શિક્ષણ વિભાગ | ૯૪,૩૫૩ |
| વન પર્યાવરણ | ૨,૨૫૭ |
| કાયદા વિભાગ | ૨૭૮ |
| અન્ન નાગરિક પુરવઠા | ૭૭૮ |
| ખાણ-ખનિજ વિભાગ | ૬૮૪ |
| આદિજાતિ વિકાસ | ૭૪૩ |
| મહિલા બાળ કલ્યાણ | ૧૪૨ |
| શહેરી વિકાસ વિભાગ | ૩૭૮ |
| મહેસૂલ વિભાગ | ૪,૨૨૪ |
| માર્ગ અને મકાન | ૨,૩૬૬ |
| કૃષિ સહકાર અને મત્સ્ય ઉદ્યોગ | ૪૧૨ |
| ગૃહ વિભાગ | ૪૩,૩૪૯ |
| રમતગમત વિભાગ | ૯૫૬ |
| સામાન્ય વહીવટી વિભાગ | ૧,૩૨૦ |
| આરોગ્ય વિભાગ | ૧૩,૩૧૬ |
| સામાજિક ન્યાય અધિકારિતા | ૧,૨૭૯ |

# સુરતમાં મામાએ ભાણેજના ૭ ટુકડા કરી ખાડીમાં ફેંકી દીધા

## હથોડીથી હત્યા કરી છરાથી ટુકડા કરી એક્ટિવા પર બે ફેરામાં ખાડીમાં ફેંક્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૧

સુરતના ભાઠેનામાં ભાણેજ મોહમ્મદ આમિર આલમની તેના જ મામા મોહમ્મદ ઈફ્તિખાર વાજીદ અલીએ નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા બાદ ગુનાને છુપાવવા માટે આરોપી મામાએ લાશના ૭ ટુકડા કરી ખાડીમાં નાખી દીધા હતા, પરંતુ એનો ભેદ હત્યા કરનાર મામાએ જ ગુરૂવારે રાત્રે ગુમ થયાની ખોટી ફરિયાદ નોંધાવ્યા બાદ ખૂલ્યો હતો. હાલ આરોપી મામા ભાણિયાના સાત ટુકડા કરી તેને કોથળામાં પેક કરીને મોપેડમાં નાખીને જતો હોવાના CCTV પણ સામે આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, મૃતક મોહમ્મદ આમિર આલમ અને હત્યારો મામો મોહમ્મદ ઈફ્તિખાર વાજીદ અલી બંને મૂળ બિહારના કટિહારના રહેવાસી છે. ભાઠેનામાં શિવશક્તિનગરમાં ભાડાના ફ્લેટમાં સાથે રહેતા હતા. મામા-ભાણેજ ઉધના રોડ નંબર ૮ પર ૩૦ સિલાઈ મશીન ભાડે ચલાવતા હતા. ઘણા સમયથી ભાણેજ હિસાબ કરી નફો બતાવતો હતો, પણ રોકડ મામાને આપતો નહોતો, જેથી હિસાબોને લઈ બંને વચ્ચે ઝઘડાઓ શરૂ થયા હતા. થોડા સમય પહેલાં બંનેએ છૂટા પડવાનું નક્કી કર્યું હતું. ગત રવિવારની સાંજે ખાતા પર જમ્યા બાદ તેઓ ફ્લેટ પર ગયા બાદ મામાએ હત્યાનો ખેલ કર્યો હતો. બાદમાં પોલીસે લાલ આંખ બતાવતાં મામાએ હત્યા કરી લાશ ખાડીમાં ફેંકી દીધાની કબૂલાત કરી હતી. ઉધના પોલીસે હત્યામાં વપરાયેલા હથોડી અને ચાકુ સહિતના પુરાવાઓ જપ્ત કરવા તથા ખાડીમાં ફેંકાયેલા મૃતદેહના ટુકડાઓ ફાયર વિભાગના અધિકારીઓની મદદથી શોધવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

પૈસાની આ લેતી-દેતી અંગે મામા-ભાણેજ વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા. મામા ઈફ્તિખાર વારંવાર પૈસા માગતાં ભાણેજે હિસાબ આપવાની ના પાડી દીધી હતી, જેથી મામાએ સંજયનગર પાસે ખાતું ભાડે રાખી લીધું હતું અને પોતાના ભાગના ૩૦માંથી ૧૫ મશીન આપી દેવા ભાણજને કહેતાં તેણે ના પાડી દેતાં હત્યાનો એક મહિના પહેલાં જ પ્લાન બનાવ્યો હતો. ઉધના પોલીસ ઈન્સ્પેક્ટર શૈલેશ દેસાઈના જણાવ્યા મુજબ, જ્યારે ભાણેજ આમિર પોતાના રૂમમાં ઊંઘમાં હતો ત્યારે ઈફ્તિખારે વજનદાર હથોડી વડે તેના માથામાં ગંભીર ઘા મારીને તેની નિર્મમ હત્યા કરી નાખી હતી.

આરોપી મામા અને ભાણેજ ભાઠેનાના એક ફ્લેટમાં સાથે રહેતા હતા. જ્યારે અન્ય તેના ભાઈ અને કારીગરો ખાતા પર રહેતા હતા. અવારનવાર હિસાબોના ઝઘડાને લઈ ભાણેજની હત્યા કરવાનો પ્લાન મામાએ મનોમન બનાવી લીધો હતો. હત્યા કઈ રીતે કરવી ? પુરાવા કઈ રીતે નાશ કરવા ? અને જો પકડાઈ જવાઈ તો કેટલી સજા થાય એની જાણકારી તેણે યુટ્યૂબ પરથી મેળવી હતી. છેલ્લા એક મહિનામાં તેણે ૨૦ વખત આ અલગ અલગ માહિતી મેળવી હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી. આરોપીએ મર્ડરનું પ્લાનિંગ કર્યા બાદ ઉધનાની દુકાનમાં નવું ખાતું શરૂ કરવાનું કહી ત્યાંથી છરો અને હથોડી ખરીદ્યાં હતાં. હથોડી વડે હત્યા કર્યા બાદ છરા વડે લાશના ૭ ટુકડા કર્યા હતા. બાદમાં સોમવારની રાત્રે એક્ટિવા પર બે ફેરામાં મીઠી ખાડીમાં લાશના ટુકડાઓ બોરીમાં ભરી નાખી દીધા હતા. બાદમાં આખું ઘર સાફ કરી બીજા દિવસે ખરીદેલો હથોડો અને છરી ફરી એ જ દુકાનમાં ખાતું ચાલુ નહીં કરવાનું કહી અડધી કિંમતે વેચી આવી પુરાવાનો નાશ કરી દીધો હતો.

# મુખ્ય શિક્ષક બનવા પરીક્ષા આપનારાઓ પૈકી માત્ર ૩૩ દિવ્યાંગ ઉમેદવારો જ પાસ થવામાં સફળ

## રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓની ખાસ ભરતી માટેની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રવિવારે દિવ્યાંગ વ્યક્તિતઓની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત લેવામાં આવેલી મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીનું પરિણામ જાહેર કરાયું છે. પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી નોંધાયેલી ૪૨૯ ઉમેદવારો પૈકી ૩૧૬ ઉમેદવારો પરીક્ષામાં હાજર રહ્યા હતા. જેમાંથી જાહેર કરાયેલા પરિણામમાં માત્ર ૩૩ ઉમેદવારો જ પાસ થવામાં સફળ રહ્યા છે. પરીક્ષામાં ૫૫ ટકા લાવનારા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડી પ્રાથમિક શાળાઓમાં સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની લાયકાત ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મગાવવામાં આવી હતી. અરજીઓ મળ્યા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૧ સપ્ટેમ્બરના રોજ પરીક્ષા લેવામાં આવી હતી.

આ પરીક્ષા બપોરના ૧ વાગ્યાથી ૩ વાગ્યા દરમિયાન લેવામાં આવી હતી. જેમાં અમદાવાદ શહેરમાં ૨ પરીક્ષા કેન્દ્રો પર ૨૦૧ ઉમેદવારો નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૧૪૯ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૫૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. જ્યારે રાજકોટમાં પરીક્ષા માટે નોંધાયેલા ૧૧૬ ઉમેદવારો પૈકી પરીક્ષા વખતે ૮૬ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૩૦ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. સુરતમાં ૪૮ ઉમેદવારો નોંધાયા હતા અને ૩૬ ઉમેદવારો હાજર અને ૧૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. જ્યારે વડોદરામાં નોંધાયેલા ૬૪ ઉમેદવારો પૈકી ૪૫ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૧૯ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

પરીક્ષા પૂર્ણ થયા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આન્સર કી જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ હવે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૫૫ ટકા એટલે કે ૮૨ કરતા વધુ ગુણ લાવનારા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પરીક્ષામાં હાજર રહેલા ૩૧૬ ઉમેદવારો પૈકી માત્ર ૩૩ ઉમેદવારો જ પાસ થઈ શક્યા હતા. પરિણામમાં ૫ ઉમેદવારો ૦થી લઈને ૩૯ ગુણ લાવી શક્યા હતા. જ્યારે ૧૧૬ ઉમેદવારોને ૪૦થી ૫૯ ગુણ મળ્યા હતા. ૧૬૨ ઉમેદવરોને ૬૦થી ૮૧ ગુણ મળ્યા હતા. જ્યારે ૩૩ ઉમેદવારોને ૮૨થી ૧૦૦ ગુણ મળ્યા હતા. જો કે, ૧૦૦ કરતા વધુ ગુણ મેળવવામાં એક પણ ઉમેદવાર સફળ રહ્યો ન હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર પ્રથમના ભાવને ઉજાગર કરતી 'મેરા દેશ પહલે'ની ગિફ્ટ સિટીમાં પ્રસ્તુતિ

## ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ વડાપ્રધાનની જીવન યાત્રાના અનેક પાસાઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી



તા.૧૧ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો. નરેન્દ્ર મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું. નરેન્દ્ર મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમજ વડાપ્રધાન તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. લેખક અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સીટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું.

### પહેલા હાયર પોસ્ટનું પરિણામ બહાર પાડો, પછી લોઅર પોસ્ટનું

# પોલીસમાં જુદી જુદી ભરતીને બદલે એક સાથે કરવા હાઈકોર્ટનું સૂચન

## આગામી સમયમાં કોન્સ્ટેબલ અને જેલ સિપાહીની ભરતીમાં આ પ્રકારે પરીક્ષા યોજાઈ શકે છે

અમદાવાદ, તા.૧૧

પોલીસ બેડામાં ખાલી જગ્યાઓ મુદ્દે ચાલી રહેલી સુનાવણીમાં સરકારી વકીલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે હાલ પોલીસ ભરતીના પ્રથમ તબક્કામાં સીધી ભરતી પ્રક્રિયામાં PSI ભરતીની ૫૦ હજાર ઉત્તરવહી તપાસાઈ રહી છે, જેનું સિલેક્શન લિસ્ટ નવેમ્બર મહિના જાહેર થશે. હાઈકોર્ટે સરકારી વકીલને સૂચન કર્યું હતું કે સમાન હોદ્દા પર જુદીજુદી ભરતી કરવાની જગ્યાએ એક સાથે ભરતી પ્રક્રિયા કરવી જોઈએ, જેથી સમય બગડે નહીં અને ખાલી પોસ્ટ જલ્દી ભરાય. આગામી સમયમાં કોન્સ્ટેબલ અને જેલ સિપાહીની ભરતીમાં આ પ્રકારે પરીક્ષા યોજાઈ શકે છે. જેલ સિપાહી માટે કેટલીક લાયકાત અલગ હોય છે. પરંતુ પરીક્ષામાં પ્રાધાન્ય આપીને કોમન ભરતી યોજી શકાય છે. આ સાથે જ આગામી સમયમાં બીજા તબક્કાની ભરતી પ્રક્રિયા શરૂ કરવા જાહેરાત આપવામાં આવશે. કોર્ટ મિત્રે કહ્યું હતું કે વર્તમાન ભરતી પ્રક્રિયામાં PSI અને કોન્સ્ટેબલની ભરતી સાથે કરવામાં આવી હતી. જેમાં કોન્સ્ટેબલનું સિલેક્ટ લિસ્ટ ઓક્ટોબર ૨૦૨૫માં બહાર પાડ્યું છે. જ્યારે PSIનું સિલેક્ટ લિસ્ટ નવેમ્બર ૨૦૨૫માં બહાર પાડવામાં આવશે. હાઈકોર્ટે ટકોર કરી હતી કે પહેલા હાયર પોસ્ટનું પરિણામ બહાર પાડો, પછી લોઅર પોસ્ટનું પરિણામ જાહેર કરવું જોઈએ. લોઅર પોસ્ટમાં સિલેક્ટ થયા બાદ જો ઉમેદવાર હાયર પોસ્ટમાં પણ સિલેક્ટ થાય તો લોઅર પોસ્ટમાં જગ્યાઓ ખાલી પડે છે. પરંતુ પહેલા જ હાયર પોસ્ટમાં સિલેક્ટ ન થયાનું ખબર પડે તો આજના જમાનામાં રોજગારી બધાને જોઈતી હોવાથી તેઓ નોકરી જતી કરતા નથી.

### ગુજરાત ઉના સામૂહિક બળાત્કાર કેસમાં કાર્યવાહી

# મરીન પોલીસે દરિયામાં ૨૫ કિમી અંદર જઈને ગેંગરેપના આરોપીને ઝડપ્યા

## ત્રણ પુરૂષોએ એક મહિલા પર બે વાર સામૂહિક બળાત્કાર કર્યો હતો : ગુનો કર્યા પછી આરોપીઓ ભાગી ગયા

ગીર સોમનાથ, તા.૧૧

ગીર સોમનાથ જિલ્લામાં એક મહિલા પર સામૂહિક બળાત્કાર થયો હતો. ગીર સોમનાથ પોલીસે ક્રૂરતાના ગુનેગારોને પકડવા માટે એક ચોંકાવનારૂં પગલું ભર્યું. ઘટનાસ્થળેથી ભાગી ગયા બાદ તેમણે દરિયાની વચ્ચે આરોપીઓને પકડી પાડ્યા. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર પોલીસે આવી સિદ્ધિ હાંસલ કરી છે, જેની ખુદ ડીજીપી વિકાસ સહાયે પ્રશંસા કરી હતી. રાજ્યના ગીર સોમનાથ જિલ્લામાં ત્રણ પુરૂષોએ એક મહિલા પર બે વાર સામૂહિક બળાત્કાર કર્યો હતો. ગુનો કર્યા પછી, આરોપીઓ ભાગી ગયા. પોલીસ તેમને દરેક શક્ય રીતે શોધી રહી હતી. શુક્રવારે, પોલીસને મરીન કંટ્રોલ રૂમ તરફથી વાયરલેસ સંદેશ મળ્યો. તેમની કાર્યવાહી ગુજરાત પોલીસના ઈતિહાસમાં અંકિત થશે. સામૂહિક બળાત્કારના આરોપીઓને પકડવા માટે તેઓ જમીન છોડીને ૨૫ કિલોમીટર દરિયામાં ભાગી ગયા હતા. આરોપીઓએ મહિલાને ઘરે છોડી દેવાનું વચન આપીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. ગીર સોમનાથ જિલ્લામાં સામૂહિક બળાત્કારની ઘટનામાં પોલીસે કડક કાર્યવાહી કરી છે. પાલડી જિલ્લાના ઉના નજીક આવેલું એક ગામ છે. પાલડીથી ૨૦ કિલોમીટર દૂર આવેલા નવબંદર ગામના રહેવાસી ત્રણ આરોપીઓએ મહિલા પર અત્યાચાર ગુજાર્યો હતો. ગુનો કર્યા પછી તેઓ ભાગી ગયા હતા. તેમણે મહિલાને છોડી દેતા પહેલા ધમકી પણ આપી હતી અને ચેતવણી આપી હતી કે જો તે કોઈને કહેશે તો તે વિનાશકારી બનશે. જોકે, જ્યારે મહિલાને પેટમાં દુઃખાવો થયો ત્યારે તેણે આખી ઘટના ડોક્ટરોને જણાવી. આના કારણે ગેંગરેપનો પર્દાફાશ થયો. ત્યારબાદ પોલીસ આરોપીઓને શોધી રહી હતી. ગુજરાતના ઈતિહાસમાં આ પહેલી વાર બન્યું છે કે પોલીસે આરોપીને દરિયાની વચ્ચે પકડી લીધો છે. મહિલા પર ગેંગરેપ કર્યા પછી આરોપી માછીમારી કરવા ગયો હોવાની માહિતી પોલીસને મળ્યા બાદ આ સમગ્ર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મહિલા સામે ગુનો કર્યા પછી, આરોપી નવબંદરના કાંતિભાઈ વાજાની બોટમાં દરિયામાં ભાગી ગયો હતો. પોલીસે મરીન કંટ્રોલ રૂમ તરફથી વાયરલેસ સંદેશ જારી કરીને દરિયામાં તોફાનની ચેતવણી આપી હતી. ત્યારબાદ, બધી બોટ પરત ફરી ગઈ. દરિયો હોવાથી આરોપી કિનારે ભાગી શક્યા નહીં. પરિણામે, ગીર સોમનાથ જિલ્લાના નવાબંદર પોલીસ સ્ટેશન, મરીન કર્મચારીઓ સાથે, એક બોટ લઈને દરિયામાં ગયા. અંતે, રાત્રિના અંધારામાં, પોલીસ આરોપીઓને લઈ જતી બોટ સુધી પહોંચી. મરીન પોલીસે નરેન્દ્ર બારિયા ઉર્ફે એકમાનો કાલીયો અને સંજય મજેઠિયા ઉર્ફે કબુતરની ધરપકડ કરી. ત્રીજો આરોપી બીજી બોટ પર મળી આવ્યો. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય પોલીસ વડા ડીજીપી વિકાસ સહાયે ગીર સોમનાથના પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા અને તેમની ટીમની પ્રશંસા કરી.

# કોંગ્રેસ શાસિત કર્ણાટક અને તેલંગાણા દ્વારા વાર્ષિક ૩૨૦૦૦ રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જમા થાય છે તેવી યોજના ગુજરાતમાં લાગુ કરે : કોંગ્રેસ પ્રમુખ

## ગુજરાત કોંગ્રેસ દ્વારા ૧૫ ઓક્ટોબરે ખેડૂતોના હક્ક અધિકારોના મુદ્દે સૌરાષ્ટ્રના તાલુકા મથકો ઉપર ખેડૂત વિરોધી ભાજપ સામે કાર્યક્રમ આપવામાં આવશે : અમિત ચાવડા

તા.૧૧

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ખેડૂત વિરોધી ભાજપ સરકાર દ્વારા મગફળી પકવતા ખેડૂતોને થઈ રહેલા અન્યાય અંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. સરકાર દ્વારા ખેડૂત દીઠ માત્ર ૭૦ મણ મગફળી ટેકાના ભાવ ખરીદી ની જગ્યાએ સરકારએ ખેડૂત દીઠ ૩૦૦ મણ ખરીદીની માંગ કરી છે. સરકાર દ્વારા જો ટેકાના ભાવે મગફળી ખરીદી ના કરે તો ૧,૩૫,૦૦૦ રજિસ્ટ્રેશન કરાવનાર ખેડૂતોના ખાતામાં બજાર ભાવ અને ટેકા ભાવના ભાવફેરના રૂપિયા સીધા જમા થાય તેવી માંગ કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા જ નિમાયેલી કમિટી " ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન કમિટી"એ આપેલા અહેવાલ મુજબ સરકાર દ્વારા ખેડૂતોને હેક્ટર દીઠ સહાય આપવી જોઈએ. કોંગ્રેસ શાસિત કર્ણાટક અને તેલંગાણા દ્વારા વાર્ષિક ૩૨૦૦૦ રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જમા થાય છે તેવી યોજના ગુજરાતમાં લાગુ કરવી જોઈએ. ગુજરાતના મગફળી પકવતા ખેડૂતોના ન્યાય માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં ખેડૂતો પાસેથી ૩૦૦ મણની ટેકાના ભાવે ખરીદી માટે સમર્થન પત્ર લખાવવામાં આવશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આવનારી ૧૫ ઓક્ટોબર ખેડૂતોના હક્ક અધિકારોના મુદ્દે સૌરાષ્ટ્રના તાલુકા મથકો ઉપર ખેડૂત વિરોધી ભાજપ સામે કાર્યક્રમ આપવામાં આવશે.

ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરનારી ભાજપએ ખેડૂતોના ખર્ચા બમણા કરી દીધા છે. ભાજપ સરકારે કમોસમી વરસાદનો ભોગ બનનાર ખેડૂતો માટે કોઈ પણ પ્રકાર રાહત પેકેજ જાહેરાત નથી કરી. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા કપાસમાં આયાત ઉપર ટેક્સ હટાવી ગુજરાતના કપાસ પકવતા ખેડૂતો જોડે હળહળતો અન્યાય કર્યો છે. વાવેતરના સમયે એ ખેડૂતોને ખાતર ના મળે અને બજારમાં કાળાબજારી થાય, ભોગવે ખેડૂત. ભારતમાલા જેવા પ્રોજેક્ટમાં જબરદસ્તી જમીન સંપાદિત કરી સસ્તા ભાવે જમીન પડાવવાના ધંધા ખેડૂત વિરોધી ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદમાં અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈએ ખેડૂતોને પડી રહેલી મૂશ્કેલીઓ, ભાવફેર, વધતી આર્થિક પરેશાનીની વ્યથા જણાવી હતી. પ્રેસવાર્તામાં ગુજરાત કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડો. મનીષ દોશી, પ્રવક્તા ડો. હિમાંશુ પટેલ, પ્રવક્તા ડો. અમિત નાયક, પ્રવક્તા નિશાંત રાવલ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ચેતનસિંહ પરમાર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ શાસિત સિક્કા નગરપાલિકાના વર્તમાન ચેરમેન સહિતના ભાજપના નગરસેવકોએ ભાજપ પક્ષને તિલાંજલિ આપી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ કોંગ્રેસ પક્ષના તિરંગા ખેસ પહેરાવીને તમામને આવકાર્યા હતા.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે ભાજપા શાસિત સિક્કા નગરપાલિકાના વર્તમાન ચેરમેન જુસબ બરોયા, નગરસેવક વલીમામદ મલેક, અસગર હુંદડા, રેશ્માબેન કુંગડા, મામદભાઈ કુંગડા, રોશનબેન સુંભણીયા તથા ઝુબેદાબેન આજરોજ વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. પંચમહાલ જિલ્લાના આમ આદમી પાર્ટી (આપ)માંથી છેડો ફાડીને આપના ગુજરાત એકમના ઓબીસી ડિપાર્ટમેન્ટના ઉપપ્રમુખ અને તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય મનંતકુમાર બાધારસિંહ પટેલ તથા તેમની સાથેના ૧૦૦ જેટલા કાર્યકરો જોડાયા હતા.

# ઈઝરાયેલે સૌથી લોકપ્રિય પેલેસ્ટીની નેતા મારવાન બરઘૌતીને જેલમાંથી મુક્ત કરવાનો ઈન્કાર કર્યો

## હમાસના વરિષ્ઠ અધિકારી મૌસા અબુ મરઝુકે અલ જઝીરા ટીવી નેટવર્કને જણાવ્યું હતું કે જૂથ બરઘૌતી અને અન્ય ઉચ્ચ-પ્રોફાઈલ વ્યક્તિઓની મુક્તિ માટે આગ્રહ રાખે છે અને તે મધ્યસ્થી સાથે ચર્ચા કરી રહ્યું છે

(એજન્સી) રમલ્લાહ, તા.૧૧

નવા ગાઝા યુદ્ધવિરામ કરાર હેઠળ હમાસ દ્વારા રાખવામાં આવેલા બંધકોના બદલામાં ઈઝરાયેલ જે કેદીઓને મુક્ત કરવા માંગે છે તેમાં સૌથી લોકપ્રિય અને સંભવિત રીતે એકતા લાવનાર પેલેસ્ટીનીનેતા મારવાન બરઘૌતીનું નામ સામેલ નથી. ઈઝરાયેલે અન્ય હાઈ-પ્રોફાઈલ કેદીઓને મુક્ત કરવાનો પણ ઈનકાર કર્યો છે જેમની મુક્તિની હમાસ લાંબા સમયથી માંગ કરી રહ્યું છે, જોકે ઈઝરાયેલી સરકારની સત્તાવાર વેબસાઈટ પર શુક્રવારે જારી કરાયેલ લગભગ ૨૫૦ કેદીઓની યાદી અંતિમ છે કે નહીં તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી.

હમાસના વરિષ્ઠ અધિકારી મૌસા અબુ મારઝુકે અલ જઝીરા ટીવી નેટવર્કને જણાવ્યું હતું કે જૂથ બરઘૌતી અને અન્ય હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓની મુક્તિ પર આગ્રહ રાખે છે અને તે મધ્યસ્થી સાથે ચર્ચા કરી રહ્યું છે. ઈઝરાયેલ બરઘૌતીને આતંકવાદી નેતા તરીકે જુએ છે. ૨૦૦૪માં ઈઝરાયેલમાં થયેલા હુમલાઓના સંદર્ભમાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ તે અનેક આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. પરંતુ કેટલાક નિષ્ણાતો કહે છે કે ઈઝરાયેલ બરઘૌતીથી બીજા કારણોસર ડર રાખે છે: બે-રાજ્ય ઉકેલનો હિમાયતી હોવા છતાં, કબજા સામે સશસ્ત્ર પ્રતિકારને ટેકો આપતો હતો, બરઘૌતી પેલેસ્ટીનીઓ માટે એક શક્તિશાળી વ્યક્તિ બની શકે છે. કેટલાક પેલેસ્ટીનીઓ તેમને તેમના પોતાના નેલ્સન મંડેલા તરીકે જુએ છે, જે દક્ષિણ આફ્રિકાના રંગભેદ વિરોધી કાર્યકર્તા હતા અને તેમના દેશના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ બન્યા હતા. શુક્રવારે ગાઝામાં અમલમાં આવેલા યુદ્ધવિરામ અને ઈઝરાયેલી સૈનિકોના પાછા ખેંચવા સાથે, હમાસ સોમવાર સુધીમાં લગભગ ૨૦ જીવંત ઈઝરાયેલી બંધકોને મુક્ત કરશે. ઈઝરાયેલ જેલની સજા ભોગવી રહેલા લગભગ ૨૫૦ પેલેસ્ટીનીઓને, તેમજ છેલ્લા બે વર્ષથી ગાઝામાંથી પકડાયેલા અને કોઈ આરોપ વિના રાખવામાં આવેલા લગભગ ૧,૭૦૦ લોકોને મુક્ત કરશે. ઈઝરાયેલીઓ કેદીઓને આતંકવાદી માને છે, જેમાંથી કેટલાક આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં સામેલ છે. ઘણા પેલેસ્ટીનીઓ ઈઝરાયેલ દ્વારા રાખવામાં આવેલા હજારો લોકોને રાજકીય કેદીઓ અથવા દાયકાઓથી લશ્કરી કબજાનો પ્રતિકાર કરતા સ્વતંત્રતા સેનાનીઓ તરીકે જુએ છે. ઈઝરાયેલી કેદીઓની યાદીમાં મોટાભાગના લોકો ૨૦૦૦ના દાયકામાં ધરપકડ કરાયેલા હમાસ અને ફતાહ જૂથના સભ્યો છે. તેમાંથી ઘણાને ગોળીબાર, બોમ્બ ધડાકા અથવા અન્ય હુમલાઓમાં સંડોવણી બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા જેમાં ઈઝરાયેલી નાગરિકો, વસાહતીઓ અને સૈનિકોની હત્યા કરવામાં આવી હતી અથવા તેમને મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ યાદી અનુસાર, તેમની મુક્તિ પછી, અડધાથી વધુ લોકોને ગાઝા અથવા પેલેસ્ટીની પ્રદેશોની બહાર દેશનિકાલમાં મોકલવામાં આવશે. ૨૦૦૦ના દાયકામાં બીજા ઈન્તિફાદા થયો, જે વર્ષોથી શાંતિ વાટાઘાટો છતાં સતત કબજા પર ગુસ્સાથી



સાથેનો પેલેસ્ટીની બળવો હતો. આ બળવો લોહિયાળ બન્યો, જેમાં પેલેસ્ટીન સશસ્ત્ર જૂથોએ હુમલા કર્યા જેમાં સેંકડો ઈઝરાયેલીઓ માર્યા ગયા, અને ઈઝરાયેલી સૈન્યએ હજારો પેલેસ્ટીનીઓને મારી નાખ્યા હતા. જે કેદીને મુક્ત કરવામાં આવશે તે ઈસ્લામિક જેહાદ કમાન્ડર ઈયાદ અબુ અલ-રુબ છે, જે ૨૦૦૩-૨૦૦૫ દરમિયાન ઈઝરાયેલમાં આત્મઘાતી બોમ્બ વિસ્ફોટો કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો જેમાં ૧૩ લોકો માર્યા ગયા હતા. સૌથી મોટી અને સૌથી લાંબી જેલની સજા ભોગવનાર ૬૪ વર્ષીય સમીર અબુ નામા છે, જે ફતાહ સભ્ય છે, જેમની ૧૯૮૬માં પશ્ચિમ કાંઠેથી ધરપકડ કરવામાં આવી હતી અને વિસ્ફોટકો મૂકવાના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. સૌથી નાના મોહમ્મદ અબુ કાતીશ છે, જે ૨૦૨૨ માં ધરપકડ કરવામાં આવી ત્યારે ૧૬ વર્ષના હતા અને છરા મારવાના પ્રયાસના દોષી ઠેરવવામાં આવ્યા હતા. બરઘૌતીનો જન્મ ૧૯૫૯માં વેસ્ટ બેન્કના કોબાર ગામમાં થયો હતો. બિર ઝૈત યુનિવર્સિટીમાં ઈતિહાસ અને રાજકારણનો અભ્યાસ કરતી વખતે, તેમણે ઈઝરાયેલી કબજા સામે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરવામાં મદદ કરી. તેઓ ડિસેમ્બર ૧૯૮૭માં ફાટી નીકળેલા પ્રથમ પેલેસ્ટીની બળવામાં એક આયોજક તરીકે સામે આવ્યા હતા. ઈઝરાયેલે આખરે તેમને જોર્ડન મોકલી દીધા. ૧૯૯૦ના દાયકામાં તેઓ પેલેસ્ટીન ઓથોરિટીની રચના કરનારા અને રાજ્ય માટે માર્ગ મોકળો કરવાના હેતુથી વચગાળાના શાંતિ કરારોના ભાગ રૂપે વેસ્ટ બેન્ક પાછા ફર્યા હતા. બરઘૌતીએ ક્યારેય બ્રિગેડ સાથેના તેમના સંબંધો પર ટિપ્પણી કરી નથી. તેમણે શાંતિમાં પેલેસ્ટીન રાજ્ય અને ઈઝરાયેલની સાથે-સાથે શાંતિની આશા વ્યક્ત કરી હતી અને તેમણે કહ્યું કે પેલેસ્ટીનીઓને વધતી જતી ઈઝરાયેલી વસાહતો અને પેલેસ્ટીનીઓ સામે લશ્કરની હિંસા સામે લડવાનો અધિકાર છે.

# યુરોપીય સંસદના પ્રમુખે ગાઝા યુદ્ધવિરામનું 'સન્માન કરવા અને સંપૂર્ણ રીતે અમલ કરવા' માંગ કરી








(એજન્સી) તા.૧૧

યુરોપિયન સંસદના પ્રમુખ રોબર્ટા મેત્સોલાએ શુક્રવારે ગાઝા યુદ્ધવિરામ યોજનાને "સન્માન" અને "સંપૂર્ણપણે અમલમાં મૂકવા" માટે માંગ કરી છે. તેમણે જણાવ્યું કે"મધ્ય પૂર્વમાં શાંતિ અને નવીકરણ માટે આ એક ક્ષણ છે. તે એક એવો માર્ગ ખોલે છે જે આખરે આ પ્રદેશમાં પીડિત હિંસા, વેદના અને આતંકના પેઢી-લાંબા ચક્રનો અંત લાવી શકે છે. તેનો આદર અને સંપૂર્ણ અમલ થવો જોઈએ. મેટસોલાએ પણ કરારના તેના સ્વાગતનો પુનરોચ્ચાર કર્યો. ઈઝરાયેલના વડાપ્રધાન કાર્યાલયે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું કે ઈઝરાયેલી સરકારે ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવા અને પેલેસ્ટીનીઓ સમૂહો સાથે કેદીઓની આપ-લે કરવા માટેના કરારને મંજૂરી આપી દીધી છે ઈઝરાયેલના મીડિયા અનુસાર ઈઝરાયેલની મંજૂરી બાદ તરત જ યુદ્ધવિરામ લાગુ થઈ ગયો. ૨૯ સપ્ટેમ્બરના રોજ, ટ્રમ્પે ગાઝા માટે ૨૦-પોઈન્ટની



યુદ્ધવિરામ યોજનાનું અનાવરણ કર્યું, જેમાં લગભગ ૨,૦૦૦ પેલેસ્ટીની કેદીઓના બદલામાં તમામ ઈઝરાયેલી કેદીઓને મુક્ત કરવા, કાયમી યુદ્ધવિરામ અને સમગ્ર ગાઝા પટ્ટીમાંથી ઈઝરાયેલી દળોને ધીમે ધીમે પાછા ખેંચવાનો સમાવેશ થાય છે. યોજનાના બીજા તબક્કામાં પેલેસ્ટીની સમૂહ હમાસની ભાગીદારી વિના ગાઝામાં નવી શાસન પ્રણાલીની સ્થાપના, પેલેસ્ટીની અને અરબ અને ઈસ્લામિક દેશોના સૈનિકોથી બનેલા સુરક્ષા દળની રચના અને હમાસના નિ:શસ્ત્રીકરણનો સમાવેશ થાય છે. તે પેલેસ્ટીની ઓથોરિટી દ્વારા મર્યાદિત ભાગીદારી સાથે, નવા વહીવટ અને પટ્ટીના પુનર્નિર્માણ માટે આરબ અને ઈસ્લામિક ધિરાણની પણ જોગવાઈ કરે છે. અરબ અને મુસ્લિમ દેશોએ આ યોજનાનું વ્યાપકપણે સ્વાગત કર્યું છે, પરંતુ કેટલાક અધિકારીઓએ જણાવ્યું છે કે તેની ઘણી વિગતોને સંપૂર્ણ રીતે અમલમાં મૂકવા માટે ચર્ચા અને મંત્રણાની જરૂર છે. ઑક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલના હુમલાઓએ એન્ક્લેવમાં લગભગ ૬૭,૨૦૦ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને વિસ્તાર નિર્જન બની ગયો છે.

# ટ્રમ્પના પ્રસ્તાવિત કરારમાં ઈઝરાયેલે છ પેલેસ્ટીની નેતાઓને મુક્ત કરવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૧૧

ઈઝરાયેલી અખબાર યેડિઓથ અહરોનોથે ખુલાસો કર્યો છે કે ઈઝરાયેલે છ વરિષ્ઠ પેલેસ્ટીની અટકાયતીઓને મુક્ત કરવાનો ઈન્કાર કર્યો છે, જેને "ચાવીરૂપ સોદાબાજી કાર્ડ્સ" તરીકે વર્ણવવામાં આવ્યા છે, જ્યારે હમાસે નવા ટ્રમ્પ કેદી વિનિમય કરારમાં તેમના સમાવેશની માંગ કરી છે. અખબારના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલે છ નેતાઓની મુક્તિ પર "સંપૂર્ણ વીટો" લાદ્યો છે, જેઓ ૫૦ કેદીઓની વિસ્તૃત સૂચિનો ભાગ છે.આ છ છે :

૧.ફતાહના વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસના સંભવિત અનુગામી મારવાન બરગૌતી, અલ-અક્સા શહીદ બ્રિગેડનું નેતૃત્વ કરવા અને પાંચ ઈઝરાયેલીઓને માર્યા ગયેલા બીજા ઈન્તિફાદા દરમિયાન કથિત રીતે હુમલાઓનું નિર્દેશન કરવા બદલ પાંચ આજીવન કેદ અને ૪૦ વર્ષની સજા ભોગવી રહ્યા છે.

૨.પેલેસ્ટીન લિબરેશન મૂવમેન્ટના સેક્રેટરી-જનરલ અહમદ સઆદતને ૨૦૦૧માં ઈઝરાયેલના મંત્રી રેહાવમ ઝેવીની હત્યા બાદ ૩૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તે ઈઝરાયેલમાં ઉચ્ચ કક્ષાના પેલેસ્ટીની કેદીઓમાંનો એક છે.

૩. હમાસના અલ-કાસમ બ્રિગેડના કમાન્ડર, અબ્બાસ અલ-સૈયદ પર ૨૦૦૨ના પાર્ક હોટેલ બોમ્બ વિસ્ફોટના માસ્ટર માઈન્ડિંગનો આરોપ છે, જેમાં ૩૫ ઈઝરાયેલીઓ મૃત્યુ પામ્યા હતા. તેમને ૩૫ આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

૪. વેસ્ટ બેંકમા હમાસના લશ્કરી નેતા ઈબ્રાહિમ હમીદને ૪૬



ઈઝરાયેલના માર્યા ગયેલા મોટા હુમલાઓનું આયોજન કરવા બદલ ૫૪ આજીવન કેદની સજા આપવામાં આવી છે.

૫. હમાસના મુખ્ય બોમ્બ નિર્માતા, અબ્દુલ્લા બરગૌતી, પર હુમલા કરવાનો આરોપ છે જેમાં ૬૬ ઈઝરાયેલીઓ મૃત્યુ પામ્યા છે અને લગભગ ૫૦૦ અન્ય ઘાયલ થયા છે.

હમાસના સ્થાપક કમાન્ડરોમાંના એક હસન સલામેહ, ૧૯૯૬ના બસ બોમ્બ વિસ્ફોટના આયોજન માટે ૪૬ આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે જેમાં ૪૫ ઈઝરાયેલીઓ મૃત્યુ પામ્યા છે. આ છ માણસો હમાસની માંગણીઓના કેન્દ્રમાં છે, પરંતુ ઈઝરાયેલી અધિકારીઓએ આગામી મંત્રણામાં તેમની મુક્તિની કોઈપણ શક્યતાને નકારી કાઢી છે.

# ઈઝરાયેલે આજીવન કેદની સજા ભોગવી રહેલા ૨૫૦ પેલેસ્ટીની કેદીઓની યાદી પ્રકાશિત કરી જે મુક્ત થવાની તૈયારીમાં છે

(એજન્સી) તા.૧૧

ઈઝરાયેલે શુક્રવારે ઈઝરાયેલ અને પેલેસ્ટીની સમૂહ હમાસ વચ્ચે બંધક વિનિમય કરાર હેઠળ મુક્ત કરવામાં આવનાર ૨૫૦ પેલેસ્ટીની કેદીઓની યાદી પ્રકાશિત કરી છે. આ તેમના એકંદર યુદ્ધવિરામ કરારનો એક ભાગ છે, જ્યારે પેલેસ્ટીન સમૂહે જણાવ્યું કે, કોઈ સૂચિ પર સંમત થયા નથી. ઈઝરાયેલના ન્યાય મંત્રાલયની વેબસાઈટ પર જારી કરાયેલા નિવેદન અનુસાર, ગાઝા યુદ્ધવિરામ કરાર અનુસાર કેદીઓ અને અટકાયતીઓને મુક્ત કરવામાં આવશે. મંત્રાલય સામાન્ય રીતે કેદીઓની યાદી જાહેર કરે છે જેથી જનતા તેમની મુક્તિ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી શકે. જો કે, કોર્ટ સામાન્ય રીતે તેને સબમિટ કરવામાં આવેલી અરજીઓને ફગાવી દે છે. નામોની યાદીની સમીક્ષા કરવા પર, અનાદોલુને હમાસ દ્વારા માંગવામાં આવેલા કેટલાક કેદ થયેલા નેતાઓના નામ મળ્યા નથી, જેમાં અગ્રણી વ્યક્તિઓ મારવાન બરઘૌતી, અહેમદ સઆદત, અબ્દુલ્લા બરગૌતી, હસન સલામા, અબ્બાસ અલ-સઈદ અને ઈબ્રાહિમ હમીદનો સમાવેશ થાય છે. સૂચિના જવાબમાં, પેલેસ્ટીન પ્રિઝનર્સ ઈન્ફર્મેશન ઑફિસે ટેલિગ્રામ પર જણાવ્યું કે, 'એક્સચેન્જ સોદામાં સમાવિષ્ટ કેદીઓની સૂચિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર કરાર પર પહોંચવાનો ઈન્કાર કર્યો હતો.' તેમાં ઉમેર્યું કે, 'જો અંતિમ કરાર થાય છે, તો કેદીઓની મીડિયા ઓફિસ (સોશિયલ મીડિયા) પ્લેટફોર્મ પર સત્તાવાર



સૂચિ પ્રકાશિત કરવામાં આવશે.' હમાસે તરત જ સૂચિ પર ટિપ્પણી કરી ન હતી. યુદ્ધવિરામ કરારની વિગત આપતા અનાદોલુ દ્વારા મેળવેલા દસ્તાવેજ અનુસાર, 'ઈઝરાયેલી સૈન્ય પાછી ખેંચ્યાના ૭૨ કલાકની અંદર, ગાઝામાં રાખવામાં આવેલા તમામ ઈઝરાયેલી બંધકો, જીવતા અને મૃત, મુક્ત કરવામાં આવશે.' કરાર હેઠળ ઈઝરાયેલ ૨૦ ઈઝરાયેલી કેદીઓના બદલામાં, ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી આજીવન કેદની સજા પામેલા ૨૫૦ કેદીઓને અને ગાઝામાં ધરપકડ કરાયેલા ૧,૭૦૦ કેદીઓને મુક્ત કરશે.

# ૧૭૦,૦૦૦ ટન માનવતાવાદી સહાય ગાઝામાં પ્રવેશવાની રાહ જોઈ રહી છે : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા,૧૧

યુનાઈટેડ નેશન્સ ઑફિસ ફોર ધ કોઑર્ડિનેશન ઑફ હ્યુમેનિટેરિયન અફેર્સ (OCHA)એ ગુરૂવારે જણાવ્યું કે લગભગ ૧૭૦,૦૦૦ ટન માનવતાવાદી સહાય ગાઝા પટ્ટીમાં આવવાની રાહ જોઈ રહી છે, જે તમામ સરહદ ક્રોસિંગને નિયંત્રિત કરતા ઈઝરાયેલી કબજાના અધિકારીઓની મંજૂરીની રાહ જોઈ રહી છે. ગાઝામાં યુદ્ધને સમાપ્ત કરવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાના પ્રથમ તબક્કાની જાહેરાત પછી બોલતા, OCHA પ્રવક્તાએ જણાવ્યું કે સહાય - જેમાં દવાઓ, તંબુ અને અન્ય મહત્ત્વપૂર્ણ પુરવઠો શામેલ છે - એક વખત પ્રવેશ આપવામાં આવે ત્યારે ખોરાક અને મૂળભૂત જરૂરિયાતોની તીવ્ર અછતનો સામનો કરી રહેલા આશરે ૨૦ લાખ પેલેસ્ટીનીઓ સુધી પહોંચી શકે છે. OCHAએ આ અઠવાડિયાની શરૂઆતમાં અહેવાલ આપ્યો કે ઑક્ટોબર ૨૦૨૩માં નરસંહાર શરૂ થયો ત્યારથી ઈઝરાયેલે ૪૫ ટકા નોંધાયેલ સહાય કાફલાના પ્રવેશને અવરોધિત કર્યો છે, જે રાહત કામગીરીને



ગંભીરપણે મર્યાદિત કરે છે. પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું કે અસરકારક વિતરણ માટે ખુલ્લી સરહદ ક્રોસિંગ, સહાયક કાર્યકરો અને નાગરિકો માટે સુરક્ષા ગેરંટી, આંતરરાષ્ટ્રીય સ્ટાફ માટે વિઝા અને પુરવઠાની અનિયંત્રિત પ્રવેશની જરૂર છે. તેમણે લઘુત્તમ જીવનધોરણ પુનઃસ્થાપિત કરવા ગાઝાના ખાનગી ક્ષેત્રને પુનર્જીવિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે. ગુરૂવારે પરોઢિયે, ટ્રમ્પે જાહેરાત કરી કે ઈઝરાયેલ અને હમાસ તેમની પ્રસ્તાવિત શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર સંમત થયા છે, જેમાં પ્રારંભિક પગલા તરીકે કેદીઓનું વિનિમય અને કહેવાતી "યલો લાઈન" પર ઈઝરાયેલની ઉપાડનો સમાવેશ થાય છે.

# ગાઝા યુદ્ધવિરામને પગલે હજારો પેલેસ્ટીનીઓ ઉત્તર ગાઝામાં થોડા બચેલા તેમના ઘરોમાં પાછા ફરી રહ્યા છે



**પેલેસ્ટીનીઓ પાછા ફરી રહ્યા અને લાંબી-લાંબી કતારો લાગી છે, મોટાભાગના પગે ચાલીને ઉત્તર ગાઝા પર દરિયાકાંઠાના માર્ગે જઈ રહ્યા છે**

(એજન્સી) તા.૧૧

યુએસ-બ્રોકર્ડ યુદ્ધવિરામ કરાર અમલમાં આવ્યા બાદ હજારો પેલેસ્ટીની શુક્રવારે ભારે વિનાશગ્રસ્ત ઉત્તર ગાઝા પટ્ટીમાં પાછા ફર્યા. આ કરારથી ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો અંત આવવાની આશા જાગી છે. બાકીના તમામ બંધકોને દિવસોની અંદર મુક્ત કરવાના હતા.

ઈઝરાયેલી સૈનિકો ધીમે ધીમે પાછા ખેંચી રહ્યા હોવાથી, ગાઝા પર કોણ શાસન કરશે અને હમાસ નિ:શસ્ત્ર થશે કે કેમ તે અંગેના પ્રશ્નો રહે છે, જેમ કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની યુદ્ધવિરામ યોજનામાં કહેવામાં આવ્યું . વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ, જેમણે માર્ચમાં એકપક્ષીય રીતે યુદ્ધવિરામનો અંત લાવ્યા , તેમણે સંકેત આપ્યો છે કે જો હમાસ તેના શસ્ત્રો સમર્પણ નહીં કરે તો ઈઝરાયેલ તેનું આક્રમણ ફરી શરૂ કરી શકે છે.

જો કે, આ નવીનતમ યુદ્ધવિરામ એ વિનાશક બે વર્ષના યુદ્ધને સમાપ્ત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જે હમાસના ઈઝરાયેલ પર ૨૦૨૩ના હુમલાથી શરૂ થયું હતું. આ લડાઈમાં હજારો પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે અને ગાઝાની લગભગ ૨૦ લાખ વસ્તીના લગભગ ૯૦ ટકા વિસ્થાપિત થયા છે, ઘણી વખત ઘણી વખત. તેમાંના ઘણાને હવે કાટમાળના ઢગલા જોવા મળશે જ્યાં તેમના ઘર એક સમયે ઊભા હતા.

સેનાએ શુક્રવારે યુદ્ધવિરામની શરૂઆતની પુષ્ટિ કરી હતી અને બાકીના ૪૮ બંધકો, જેમાંથી લગભગ ૨૦ જીવિત હોવાનું માનવામાં આવે છે, તેમને સોમવાર સુધીમાં મુક્ત કરવામાં આવશે. પેલેસ્ટીનીઓએ જણાવ્યું કે સેનાની જાહેરાત બાદ શુક્રવારે ગાઝાના ભાગોમાં ભારે તોપમારો વર્ચ્યુઅલ રીતે બંધ થઈ ગયો હતો.

નેતાન્યાહુએ શુક્રવારે એક ટેલિવિઝન નિવેદનમાં જણાવ્યું કે આગળના પગલાં હમાસને નિ:શસ્ત્ર કરવા અને ગાઝાને નિ:શસ્ત્રીકરણ કરશે.

નેતાન્યાહુએ જણાવ્યુંકે"જો આ સરળતાથી હાંસલ કરવામાં આવે તો - તે સારૂં છે. જો નહીં - તો તે મુશ્કેલ રીતે પ્રાપ્ત થશે. ઈઝરાયેલી સૈન્યએ છે કે તે સંમત સરહદો પર પાછા ફર્યા પછી પણ ગાઝાના લગભગ ૫૦ ટકાને નિયંત્રિત કરીને રક્ષણાત્મક રીતે કામ કરવાનું ચાલુ રાખશે.

**સહાય પુરવઠો રવિવારથી આવવાનું શરૂ થશે**

દરમિયાન, યુએનના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલે સંયુક્ત રાષ્ટ્રને રવિવારથી ગાઝામાં મોટા પાયે સહાય પહોંચાડવાનું શરૂ કરવાની મંજૂરી આપી છે. અધિકારીએ નામ ન આપવાની શરતે વાત કરી હતી કે વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ સહાય શિપમેન્ટનો હેતુ ઈઝરાયેલના હુમલાઓ અને માનવતાવાદી સહાય પરના પ્રતિબંધોને કારણે ગંભીર કુપોષણ અને દુષ્કાળને સંબોધવા માટે છે. આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ નેતન્યાહુ અને તેમના ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રીની કથિત રીતે ભૂખમરાને યુદ્ધની પદ્ધતિ તરીકે ઉપયોગ કરવા બદલ ધરપકડની માંગ કરી રહી છે. ઈઝરાયેલના અધિકારીઓ આ આરોપોને નકારે છે.

# યુદ્ધ શરૂ થયા પછી ઈઝરાયેલ ગાઝાના રહેવાસીઓને રફાહ ક્રોસિંગ દ્વારા ગાઝા પાછા ફરવાની મંજૂરી આપશે



(એજન્સી) તા.૧૧

ઈઝરાયેલી મીડિયાએ શુક્રવારે અહેવાલ આપ્યો કે ઈઝરાયેલ ગાઝા પટ્ટીની બહાર ફસાયેલા પેલેસ્ટીનીઓને ઈજિપ્ત સાથે મિકેનિઝમ સ્થાપિત કર્યા પછી ૭ ઓક્ટોબર, ૨૦૨૩ પછી પ્રથમ વખત ઈજિપ્તની સરહદ પરના નાશ પામેલા રાફાહ લેન્ડ ક્રોસિંગ દ્વારા પાછા ફરવાની મંજૂરી આપવા માંગે છે.

ઈઝરાયેલી આર્મી રેડિયોએ જણાવ્યું કે, "ઈજિપ્તથી ગાઝા પટ્ટી છોડી રહેલા ગાઝાના રહેવાસીઓને ૭ ઓક્ટોબર, ૨૦૨૩ પછી પ્રથમ વખત ગાઝા પટ્ટીમાં પાછા ફરવાની મંજૂરી આપવામાં આવશે." જો કે, તે ઉમેરે છે: "ગાઝાના રહેવાસીઓનું વળતર ઈજિપ્તની બાજુ સાથે મિકેનિઝમ સ્થાપિત થયા પછી જ શરૂ થશે, અને પછી માપદંડ, કાર્યનો અવકાશ અને સમગ્ર પ્રક્રિયા નક્કી કરવામાં આવશે." રેડિયો સ્ટેશને દાવો કર્યો કે આ યુદ્ધવિરામ કરારમાં માનવતાવાદી જોડાણ જણાવે છે, અને ઉમેર્યું કે તેલ અવીવ "ગાઝાના રહેવાસીઓને ઈઝરાયેલની મંજૂરી પછી અને યુરોપિયન યુનિયન મિશનની દેખરેખ અને નિરીક્ષણ હેઠળ, રફાહ ક્રોસિંગ દ્વારા ઈજિપ્તની પટ્ટી છોડવાની મંજૂરી આપશે, જે જાન્યુઆરી ૨૦૨૫માં ઈજિપ્ત છોડવાના કરાર પર કોઈ પ્રતિબંધ હશે નહીં." જાન્યુઆરી ૨૦૨૫માં ઈઝરાયેલ, યુનાઈટેડ નેશન્સ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકલનમાં, દર્દીઓ, ઈજાગ્રસ્તો અને તેમના સાથીઓને ગાઝા પટ્ટી છોડવાની મંજૂરી આપી છૂ, જ્યારે કેટલાકને તેમની સ્વાસ્થ્યની સ્થિતિની ગંભીરતા હોવા છતાં, સુરક્ષા કારણોસર મુસાફરી કરતા અટકાવવામાં આવ્યા હતા. રેડિયો સ્ટેશનના જણાવ્યા અનુસાર, આ કરાર યુનાઈટેડ નેશન્સ, માન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્ર દ્વારા સંચાલિત, ગાઝા પટ્ટીમાં દરરોજ ૬૦૦ સહાય ટ્રકોને પ્રવેશવાની મંજૂરી આપે છે. આ ટ્રકો ખોરાક, તબીબી પુરવઠો, આશ્રય સામગ્રી, બળતણ અને રસોઈ ગેસ પહોંચાડવાની અપેક્ષા રાખે છે. કરાર એ પણ પ્રદાન કરે છે કે કાફલાઓને બે મુખ્ય માર્ગોનો ઉપયોગ કરીને દક્ષિણ ગાઝાથી ઉત્તર તરફ મુક્તપણે મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે: પૂર્વમાં સલાહ અલ-દિન રોડ અને પશ્ચિમમાં અલ-રશીદ રોડ.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# ભયાનક સપ્ટેમ્બર : રાજસ્થાનમાં ધર્માંતરણ વિરોધી બિલ બાદ, ખ્રિસ્તીઓ વિરુદ્ધ લક્ષિત હિંસાએ ઉત્પીડનની પેટર્નનો કર્યો પર્દાફાશ




## રાજસ્થાનમાં ખ્રિસ્તીઓને આપવામાં આવેલી ધમકીઓ એક વ્યવસ્થિત સતાવણીમાં પરિણામી. ધાર્મિક નિયંત્રણ લાગુ કરવા માટે જમણેરી જૂથો અને પોલીસ એક સાથે મળીને કામ કરી રહ્યા છે

સપ્ટેમ્બર ૨૦૨૫માં, રાજસ્થાનમાં, ભારતના ખ્રિસ્તી સમુદાય સામે લક્ષિત ઉત્પીડન અને નફરત આધારિત હુમલાઓમાં વધારો થવા પામ્યો હતો. પોલીસ દરોડા અને ચેતવણીઓ બાદ શરૂ થયેલા આ હુમલા ઝડપથી 'ધર્માંતર વિરોધી તકેદારી' તરીકે સંગઠિત ઉત્પીડન ઝુંબેશમાં ફેરવાઈ ગયા હતા. આ કોઈ સંયોગ નહોતો. થોડા સમય પહેલા જ રાજસ્થાન ધર્મ સ્વતંત્રતા (સુધારા) બિલ, ૨૦૨૫, રજૂ કરવામાં આવ્યું હતું, જે બાદ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને ABVP સહિતના જમણેરી જૂથો ખૂબ સક્રિય બન્યા હતા અને સાથે મળીને પોલીસ અમલીકરણની અપેક્ષાએ કાર્ય કરવા લાગ્યા હતા. ચર્ચ, છાત્રાલયો અને પ્રાર્થના સભાઓ પર દરોડા પાડીને પાદરીઓની અટકાયત કરવામાં આવી હતી અને શ્રદ્ધાળુઓને એવા નિવેદનો પર સહી કરવા દબાણ કરવામાં આવ્યું હતું કે તેઓ ધર્માંતરણની પૂજા તપાસમાં હાજરી આપશે નહીં અથવા તેમાં જોડાશે નહીં.

સોશિયલ મીડિયા પોસ્ટ્સ મુજબ, 'બળજબરીથી ધર્માંતરણ' અથવા 'ધાર્મિક મિશ્રણ' થઈ રહ્યું છે, જેના પરિણામે જાગ્રત જૂથો એકત્ર થઈ રહ્યા છે અને પોલીસ એકત્રિત આક્રમણકારો સામે નહીં, પરંતુ જે લોકોની સામે ધર્માંતરણ કરવાનો આરોપ ધરાવતા વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી રહી છે. અલવર, ડુંગરપુર અને જયપુર સહિત અનેક જિલ્લાઓમાં, ખ્રિસ્તીઓ પર દુર્વ્યવહાર કરનારા લોકો, પોલીસ અને અન્ય અધિકારીઓ સાથે જોડાયા હતા. જે તેમની મિલીભગત દર્શાવે છે. અહેવાલો, અલવર અને ડુંગરપુરના દરોડાથી લઈને જયપુરના પ્રતાપ નગરમાં થયેલી હિંસા સુધી અને કેવી રીતે આખો મહિનો સંસ્થાકીય ધાર્મિક દેખરેખ અને સામાજિક બહિષ્કાર માટે મૂળભૂત રીતે પ્રથા હતી તે આ માર્ગને અનુસરે છે.

**ગેલોટા, અલવર જિલ્લાનું એમઆઈએ પોલીસ સ્ટેશન**

પોલીસે ૩ સપ્ટેમ્બરના રોજ ગાલોટાના ઉદ્યોગ નગર વિસ્તારમાં એક મિશનરી દ્વારા સંચાલિત આશરે ૨૫ ગરીબ બાળકોને રાખતી બાળકોની છાત્રાલય પર એક વીએચપી કાર્યકર્તાની 'ધર્માંતર' ચાલી રહ્યું હોવાની ફરિયાદને આધારે FIR નોધીને દરોડો પાડ્યો. જ્યાં પોલીસે કેટલુંક સાહિત્ય જપ્ત કર્યું અને બે હોસ્ટેલ કર્મચારીઓ - અમૃત (શિક્ષિકા) અને સોનુ રાય (પ્રેસ રિપોર્ટ્સ ઉર્ફ સોનુ સિંહ/ગરાસિયા)ની ધરપકડ કરીને ન્યાયિક કસ્ટડીમાં લીધા હતા.

અહેવાલો દર્શાવે છે કે વીએચપી/બજરંગ દળ જેવા સ્થાનિક સંઘ સંલગ્ન જૂથોએ અધિકારીઓને ધરપકડ કરવા દબાણ કર્યું હતું. મીડિયા રિપોર્ટિંગ ધરપકડ અને પોલીસ કેસને સંબોધિત કરે છે. કેસનું નિરીક્ષણ કરતા નાગરિક સમાજ જૂથોએ ટિપ્પણી કરી છે કે ધર્માંતરણ વિરોધી બિલ રજૂ થયા પછી આ ઘટના બન્યાનો આ પહેલો બનાવ છે.

**કોટપુતલી-બેહરોર જિલ્લાના ખેતોલાઈ ગામનું ભાબ્રુ પોલીસ સ્ટેશન**

૯ સપ્ટેમ્બરના રોજ, વિધાનસભામાં ધર્માંતરણ વિરોધી કાયદો રજૂ થયાના એક કલાકથી પણ ઓછા સમયમાં, અધિકારીઓએ, સત્સંગ/પ્રાર્થના સભાઓનું આયોજન કરતા, વિક્રમ અને રાજેન્દ્ર કાનવના ઘરે પહોંચ્યા હતા. બંને ભાઈઓ જણાવે છે કે, તેમને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે તેઓ બહારના લોકોને બોલાવીને પ્રાર્થના સત્રો ન યોજે. પછી તેમને પોલીસ સ્ટેશનમાં લઇ જઇને પૂછપરછ કરવામાં આવી, અંતે તેમને એક લેખિત બાંયધરી પર સહી કરવા માટે દબાણ કરવામાં આવ્યું, જેમાં સૂચવવામાં આવ્યું હતું કે તેઓ તેમના સત્સંગ યોજશે નહીં અને તેમના ઘરે બહારના લોકોને બોલાવશે નહીં. આ ઘટના વિશેનો તેમનો અહેવાલ સ્થાનિક સંઘ કાર્યકરો (લોગમાં શ્રી રામ સમિતિ તરીકે ઓળખાય છે) દ્વારા સમુદાયમાં ચલાવવામાં આવી રહેલા વલણને અનુસરે છે, જેમણે આ પરિવારને સતત વિવિધ રીતે ધમકી આપી છે. તેમણે આ અંગેની લેખિતમાં ફરિયાદો એસપીને અને પીયુસીએલ જેવા અન્ય સંગઠનોને પણ કરી હતી.

**કોટપુતલી-બેહરોર જિલ્લાનું પાઓટા (પ્રાગપુરા) પોલીસ સ્ટેશન**

૯ સપ્ટેમ્બરના રોજ પાઓટામાં પણ આવી જ ઘટના બની હતી. ગજાનંદ કુલદીપ નામના એક શ્રધ્ધાળુએ જણાવ્યું હતું કે, બિલ પસાર થયાના બીજા દિવસે સવારે, SHOએ તેમને બોલાવીને કહ્યું હતું કે, જો તે બહારના લોકોને એકત્રિત કરીને પ્રાર્થના કે ભોજનનું આયોજન કરશે તો તેની ધરપકડ કરવામાં આવશે. તેમને પણ એક દસ્તાવેજ પર સહી કરવાની ફરજ પાડવામાં આવી હતી જેમાં સૂચવવામાં આવ્યું હતું કે તેઓ આ પ્રવૃત્તિ બંધ કરી દેશે. ખેતોલાઈ ઘટનાની જેમ, PUCLએ તેની અરજી SPને મોકલી આપી હતી, અને બિલ રજૂ થયા પછી વ્યાપક ઉત્પીડનના ભાગ રૂપે બળજબરીપૂર્વક પોલીસિંગના ઉદાહરણ તરીકે રેકોર્ડ પર રાખવામાં આવી હતી.

**જેલાના, બિચીવાડા, ડુંગરપુર જિલ્લો**

૧૦ સપ્ટેમ્બરના રોજ સ્થાનિક હિન્દુ સંગઠનો અને સંત સમાજ જૂથે એક લઘુમતી સંચાલિત શાળા અને ચર્ચની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમનો દાવો હતો કે, આ શાળા આદિવાસી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના ધર્માંતરણનું સ્થળ છે.

પોલીસ મોટી સંખ્યામાં ત્યાં પહોંચી હતી. આ તરફ શાળાએ જણાવ્યું હતું કે, આ શાળા એક લઘુમતી સંચાલિત શૈક્ષણિક સંસ્થા છે અને અહીં કોઈ ધર્માંતરણ પ્રવૃત્તિ થતી નથી. આ ઘટનાથી તણાવ વધ્યો હતો પરંતુ વિરોધ કરી રહેલાઓ સામે કોઈ FIR દાખલ કરવામાં આવી ન હતી. અહેવાલમાં આ ઘટનાને શાળા સમુદાયના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પર અધિકારીઓના દબાણને કારણે સાંપ્રદાયિક એકત્રીકરણની ઘટના તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તે જ તારીખે દુર્ગાપુરમાં એક અલગ કેસમાં, સ્થાનિક મઝદૂર સંગઠન સાથે સંકળાયેલા એક આદિવાસી આયોજકે જણાવ્યું હતું કે, તેને રસ્તા પર રોકવામાં આવી હતી અને VHP/બજરંગ દળના કાર્યકરોએ ધમકી આપી હતી. આ કાર્યકરોએ તેના સંગઠન પર 'આદિવાસીઓને ધર્માંતરિત કરવાનો' આરોપ લગાવ્યો હતો. ઉપરાંત, તેના મકાનમાલિકને પણ તેમને ઓફિસ ખાલી કરાવી દેવાની ધમકી આપી હતી. આ ઘટના સંદર્ભે, એક ઔપચારિક ફરિયાદ તૈયાર કરવામાં આવી હતી અને નાગરિક સમાજ જૂથોએ ઉલ્લેખ કર્યો હતો કે, આ ઉત્પીડન વ્યાપક અભિયાનનો એક ભાગ હતો.

**સેન્ટ પોલ હોસ્ટેલ સ્કૂલ, પટેલા, ડુંગરપુર શહેર**

૧૧ સપ્ટેમ્બરના રોજ, ABVP અને અન્ય લોકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદ બાદ, (જેનું ૨૦૨૩માં આરોગ્ય નિરીક્ષણ થયું છે) જિલ્લા અધિકારીઓએ રેકોર્ડ રાખવા અને સ્વચ્છતાના કથિત ઉલ્લંઘન માટે હોસ્ટેલ/શાળા બંધ કરવાનો આદેશ આપ્યો હતો. બાળ કલ્યાણ સમિતિએ, જિલ્લા શિક્ષણ અને વહીવટી કર્મચારીઓ સાથે મળીને, ૨૩૦ બાળકોને તેમના પરિવારોને સોંપી દીધા; અધિકારીઓએ કારણ બતાવો નોટિસ જારી કરી અને શાળા અધિકારીઓ સામે JJ એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ કરી હતી. સ્ટાફે દાવો કર્યો છે કે, આ બંધ જમણેરી વિદ્યાર્થી જૂથોના દબાણનું પરિણામ છે અને શાળાના બાળકો અને સ્ટાફને વિસ્થાપિત કર્યા છે. અહેવાલો છે કે શાળા શાળાને ફરીથી કાર્યરત કરવા માટે કાનૂની ઉપાયો શોધી રહી છે.

**શ્રી ગંગાનગર જિલ્લાના અનુપગઢની ચક-૬પી હોસ્ટેલ- સ્કૂલ**

૧૬ સપ્ટેમ્બરના રોજ, એક અનાથ બાળકો માટેની છાત્રાલય શાળા પર મધ્યરાત્રિએ હુમલો થયો હતો. હુમલા બાદ સ્થળ પર હાજર વિદ્યાર્થીઓ અને સુપરવાઇઝર ગભરાઈ ગયા હતા. આ ઘટનાને જિલ્લામાં ખ્રિસ્તી સંસ્થાઓ પર કરવામાં આવેલા અનેક હુમલાઓમાંથી એક તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે. તેવી જ રીતે, નાગરિક સમાજના વર્ણનો છાત્રાલયના હુમલાઓને ઘટનાઓના સતત ભાગ તરીકે ઓળખે છે.

**વોર્ડ નંબર ૧૪, અનુપગઢ પોલીસ સ્ટેશન (શ્રી ગંગાનગર જિલ્લો)**

૧૭ સપ્ટેમ્બરે એક સ્થાનિક નાગરિકે વિશ્વ હિન્દુ પરિષદના સહયોગથી, આ વિસ્તારમાં રહેતા એક વ્યક્તિને મિશનરી પ્રવૃત્તિ મુજબ ધર્માંતરિત કરવામાં આવ્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલસ બર્જાઓ અને આર્યન નામના મિશનરી પ્રાર્થના જૂથ સાથે સંકળાયેલા બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી અને ધર્માંતરણ પ્રક્રિયાઓ અંગેની તપાસ શરૂ કરી હતી. એક વ્યક્તિ (મકાનમાલિક) પોલીસ ધરપકડથી બચવા ફરાર થઇ ગયો હતો. ધરપકડ કરાયેલા બંનેને રિમાન્ડ પર લઈને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. કેસ ફાઈલમાં જણાવાયું છે કે VHP દ્વારા દાખલ કરાયેલ FIR મુજબ, ભારતીય પોલીસ ધર્માંતરણ પ્રક્રિયાઓની સક્રિય તપાસ કરી રહી છે.

પ્રતાપ નગર (સેક્ટર ૮/૮૨/૬૨૫), જયપુર (રાજસ્થાન)

૨૧ સપ્ટેમ્બરના રોજ, આશરે ૪૦-૫૦ બજરંગ દળના કાર્યકરોએ એક ખાનગી નિવાસસ્થાન પર હુમલો કર્યો હતો. ત્યાં બોબાસ ડેનિયલ નામના એક પાદરી લગભગ ૧૫-૨૬ લોકો સાથે પ્રાર્થના કરી રહ્યા હતા. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, બજરંગ દળના જૂથે દરવાજા બંધ કરીને વસ્તુઓની તોડફોડ કરી હતી. તેમણે ધર્મગુરુઓ પર શારીરિક હુમલો પણ કર્યો હતો. એક સગર્ભા મહિલા અને મકાનમાલિક સહિત પડોશીઓએ પીડિતોને બચાવવા માટે દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને પણ માર મારવામાં આવ્યો હતો. પીડિતો જણાવ્યું હતું કે, આ ઘટનામાં આઠ લોકો ઘાયલ થયા હતા. તેમની ફરિયાદ પણ સમુદાયના દબાણ પછી જ પોલીસે લીધી હતી. પીડિતો દ્વારા પૂરા પાડવામાં આવેલા પ્રત્યક્ષદર્શી પુરાવા છતાં, સ્થાનિકોએ પોલીસના વિલંબિત પ્રતિભાવ, તબીબી વ્યાવસાયિકો તરફથી કોઈ તાત્કાલિક દસ્તાવેજો નહીં અને ધર્મગુરુઓ પર હુમલો કરનારા વ્યક્તિઓની ધરપકડ કરવામાં નિષ્ફળતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મીડિયા અહેવાલોએ પણ હુમલા અને પોલીસના પ્રતિભાવમાં વિલંબ બંનેની પુષ્ટિ કરી હતી.

**૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ હિન્દુસ્તાન બાઈબલ ઈન્સ્ટિટ્યૂટ (HBI), પ્રતાપ નગર, જયપુર (રાજસ્થાન)**

HBIના મુખ્ય કાર્યાલયના બે મુલાકાતી સભ્યોની મુલાકાત બાદ લગભગ ૫૦ બજરંગ દળના કાર્યકરોએ HBIના કેમ્પસને ઘેરી લીધું હતું અને સ્થાનિક ચર્ચના સભ્યો પર 'બળજબરીથી ધર્માંતરણ' કરતા હોવાનો આરોપો લગાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનો બાદ પોલીસ અધિકારીઓ, રાજ્ય બહારથી આવેલા મુલાકાતીઓને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા અને મુલાકાતીઓ તેમજ સ્થાનિક કર્મચારીના મોબાઈલ ફોન, આધાર કાર્ડ અને મિલકતના દસ્તાવેજો જપ્ત કર્યા હતા અને સંસ્થાની મિલકતની અટકાયત કરવામાં આવી હતી. નાગરિક સમાજ દ્વારા હસ્તક્ષેપ કર્યા પછી પણ કેટલાક ઉપકરણો અને મિલકતના કાગળો પરત આપવામાં આવ્યા ન હતા. નાગરિક સમાજ જૂથે તેમની હિલચાલ અને સંગઠનની સ્વતંત્રતાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું અને મિલકતની તાત્કાલિક પુનઃસ્થાપના અને ગુનેગારોની ધરપકડની માંગ કરી હતી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચાર સેવાઓએ પણ આ ઘટના અંગે અહેવાલ આપ્યો હતો; નાગરિક સમાજે વરિષ્ઠ અધિકારીઓના પ્રતિનિધિમંડળોએ આ હુમલાઓની નિંદા કરતા સંયુક્ત નિવેદનો જારી કર્યા હતા.

**ઈજનેરી સતર્કતા અને ભયયુક્ત કાર્યપ્રક્રિયા**

સપ્ટેમ્બર ૨૦૨૫માં, ખ્રિસ્તીઓ વિરુદ્ધ હિંસા ભડકાવવાની એક સ્પષ્ટ અને હેતુપૂર્ણ રીત અપનાવવામાં આવી હતી. મોટાભાગની ઘટનાઓ બળજબરીથી ધર્માંતરણની અફવાઓથી શરૂ થઈ હતી. જે VHP, બજરંગ દળ, અથવા ABVP સ્થાનિક એકમો દ્વારા વોટ્સએપ પર પ્રસારિત થતી હતી, જે ખ્રિસ્તીઓ દ્વારા સંચાલિત શાળાઓ અને છાત્રાલયો અને પ્રાર્થના મેળાવડાને નિશાન બનાવતી હતી. આ આરોપો સંકલિત દરોડા, ટોળાની સભાઓ અને પોલીસની સંડોવણી માટે ઉશ્કેરણી કરતા હતા. આવી જ ઘણી ઘટનાઓ અલવર, ડુંગરપુર, અનુપગઢ અને જયપુરમાં બની હતી. અલવર અને કોટપુતલી-બેહરોરમાં પાદરીઓને બોલાવીને પ્રાર્થના ન કરવા માટે બાંયધરીપત્રો પર સહી કરવા દબાણ કરવામાં આવ્યું હતું. જમણેરી જૂથોએ ડુંગરપુર અને અનુપગઢમાં આદિવાસી અને દલિત બાળકો માટે શૈક્ષણિક અને કલ્યાણકારી સંસ્થાઓ પર હુમલો કરીને, તેમના પર શિક્ષણ દ્વારા ધર્માંતરણ કરવાનો આરોપ મૂક્યો હતો. જયપુરના પ્રતાપનગરમાં પણ ટોળાએ પ્રાર્થનામાં હાજર રહેલા લોકો પર હુમલો કર્યો હતો, ઘણી મહિલાઓને લાત મારી હતી અને જાહેર અને ખાનગી મિલકતને નુકસાન કર્યુ હતું. ફરિયાદ બાદ પણ પોલીસ મોડી પહોંચતી હતી.

**આ તમામ હિંસાઓમાં ત્રણ પગલાં અનુસરવામાં આવ્યા :**

અફવા ફેલાવવી, ટોળાનું એકત્રીકરણ કરવું અને દરોડા દ્વારા હિંસાને રાજ્ય દ્વારા માન્યતા આપવી અથવા રાજકીય પ્રેરિત એફઆઈઆર દાખલ કરવામાં વિલંબ કરવો. અગર જો હિંસા ઝડપથી સમાપ્ત થઈ ગઈ હોય તો પણ ધાકધમકી અને બળજબરી ચાલુ રાખવામાં આવી હતી. પાદરીઓને પૂજા કરવાથી રોકવા, શાળાઓ સીલ કરાવી દેવા જેવી કેટલીય ધમકીઓ આપવામાં આવી હતી.

જ્યારે રાજસ્થાન આ કેન્દ્રબિંદુનું પ્રતિનિધિત્વ કરતું હતું, ત્યારે આ દશ્ય રાષ્ટ્રીય કાર્યસૂચિને પ્રતિબિંબિત કરતું હતું. હિન્દુત્વના સહયોગીઓ દ્વારા વારંવાર થતા હુમલાઓને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને નિશાન બનાવવા સાથે જોડતી વખતે, આ ફક્ત રેન્ડમ આક્રમણ નહોતું, પરંતુ દેખરેખ અને સામાજિક બાકાત રાખવાની વધુ વ્યાપક નીતિ વહીવટી સંમતિ અને વૈચારિક સર્વસંમતિ સાથે કાર્યરત હતી.

ધર્માંતરણ અને સાંસ્કૃતિક શુદ્ધતા

આ ઝુંબેશના મૂળમાં એક નિયંત્રણ વિચારધારા રહેલી છે, એક વિચારધારા જે ધાર્મિક વિવિધતાને જોખમ તરીકે જુએ છે, અને જે મહિલાઓ, દલિતો અને આદિવાસીઓને 'સંવેદનશીલ સંસ્થાઓ' તરીકે જુએ છે જેમને ધર્માંતરણથી બચાવવાની જરૂર છે. અહીં રેટરિક હિન્દુત્વ પ્રચારના વધુ પરિચિત ટ્રોપ્સની યાદ અપાવે છે : એવી ધારણા કે ખ્રિસ્તી ધર્માદા 'સામૂહિક ધર્માંતરણ'ને છુપાવે છે, પશ્ચિમી દળો ભારતીય સંસ્કૃતિને નબળી પાડે છે, અને હિન્દુ ઓળખને સતર્કતાની નજર હેઠળ 'બચાવ' કરવો જોઈએ. 'ધર્માંતરણ' શબ્દ મુસ્લિમ વિરોધી રેટરિકમાં સાંસ્કૃતિક આક્રમણ અને વસ્તી વિષયક પરિવર્તનના ભય માટે ટૂંકી 'લવ જેહાદ' જેવું કાર્ય કરે છે. જો કે, ધર્માંતરણની શરતોનો હેતુ ખ્રિસ્તી શાળાઓ અને કલ્યાણ સંસ્થાઓને શિક્ષણ અને સંભાળ દ્વારા ભારતના ગરીબોનું 'પશ્ચિમીકરણ' કરવામાં ફસાવવાનો પણ છે, આમ સામાજિક ઉત્થાનને સામાજિક વિક્ષેપ તરીકે ફરીથી રજૂ કરવામાં આવે છે. સપ્ટેમ્બરમાં બનેલી તાજેતરની ઘટનાઓમાં વિદેશી અને સ્થાનિક પાદરીઓને 'એજન્ટ' તરીકે, શ્રધ્ધાળુઓને' દેશદ્રોહી તરીકે અને ખ્રિસ્તી શિક્ષણને 'માનસિક વસાહતીકરણ' તરીકે લેબલ કરવામાં આવ્યા હતાં. આવી ભાષા અતિ-જમણેરી કથાઓમાંથી નીકળે છે અને લઘુમતી વસ્તીને અમાનવીય બનાવતી વખતે ભયની આગાહી કરે છે. આવી ભાષા પણ હિંસાને નૈતિક જવાબદારી બનાવે છે.

આ કથાઓ જાતિગત વંશવેલાને મજબૂત બનાવવા અને પુનઃઉત્પાદનનો છે, જ્યાં દલિત અને આદિવાસી વસ્તીને 'ભ્રષ્ટાચાર માટે સંવેદનશીલ' તરીકે દર્શાવવામાં આવે છે, જ્યારે ધર્મની આડમાં શુદ્ધતા-પ્રદૂષણની જાતિ(ઓ)ની સીમાઓને જાળવી રાખવામાં આવે છે. ધર્મ, જાતિ અને રાષ્ટ્રવાદના સંસ્થાકીય દળો એક જ વૈચારિક અને નિયંત્રિત મેટ્રિક્સ બની જાય છે, જે હિન્દુત્વ ગતિશીલતાનું કેન્દ્ર છે.

અંતે, આ બધુ ધાર્મિક નહીં પણ રાજકીય છે. જેમ જેમ ચૂંટણીઓ નજીક આવે છે, 'ધર્માંતરણનો ભય' એક જૂથની કહાની બનાવે છે જે શાસનની નિષ્ફળતાઓથી ધ્યાન ભટકાવવા અને આધારને એક કરવા માટે કામ કરે છે. ખ્રિસ્તીઓને હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને શંકાસ્પદ લોકોને નિયંત્રિત કરનારા તરીકે રજૂ કરીને, ધર્માંતરણનો ભય ફેલાવનારાઓ નૈતિક ગભરાટ અને રાજકીય મૂડી બંને પેદા કરી શકે છે, જે વિશ્વાસ આધારિત ભયને ચૂંટણીના સોનામાં ફરીથી ઉપયોગમાં લઈ શકે છે.

**મૌન, સંડોવણી અને રક્ષણનું ધોવાણ**

જો હિંસા જેટલી જ ચિંતાજનક કોઈ પેટર્ન હોય, તો તે રાજ્યના તંત્રનું મૌન - અથવા તેનાથી ખરાબ, સંડોવણી - છે. સમગ્ર રાજસ્થાનમાં, પોલીસે ખ્રિસ્તીઓ સામેની હિંસાનો પક્ષપાત કર્યો, પીડિતો પર આક્રમણકારોનો પક્ષ લીધો હતો. અલવર અને કટપુટલી-બેહરોરમાં, અધિકારીઓએ ખ્રિસ્તી પાદરીઓ પર રક્ષણાત્મક સેવાઓ આપવાને બદલે પૂજા પર પ્રતિબંધ મૂકતા બાંયધરીપત્રો પર સહી કરવા દબાણ કર્યું હતુ. ડુંગરપુરમાં, ખ્રિસ્તી શાળાઓ અને છાત્રાલયો પર પોલીસે હુમલો કર્યો, જેમણે વોરંટ વિના દરોડા પાડ્યા હતા. મોટા ભાગની ફરિયાદો, VHP અથવા બજરંગ દળના કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી. જયપુરના પ્રતાપ નગરમાં, મહિલાઓ પર હુમલો કરવામાં આવ્યો અને પ્રાર્થના ખંડમાં તોડફોડ કરવામાં આવી હતી તેમ છતાં પોલીસે ગુનેગારો સામે કોઈ FIR દાખલ કરી ન હતી. ઉલ્ટાનું, પ્રાર્થના કરનારાઓને તેમના 'ધર્માંતરણના હેતુઓ' વિશે પૂછપરછ કરવામાં આવી, જે અસરકારક રીતે તેમના પોતાના સમુદાયમાં શંકાસ્પદ તરીકે ગણવામાં આવ્યા હતા.

આ પેટર્ન માત્ર અમલદારશાહીની ઉદાસીનતા જ નહીં પરંતુ કાયદા અમલીકરણ અને સતર્ક જૂથો વચ્ચેની મિલીભગત પણ દર્શાવે છે. રાજ્ય ફરજની સામાન્ય રેખાઓ બહુમતીવાદી લાગણીઓના મૂડ સાથે એવી રીતે ઝાંખી પડી ગઈ છે કે જેનાથી ભયની પરિસ્થિતિ ઊભી થાય છે, જેનાથી ખ્રિસ્તીઓ શંકાની સ્થિતિમાં મુકાઈ જાય છે. 'ધર્માંતરણ સતર્કતા'ની ભાષાનું પુનરાવર્તન કરીને, પોલીસ અને જિલ્લા અધિકારીઓ માત્ર નાગરિક જવાબદારી જાળવવા અંગે મૂંઝવણ જ નથી પેદા કરતા, પરંતુ તેઓ ફરજના નામે ટોળાની હિંસાને પણ લાઈસન્સ આપે છે.

એકંદર પરિણામ એ છે કે, બંધારણીય રક્ષણ ધીમે ધીમે તૂટી રહ્યું છે. કલમ ૨૫ ધર્મની સ્વતંત્રતાનું રક્ષણ કરે છે; કલમ ૨૧ ગૌરવ અને સ્વતંત્રતાનું રક્ષણ કરે છે. પરંતુ અધિકારો હવે બહુમતી વિશેષાધિકારને આધીન શરતી છે. સપ્ટેમ્બર ૨૦૨૫ની ઘટનાઓ દર્શાવે છે કે, જ્યારે રાજ્ય તટસ્થતા અને ન્યાયમાં નિષ્પક્ષતાને બદલે વૈચારિક અમલીકરણનું તંત્ર બને છે, ત્યારે નાગરિકતા પોતે જ શ્રદ્ધાના આધારે સ્તરીકૃત થઈ જાય છે. જ્યાં સુધી જવાબદારી ન હોય અને કાયદા હેઠળ સમાન રક્ષણની ખાતરી ન મળે, ત્યાં સુધી બિનસાંપ્રદાયિક લોકશાહીનું ગ્લેમરાઈઝ્ડ વચન અર્થહીન પરંતુ કાયમી રહેશે, જ્યારે કાયદો અને વ્યવસ્થાના આડમાં નફરત ફેલાતી રહેશે.

**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# આજે RTI Act ૨૦૦૫ના જન્મદિવસની શુભેચ્છાઓ

## એક્ટ આજે ૨૦ વર્ષનો થનગનતો યુવાન થયો

મારા પ્રિય રાષ્ટ્રના પ્રિય નાગરિકો આજે આ એક્ટ ૨૦ વર્ષ પૂર્ણ કરી થનગનતો યુવાન થયો છે. મારા મત મુજબ ૧૨.૧૦.૨૦૦૫ આ અધિનિયમની અસરકારક તારીખ આપણા રાષ્ટ્ર 'ભારત'ના નાગરિકો માટે ત્રીજો સ્વતંત્રતાનો અવસર છે.

૧લી સ્વતંત્રતા, ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭- અંગ્રેજ શાસકોના શાસનમાંથી સ્વતંત્રતા મળી, ૨જી સ્વતંત્રતા ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ અંગ્રેજોના કાયદાઓમાંથી સ્વતંત્રતા મેળવી પોતાનું આગવું બંધારણ અપનાવ્યું અને ૩જી સ્વતંત્રતા ૧૨મી ઓક્ટોબર ૨૦૦૫ આ તારીખથી દેશના નાગરિકોને જાહેર સત્તા મંડળો પાસેથી માહિતી મેળવવાનો અધિકાર તથા સ્વતંત્રતા મળી જે અધિકાર તથા સ્વતંત્રતા ૧૧મી ઓક્ટોબર ૨૦૦૫ સુધી ઉપલબ્ધ ન હતા.

જાહેર સત્તા મંડળોમાં જવાબદારીની સુનિશ્ચતતા પારદર્શક્તા તથા મર્યાદિત નાણાકીય સંસાધનોનો અસરકારક ઉપયોગ જે પ્રસ્તુત કાયદાનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે. નાગરિકો નિર્ધારિત ઉદ્દેશ પરિપૂર્ણ થાય તેવા શુદ્ધ આશયથી જાહેર સત્તા મંડળો પાસેથી માહિતી મેળવવાનો અધિકાર તથા સ્વતંત્રતા ધરાવે છે.

છેલ્લા ૨૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન અનેક શ્રેણીબદ્ધ અવરોધો હોવા છતાં, કાયદાના અમલના પરિણામો ખૂબ જ આશાવાદી રહ્યા છે. અધિનિયમને નબળો પાડવાના અનેક પ્રયાસો થયા હોવાનું માનવામાં આવે છે. પરંતુ અધિનિયમ મજબૂત રીતે આગળ વધી રહ્યો છે.

હું અંગત રીતે મારા વ્હાલા દેશવાસીઓને ભારપૂર્વક સૂચન કરૂં છું કે રાષ્ટ્રના સર્વાંગી હિતમાં આ અધિનિયમનો મજબૂત અને સકારાત્મક ઉપયોગ થાય તે અત્યંત આવશ્યક છે અને સ્વપ્નમાં પણ તેનો દુરૂપયોગ ન થવો જોઈએ.

નાગરિકો દ્વારા આ અધિનિયમના સકારાત્મક ઉપયોગ દરમ્યાન પારદર્શિતા, જવાબદારી અને મર્યાદિત નાણાકીય સંસાધનોનો અસરકારક ઉપયોગ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ.

**સાદર**
**એ.જી.શેખ RTI એક્ટિવિસ્ટ**
**નડિયાદ, ખેડા જિલ્લા, ગુજરાત રાજ્ય**
**મો. 9428486150**

# ન્યૂઝીલેન્ડને આખરે પહેલી જીત મળી, બાંગ્લાદેશની ગુવાહાટીમાં શરમજનક શરણાગતિ

તા.૧૧

ન્યૂઝીલેન્ડે શુક્રવાર, ૧૦ ઓક્ટોબરના રોજ ગુવાહાટીમાં રમાયેલા મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ના મુકાબલામાં બાંગ્લાદેશને ૧૦૦ રનથી હરાવીને ટૂર્નામેન્ટમાં પોતાનું ખાતું ખોલાવ્યું છે. ન્યૂઝીલેન્ડના બોલરોએ ઓલરાઉન્ડ પ્રદર્શન કરીને બાંગ્લાદેશની બેટિંગ લાઈન-અપને સંપૂર્ણપણે તોડી પાડી હતી. ન્યૂઝીલેન્ડે ૨૨૮ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ બાંગ્લાદેશની ટીમ માત્ર ૧૨૭ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી.

ન્યૂઝીલેન્ડની ટોપ-ઓર્ડર ફરી એકવાર નિષ્ફળ ગયા બાદ ટીમને સંકટમાંથી બહાર કાઢવાની જવાબદારી કેપ્ટન સોફી દેવાઈન અને બ્રુક હોલિડેએ સંભાળી હતી. સોફી દેવાઈને ૮૫ બોલમાં શાનદાર ૬૩ રન બનાવ્યા. બ્રુક હોલિડેએ ૬૯ રન ફટકારીને દેવાઈનને સારો ટેકો આપ્યો. આ બંનેની ઉપયોગી બેટિંગને કારણે વ્હાઈટ ફર્ન્સ (ન્યૂઝીલેન્ડ ટીમ) ૨૨૮ રનનો લડાયક સ્કોર નોંધાવવામાં સફળ રહી હતી.

**ન્યૂઝીલેન્ડના બોલરોનો કમાલ**

બોલિંગમાં ન્યૂઝીલેન્ડે કોઈ ભૂલ ન કરતાં બાંગ્લાદેશને શરૂઆતથી જ દબાણમાં રાખ્યું હતું. જેસ કેર અને લી તહુહુએ ઘાતક બોલિંગ કરતા ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી, જેના કારણે બાંગ્લાદેશની ટોપ-ઓર્ડર ધ્વસ્ત થઈ ગઈ હતી. રોઝમેરી મેયરે શાર્મિન અખ્તરની વિકેટ લઈને બાંગ્લાદેશના પતનની શરૂઆત કરી હતી. આ જીત સાથે ન્યૂઝીલેન્ડ પોઈન્ટ્સ ટેબલમાં બાંગ્લાદેશને પાછળ છોડીને પાંચમા સ્થાને પહોંચી ગયું છે.

**બાંગ્લાદેશી બેટ્સમેનોનું નિરાશાજનક પ્રદર્શન**

૨૨૮ રનના લક્ષ્યનો પીછો કરતા બાંગ્લાદેશની ટીમ ક્યારેય નિયંત્રણમાં દેખાઈ નહીં અને નિયમિત અંતરે વિકેટ ગુમાવતી રહી. કેપ્ટન નિગાર સુલ્તાના (૨૮ બોલમાં ૪ રન)નું બેટિંગ પ્રદર્શન બાંગ્લાદેશની ઈનિંગ્સનો સારાંશ આપતું હતું. ઈંગ્લેન્ડ સામે જે લડત જોવા મળી હતી, તેનો આ મેચમાં અભાવ હતો.

સોભના મોસ્તરી જેણે ઈંગ્લેન્ડ સામે પ્રભાવિત કર્યા હતા, તે પણ જેસ કેર સામે માત્ર ૨ રન બનાવીને આઉટ થઈ ગઈ. બાંગ્લાદેશે પાવરપ્લે ઓવર્સમાં માત્ર ૨૨ રન બનાવ્યા હતા અને આ સમયગાળામાં એક પણ બાઉન્ડ્રી નહોતી ફટકારી, જે આ ટૂર્નામેન્ટમાં પહેલીવાર બન્યું હતું અને તેમની બેટિંગની નિષ્ફળતા દર્શાવે છે. જોકે, છેલ્લે નાહિદા અને ફાહિમાએ થોડો પ્રતિકાર દર્શાવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ન્યૂઝીલેન્ડની જીત નિશ્ચિત થઈ ચૂકી હતી.

# એર ઈન્ડિયાની વિયેના-દિલ્હી ફ્લાઈટમાં 'ઑટોપાઈલટ ફેલ્યોર', પાઈલોટ્સને રાત્રે મેન્યુઅલી ઉડાન ભરી દુબઈ ડાયવર્ટ કરવી પડી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

વિયેનાથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની બોઈંગ ૭૮૭-૭૮૮ ફ્લાઈટ (AI૧૫૪)માં ગુરૂવારે ઉડાન દરમિયાન ટેકનિકલ સમસ્યા સર્જાતા તેને દુબઈ તરફ વાળવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ફ્લાઈટમાં ઑટોપાઈલટ સિસ્ટમ ખરાબ થઈ ગઈ હતી, જેના કારણે પાઈલોટ્સને રાત્રે વિમાન મેન્યુઅલી (હાથોથી) ઉડાડવા મજબૂર થવું પડ્યું હતું. આ




ફ્લાઈટમાં ૨૫૧થી વધુ મુસાફરો સવાર હતા. જો કે, વિમાનને સુરક્ષિત રીતે દુબઈમાં ઉતારવામાં આવ્યું હતું. એર ઈન્ડિયાના પ્રવક્તાએ એક નિવેદનમાં કહ્યું હતું કે, વિમાન સુરક્ષિત રીતે દુબઈમાં ઉતરી ગયું હતું અને જરૂરી તપાસ કરવામાં આવી હતી.

**પાઈલોટ એસોસિએશનનો 'ઈલેક્ટ્રિકલ ફેલ્યોર'નો દાવો :**

બીજી તરફ, ફેડરેશન ઑફ ઈન્ડિયન પાઈલોટ્સ (FIP)એ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખીને ઑટોપાઈલટની સમસ્યા માટે ઈલેક્ટ્રિકલ ખામીને જવાબદાર ઠેરવી હતી. FIPના પ્રમુખ કેપ્ટન સી.એસ રણધાવાએ દાવો કર્યો હતો કે ઑટોપાઈલટની નિષ્ફળતાને કારણે અન્ય મહત્ત્વપૂર્ણ સિસ્ટમો જેમ કે, ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ, ફ્લાઈટ ડિરેક્ટર્સ અને ફ્લાઈટ કંટ્રોલ સિસ્ટમમાં પણ ખામી આવી હતી.

રણધાવાએ પાઈલોટ્સના કૌશલ્યની પ્રશંસા કરી, જેઓ સીમિત ઑટોમેશન સાથે વિમાનને રાત્રે સુરક્ષિત રીતે દુબઈ લઈ ગયા.

**એર ઈન્ડિયાએ ખામીનો ઈન્કાર કર્યો :**

જો કે, એર ઈન્ડિયાએ 'કોઈપણ ઈલેક્ટ્રિકલ ફેલ્યોર' હોવાના દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો. એરલાઈનના સૂત્રોએ જણાવ્યું કે, દુબઈમાં ટૂંકા સમયમાં સમસ્યા ઠીક કરી દેવામાં આવી હતી અને વિમાન ત્યાં કોઈ ઈમરજન્સી લેન્ડિંગ નહોતું. આ વિમાન સવારે ૮:૪૫ વાગ્યે દુબઈથી રવાના થયું અને બપોરે ૧૨:૧૯ વાગ્યે દિલ્હી પહોંચ્યું. મુસાફરોને વિલંબની જાણકારી આપવામાં આવી હતી અને રિફ્રેશમેન્ટ પૂરૂં પાડવામાં આવ્યું હતું.

**હદીસ બોધ**

પક્ષીઓને તેમના માળામાં શાંતિપૂર્ણ રીતે રહેવા દો.

(હદીસ બોધ)

**બોધ વચન**

આપણા ઉશ્કેરાટનો પ્રત્યેક ઘા અંતે તો આપણને જ ઘાયલ કરે છે. - વિલિયમ પેન

**આજની આરસી**

૧૨ ઓકટોબર રવિવાર ૨૦૨૫
૧૯ રબીઉલ આખર હિજરી ૧૪૪૭
આસો વદ છઠ્ઠ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૬ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૫ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૧૮ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# બિહારમાં દલિતોમાં ઘણી અસુરક્ષા છે : NACADORના અધ્યક્ષ સી. અશોક ભારતી

**સી. અશોક ભારતીએ જણાવ્યું કે, જો ભારતના મુખ્ય ન્યાયાધીશ સુરક્ષિત નથી, જો IPS અધિકારી સુરક્ષિત નથી, તો ગરીબ, સામાન્ય માણસ બિલકુલ સુરક્ષિત નથી**

(એજન્સી) તા.૧૧

દલિતો અને આદિવાસીઓ માટેના સંગઠન NACADORના અધ્યક્ષ સી. અશોક ભારતીએ જણાવ્યું હતું કે, બિહારમાં દલિતો હજુ પણ ખૂબ પછાત છે અને આવનારી ચૂંટણીઓમાં ઘણા લોકો પોતાનો ટેકો બદલી શકે છે.

બિહારમાં, દરેક પાંચમો વ્યક્તિ અનુસૂચિત જાતિ (SC)નો છે. અમારા અહેવાલો દર્શાવે છે કે દલિતોમાં ભારે અસંતોષ છે. આજીવિકાના પ્રશ્નો છે. સરકારે ઘણા માળખાકીય પ્રોજેક્ટ્સ વિકસાવ્યા છે, પરંતુ સમાજના અન્ય વર્ગોને લાભ મળ્યો છે જ્યારે દલિતોને તગેડી નાખવામાં આવ્યા છે. તેમની પાસે રોજગાર નથી અને તેમની પાસે ખૂબ ઓછી જમીન છે. અમને લાગે છે કે SC સમુદાયનો એક નોંધપાત્ર ભાગ તેમનો ટેકો બદલી શકે છે.

**શું તમને લાગે છે કે CJI BR Gavai પર હુમલો બિહારમાં ચૂંટણીનો મુદ્દો બની શકે છે ?**

દલિતોમાં ઘણી અસુરક્ષા છે. હવે હરિયાણામાં એક IPS અધિકારીએ આત્મહત્યા કરી છે. રાયબરેલીમાં હરિ ઓમ વાલ્મીકીની હત્યા કરવામાં આવી હતી. અનુસૂચિત જાતિના લોકો ગૌરવ ઈચ્છે છે. આ ખૂબ જ હાઈ-પ્રોફાઈલ કેસ છે... સમુદાયમાં આ સમાચાર ફરતા થયા છે. જો ભારતના મુખ્ય ન્યાયાધીશ સુરક્ષિત નથી, જો કોઈ IPS અધિકારી સુરક્ષિત નથી, તો એક ગરીબ, સામાન્ય માણસ બિલકુલ સુરક્ષિત નથી.

**માયાવતીએ ભાજપની આગેવાની હેઠળની યુપી સરકારની પ્રશંસા કરી છે.**

હું સમજું છું કે તે એક મોટી રેલી હતી અને તેમણે કાંશીરામ સ્મારકની જાળવણીની પ્રશંસા કરી હતી. પરંતુ, તેમણે એક તક ગુમાવી દીધી કારણ કે, તેમનો વોટ-બેંક હિન્દુત્વ રાજકારણનો સખત વિરોધ કરે છે. તેઓ જાણે છે કે ઘણા દલિત બુદ્ધિજીવીઓ હિન્દુત્વ છોડીને બૌદ્ધ ધર્મ અથવા ખ્રિસ્તી ધર્મ તરફ જઈ રહ્યા છે. પરંતુ મને લાગે છે કે માયાવતી રેલીનો લાભ લઈ શક્યા નહીં. તેમની પાસે એક સુવર્ણ તક હતી. બિહારની અનુસૂચિત જાતિની વસ્તીનું સામાજિક-આર્થિક ધોરણ રાષ્ટ્રીય સરેરાશ કરતા નીચું છે. શું આ મોટાભાગે એ દર્શાવતું નથી કે રાજકીય પક્ષોનો અનુસૂચિત જાતિ તરફી અવાજ ફક્ત પ્રતીકવાદ છે.

ચોક્કસ પ્રતીકવાદ છે. સાક્ષરતા હોય, જમીન માલિકી હોય, સરકારી નોકરીઓ હોય - આ બધી બાબતોમાં, બંને પક્ષોના પક્ષો નિષ્ફળ ગયા છે. તેમના વિકાસના દાખલા સમાજની ફોલ્ટ લાઈનને ઓળખતા નથી. વિવિધ જાતિ જૂથોને વિવિધ સ્તરોના હસ્તક્ષેપની જરૂર હોય છે. વગદાર એસસી લોકો વિકાસના મોટાભાગના ફળોનો આનંદ માણે છે. યાદ રાખો કે બિહારમાં ફક્ત ૧.૩% દલિતો પાસે સરકારી નોકરીઓ છે અને શ્રમ ડેટા અને વસ્તી ગણતરી અનુસાર, ફક્ત ૨૧% દલિતો પાસે પૂર્ણ-સમયનો રોજગાર છે.

**મતદાન ડેટા દર્શાવે છે કે પીએમ નરેન્દ્ર મોદી અને સીએમ નીતિશ કુમાર દલિત મતદારો માટે લોકપ્રિય પસંદગીઓ છે.**

તેમના પદોને કારણે બંને ખૂબ જ ઉચ્ચ દૃશ્યતા ધરાવે છે. પરંતુ તાજેતરમાં, નીતિશ કુમારની જાહેર અથવા રાજકીય કાર્યક્રમોમાં મર્યાદિત હાજરી છે. પરંતુ એનસીઆરબી ડેટા દર્શાવે છે કે છેલ્લા ત્રણ વર્ષમાં બિહારમાં દલિત મહિલાઓ પર ૪૮% બળાત્કારના કેસ બન્યા છે. દલિતો પર અત્યાચાર વધ્યા છે. ૫૭% એસસી ભૂમિહીન છે. એનો કોઈ પણ ઈનકાર નથી કરી રહ્યું કે, સરકાર પ્રયાસો કરી રહી છે. પરંતુ, અમે કહી રહ્યા છીએ કે તે પૂરતા નથી.

# રાયબરેલી : દલિત હરિઓમ હત્યાના મુખ્ય આરોપીની ધરપકડ, એન્કાઉન્ટરમાં ગોળી વાગી; મંત્રી આજે પરિવારને મળશે

**રાયબરેલીમાં દલિત હત્યા : રાયબરેલીમાં દલિત હરિઓમ હત્યા કેસના મુખ્ય આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. તેને એન્કાઉન્ટરમાં ગોળી વાગી હતી**

(એજન્સી) તા.૧૧

હરિઓમ હત્યા કેસના મુખ્ય આરોપીની દાલમાઉના ગંગા કટોરી વિસ્તારમાં પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. પોલીસે જેના માથે ૨૫,૦૦૦ રૂપિયાનું ઈનામ છે તેવા દીપક અગ્રહારીને પકડી લીધો હતો. આરોપીના ડાબા પગમાં ગોળી વાગી હતી. તેને દાલમાઉ શહેરી આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાંથી તેને જિલ્લા હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. તબીબી તપાસ બાદ, આરોપીને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. ૧લી ઓક્ટોબરના રોજ, સવારે ૧ વાગ્યે, ફતેહપુરના પુરે તુરાબ અલીના રહેવાસી હરિઓમને ઈશ્વરદાસપુરમાં બેલ્ટ અને લાકડીઓથી માર મારવામાં આવ્યો હતો. પોલીસ અને SOG આ કેસના મુખ્ય આરોપી દીપક અગ્રહારીને શોધી રહ્યા હતા અને તેની ભાળ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઊંચહાર પોલીસ, SOG અને સર્વેલન્સ ટીમે દાલમાઉ ગંગા કટોરી વિસ્તારમાં ચેકિંગ ઓપરેશન હાથ ધર્યું. આ દરમિયાન, પુરે બનિયન મજરા પચખારા ગામનો રહેવાસી દીપક અગ્રહરી પોલીસને જોઈને ભાગવા લાગ્યો. જ્યારે પોલીસ ટીમે તેનો પીછો કર્યો, ત્યારે દીપકે ગોળીબાર કર્યો હતો. જવાબમાં પોલીસે પણ ગોળીબાર કર્યો, જેમાં આરોપીને ડાબા પગમાં ઈજા થઈ. આરોપીને પકડી લેવામાં આવ્યો અને સારવાર બાદ જેલમાં મોકલી દેવામાં આવ્યો. ASP સંજીવ કુમાર સિંહાએ જણાવ્યું કે, હરિઓમ હત્યા કેસના મુખ્ય આરોપીને પોલીસ એન્કાઉન્ટરમાં પકડવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓને કોઈ નુકસાન થયું નથી.

**અત્યાર સુધી ધરપકડો**

હરિઓમ હત્યા કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ૧૨ આરોપીઓની ધરપકડ કરી છે. ૪ ઓક્ટોબરે પોલીસે વૈભવ સિંહ, વિપિન કુમાર, વિજય મૌર્ય, સુરેશ કુમાર અને સહદેવની ધરપકડ કરી હતી. ૭ ઓક્ટોબરની રાત્રે, મકદુમપુર ગડગંજના રહેવાસી શિવપ્રસાદ અગ્રહારી, પટ્ટી ઊંચાહર ગામના રહેવાસી લલ્લી પાસી, આશિષ પાસી અને સરાઈમુગલ રાહી મિલ વિસ્તારના રહેવાસી સુરેશ ગુપ્તા. બુધવારે રાત્રે, જમુનાપુર ઈશ્વરદાસપુરના રહેવાસી શિવમ અગ્રહારી અને હેમંત કુમારની પુરી બનિયન મજરા પચખારામાંથી ધરપકડ કરવામાં આવી હતી. મુખ્ય આરોપી દીપક અગ્રહારીની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી.

**તેની પત્ની અને પુત્રીની સુરક્ષા માટે પોલીસ તૈનાત**

હરિઓમની હત્યાની ગંભીરતાને જોતાં, તેની પત્ની અને પુત્રીની સુરક્ષા માટે પોલીસ તૈનાત કરવામાં આવી છે. એક સબ-ઈન્સ્પેક્ટર, એક કોન્સ્ટેબલ અને એક મહિલા કોન્સ્ટેબલ તેમના ઘરે ૨૪ કલાક ફરજ બજાવે છે. આવતા-જતા દરેક પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે. ઊંચાહર સ્ટેશન હાઉસ ઓફિસર અજય કુમાર રાયે જણાવ્યું હતું કે, હરિઓમની હત્યા બાદથી, તેની પત્નીના ઘરે આવનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. આનાથી પરિવારની સુરક્ષા માટેની જવાબદારી વધી ગઈ છે. ધમકીના ભયને કારણે સુરક્ષા વધારી દેવામાં આવી છે. પોલીસ કર્મચારીઓ આઠ કલાક ફરજ પર હોય છે. આગળની સૂચના મળે ત્યાં સુધી સુરક્ષા ચાલુ રહેશે. પોલીસની હાજરીણે કારણે પરિવાર પર કોઈ ખતરો નહીં હોય.

**પીડિત પરિવારને મળવા માટે મંત્રીઓ આજે ઊંચહરની મુલાકાત લેશે**

મુખ્યમંત્રીના આદેશ પર થોડા દિવસ પહેલા રાયબરેલીના ઊંચહર વિસ્તારમાં હરિઓમની હત્યાના સંદર્ભમાં બે સરકારી મંત્રીઓ પીડિત પરિવાર સાથે મુલાકાત કરશે. કેબિનેટ મંત્રી રાકેશ સચાન અને રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અસીમ અરૂણ પીડિત પરિવારને મળશે અને અધિકારીઓ સાથે ઘટનાની સમીક્ષા કરશે.

# બરેલીમાં દલિત વ્યક્તિને રહેંસી નાખવા મુદ્દે કોંગ્રેસે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં ફરિયાદ નોંધાવી

(એજન્સી) તા.૧૧

દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિ (DPCC)ના અધ્યક્ષ દેવેન્દ્ર યાદવના નેતૃત્ત્વમાં યુપીના બરેલીમાં ૪૦ વર્ષીય દલિત વ્યક્તિ હરિ ઓમ વાલ્મીકીની કથિત મોબ લિંચિંગ અંગે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)માં ફરિયાદ નોંધાવી હતી.

આ ઘટનાને 'માનવ અધિકારો પર ઘોર હુમલો' ગણાવતા, કોંગ્રેસના પ્રતિનિધિમંડળે કમિશનને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા અને દલિતો અને અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામે અત્યાચાર અટકાવવા માર્ગદર્શિકા ઘડવા વિનંતી કરી.

આ પ્રતિનિધિમંડળ NHRC સભ્ય ન્યાયાધીશ ડૉ. બિદ્યુત રંજન સારંગીને મળ્યું હતું, જેમણે યાદવના મતે, ફરિયાદને ધીરજપૂર્વક વાત સાંભળી અને યોગ્ય કાર્યવાહીનું વચન આપ્યું હતું.

યાદવે કહ્યું કે, આ ઘટનાએ ફરી એકવાર ગુંડાઓ દ્વારા દલિતો પર થઈ રહેલા અત્યાચારોનો પર્દાફાશ કર્યો છે, ખાસ કરીને ઉત્તર પ્રદેશ જેવા ભાજપ શાસિત રાજ્યોમાં. તેમણે યુપી સરકાર પર ઝડપી કાર્યવાહી કરવાને બદલે દોષિતોને બચાવવાનો આરોપ લગાવ્યો.

ડીપીસીસીના વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યું હોવા છતાં 'દલિતો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો પર હજુ પણ તેમની સ્વતંત્રતા અને ગૌરવને મર્યાદિત કરવાના હેતુથી બેલગામ હુમલાઓ થઈ રહ્યા છે.' તેમણે ઉમેર્યું કે, "દેશ 'વિકસિત ભારત' તરફ આગળ વધી રહ્યો છે ત્યારે આવી બર્બર ઘટનાઓ બની રહી છે તે ચિંતાજનક છે. જ્યારે સમાજનો એક મહત્ત્વપૂર્ણ વર્ગ ભય અને તાબેદારી હેઠળ જીવે છે ત્યારે કોઈ પણ દેશને ખરેખર વિકસિત ગણી શકાય નહીં."

કોંગ્રેસના પ્રતિનિધિમંડળે પોતાની ફરિયાદમાં દલિતો અને લઘુમતીઓ સામે હિંસાની અગાઉની ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં રોહિત વેમુલા, અખલાક, પેહલુ ખાનના મૃત્યુ અને હાથરસ અને ઉન્નાવમાં મહિલાઓ પરના હુમલાનો સમાવેશ થાય છે અને કહ્યું હતું કે, આવા કૃત્યોથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છબી ખરડાય છે.

પાર્ટીએ એનએચઆરસીને સત્ય ઉજાગર કરવા અને જાહેર વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા માટે બરેલીની મુલાકાત લેવા માટે ઉચ્ચ સ્તરીય તપાસ ટીમ મોકલવા વિનંતી કરી છે.

યાદવ ઉપરાંત, પ્રતિનિધિમંડળમાં ડીપીસીસીના કાનૂની અને માનવ અધિકાર વિભાગના અધ્યક્ષ સુનિલ કુમાર, ઘણા વકીલો અને કાયદાના વિદ્યાર્થીઓનો સમાવિષ્ટ હતા.

# રાહુલ ગાંધી પણ લોકશાહી માટે લડત આપી રહ્યા છે : નોબેલ શાંતિ પુરસ્કાર અંગે કોંગ્રેસ નેતાની પોસ્ટ

**કોંગ્રેસ લાંબા સમયથી કહેતી આવી છે કે, રાહુલ ગાંધી NDA સરકારની 'સરમુખત્યારશાહી' સામે લડી રહ્યા છે. તેમણે અનેક મુખ્ય મુદ્દાઓ પર શાસકના અન્યાયનો સામનો કર્યો છે**

(એજન્સી) તા.૧૧

વેનેઝુએલાના મુખ્ય વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને તેમના દેશમાં લોકશાહી અધિકારો માટે લડવા બદલ આ વર્ષનો નોબેલ શાંતિ પુરસ્કાર પ્રાપ્ત કરવાથી ઉત્સાહિત, કોંગ્રેસના પ્રવક્તા સુરેન્દ્ર રાજપૂતે શુક્રવારે મારિયા કોરિના મચાડો અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વચ્ચે સમાનતા દર્શાવી હતી, અને સૂચવ્યું હતું કે રાહુલ પણ ભારતમાં 'બંધારણ બચાવવા માટે લડવા' માટે પ્રતિષ્ઠિત પ્રશંસાને પાત્ર છે. પાંચ વખતના લોકસભા સાંસદ સાથે મચાડોનો ફોટો શેર કરતા રાજપૂતે X પર હિન્દીમાં લખ્યું કે: 'આ વખતે, બંધારણનું રક્ષણ કરવા બદલ વેનેઝુએલાના વિપક્ષી નેતાને નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ભારતના વિપક્ષી નેતા શ્રી રાહુલ ગાંધી, દેશના બંધારણને બચાવવાની લડાઈનું નેતૃત્વ કરી રહ્યા છે'. નોર્વેજીયન નોબેલ સમિતિએ મચાડોને લોકશાહી અધિકારોને પ્રોત્સાહન આપવા અને વેનેઝુએલામાં સરમુખત્યારશાહીથી લોકશાહીમાં શાંતિપૂર્ણ સંક્રમણની હિમાયત કરવા માટે તેમની અતૂટ પ્રતિબદ્ધતા માટે માન્યતા આપી છે. માચાડો વેનેઝુએલાના વિપક્ષમાં એકતા લાવનાર વ્યક્તિ રહ્યા છે, ગયા વર્ષની ચૂંટણી બાદ ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો અને છુપાઈ જવાની ફરજ પડી હતી.

ભારતમાં કોંગ્રેસ લાંબા સમયથી એવું કહેતી આવી છે કે રાહુલ ગાંધીએ વર્તમાન NDA સરકારની 'સરમુખત્યારશાહી' સામે યુદ્ધ છેડ્યું છે. તેમણે તાજેતરના ભૂતકાળમાં 'વોટ ચોરી', બિહારની મતદાર યાદીમાંથી ઈરાદાપૂર્વક મતદાર નામ કાઢી નાખવા, ચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષોને ફાયદો પહોંચાડવા માટે EVM હેકિંગ, પછાત વર્ગો માટે અનામત સમાપ્ત કરવાના કથિત પ્રયાસો જેવા મુદ્દાઓ ઉઠાવ્યા છે. ભારતમાં સમગ્ર વિપક્ષે ભાજપની આગેવાની હેઠળની NDA અને કેન્દ્ર અને વિવિધ રાજ્યોમાં વર્તમાન મોદી સરકારનો સામનો કરવા માટે INDIA બ્લોક બનાવીને કોંગ્રેસની સાથે એકત્ર થયા છે, અને દાવો કર્યો છે કે બેરોજગારી વધી રહી છે, દેશની અર્થવ્યવસ્થાને ફટકો પડ્યો છે, લઘુમતી અને SC/ST અધિકારો સાથે ચેડા કરવામાં આવ્યા છે, અને અસંમતિના અવાજોને દબાવવામાં આવ્યા છે.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**સેલ્સમેન જોઈએ છે**
દુકાન માટે ત્રણ દરવાજા વિસ્તારમાં
Ph. 9824617398

**ટ્યુટર જોઈએ છે**
એકાઉન્ટ, સ્ટેટ માટે ઈંગ્લિશ મીડિયમ સિટી વિસ્તારમાં
8690805807

**U.S.A. માટે જરૂર છે**
મુસ્લિમ ગૃહિણી ઘરકામ માટે, મુસ્લિમ કપલ હાઉસ કીપિંગ, મોટેલ માટે
9227504437
9228104437

**જોઈએ છે**
કોમ્પ્યુટર જાણકાર મીલન એસ્ટેટ વસીલા માર્કેટિંગ એજન્સી
9825576109

**વેચવાનું છે**

**ઓફિસ વેચવાની છે**
ફર્સ્ટ ફ્લોર, જુહાપુરા, મેઈન માર્કેટ, ઈમ્પેક્ટ થયેલ
9601135030

**વેચવાનો છે**
3 BHK ફ્લેટ ફુલ ફર્નિશ્ડ ફર્સ્ટ ફ્લોર, ઝારા, ખાદીમ સોસાયટી
9825612606

**બંગલો વેચવાનો છે**
સરખેજ મનસુર પાર્ક સોસાયટી બંગલા નં.૯ રોયલ અકબરની બાજુમાં
ફોન : 9824685175

**ટેનામેન્ટ વેચવાનું છે**
76 વાર બાંધકામ NANOC ગુલમહોર સોસાયટી, વટવામાં
9228153934

**મકાન વેચવાનો છે**
વિભાગ-૨, રોયલ પાર્ક સોસાયટી, જુહાપુરા, અમદાવાદ
9979097864

**વેચવાની છે**
દુકાન શાહઆલમ દાણીલીમડા ગામ દસ્તાવેજ વાળી
9173191551
7990786859

**વેચવાના છે**
પાલડી ફૈજમોહંમદ સોસાયટીમાં 3 BHK/4 BHK ફ્લેટ
એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ
9227777881

**પ્લોટ વેચવાનો છે**
અરેબિયન ૫૧માં પ્લોટ વેચવાનો છે ૫૧૦ વાર જુહાપુરા, અમદાવાદ
મો.9925552786

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK, 215 વાર, પહેલો માળ, ફૈઝમોહંમદ, પાલડી
મો. 9909702414

**જુહાપુરામાં વેચવાના છે**
વેલમેઈન્ટેન સોસાયટીમાં 3 BHK, 4 BHK, 5 BHK ફ્લેટ તેમજ બંગલા
NANOC
ટાઈટલ ક્લિયર
એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**3/4 BHK high end flat For Sale**
Muslim Society
Navrangpura, Paldi
Broker 9825415296

**Office for Rent/ Sale**
Ashram Road,
Navrangpura,
Broker 9825415296

**Showroom for Sale**
1400 Sq.Ft. gr. Floor
sunwest bank
Ashram Road
Broker
9825415296

**2 BHK**
**ડુપ્લેક્ષ વેચવાનો છે**
બાગે મશીરા સોસાયટી, TP 85 રોડ, અંબર ટાવર, 42 લાખમાં
Broker
7486955506

2 BHK **ફ્લેટ વેચવાનો છે**
ફુલ હવા ઉજાસવાળો, ખાનપુર વિસ્તારમાં
9376142799

**ઓફિસ વેચવાની છે**
**ફુલ્લી ફર્નિશ્ડ**
૮૪૦ સ્કે.ફૂટ નેટ પહેલો માળ, બાગમાર પ્લાઝા જમાલપુર,
મો.999 888 7869

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**દુકાન ભાડે આપવાની છે**
ઢાલગરવાડ નાળામાં 1) 20x7, 2)10x2 બંને ગ્રાઉન્ડ ફ્લોર
M. 9904898264

**ગોડાઉન વેચાણ આપવાનું છે**
સુએઝ ફાર્મની પાસે, ગુલાબનગર ZK ફાર્મ હાઉસની ગલીમાં, 120 વાર પાક્કું ધાબાવાળું ટોયલેટ બાથરૂમ સાથે (૨૪ કલાક પાણી) 17,000/- ચાલુ ભાડા સાથે
9737280547

**દુકાન ભાડે આપવાની છે**
1200 sq.ft. almukam vishala Juhapura road face road touch
9327646982 **(કોઈપણ પ્રોપર્ટી ભાડે-લે-વેચ માટે તાત્કાલિક સંપર્ક કરો.)**

9
**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Farooqui
9099421218
Anis Farooqui
9099521218

**દુકાન ભાડે આપવાની છે**
અલ-મુકામ, વિશાલા સર્કલ
9714955480

**હેવી ડિપોઝિટ (ગીરો)માં આપવાનું છે**
ત્રિપ્લેક્ષ જુહાપુરા કબ્રસ્તાન પાસે (18 લાખમાં)
8141837313
ગુલુચાચા

**ભાડે આપવાની છે**
દુકાન વિશાલા ટાટા મોટર્સ પાસે તવા-ચા-પાણી હોટેલ - ગેરેજ લાયક (ભાડું ૧૮ હજાર)
8141837313
ગુલુચાચા

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ
8141837313
ગુલુચાચા

**ફ્લેટ જોઈએ છે**
અંબર-૨, અલીઝા ગ્રીન, અકીબા 2 BHK દલાલ માફ
8490915053

**યુનિક પ્રોપર્ટી સોલ્યુશન**
મકાન-ભાડે-વેચાણ આપવા-લેવા-જુહાપુરા-અમદાવાદ
જાફરભાઈ
9327065239

**વેચાણ આપવાનું છે**
ડુપ્લેક્ષ બે રૂમ કિચન ઈમાદની સામે
9925519490

**સાહારા એસ્ટેટ**
બંગલો, પ્લોટ, ટેનામેન્ટ, ડુપ્લેક્ષ, ફ્લેટ, ટાઈટલમાં ભાડે વેચાણ આપવા લેવા માટે મળો
બ્રોકર ઈખ્તીયારભાઈ
9925519490

**ડુપ્લેક્ષ વેચાણ આપવાનું છે**
૩ રૂમ બે કિચન રોયલ અકબર પાસે
9925519490

**વેચાણ આપવાનું છે**
ડુપ્લેક્ષ આમીર પાર્કમાં બે બેડ રૂમ હોલ કિચન ફર્નિચર સાથે 9925519490

**ભાડે આપવાની છે**
દુકાન તેમજ ગોડાઉન જુહાપુરા-સરખેજમાં 250 Sq.Ft. થી 1000 Sq.Ft. ગ્રાઉન્ડ ફ્લોર, મેઈન રોડ ટચ
એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**બંગ્લોઝ/ટેનામેન્ટસ /ફ્લેટ્સ**
ટાઈટલ ક્લિયર તેમજ જૂના કરારમાં 200/300/400/500 વાર તેમજ 2 BHK 3 BHK/4 BHK વેચાણ / ભાડે પાલડી/કોચરબ/સરખેજ/શાહઆલમ
અમીન એસ્ટેટ
9376110059

**ફ્લેટ ભાડે/વેચાણ આપવાના છે**
2/3 બેડના, ફર્નિશ્ડ, અનફર્નિશ્ડ, નવરંગપુરા મુસ્લિમ સોસાયટી
9825677586

**વ્યવસાયીલક્ષી/અન્ય**

મારૂં નામ મહેબુબભાઈથી બદલી મહેબુબભાઈ વલીભાઈ જેધવા રાખેલ છે. મુ.માનગઢ, તા.ઈડર, જિ. સાબરકાંઠા

મારૂં નામ વહીદાબેન મહેબુબભાઈ જેધવાથી બદલી વહીદાબહેન મહેબૂબભાઈ જેધવા રાખેલ છે. મુ.માનગઢ, તા.ઈડર, જિ. સાબરકાંઠા

OLD NAME : PATHAN JISHAN JAVEDKHAN
NEW NAME : JISHANKHAN JAVEDKHAN PATHAN
Address : 702-C Royal Akbar Tower, opp Agro Pump, Sarkhej Road, Juhapura, Ahmedabad, Gujarat-380055

OLD NAME : HALIMA MUSABHAI MARU
NEW NAME : HALIMA MUHAMMEDMUSA MARU
Address : 23, SHAHALAM CO. OPPERATIVE HUOSING SOCIETY, NR, N.V.PATEL HIGH SCHOOL, DANILIMDA, AHMEDABAD.380028

OLD NAME : MODAN UMARFARUK GANIBHAI
NEW NAME : MODAN FARUKBHAI GANIBHAI
ADDRESS : 12, AL-NAZ DUPLEX, B/H SHAKTI SOCIETY, DANILIMDA, AHMEDABAD.380028

દરેક જાતના ફોર વ્હીલના સ્પેર પાર્ટસ માટે સંપર્ક કરો
9924430885
8200773009

OLD NAME : MODAN MERAJBAHEN UMARFARUK
NEW NAME : MODAN MERAJBEN FARUKBHAI
ADDRESS : 12, AL-NAZ DUPLEX, B/H SHAKTI SOCIETY, DANILIMDA, AHMEDABAD.380028

**લગ્ન વિષયક**

Elite Family's Girl 31 very fair & beautiful of Ahmedabad lookimg NRI Or Businessman Urgent whatsapp
9327071001

મુસ્લિમ શેખ યુવતી Good Looking Age 26 Bachelor of Arts Doing Government Job માટે એજ્યુકેટેડ મુસ્લિમ યુવકના વાલી સંપર્ક કરો.
9825091851

સૈયદ યુવક કુંવારો વેલસેટ ઉ.વ. 40 વડોદરા માટે યુવતી જોઈએ છે
મો. 9106556102

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

**લગ્ન વિષયક**
એમ.કોમ. થયેલ 39 વરસની ડાઈવોર્સી યુવતી માટે ગ્રેજ્યુએટ સુધી ભણેલા યુવાન અને સંતાન ન હોય તેવા વાલીએ સંપર્ક કરવો મોબાઈલ/વોટ્સએપ
9327041866

**લગ્ન વિષયક**
એમ.કોમ. થયેલ 37 વરસની કુંવારી કન્યા માટે ગ્રેજ્યુએટ સુધી ભણેલા યુવાનના વાલીએ સંપર્ક કરવો
મોબાઈલ નંબર
9408978466

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - **વ્યવસ્થાપક**

**ગુજરાત ટુડે**
**આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો**

**ગુજરાત ટુડે બ્યુરો સીટી** ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,મો.૯૯૯૮૮૮૦૩૩૦

# છત્તીસગઢ રાજ્ય મહિલા આયોગે 'પજવણી' માટે જમણેરી કાર્યકર્તાઓ વિરુદ્ધ FIR નોંધાવવાની માંગ કરી

**છત્તીસગઢ રાજ્ય મહિલા આયોગે પોલીસ મહાનિર્દેશકને પત્ર લખીને ૨૫ જુલાઈના રોજ દુર્ગના GRP પોલીસ સ્ટેશનમાં નારાયણપુર જિલ્લાની ત્રણ મહિલાઓ અને બે સાધ્વીઓને ધમકી આપનારા, જાતીય સતામણી કરનારા અને દુર્વ્યવહાર કરનારા જમણેરી કાર્યકર્તાઓ સામે FIR નોંધવાની વિનંતી કરી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

છત્તીસગઢ રાજ્ય મહિલા આયોગે ગુરુવારે (૯ ઓક્ટોબર) પોલીસ મહાનિર્દેશક (DGP) અરુણ દેવ ગૌતમને પત્ર લખીને ૨૫ જુલાઈના રોજ દુર્ગના સરકારી રેલ્વે પોલીસ (GRP) સ્ટેશન પર નારાયણપુર જિલ્લાની ત્રણ મહિલાઓ અને બે સાધ્વીઓને કથિત રીતે ધમકી આપનારા, જાતીય સતામણી કરનારા અને દુર્વ્યવહાર કરનારા જમણેરી કાર્યકર્તાઓ સામે FIR નોંધવાની વિનંતી કરી હતી. બજરંગ દળના કાર્યકરોએ સાધ્વીઓ પર માનવ તસ્કરી અને બળજબરીથી ધર્માંતરણનો આરોપ લગાવ્યો હતો. ત્રણ મહિલાઓએ દાવો કર્યો હતો કે તેઓ ફક્ત નોકરી શોધવામાં મદદ કરી રહી હતી. ત્યારબાદ પોલીસે FIR દાખલ કરી અને સાધ્વીઓની ધરપકડ કરી, જેમણે ૨ ઓગસ્ટના રોજ જામીન મળ્યા ત્યાં સુધી ઘણા દિવસો જેલમાં વિતાવ્યા હતા. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ગુરુવારે, મહિલા આયોગના અધ્યક્ષ કિરણમયી નાયકે કહ્યું કે, અમે આ બાબતે ત્રણ સુનાવણીઓ કરી હતી, પરંતુ અમને સરકારી અધિકારીઓ તરફથી યોગ્ય પ્રતિભાવ મળ્યો ન હતો. અમે તેમની પાસે દુર્ગ રેલવે પોલીસ સ્ટેશનમાંથી CCTV ફૂટેજ માંગ્યા હતા, જેમાં બજરંગ દળના કાર્યકરો પોલીસ સ્ટેશનની અંદર મહિલાઓને હેરાન કરતા દેખાય છે. ગુરુવારે, અમે DGPને પત્ર લખીને વિનંતી કરી હતી કે તેઓ તેમની વ્યક્તિગત ફરિયાદોમાં ત્રણ મહિલાઓ દ્વારા નામ આપવામાં આવેલા જમણેરી કાર્યકરો સામે FIR નોંધવા કહ્યું છે. નાયકે કહ્યું કે જો પોલીસ ૧૫ દિવસની અંદર કાર્યવાહી નહીં કરે, તો "હું આ મામલો રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ સમક્ષ લઈ જઈશ, જ્યાં અમે પોલીસને આ મુદ્દા પર મહિલાઓની નિષ્ક્રિયતા માટે વળતર આપવા વિનંતી કરીશું." ત્રણેય મહિલાઓએ



રાજ્ય મહિલા આયોગ દ્વારા લેવામાં આવેલી કાર્યવાહીથી સંતોષ વ્યક્ત કર્યો. તેમણે એમ પણ કહ્યું કે આ ઘટનાના કારણે તેમને નોકરીની તક ગુમાવવી પડી, જેમાં સાધ્વીઓ તેમને મદદ કરી રહી હતી, અને તેઓ આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહી છે. ૨૫ જુલાઈના રોજ સાધ્વીઓની ધરપકડથી ખાસ કરીને કેરળમાં ભારે હોબાળો મચી ગયો હતો. ખ્રિસ્તી જૂથો, કોંગ્રેસ અને કેરળના શાસક ડાબેરી ગઠબંધને ધરપકડની સખત નિંદા કરી હતી. દુર્ગ રેલવે સ્ટેશન પર GRP સ્ટેશનની અંદરના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. આ ઘટના બાદ, ત્રણેય મહિલાઓને એક આશ્રય ગૃહમાં મોકલવામાં આવી હતી અને બાદમાં તેમને નારાયણપુરમાં તેમના ઘરે પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ મહિલાઓએ નારાયણપુર પોલીસમાં જમણેરી કાર્યકરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ ત્યાં ગુનો થયો હોવાથી તેમને દુર્ગ જિલ્લામાં મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ મહિલાઓએ ઓગસ્ટમાં રાજ્ય મહિલા આયોગનો સંપર્ક કર્યો હતો. કમિશનના અધ્યક્ષા કિરણમયી નાયકે જણાવ્યું હતું કે જ્યારે પોલીસે મહિલાઓની ફરિયાદોના આધારે એફઆઈઆર નોંધી ન હતી, ત્યારે ત્રણ મહિલાઓએ કમિશનનો સંપર્ક કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે બજરંગ દળના ત્રણ કાર્યકરોએ દુર્ગ રેલવે સ્ટેશન પર તેમના પર હુમલો કર્યો હતો, દુર્વ્યવહાર કર્યો હતો, છેડતી કરી હતી અને જાતિ આધારિત અપશબ્દો કહ્યા હતા. નાયકે જણાવ્યું હતું કે કમિશને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)ને એક પત્ર મોકલીને નિર્દેશ આપ્યો છે કે ૧૫ દિવસમાં ત્રણ ફરિયાદીઓ માટે અલગ અલગ એફઆઈઆર દાખલ કરવામાં આવે અને ૧૫ દિવસમાં કમિશનને રિપોર્ટ સુપરત કરવામાં આવે. કેરળની બે કેથોલિક નન, પ્રીતિ મેરી (૫૫) અને વંદના ફ્રાન્સિસ (૫૩) અને સુખમન મંડાવી, એક આદિવાસી પુરુષની ૨૫ જુલાઈના રોજ રાજ્યના દુર્ગ રેલવે સ્ટેશન પર ધરપકડ કરવામાં આવી હતી. સ્થાનિક બજરંગ દળના અધિકારીએ ફરિયાદ નોંધાવી હતી કે તેઓએ નારાયણપુરથી ત્રણ મહિલાઓને બળજબરીથી ધર્માંતરણ કરાવ્યું હતું અને તેમને તસ્કરી માટે લઈ જઈ રહ્યા હતા.

# મમતા બેનરજીએ બંગાળના ચૂંટણી અધિકારીને આપેલી ચેતવણીનો વિડીયો મંગાવતું ચૂંટણી પંચ

(એજન્સી) કોલકાતા, તા.૧૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને ધમકી આપી હોવાની અને ચેતવણી આપી હોવાની ફરિયાદ પરથી એમના ભાષણના વિડીયો ચૂંટણી પંચે મંગાવ્યા હોવાનું ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું. રાજ્યમાં નવી સરકારને ચૂંટી કાઢવાની પ્રક્રિયા આડે હવે માત્ર થોડા મહિનાઓ જ બાકી રહ્યા છે ત્યારે રાજ્યના



રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પાઠક ચૂંટણી પંચ અને પત્ર પાઠવવામાં આવ્યો હતો જેમાં ભાજપે જણાવ્યું હતું કે આવી ધમકીઓ ભારતીય લોકશાહીના માળખાને ખતમ કરી શકે છે અને લોકશાહી માળખાના પાયાને તોડી પાડવાનો આ પ્રયાસ છે. કોઈ રાજ્યના મુખ્યમંત્રી ચૂંટણીની સ્વચ્છતા અને પ્રમાણિકતા માટેની જવાબદારી જેના ઉપર છે એવા જ અધિકારીઓને જો ખુલ્લેઆમ ધમકી આપે તો તેનાથી સમગ્ર

## મમતા બેનરજીએ એવી ચેતવણી આપી હતી કે જો રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલ એમની મર્યાદાની બહાર જઈને કામગીરી કરશે તો એમની સામેના ભ્રષ્ટાચારના આક્ષેપો ઉઘાડા કરી દઈશ

મુખ્ય ચૂંટણી અધિકારી સામે કરેલા ધમકીભર્યા ભાષણનો વિડીયો ચૂંટણી પંચે અભ્યાસ માટે મંગાવ્યો છે. ગુરુવારે મમતા બેનરજીએ એવી ચેતવણી આપી હતી કે જો રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલ એમની મર્યાદાઓની બહાર જઈને કાર્યવાહી કરશે તો એમની સામેના "ભ્રષ્ટાચારના આક્ષેપો" હું ઉઘાડા કરી દઈશ. રાજ્યના મુખ્ય સચિવ મનોજ પંથ અને મંત્રી અરૂપ વિશ્વાસની હાજરીવાળાએ કાર્યક્રમમાં રાજ્ય સરકારના અધિકારીઓને રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ ધમકાવ્યા હોવાનો પણ મમતા બેનરજીએ આક્ષેપ કર્યો હતો. ૨૦૧૧માં મુખ્યમંત્રી બન્યા પછી પહેલી જ વખત મમતા બેનરજીએ રાજ્યના ચૂંટણી અધિકારીને સંબોધીને આ પ્રકારના ગંભીર આક્ષેપો કર્યા છે. ચૂંટણી પંચે મુખ્યમંત્રીના વિધાનો અંગેનો વિડીયો મંગાવ્યો છે અને તેમના આ ભાષણનો અનુવાદ પણ મોકલવા માટે રાજ્યના ચૂંટણી અધિકારીને તાકીદ કરી છે. તેમ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કોલકાતા કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું. સુત્રોએ કહ્યું હતું કે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સામે કોઈપણ પ્રકારના આક્ષેપો હોય કે આરોપ હોય તો એ લોકપાલ સમક્ષ પુરાવા સાથે રજૂ કરવા જોઈએ. વિધાનસભા વિરોધ પક્ષના નેતા સુવેંદુ અધિકારીની આગેવાની નીચે ભાજપના ધારાસભ્યોએ રાજ્યના ચૂંટણી અધિકારીને ધમકી આપવા બદલ મુખ્યમંત્રી સામે એફઆઈઆર દાખલ કરવાની માગણી સાથે ચૂંટણી પંચને પત્ર પાઠવ્યો હતો તેના ૨૪ કલાક બાદ જ ચૂંટણી પંચે આ કાર્યવાહી કરી છે. વહીવટી તંત્રને એક ખૂબ જ ડરામણો અને ધ્રુજારી પૂર્ણ સંદેશો મળે છે અને એ સંદેશો એવો છે કે બંધારણની વફાદારીને બાજુએ રાખીને શાસક પક્ષની વફાદારીને પ્રાધાન્ય આપવાનું છે. આ માત્ર કોઈ રાજકીય ભાષણ નહોતું પરંતુ ભારતીય લોકશાહીના પાયાને તોડી નાખવાનો આ પ્રયાસ હતો. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સામેના આક્ષેપોની વિગતો જાહેર કરવા માટે પણ ભાજપે મુખ્યમંત્રીને મહેતલ આપી હતી અને જાહેર કર્યું હતું કે જો સોમવાર સુધીમાં મુખ્યમંત્રી આક્ષેપો જાહેર નહીં કરે તો મમતા બેનરજી સામે પગલાં ન લેવાય ત્યાં સુધી ભાજપ દ્વારા ચૂંટણી પંચની કચેરીની બહાર અચોક્કસ સમયના વિરોધ અને દેખાવો કરવામાં આવશે.

# મધ્યપ્રદેશના મુલતાઈમાં હિન્દુ જૂથો દ્વારા મુસ્લિમોને 'બુલડોઝર ન્યાય'ની ધમકી આપવામાં આવતા તણાવ

**રાજ્યના બેતુલ જિલ્લામાં એક નાની મોટરસાઈકલ ટક્કર બાદ અશાંતિ ઊભી થઈ હતી, ત્યારબાદ જમણેરી હિન્દુ સંગઠનોએ મુસ્લિમો સામે 'બુલડોઝર કાર્યવાહી'ની માંગણી કરતી ધમકીઓ આપી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

મધ્યપ્રદેશના બેતુલ જિલ્લાના મુલતાઈ શહેરમાં એક નાનો મોટરસાઈકલ અકસ્માત સાંપ્રદાયિક તણાવમાં ફેરવાઈ ગયો છે, જેમાં હિન્દુ જમણેરી સંગઠનોએ 'બુલડોઝર ન્યાય'ના નારા હેઠળ મુસ્લિમો સામે કાર્યવાહી કરવાની ધમકી આપી છે. પોલીસ અહેવાલો અનુસાર, ગુરૂવારે સાંજે એક વ્યસ્ત બજાર વિસ્તાર નજીક બે મોટરસાઈકલ અથડાયા પછી આ ઘટના શરૂ થઈ હતી. જે નિયમિત ટ્રાફિક વિવાદ હતો તે ઝડપથી હિંસામાં પરિણમ્યો, બંને સમુદાયોના જૂથો વચ્ચે અથડામણ થઈ અને એકબીજા પર પથ્થરમારો થયો હતો.



સ્થાનિક વહીવટીતંત્રે પુષ્ટિ આપી છે કે સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાતાં પરિસ્થિતિ વધુ વણસી ગઈ, જેના કારણે વધુ સૂત્રોચ્ચાર થયા. પોલીસે શરૂઆતના ઝઘડાને નિયંત્રિત કરવામાં કથિત બેદરકારી બદલ પાંચ યુવાનોની અટકાયત કરી છે અને બે સબ-ઈન્સ્પેક્ટરોને સસ્પેન્ડ કર્યા છે. આ હિંસા પછી તરત જ હિન્દુ સંગઠનોના નેતાઓ એકઠા થયા અને માંગ કરી કે જેમને તેઓ જવાબદાર ગણાવે છે તેમના ઘરો તાત્કાલિક તોડી પાડવામાં આવે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળના આક્રમક બુલડોઝર અભિયાનો સાથે પરિસ્થિતિની તુલના કરતા, તેમણે જો વહીવટીતંત્ર પ્રતિક્રિયા આપવામાં નિષ્ફળ જાય તો સમાન કાર્યવાહી કરવાની ધમકી આપી હતી.

સ્થાનિક રાકેશ તિવારી તરીકે ઓળખાતા એક નેતાએ જાહેરાત કરી કે, "જો વહીવટીતંત્ર યોગીજીની સરકાર જેવું વર્તન નહીં કરે, તો અમે અમારા પોતાના બુલડોઝર લાવીશું. ધીરજનો સમય પૂરો થઈ ગયો છે." ભીડ વચ્ચે ઊભેલા બીજા એક સમર્થકે બૂમ પાડી, "આ લોકો અમારી શ્રદ્ધાને પડકાર ફેંકી રહ્યા છે. જો પોલીસ હિન્દુ મહિલાઓ અને અમારી પરંપરાઓનું રક્ષણ કરી શકતી નથી, તો અમે તેમનું રક્ષણ જાતે કરીશું."

હિન્દુ જૂથોએ મુસ્લિમ સમુદાયના સભ્યો પર "સર તન સે જુદા" જેવા વાંધાજનક સૂત્રોચ્ચાર કરવાનો આરોપ લગાવ્યો હતો. તેઓએ હિન્દુ મહિલાઓ પર ઉત્પીડન અને હિન્દુ તહેવારોમાં દખલગીરીનો પણ આરોપ લગાવ્યો હતો. જોકે, આ દાવાઓને સમર્થન આપવા માટે હજુ સુધી કોઈ પુરાવા કે ચકાસાયેલ વીડિયો રજૂ કરવામાં આવ્યો નથી. પોલીસ સૂત્રોએ પુષ્ટિ આપી કે તેઓ આ મામલાની તપાસ કરી રહ્યા છે અને બંને પક્ષોને શાંતિ રાખવાની અપીલ કરી છે. પોલીસ અધિક્ષક અનિલ સિંહે પત્રકારોને જણાવ્યું હતું કે, "અમે બધા દાવાઓની ચકાસણી કરી રહ્યા છીએ. હિંસામાં સામેલ લોકો, ભલે ધર્મ ગમે તે હોય, તેમને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે. સાંપ્રદાયિક નફરત ફેલાવવાથી તેમને સહન કરવામાં આવશે નહીં." હિન્દુ જૂથો તેમની માગણીઓમાં અવાજ ઉઠાવી રહ્યા છે, ત્યારે મુલતાઈના મુસ્લિમ રહેવાસીઓ મોટાભાગે મૌન રહ્યા છે, અહેવાલ મુજબ તેઓને વધુ પ્રતિક્રિયાનો ડર છે. સ્થાનિક દુકાનદાર અબ્દુલ રહેમાને શાંતિથી કહ્યું કે, "અમને સાંભળ્યા વિના દોષી ઠેરવવામાં આવી રહ્યા છે. ખરેખર શું થયું તે પૂછવા કોઈ આવ્યું નથી."

સમુદાયના વડીલોએ સંયમ રાખવાની વિનંતી કરી છે અને વહીવટીતંત્રને ન્યાયી તપાસ કરવા વિનંતી કરી છે. મુસ્લિમ પડોશના એક શિક્ષકે નામ ન આપવાની શરતે કહ્યું, "અમે ભયમાં જીવી રહ્યા છીએ. હવે એક નાની દલીલને પણ જેહાદ તરીકે ગણવામાં આવી રહી છે."

બુલડોઝર કાર્યવાહીની માંગ એક ચિંતાજનક વલણને દર્શાવે છે. લઘુમતીઓ સામે વર્ચસ્વના પ્રતીક તરીકે દંડાત્મક રીતે મકાનો તોડી પાડવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. નાગરિક અધિકાર જૂથોએ ઉત્તર પ્રદેશ અને અન્યત્ર આવી કાર્યવાહીની વારંવાર ટીકા કરી છે, તેમને "ભેદભાવપૂર્ણ" ગણાવ્યા છે.

મધ્ય પ્રદેશ પણ એ જ માર્ગ પર ચાલી રહ્યું હોય તેવું લાગે છે. સ્થાનિક રાજકીય નિરીક્ષકો નોંધે છે કે આવી ધમકીઓનો હેતુ મુસ્લિમ સમુદાયોને ડરાવવા અને બહુમતીવાદી ભાવનાને એકીકૃત કરવાનો છે. કાર્યકર્તા નાસિર ખાને ટિપ્પણી કરી કે, "બુલડોઝર ન્યાય નહીં, પણ નફરતના હથિયાર બની ગયા છે. આ કાર્યવાહી કાયદા અંગે નથી પણ અપમાન અંગે છે."

પરિસ્થિતિ વધુ વકરી ન જાય તે માટે અધિકારીઓએ મુલતાઈ અને તેની આસપાસ વધારાના પોલીસ દળો તૈનાત કર્યા છે. જિલ્લા કલેક્ટર પ્રિયવર્માએ કહ્યું કે, "પરિસ્થિતિ નિયંત્રણમાં છે. અમે સોશિયલ મીડિયા પર નજર રાખી રહ્યા છીએ અને નાગરિકોને અફવાઓનો શિકાર ન બનવાની અપીલ કરીએ છીએ."

સત્તાવાર ખાતરી છતાં, આં વિસ્તારમાં સામાન્ય મુસ્લિમોમાં ભયનો માહોલ છે. ઘણા લોકોએ પોતાની દુકાનો બંધ કરી દીધી છે.

માનવાધિકાર વકીલ અફસાના બેગમે જણાવ્યું, "જ્યારે પણ અથડામણ થાય છે, ત્યારે ફક્ત મુસ્લિમ મિલકતોને જ નિશાન બનાવવામાં આવે છે. આ પસંદગીયુક્ત સજા આપણને સિસ્ટમની અંદરના પક્ષપાત વિશે બધું જ કહે છે." મુલતાઈ કિસ્સો ફરી એકવાર દર્શાવે છે કે મુસ્લિમોને નિશાન બનાવવા માટે કટ્ટરપંથી હિન્દુ સંગઠનો દ્વારા નાના વિવાદોને કેવી રીતે સાંપ્રદાયિક અને હથિયાર બનાવવામાં આવી રહ્યા છે. ધમકીઓ અને બુલડોઝરની ભાષા કાયદાના શાસનને નબળું પાડે છે એટલું જ નહીં પરંતુ નાગરિકોમાં ભય અને વિભાજનને પણ વધારે છે.

# લખનૌમાં રેલીમાં માયાવતીએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પ્રશંસા કરતા બસપા સમર્થકોમાં નારાજગી

(એજન્સી) લખનૌ, તા.૧૧

એક આશ્ચર્યજનક રાજકીય ચાલમાં, બહુજન સમાજ પાર્ટી (BSP)ના સુપ્રીમો માયાવતીએ BSPના સ્થાપક કાંશીરામની યાદમાં આયોજિત રેલી દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પ્રશંસા કર્યા પછી તેમના મુખ્ય સમર્થકો તરફથી ટીકા અને નિરાશાનો સામનો કરવો પડ્યો. ૯ ઓક્ટોબરના રોજ લખનૌમાં કાંશીરામ સ્મારક ખાતે આયોજિત આ રેલી કાંશીરામની પુણ્યતિથિ નિમિત્તે યોજાઈ હતી અને યુપીના રાજકારણમાં પાર્ટીની ઘટતી જતી સુસંગતતા અંગે ચિંતા વચ્ચે બસપાની તાકાત દર્શાવવાનો હેતુ હતો. આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, પરંતુ માયાવતી દ્વારા ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા દલિત સ્મારકોની જાળવણીને અણધારી સમર્થન આપવામાં આવ્યું હતું. જેનાથી ઘણા લોકો નિરાશ થયા હતા. મુખ્યમંત્રી યોગીની પ્રશંસા સાથે પોતાનું ભાષણ શરૂ કરતા માયાવતીએ કહ્યું, 'અમે વર્તમાન ભાજપ સરકારના આભારી છીએ કે તેમણે અમારા કાર્યકાળ દરમિયાન બનેલા સ્મારકોની જાળવણી માટે ટિકિટ વેચાણમાંથી ભંડોળનો ઉપયોગ કર્યો. સમાજવાદી પાર્ટીથી વિપરીત, જેણે આ ભંડોળ રોકી રાખ્યું હતું, ભાજપે એવું કર્યું નહીં.' આ તેમના સામાન્ય વલણથી નોંધપાત્ર રીતે અલગ હતું, જ્યાં તેમણે પરંપરાગત રીતે પોતાને ભાજપની કટ્ટર ટીકાકાર તરીકે સ્થાન આપ્યું છે. પ્રેક્ષકોમાંના ઘણા લોકો તેમના શબ્દોથી નિરાશા થયા હતા, જેમને આશા હતી કે તેઓ યોગી આદિત્યનાથ વહીવટ હેઠળ થયેલા કથિત અત્યાચારો-ખાસ કરીને દલિતો, પછાત સમુદાયો અને મુસ્લિમોને અસર કરતા અત્યાચારો સામે બોલશે.

**સમર્થકોએ સમાધાનની નહીં, પ્રતિકારની અપેક્ષા રાખી હતી**

ઘણા બસપાના વફાદારોએ માયાવતી પાસેથી જાતિ આધારિત હિંસા, કાયદો અને વ્યવસ્થાના બગાડ, વધતી જતી બેરોજગારી, મોંઘવારી અને મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવાની અપેક્ષા રાખી હતી. રેલીમાં યુવાનો અને મહિલાઓની નોંધપાત્ર ભાગીદારી હતી, જેઓ માયાવતી સરકારની કડક ટીકા કરશે તેવી આશાથી આકર્ષાયા હતા. તેના બદલે, ભાજપ માટે તેમની પ્રશંસાને વલણમાં નરમાઈ તરીકે જોવામાં આવી હતી - જે એ વાર્તાને બળ આપે છે કે બસપા ભાજપની 'બી-ટીમ' બની ગઈ છે.

તેમના ભાષણથી નિરાશ અને મૂંઝવણમાં મુકાયેલા, ઘણા ઉપસ્થિતો રેલીને અધવચ્ચે જ છોડીને જતા જોવા મળ્યા, જે પક્ષના નેતૃત્ત્વ અને તેના પરંપરાગત સમર્થન આધાર વચ્ચે વધતા અંતરને વધુ રેખાંકિત કરે છે.

**રાજકીય વ્યૂહરચના કે ખોટી ગણતરી ?**

રાજકીય વિશ્લેષકો માને છે કે માયાવતીનું ભાષણ મજબૂત વૈચારિક વલણ લેવા વિશે ઓછું અને રાજકીય સોદાબાજી વિશે વધુ હતું. એક મોટી રેલીનું આયોજન કરીને અને મતદાનને ઉજાગર કરીને, તેનો હેતુ ભવિષ્યની રાજકીય વાટાઘાટોમાં તેમની સતત સુસંગતતા દર્શાવવાનો હતો - કદાચ ભવિષ્યની રાજકીય વાટાઘાટોમાં લાભ તરીકે.

નિરીક્ષકો દલીલ કરે છે કે રેલીની મોટી ભીડ BSPના નેતૃત્ત્વમાં નવી રૂચિ કરતાં ભાજપના શાસન પ્રત્યે વધતા લોકોના ગુસ્સાનું પ્રતિબિંબ હતું. ઘણા ઉપસ્થિતો ખાસ કરીને વર્તમાન શાસન હેઠળ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સાથેના વર્તનને ધ્યાનમાં રાખીને નવી



રાજકીય દિશા અથવા પ્રતિકાર ચળવળની આશા રાખતા હતા,. તેના બદલે, માયાવતીએ સમાજવાદી પાર્ટી (SP) અને તેના નેતા અખિલેશ યાદવ પર તેમની ટીકા કેન્દ્રીત કરવાનું પસંદ કર્યું. તેમણે કાંશીરામ નગરનું નામ બદલવા અને તેમના કાર્યકાળ દરમિયાન સ્મારકોની અવગણનાનો ઉલ્લેખ કરીને, સપા પર દલિત ચિહ્નોનો અનાદર કરવાનો આરોપ મૂક્યો. BSPને દલિત હિતોના વધુ વાસ્તવિક પ્રતિનિધિ તરીકે સ્થાન આપવાનો પ્રયાસ કરી તેમણે કહ્યું કે, 'સપા એક બેવડી ચહેરાવાળી, દલિત વિરોધી પાર્ટી છે,'.

સપા અને તેના PDA (પિછડા, દલિત, અલ્પસંખ્યક) ગઠબંધન વ્યૂહરચના પ્રત્યેની તેમની તીવ્ર ટીકા તેના ઘટતા દલિત મતદાર આધારને પાછો મેળવવાનો સીધો પ્રયાસ હોવાનું જણાય છે - જેમાંથી ઘણા તાજેતરના વર્ષોમાં સપા તરફ વફાદારી બદલી ચૂક્યા છે.

**રેલીએ બસપાના ભવિષ્ય અંગે અસલામતી દર્શાવી**

તાજેતરની ચૂંટણીઓમાં બસપાનું પ્રદર્શન તેના ઘટાડાને દર્શાવે છે. ૨૦૨૨ની યુપી વિધાનસભા ચૂંટણીમાં, પાર્ટીને ફક્ત ૧૨.૯% મત મળ્યા અને એક જ બેઠક જીતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, શૂન્ય બેઠકો સાથે તેનો મત હિસ્સો ઘટીને ૯% થઈ ગયો,. બસપાના મુખ્ય દલિત નેતાઓ સપામાં જોડાયા છે, જેનાથી પાર્ટી વધુ નબળી પડી છે. માયાવતી, આ ધોવાણથી વાકેફ હોવાથી, રેલીનો ઉપયોગ ફક્ત પોતાની સુસંગતતા દર્શાવવા માટે જ નહીં પરંતુ પોતાના પરિવારને પક્ષના રાજકારણમાં દાખલ કરવા માટે પણ કરતી દેખાઈ. તેમના ભાઈ આનંદ કુમાર અને ભત્રીજા આકાશ આનંદને ભીડ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં ભવિષ્યની નેતૃત્ત્વ ભૂમિકાઓનો સંકેત આપવામાં આવ્યો હતો - આ પગલું ટીકાકારો કહે છે કે વંશીય વલણોને પ્રતિબિંબિત કરે છે.

**સપા અને કોંગ્રેસ તરફથી જોરદાર પ્રતિક્રિયા**

માયાવતીની ટિપ્પણી બાદ, સપાના અગ્રણી દલિત સાંસદ રામજી લાલ સુમને જોરદાર ખંડન કર્યું. તેમણે કહ્યું કે, 'આજે સમાજ સામે સૌથી મોટો ખતરો સાંપ્રદાયિકતા અને જાતિવાદી વિચારધારાઓનું પુનરુત્થાન છે. માયાવતીએ સપા પર હુમલો કરવા કરતાં આનો પ્રતિકાર કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ,', દલિતો પરના અત્યાચારો અને આંબેડકર-બુદ્ધની મૂર્તિઓના વિનાશ પર તેમનું મૌન સ્પષ્ટ છે.

સપા પ્રમુખ અખિલેશ યાદવે પણ તેમના નિવેદનોની નિંદા કરતા કહ્યું, 'તેઓ અત્યાચાર કરનારાઓ પ્રત્યે આભારી છે. ભાજપ સાથેનું તેમનું જોડાણ હવે કોઈ રહસ્ય નથી.' તેમણે ધ્યાન દોર્યું કે સપાએ તેના કાર્યકાળ દરમિયાન માત્ર સ્મારકોનું જતન કર્યું નહીં પરંતુ તેમના દાવાઓથી વિપરીત, માયાવતીની પોતાની પ્રતિમા પણ સ્થાપિત કરી હતી.

યાદવે વધુમાં જાહેરાત કરી કે જો સપા ફરીથી સત્તામાં આવશે, તો તે કાંશીરામની પ્રતિમા બનાવશે અને ગોમતી રિવરફ્રન્ટ પર તેમના નામે એક પાર્ક સમર્પિત કરશે - દલિત પ્રતિમાઓ પ્રત્યે પાર્ટીની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરશે. દરમિયાન, યુપી કોંગ્રેસના વડા અજય રાયે પણ માયાવતી પર પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે, તેઓ દલિતોને ગેરમાર્ગે દોરી રહ્યા છે અને ભાજપ સાથે સુમેળમાં કામ કરી રહ્યા છે. રાયે આરોપ લગાવ્યો હતો કે, 'કાંશીરામ આખી જિંદગી પીડિતો માટે લડ્યા હતા. ચૂંટણી પહેલા માયાવતી હવે તેમને કેમ યાદ કરી રહ્યા છે ? કારણ કે, ભાજપે તેમને કહ્યું હતું,'.

**માયાવતીની ટિપ્પણીઓએ બસપામાં કટોકટીને વધારે તીવ્ર બનાવી**

જ્યારે માયાવતી આ રેલીને શક્તિ પ્રદર્શન તરીકે ઈચ્છતા હોય શકે છે, ત્યારે તેમની ટિપ્પણીઓ બસપામાં કટોકટીને વધુ તીવ્ર બનાવે છે. જાતિ આધારિત દમન માટે વ્યાપકપણે ટીકા પામેલી સરકારની પ્રશંસા કરીને, તેમણે તેમના સમર્થન આધારના એક મહત્વપૂર્ણ ભાગને અલગ કરી દીધો છે.

જો કે, તેમણે રાજકીય લાભ માટે રેલીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હશે, તે પાછળથી ઊલટું પાડવાનું જોખમ ધરાવે છે - એવી ધારણાઓને મજબૂત બનાવે છે કે બસપા હવે દલિત દાવાઓની સ્વતંત્ર શક્તિ નથી, પરંતુ આંતરિક વિરોધાભાસ અને વ્યૂહાત્મક ભૂલોથી બોજાયેલી અપ્રસ્તુતતામાં ડૂબી રહેલી પાર્ટી છે.

રાજ્ય ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની તૈયારી કરી રહ્યું હોવાથી શું બસપા આ ધારણામાંથી બહાર નીકળી અને તેના પાયાના મતદાતા આધાર સાથે ફરીથી જોડાઈ શકશે ? તે તો સમય જ કહી આપશે.

# કરૂર ધક્કા મુક્કી : સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટ દ્વારા SIT તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો, તેના અધિકારક્ષેત્ર અને ન્યાયીપણા પર સવાલ ઉઠાવ્યા; TVKની અરજી પર આદેશ અનામત રાખ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કરૂર ભાગદોડની ઘટનાની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવાના મદ્રાસ હાઈકોર્ટના આદેશને પડકારતી અભિનેતા વિજયની રાજકીય પાર્ટી, તમિલગા વેત્રી કઝગમ (TVK) અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચ, જેમાં જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને જસ્ટિસ એન.વી. અનાજરિયાનો સમાવેશ થાય છે, તેણે કહ્યું કે, 'અમે યોગ્ય આદેશો આપીશું. અમે જોઈશું કે શું કરી શકાય છે,'. સુનાવણી દરમિયાન, બેન્ચે હાઈકોર્ટ દ્વારા આદેશ આપવાની રીત પર સવાલ ઉઠાવ્યા. મીડિયા અનુસાર, રાજકીય રેલીઓ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોટોકોલની માંગ કરતી અરજીના આધારે SIT તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે જ્યારે કરૂર મદુરાઈ બેન્ચના અધિકારક્ષેત્રમાં આવે છે ત્યારે ચેન્નાઈની મુખ્ય બેન્ચ કેવી રીતે આદેશ આપી શકે છે તે પણ બેન્ચે પૂછ્યું હતું. આ આદેશ અનામત રાખતા પહેલા કોર્ટે ટીવીકે પક્ષ, અન્ય અરજદારો અને આ મામલામાં પ્રતિવાદી તમિલનાડુ સરકારની રજૂઆતો સાંભળી હતી. સુપ્રીમ કોર્ટ આ ઘટનાની



**આદેશ અનામત રાખતા પહેલા, કોર્ટે TVK પક્ષ, અન્ય અરજદારો અને આ મામલામાં પ્રતિવાદી તમિલનાડુ સરકારની રજૂઆતો સાંભળી હતી**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) તપાસની માંગ કરતી ચોક્કસ પીડિતોની અરજીઓના મુદ્દા પર પણ યોગ્ય આદેશો પસાર કરશે. ૨૭ સપ્ટેમ્બરના રોજ કરૂરમાં અભિનેતા અને ટીવીકેના વડા વિજયની રાજકીય રેલી દરમિયાન થયેલી કરુર ભાગદોડમાં ૪૧ લોકોના મોત થયા હતા અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ટીવીકેના સચિવ આધવ અર્જુન દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં મદ્રાસ હાઈકોર્ટના નાસભાગની તપાસ માટે તમિલનાડુના વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બનેલી એસઆઈટીની રચના કરવાના આદેશને રદ કરવાની માંગ કરવામાં આવી હતી. શુક્રવારની સુનાવણી દરમિયાન, ટીવીકેએ મદ્રાસ હાઈકોર્ટ દ્વારા એસઆઈટીની રચના પર સવાલ ઉઠાવ્યા હતા. ટીવીકે દલીલ કરી હતી કે, 'રેલી સ્થળે મુશ્કેલી ઊભી કરવા માટે કેટલાક બદમાશો દ્વારા પૂર્વ-આયોજિત કાવતરૂં નકારી શકાય નહીં,'. દુર્ઘટનામાં એક સંબંધી ગુમાવનારા અન્ય અરજદાર, સેલ્વરાજ પી., એ નોંધ્યું કે, પોલીસ અધિકારીઓને નાની ઈજાઓ પણ થઈ નથી. પનીરસેલ્વમ પિચાઈમુથુનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ શેષાદિરી નાયડુએ સીબીઆઈ તપાસની માંગ કરી હતી કારણ કે, તેઓ ખરેખર પીડિત છે. આ જ કેસમાં અન્ય અરજદાર, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) રાજ્ય કાનૂની સેલના ઉપપ્રમુખ અને સુપ્રીમ કોર્ટના વકીલ, જી.એસ. મણિએ પણ સીબીઆઈ તપાસની માંગ કરી હતી. મણિની અરજીમાં કરૂર ઘટનામાં તમિલનાડુ પોલીસની તપાસ પર રોક લગાવવાની માંગ કરવામાં આવી હતી. અરજદારોની રજૂઆતનો વિરોધ કરતા, તમિલનાડુ સરકારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ વિલ્સને રજૂઆત કરી હતી કે પીડિતો નક્કી કરી શકતા નથી કે કઈ એજન્સીએ તેમના કેસની તપાસ કરવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, સીબીઆઈ ફક્ત અપવાદરૂપ પરિસ્થિતિઓમાં જ જરૂરી છે અને દલીલ કરી હતી કે, 'આ કેસમાં કોઈ સીબીઆઈ તપાસની જરૂર નથી.' ટીવીકેએ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સ્વતંત્ર તપાસની પણ માંગ કરી છે અને દલીલ કરી છે કે ફક્ત તમિલનાડુ પોલીસ અધિકારીઓ દ્વારા જ ન્યાયી અને નિષ્પક્ષ તપાસ શક્ય નહીં બને. તમિલનાડુ પોલીસના જણાવ્યા અનુસાર, રેલી માટેલગભગ ૩૦,૦૦૦ લોકો ભેગા થયા હતા, જો કે, ફક્ત ૧૦,૦૦૦ લોકોને જ પરવાનગી આપવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો હતો કે, સુરક્ષા માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું અને ખોરાક અને પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થાનો અભાવ હતો, જેના કારણે આ દુર્ઘટના બની હતી. પોલીસે વિજય દ્વારા સ્થળ પર પહોંચવામાં સાત કલાકના વિલંબને પણ જવાબદાર ઠેરવ્યો હતો. પોતાની અપીલમાં, પનીરસેલ્વમે આરોપ લગાવ્યો હતો કે, રાજ્ય સરકાર જાહેર સલામતી સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગઈ છે. અપીલમાં જણાવાયું છે કે, 'સત્તાની ઉદાસીનતા અને સંભવિત રાજકીય દખલગીરીને કારણે પોલીસ તપાસમાં ચેડા થયા હતા અને રેલીની પરવાનગી અને ઘટના પછીના પ્રતિભાવ અંગે હજુ પણ અનુત્તરિત પ્રશ્નો છે,'.

# ઉનાના સેજલિયા ગામે ખૂંખાર દીપડાએ મચાવ્યો આતંક વન વિભાગે પાંજરા નહીં મૂકતા લોકોમાં ભય

(સંવાદદાતા દ્વારા)
ઉના, તા.૧૧
ઉનાના સેજલીયા ગામે લાંબા સમયથી દિપડાઓ ખુંખાર બનીને ગામની શેરીઓમાં ઘૂસી આવતાં હોવાના કારણે ખેડૂતો અને ગ્રામજનો દ્વારા પાળેલાં કિંમત ગાય, ભેંસ, બકરાંનું મારણ કરી જતાં રહેતાં હોવાની ફરિયાદો ઉઠતાં સેજલીયા ગામના સરપંચ ભોળાભાઈ ચીનાભાઈ ભાલીયાએ વનવિભાગના અધિકારીને લેખિત રજૂઆત કરી પાંજરા મુકવા માગણી કરવાં છતાં વન વિભાગ દ્વારા આંખ આડા કાન કરી જતાં હોવાનાં કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે.

સેજલીયા ગામ દરિયાઈ સીમા વિસ્તારમાં આવેલ હોય અહિયાં બાવળના વૃક્ષોનું મોટા પ્રમાણમાં કુદરતી ઉગી નીકળે છે અને તેની વચ્ચે ખૂંખાર દીપડાએ વસવાટ કરી લેતાં આ દિપડા ઓ ધોળા દિવસે અને રાત્રિના સમયે કોઈ પણ વખતે આવી ચડીને ગામની વચ્ચે માનવ વસ્તીની શેરી ગલીઓમાં ભટકતા હોય છે રહેણાંકી વિસ્તારમાં પાળેલાં કિંમત પશુધનના શિકાર કરી વારંવાર મોતને ઘાટ ઉતારી પશુની મિજબાની માણી જતાં રહેતાં હોય જેનાં કારણે ખેડૂતો ગ્રામજનો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા છે અને સમગ્ર વિસ્તારમાં ડરનો માહોલ સર્જાયો છે.

ગામની શેરી ગલીઓમાં ભટકતા આ દિપડા લોકો નાના બાળકો અને મહિલાઓ ખેડૂતોની માનવ જિંદગી માટે ભય જનક બની રહ્યા છે હજારો રૂપિયાના પશુઓના મોત નિપજાવી જતાં ગરીબ મધ્યમ વર્ગના માલઢોર રાખતાં પરિવારોને આર્થિક નુકસાની વેઠવી પડે છે આ બાબતે વારંવાર આ વિસ્તારના રેન્જ ફોરેસ્ટ ઓફિસર તેમજ ગાર્ડ અને વન્ય અધિકારીને લેખિત રજૂઆત કરવા છતાં કોઈ ગંભીરતાથી આ વિસ્તારમાં પાંજરા નહી મુકતાં હોવાથી છૂટાં રખડતાં ખુંખાર દિપડાઓ માનવ જિંદગીનો ભોગ લેશે ત્યારે જાગશે તેવો સવાલ ઉઠાવ્યો હતો.

# જામનગરની નંદધામ સોસાયટીના રહીશો દ્વારા ઘંટનાદ કરીને મ્યુનિ. કમિશનરને રજૂઆત



(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૧૧
જામનગરની નંદધામ સોસાયટીના કોમન પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ કરી તેમાંથી ભાડુ ઉઘરાવવાતું હોવા બાબતે આજે ફરી એક વખત આશ્ચર્યજનક કાર્યક્રમ હેઠળ રેલી કાઢી કમિશનરને આવેદનપત્ર પાઠવી દબાણકારો સામે પગલા લેવાની માંગ કરી હતી. આ સમયે રેંકડી સાથે ઘંટનાદ કરવામાં આવ્યો હતો.

જામનગરમાં પ્રણામી સ્કૂલ સામેના વિસ્તારમાં નંદધામ સોસાયટી ના કોમન પ્લોટમાં ગેરકાયદે દબાણ કરી બાંધકામ કરી લેવાયું છે. અને તેના ભાડાની રકમના ઉઘરાણા કરવામાં આવે છે. આ મુદ્દે સોસાયટીના વકીલ પ્રતિક જોષીની આગેવાનીમાં અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી. છતાં કોઈ પગલા લેવાયા નથી. આથી આજે સોસાયટીના રહીશોને સાથે રાખીને રેંકડી અને ઘંટનાદ સાથે રજૂઆતો માટે મહાનગરપાલિકા કચેરીમાં પહોંચ્યા હતાં અને નિયમ મુજબ પગલા લેવા માંગણી કરી છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી પર 'એકતા દિવસની ભવ્ય ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં

## એકતા દિવસના મુખ્ય કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી બે દિવસ રોકાશે

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૧૧
દેશને એક તાંતણે બાંધનાર લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરવા માટે ગુજરાતનું એકતાનગર (કેવડિયા) ફરી એકવાર રાષ્ટ્રીય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૩૧મી ઓક્ટોબરના રોજ 'એકતા દિવસની ભવ્ય ઉજવણી માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરને લાઈટીંગથી શણગારવામાં આવ્યું છે. આ વિશેષ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બે દિવસ માટે રોકાણ કરશે, જેના કારણે સુરક્ષા અને તૈયારીઓ પૂરજોશમાં છે.



આ ભવ્ય ઉજવણીના ભાગરૂપે આ વર્ષે તા.૧૭મી ઓક્ટોબરથી લઈને ૧૫મી નવેમ્બર સુધી 'પ્રકાશ વર્ષ'ની ઉજવણીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કેવડિયા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં આશરે ૩૫થી ૪૦ કરોડના ખર્ચે ૩ કરોડ LED લાઈટો લગાવવામાં આવી છે. આ રોશનીના કારણે રાત્રિના સમયે સજાવેલા પ્રવેશ દ્વારો, સ્ટેચ્યુ રોડ, પુલો અને તમામ પ્રોજેક્ટ્સ અદભૂત રીતે ઝળહળી ઊઠ્યા છે. રોશની કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

નર્મદા નિગમ દ્વારા ખાસ કરીને વિદેશની જેમ અહીં 'ગ્લો ગાર્ડન' તૈયાર કરવામાં આવ્યું છે, જે LED લાઈટોની રોશનીથી પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દેશે. આમ, આ દિવાળીની રજાઓથી લઈને આખું વેકેશન કેવડિયા એકતા નગર ખાતે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.સ્ટેચ્યુ ઓફ યુનિટીના CEO અમિત અરોરાએ આ ઉજવણી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'આઝાદી પછી ભારતમાં જે વિભિન્ન રજવાડાઓ હતા એને એકીકૃત કરીને યુનિફાઇડ ઇન્ડિયા બનાવવામાં સરદાર પટેલે મુખ્ય ભૂમિકા ભજવી હતી. માટે જ દર વર્ષે એકતા દિવસની ઉજવણી અને પરેડનું આયોજન કરવામાં આવે છે.'

# સુરતમાં જ્વેલર્સ દ્વારા રોકાણના નામે રૂપિયા ૩૮ લાખમાં ઉઠમણું

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૧
શહેરના સૈયદપુરા વિસ્તારના સ્વામીનારાયણ મંદિર પાસે વીવીડ જ્વેલર્સના નામથી ધંધો કરતા સોનીએ તેના પડોશીને સોનાના રોકાણ કરવવાના બહાને રૂપિયા ૩૮.૧૨ લાખનું ૩૮૧.૨૪૩ ગ્રામ સોનું મેળવી લીધા બાદ ઓફિસ અને ઘરને તાળા મારી રફૂ ચક્કર થઈ ગયો હતો.

લાલગેટ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મોટા વરાછા અબ્રામા રોડ, ગોકુલધામ રો હાઉસની બાજુમાં એ-વન લક્ઝરિયા ખાતે રહેતા અને ડાયમંડ નંગરમાં ભોલા ટેક્સના નામથી દોરા- ધાગાશ્વનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા રાજેશભાઈ બાબુભાઈ ગોધાણીનો ડિસેમ્બર ૨૦૨૪માં તેમના પડોશમાં રહેતા ચિરાગ દેવજી અંટાળા (રહે, સીલ્વાસા પેરેડાઈસ, મોટા વરાછા)એ અવારનવાર મુલાકાત થતી હોવાથી સારી રીત પરિચય હતો. એક દિવસે ચિરાગે તેમને પોતે સૈયદપુરા મોટી કડિયા શેરીમાં વીવીડ જ્વેલર્સના નામથી સોનાને લાગતું મેન્યુફેકચરિંગ તથા ગોલ્ડને લાગતી આઈટમો બનાવવાનું કામકાજ કરૂં છે. તમારા પુત્ર રિકેનને મારી ઓફિસમાં કામકાજ કરવા મોકલો જેથી તેને સોનાનું કામ બાબતે ખબર પડે. જેથી રાજેશભાઈએ તેમના દીકરા રિકેનને તેની પાસે શીખવા માટે મોકલ્યો હતો. તેનો પગાર પણ આપતો હતો દરમિયાન એક દિવસે ચિરાગે તેની કંપનીમાં રોકાણ કરવા માટે વાત કરતા કહ્યું કે, તમે જેટલુ સોનું જમાં કરાવશો તે પ્રમાણે તમને સોનું વજનથી તમારા રોકાણમાં ઉમેરાઈ છેલ્લે તમને સોનું પરત મળશે, ચિરાગની સ્કીમમાં આવી રાજેશ ગોધાણીએ પોતાના, માતા પિતાના તેમજ દુકાનમાંથી ખરીદી ૨૪ કેરેટ પ્રમામે કુલ રૂા. ૩૮૧.૨૪૩ ગ્રામ સોનું ચિરાગને આપ્યું હતું. જેની કિંમત રૂપિયા ૩૮,૧૨,૪૩૦ થાય છે. ચિરાગ અંટાળાએ સોનું પડાવી લીધા બાદ ૧ ડિસેમ્બરના રોજ રાજેશભાઈના દીકરાને પોતે અમદાવાદ જવાનું છે કહી બીજા દિવસથી મોબાઈલ બંધ કરી ભાગી ગયો હતો. થોડા દિવસ બાદ તેની સૈયદપુરાની ઓફિસને પણ ફાયનાન્સ કંપનીએ સીલ મારી દીધી હતી. રાજેશભાઈને તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવતા લાલગેટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં ટ્રાન્સપોર્ટની ઓફિસમાંથી કર્મચારી દ્વારા રૂા.૧.૯૦ લાખની ચોરી અંગે પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૧
અમરેલીમાં રોડવેજ ટ્રાન્સપોર્ટની ઓફિસમાં નોકરી કરતા કર્મચારીએ ઓફિસની ચાવી મેળવી લઈ રૂા.૧.૯૦ લાખની ચોરી કરી જતા ટ્રાન્સપોર્ટ માલિકે કર્મચારી યુવક સામે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલીના લાઠી રોડ ચોકડી ઉપર પટેલ રોડવેજ નામની ઓફિસ ધરાવતા રહીમભાઈ ઈસ્માઈલભાઈ અગવાનની ઓફિસમાં ગત તા.૭ના રોજ રાત્રેથી સવાર દરમિયાન ઓફિસમાં જ નોકરી કરતા કર્મચારી કલ્પેશ ઉર્ફે મુકેશ રામજીભાઈ બાંભણીયા (રહે. રાજકોટ)એ દુકાનનું તાળું ખોલી ઓફિસના ટેબલના ખાનામાં રાખેલ રૂપિયા ૧.૯૦ લાખની ચોરી કરી લીધેલ હતી અગાઉ આ કર્મચારીએ ઓફિસની ચાવી ખોવાઈ ગયેલ હતી જે પોતે જ મેળવી લીધી હોય અને છ દિવસની રજા ઉપર ગયેલ હતો તે દરમિયાન તેણે આ કાંડ કરી ચોરીને અંજામ આપ્યો હતો બનાવ અંગે ટ્રાન્સપોર્ટ રોડવેજ ઓફિસના માલિક રહીમભાઈ અગવાને અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

# સોનગઢ ગામે 'વિકાસ સપ્તાહ'ની ઉત્સાહભેર ઉજવણી

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૧
કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાના વરદહસ્તે રૂા.૧૮૧.૫૬ લાખના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર ગુજરાતની સાથે ભાવનગર જિલ્લામાં 'વિકાસ સપ્તાહની' ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત આજે શિહોર તાલુકાના સોનગઢ ગામે જિલ્લાના પ્રભારી તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને 'વિકાસ સપ્તાહ'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમા મંત્રીના વરદહસ્તે શિહોર તાલુકાના ૫૬ જેટલાં વિવિધ ગામો માટે રૂા.૧૮૧.૫૬ લાખના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે પ્રથમ વખત શપથ લીધા હતા. તેમની લોકસેવાની યાત્રાને ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે એ અવસરે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ એક ઉજવણીનું પર્વ નથી પરંતુ આપણાં રાષ્ટ્ર અને રાજયના સર્વાંગી વિકાસ માટેના સંકલ્પની નવી દિશા તરફ આગળ વધવા માટેનો અવસર છે.

સોનગઢની ગુરૂકુળ હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રૈયાબેન મિયાણી, તાલુકા પંચાયત પ્રમુખ લીલાબેન મકવાણા, જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ રાઠોડ, સરપંચ અરવિંદભાઈ, ઉપ સરપંચ વિરેન્દ્રસિંહ ગોહિલ, જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં વીડિયો વાયરલ થયા બાદ પોલીસ કાર્યવાહી

જામનગર, તા.૧૧
જામનગર શહેરમાં ઈદે મિલાદના તહેવારના જુલૂસમાં દરબારગઢ વિસ્તારમાં કેટલાક શખ્સોએ વિચિત્ર ઝંડાઓ સાથે 'સર તન સે જૂદા કરી દેવાનો ઓડિયો-વીડિયો વાયરલ કરીને સુલેહ શાંતિનો ભંગ કરવાનું કૃત્ય આચર્યું હોવાથી આ મામલામાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને જાતે ફરિયાદી બનીને વીવાદાસ્પદ નારા લગાવનારા ૭ શખસો સામે ગુનો નોંધ્યો હોવાથી શહેર ભરમાં ચકચાર જાગી છે. પોલીસે સાતેય શખ્સોની ધરપકડ માટે શોધખોળ આરંભી છે.

# નવસારી LCBએ વિદેશી દારૂ સહિત એક ઈસમને રૂા.૯.૬૪ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો

(સંવાદદાતા દ્વારા)
નવસારી,તા.૧૧
નવસારી જિલ્લામાં આવનારા દિવાળી પર્વને ધ્યાનમાં રાખી ગેરકાયદેસર દારૂની હેરાફેરી રોકવા માટે એલસીબી નવસારી ટીમે અસરકારક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ તથા પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ સિનિ. પી.આઈ. વી.જે. જાડેજાની આગેવાનીમાં એલસીબી ટીમે બાતમીના આધારે મુંબઈથી અમદાવાદ જતી ટ્રેક ઉપર નાકાબંધી ગોઠવી દારૂ ભરેલી મહિન્દ્રા બોલેરો અને ભારતીય બનાવટનો વિદેશી દારૂ કિં. રૂા.૪.૫૯ લાખનો તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિં. રૂા.૯.૬૪ લાખના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો. બાતમીના આધારે નવસારી એલસીબી ટીમે નવસારી જિલ્લામાં પ્રોહિબિશન અંગેની હેરાફેરીની ગેરકાયદેસરની પ્રવૃતિ રોકવા સક્રિય બની હતી. જે અન્વયે એલસીબી સ્ટાફના સિનિ. પી.આઈ. વી.જે. જાડેજા તથા પોલીસ કર્મચારીઓ ખાનગી બાતમીદારો તપાસમાં હતા તે દરમ્યાન તા.૧૦/૧૦/૨૫ના રોજ કોન્સ્ટેબલ જયેશભાઈ બાબુજી અને હેડકોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ નારાયણસિંહને હકીકત બાતમી મળેલ. જેના આધારે એલસીબી ટીમ મુંબઈથી અમદાવાદ જતી ટ્રેક ઉપર બોરિયાચ ટોલનાકા ખાતે નાકાબંધી કરી વોચ ગોઠવી મહિન્દ્રા બોલેરો (રજી. નં .એમએચ-૪૮-ડીસી-૨૪૭૩ જેનો સાચો (રજી.નં. એમએચ-૪૮-સીકયુ-૦૯૬૩) ચાલક જાવેદ અબ્દુલનબી શેખ (રહે. કોચરણવાસ), ફળિયા તા.વાપી જી. વલસાડ, મૂળ રહે. ઉમરગાજી. ઉસ્માનાબાદ, મહારાષ્ટ્ર) ને ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કીની બોટલો ટીન બિયર મળી કુલ નંગ-૨૧૬૦ કિં. રૂા.૪,૫૯,૬૦૦નો પ્રોહી. મુદ્દામાલ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા. ૯,૬૪,૬૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી બોલેરો ચાલક સહિત દારૂનો જથ્થો ભરાવનાર તથા મંગાવનાર વોન્ટેડ આરોપીઓ વિરૂદ્ધ નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અવસાન નોંધ

**ભાવનગર**

શેખ હાજી અબ્દુલ કાદરભાઈ અબ્દુલ રહેમાનભાઈ ચોપદારના પત્ની યાસ્મીનબેન (ઉ.વ.૬૦) તા.૧૧/૧૦/૨૦૨૫ શનિવારે ઈન્તકાલ થયેલ છે. મર્હૂમાની ઝિયારત મર્દો માટે તા.૧૩/૧૦/૨૦૨૫ સોમવારે સવારે ૯ કલાકે આઈશા મસ્જિદ, વિઠ્ઠલેશ્વર રોડ, તથા ઔરતો માટેની ઝિયારત સવારે ૧૦ કલાકે મહેફીલે મોહબ્બત સિપાઈ જમાતખાના સાંઢીયાવાડ, ભાવનગર મુકામે રાખેલ છે.

# અંજારના પૂર્વ નગરપતિ સામજીભાઈ પાલુશેઠના અવસાનથી શહેરમાં શોકની લાગણી



(સંવાદદાતા દ્વારા)
અંજાર, તા.૧૧
અંજાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કારોબારી ચેરમેન અને સ્વ. સામજીભાઈ પાલુશેઠ સિંધવનું ૭૩ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ દુ:ખદ નિધન થતાં સમગ્ર મહેશ્વરી સમાજ તેમજ અંજાર શહેરમાં ઘેરા ચોકની લાગણી ફેલાઈ હતી.તેમના દ્વારા સમાજને હંમેશા ધાર્મિક, સેવાકિય અને આરોગ્ય અને સામાજિક કાર્યોમાં તેઓનું અમૂલ્ય માર્ગદર્શન અને યોગ્ય સહયોગ મળતો હતો. સમાજ સંગઠિત અને શિક્ષિત બને તેમ જ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે તેઓ હંમેશા સક્રિય ભાગ ભજવતા હતા. તેમના માર્ગદર્શન હેઠળ સમાજમાં રક્તદાન કેમ્પ, મેડિકલ કેમ્પ થતાં હતા. સમગ્ર જીવનકાળ દરમિયાન તેમણે સમાજના ઉત્થાન માટે ખૂબ જ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

સામાજિક ઉપરાંત રાજકિય ક્ષેત્રે પણ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. પક્ષની સરકાર દ્વારા અમલીકૃત દરેક યોજનાઓનો લાભ છેવાળાના વ્યક્તિને મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા. પક્ષની વિચારધારા અને કાર્ય પદ્ધતિને સદાય સમર્પિત રહ્યા હતા. સને ૧૯૮૩થી ભારતીય જનતા પાર્ટીમાં રહી વર્ષ ૨૦૦૦થી વર્ષ ૨૦૨૧ સુધી એમ સતત ચાર ટર્મ સુધી તેમણે નગર સેવક તરીકે ચૂંટાઈને શહેર અને સમાજના વિકાસમાં યશસ્વી ફાળો આપ્યો હતો.

## અડધા ઉપરાંત ભાવનગરમાં આજે વીજ પુરવઠો બંધ રહેશે

ભાવનગર, તા.૧૧
જેટકો દ્વારા કાલે રવિવારનાં રોજ સવારે છ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી અલગ-અલગ ૬૬ કેવી સબ સ્ટેશનો પરથી વીજ પુરવઠો બંધ રહેવાના કારણે ઘણા વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે. વીજ પુરવઠો આવ્યા બાદ પાણી સપ્લાય થઈ શકશે. રવિવારના રોજ અલગ-અલગ ૬૬ કેવી સબ સ્ટેશનો પરથી વીજ પુરવઠો બંધ રહેવાના કારણે શહેરનાં ચિત્રા, ફુલસર, કાળીયાબીડ, કુંભારવાડા, હિલડ્રાઈવ, ભરતનગર, હાદાનગર સહિતના વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહેશે.

# વેરાવળના વોર્ડ નં.૫ અને ૬માં પાલિકા દ્વારા એકને ગોળ અને બીજાને ખોળ

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૧૧
વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાએ હંમેશાં વિવાદોની વચ્ચે રહી છે. છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાત સરકાર ખૂબ મોટા પ્રમાણમાં ગ્રાન્ટો આપે છે છતાં પણ આ જગવિખ્યાત ગામ એ ખૂબ જ ગંદુ અને રોગી બની રહ્યું છે.



વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકામાં દરરોજ કંઈક નવા ભ્રષ્ટાચારના સમાચારો સામે આવતા હોય તેવું દેખાઈ રહ્યું છે વોર્ડ નંબર પાંચ અને છમાં ભાજપ શાસિત નગરપાલિકા દ્વારા ભેદભાવની નીતિ કરી એકને ગોળ અને બીજાને ખોળ આપતા હોય તેવી લોકચર્ચા છે ૫૦૦૦૦થી વધુ લોકોનું વસવાટ જ્યાં હોય અને ત્યાંના મુખ્ય રસ્તા પર જો ડામરના થીગડા પણ ન લાગતા હોય તો તે ખૂબ જ શરમજનક બાબત છે.સમગ્ર વેરાવળમાં ભૂગર્ભ ગટરના પાણી એ રસ્તાઓ પર ફેલાઈ રહ્યા છે જેના કારણે ખૂબ જ મોટા પ્રમાણમાં ગંદકી થઈ રહી છે તેવું નજર સામે આવી રહ્યું છે એટલું જ નહીં ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી થાય છે. તો ઠેર ઠેર કચરાના ઢગલાઓ દેખાઈ રહ્યા છે.કોંગ્રેસી નગરસેવકોએ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજૂઆત કરી છતાં પણ ૮૦ ફૂટ ફાટક તરફના રસ્તાનું સમારકામ કરવામાં આવેલ નથી તેથી જો એક અઠવાડિયામાં આ કામ નહીં કરવામાં આવે તો વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાનું ઘેરાવ કરી તાળાબંધી કરવામાં આવશે તેવી ચીમકી વિસ્તારના નગરસેવકોએ આપેલ છે.

## સાંજે ઘરેથી નીકળ્યા બાદ લાપતા હતો

# ભાવનગર જૂના બંદરની ખાડીમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

ભાવનગર, તા.૧૧
ભાવનગરના વાર્કેટગેટ પાસે આવેલ વાલ્મિકી વિસ્તારમાં રહેતા યુવાનનો મૃતદેર જૂના બંદરની ખાડીમાંથી મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાકેટગેટ પાસે વાલ્મિકી વાસમાં રહેતા પ્રિયંક લાભુભાઈ પરમાર (ઉં. વ.૩૨) ગત સાંજના સમયે ઘરેથી નીકળ્યા બાદ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનો દ્વારા તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. શોધખોળ દરમિયાન યુવાનની સાઈકલ જૂના બંદર પર આવેલ કેબલ સ્ટેઈટ પુલ પાસેથી મળી આવી હતી. આ અંગે પરિવારજનોએ પોલીસ અને ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર વિભાગની ટીમ દ્વારા કેબલ સ્ટેઈડ પુલ પાસેની ખાડીમાં તપાસ હાથ ધરતા આજે સવારે મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

મૃતદેહને બહાર કાઢી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## આર.ટી.ઓ. ચલણની લિંક મોકલી છેતરપિંડી

# અમરેલીના શિક્ષકે લિંક ખોલતા જ બેન્ક ખાતામાંથી રૂા. ૧.૭૪ લાખ ઉપડી ગયા !

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૧
અમરેલીમાં શિક્ષકને આરટીઓ ચલણની એપીકે લીંક મોકલી એચડીએફસી બેન્ક એકાઉન્ટમાંથી ૧.૭૪ લાખ અજાણ્યા ઠગ દ્વારા ઉપાડી લઈ છેતરપિંડી કરતા શિક્ષકે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી સોશિયલ મીડિયા મારફતે સાયબર ઢગો દ્વારા અમરેલીમાં વારંવાર છેતરપિંડીના બનતા કિસ્સા હજુ થોડા દિવસ પહેલા જ તબીબ દંપતિને આરટીઓની ચલણની લીંક મોકલી ૩.૯૯ લાખની છેતરપિંડી કરી હતી ત્યારે આજે વધુ એક શિક્ષક સાયબર ફ્રોડનો ભોગ બનેલા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલીના કેરીયારોડ, બંસીધર સોસાયટીમાં રહેતા શિક્ષક નયન હિંમતભાઈ જાવિયા, (ઉ.વ.૨૮)ને ગત તા.૨૧/૭/૨૫ના રોજ એક અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી આર.ટી.ઓ. ચલણની એપીકે ફાઈલ લિંક મોકલી હતી. જેવી જ આ ફાઈલ લિંક ઉપર શિક્ષક નયન ભાઈએ ક્લિક કરતા તેમના એચડીએફસી બેન્કના સેવિંગ એકાઉન્ટમાંથી રૂપિયા ૧.૭૪,૫૦૭ રૂપિયા એકાઉન્ટમાંથી ઉપડી ગયેલ હતા. શિક્ષક દ્વારા આ અંગે અમરેલી સીટી પોલીસમાં પોતાની સાથે છેતરપિંડી થતા અજાણ્યા ફોન નંબર ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે, સોશિયલ મીડિયા મારફત આરટીઓ ચલણ તેમજ નોકરીના બહાને અને ઓનલાઈન ખરીદી જેવી વિવિધ બાબતે લોકોને ઓનલાઈન ફ્રોડ થઈ રહ્યા છે ત્યારે વધુ એક ફ્રોડ બનતા ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ધાર્મિક કાર્યક્રમ

# સિહોરના હઝરત તોડાશાહ પીરનો ઉર્સ ઊજવાયો

સિહોરના જંગલમાં આવેલ હઝરત તોડાશાહ પીર બાવા (ર.અ.)નો ત્રિ-દિવસીય ઉર્સ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં ખાસ કરીને સાંજે મગરીબની નમાઝ બાદ સંદલ શરીફનું જુલૂસ સિહોરમાં યકીનશાપીરની દરગાહ, સુરકાના દરવાજેથી સિહોરના રાજમાર્ગો પર ફરી રાત્રે ૧૦ કલાકે દરગાહ શરીફમાં સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ, સામુહીક દુવાઓ તેમજ મહેફીલે મીલાદ તેમજ ત્રણ દિવસ સાંજે ન્યાઝ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાળુ લોકો ઉપસ્થિત રહ્યા હતા અને કોમી એકતા અને ભાઈચારાના દર્શન થયા હતા.

**Declaration**

This is to inform all concerned that on 23.10.2022 my Muslim marriage was solemnized at Kasba Husaini Masjid, 211 Char Ghar, Modasa, Arvalli, Gujarat, India between me, Mohammad Bilal Gulam Mohyuddin Malek, S/o Gulam Mohyuddin Abbasmiya Malek and Kherunnisa Gulam Mohyuddin Malek, holding Passport No. U4015645 and Aadhaar no. 4521 5124 4772, and Mst. Saima Islam Muna, D/o Md Nazrul Islam and Mst. Angura Begum, holding Passport No. A00590419 and NID no. 1952051389.

Since after that we have been living as husband and wife, and our marriage was registered at Kasba Husaini Masjid on 23.10.2022.

Contact number of my father: +91 7041803012

This is for general information only.

# અંકલેશ્વર તાલુકા કો.ઓ. પરચેઝ એન્ડ સેલ યુનિયન દ્વારા રાહત દરે ફટાકડા વેચાણના સ્ટોલનું ઉદ્‌ઘાટન

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૧

ધી અંકલેશ્વર તાલુકા કો.ઓ. પરચેઝ એન્ડ સેલ યુનિયન દ્વારા છેલ્લા દસ વર્ષ થી ફટાકડા તથા જીવન જરૂરિયાતની ચીજોનું વેચાણ રાહત દરે કરવામાં આવે છે. તે જ પ્રમાણે ચાલુ સાલે પણ અત્રે ના એ.ડી. દેસાઈ પાર્ટી પ્લોટ ખાતે રાહત દરે ફટાકડા સ્ટોલને તાલુકા પંચાયતના માજી પ્રમુખ, તાલુકા પંચાયતના સભ્ય તથા પંડાવાઈ સુગરના વા. ચેરમેન અરવિંદભાઈ પટેલ તથા સહકારી આગેવાન કરશનભાઈ પટેલના હસ્તે રીબીન કાપી ઉદ્ઘાટન કરી સ્ટોલને ખુલ્લુ મુકાયું હતું.


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

આ પ્રસંગે અરવિંદભાઈ પટેલએ જણાવ્યુ હતું કે અંકલેશ્વર ખરીદ વેચાણ સંઘ દ્વારા નહીં નફો નહીં નુકશાનના ધોરણે ફટાકડા સ્ટોલનું આયોજન કરવામાં આવે છે. જે ખુબજ સરાહનીય પગલું છે. જ્યારે સસ્થાના મેનેજર શબ્બીર અહમદ પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યુ હતું કે છેલ્લા દસ વર્ષથી પરચેઝ સેલ યુનિયન દ્વારા ફટાકડાના સ્ટોલનો પ્રારંભ કરાયો છે જ્યારે રમઝાન મહિનામાં મુસ્લિમ સમાજ માટે રમઝાન માસમાં ઉપયોગી ચીજ વસ્તુઓ તેમજ ગૌરી વ્રતમાં ડ્રાયફ્રુટનું રાહત દરે વેચાણ કરે છે. આ કાર્યક્રમ માં જિલ્લાના સહકારી આગેવાન તેમજ એપીએમસીના પૂર્વ ચેરમેન કરશનભાઈ પટેલ, યુનિયનના ચેરમેન ભરતભાઈ પંડ્યા, એપીએમસીના ચેરમેન મુકેશભાઈ પટેલ, તાલુકા ભાજપ ના પ્રમુખ નિતેન્દ્રસિંહ દેવધરા, અજીતભાઈ પટેલ, મહેશભાઈ મોદી, અતુલભાઈ મોદી, મોહનભાઈ પટેલ, અસલમ હાંટિયા, રમેશભાઈ પટેલ, એસ.ડી. પટેલ, યોગેંદ્ર રાઉલજી, ગીરીસભાઈ પટેલ, અજીતસિંહ પરમાર, બસીરભાઈ પઠાણ, ધર્મેન્દ્ર પટેલ, ભાસ્કરભાઈ ભટ્ટ સહિતના મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને શોભાવ્યું હતું અને તમામનો ચેરમેન ભરતભાઈ પંડ્યા તથા મેનેજર શબ્બીરભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

# અંકલેશ્વરની પીરામણ પંચાયતને શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનું પ્રમાણપત્ર એનાયત


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૧

અંકલેશ્વર તાલુકાની પીરામણ ગ્રામ પંચાયત રહીશોને શ્રેષ્ઠ સુવિધા આપવા બદલ તાલુકા પંચાયત કચેરી દ્વારા આજરોજ પીરામણ ગ્રામ પંચાયતના તલાટી અસલમભાઈ સરીગતને શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે તાલુકા કક્ષાએ પ્રથમ આવવા બદલ પ્રમાણ પત્ર એનાયત કરાતા ગ્રામજનો તથા સ્થાનિક રહીશોમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી.

અંકલેશ્વર તાલુકાની પીરામણ ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત શ્રેષ્ઠ ગ્રામ પંચાયત પુરસ્કાર સને ૨૦૨૫-૨૬ માટે તાલુકા કક્ષાએ પથન ક્રમે પસંદગી પામવા બદલ પ્રમાણ પત્ર આપવામાં આવ્યો હતો. ગ્રામ પંચાયત પીરામણ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત પુરસ્કારમાં સુચવેલ માપદંડોમાં શ્રેષ્ઠ કામગીરી કરેલ છે.

જયારે આ બાબતે પીરામણ ગ્રામ પંચાયતના સરપંચ જેબુન્નિશા પટેલ તથા ડે. સરપંચ ઈમરાન પટેલે જણાવ્યું હતું કે આ પ્રમાણપત્ર એનાયત થયો છે એ અમારી ચૂંટાયેલી ટિમ તથા ગ્રામ જનોનું સાથ સહકાર શક્ય બન્યું છે જે બદલ પંચાયતના સભ્યો તથા તમામ ગ્રામજનો તથા તાલુકા પંચાયત પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરીએ છીએ.

# ભિલોડાના માંકરોડા ખાતે ટ્રાઈબલ હાટબજારનું લોકાર્પણ

ભિલોડા, તા.૧૧

ગુજરાત સરકાર સતત તનાવમુક્ત આદિજાતિ વિસ્તાર તથા આદિજાતિ લોકોના નબળા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોના ઉત્કર્ષ માટે સંકલિત આદિજાતિ કલ્યાણ યોજના હેઠળ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. જેના થકી આદિજાતિ લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ તરફ ડગ માંડી રહ્યા છે. જિલ્લાના આદિજાતિ સમુદાયના લોકોને આત્મનિર્ભર બનાવવાની પ્રેરણા સાથે આજે પ્રાયોજના વહિવટદારની કચેરી, અરવલ્લીના તાબા હેઠળ આવતા ટ્રાઈબલ હાટ બજારના લોકાર્પણ કરવામાં આવ્યું. ભિલોડાના ધારાસભ્ય પી.સી.બરંડાના અધ્યક્ષસ્થાને અને પ્રાયોજના વહીવટદાર વિકાસ સક્સેના અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક રાજેશ કુચારાની પ્રેરક ઉપસ્થિતિમાં આજનો આ કાર્યક્રમ યોજાયો હતો. આ



હાટબજારનું રૂા.૨.૮૬ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. આ હાટબજારમાં આદિવાસી ભાઈ-બહેનો દ્વારા પરંપરાગત રીતે બનાવતી ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવશે. સખી મંડળ, વન મંડળીઓ સ્થાનીક ઉત્પાદન કરી મહત્તમ આવક મેળવી શકે તે હેતુથી હાટ બજાર બનાવવામાં આવેલ છે. ગ્રામ હાટની દુકાનોની વહેચણી સખી મંડળની બહેનોની હાજરીમાં ડ્રો સિસ્ટમથી ફાળવવામાં આવી હતી જેમાંથી આજ રોજ કુલ ૪૯ સખી મંડળોના જુથને ગ્રામ હાટની દુકાનો ફાળવવામાં આવે છે. લોકાર્પણ સમારોહમાં ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ ધનજીભાઈ નિનામા, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ મનોજભાઈ પટેલ, કેવલભાઈ, જોષીયારા તેમજ ભાજપના જિલ્લાના હોદ્દેદારો, મંડળના હોદ્દેદારો, જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, વગેરે ... સખી મંડળની બહેનો, સહિત તાલુકાના વહીવટીતંત્રના અધિકારીઓ સમગ્ર હાજર રહ્યા હતા.

## મુખ્ય ન્યાયમૂર્તિ ઉપર જૂતું ફેંકવાના પ્રયાસથી રોષ

# પાટણમાં કોંગ્રેસ અને દલિત સંગઠનો દ્વારા રેલી યોજી સૂત્રોચ્ચાર કરાયા

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૧૧

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ ઉપર વકીલ દ્વારા જૂતા ફેંકવાના પ્રયાસની ઘટનાને વખોડી આ વકીલ સામે પગલાં ભરવાની માંગ સાથે આજે પાટણના બગવાડા ચોકમાં કોંગ્રેસ અને વિવિધ દલિત સંગઠનો દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા અને રેલી યોજી સરકાર સામે સૂત્રોચ્ચાર કરી આ નિંદનીય કૃત્ય કરનાર વકીલને તાત્કાલિક સસ્પેન્ડ કરી જેલ હવાલે કરવાની માંગ કરી હતી. દેશના મુખ્ય ન્યાયમૂર્તિ બી.આર. ગવઈની માતાએ થોડા દિવસો પહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યક્રમમાં જવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ રાકેશ કિશોર નામના વકીલે ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ પર જુતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાના સમગ્ર દેશમાં ઘેરા



પ્રત્યાઘાતો પડયા છે અને આવું કૃત્ય કરનાર વકીલ સામે ઠેર ઠેર રોષ ફાટી નીકળ્યો છે. તેમજ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ત્યારે આજે પાટણ જિલ્લા કોંગ્રેસ અને દલિત સમાજના વિવિધ સંગઠનો દ્વારા પાટણમાં પણ વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શહેરના બગવાડા દરવાજા ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો તેમજ દલિત સમાજના વિવિધ સંગઠનોના કાર્યકર્તાઓએ એકઠા થઈ પ્રથમ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રેલી યોજી હતી અને ભાજપ આર.એસ.એસ. તથા વકીલ વિરૂદ્ધ સૂત્રોચ્ચારો પોકારી દેખાવો કર્યા હતા.

## ૨૮ જગ્યા માટે ૮૨૭ ઉમેદવારો ઊમટ્યા

# હિંમતનગર પાલિકામાં વર્ગ-૪ની ભરતીમાં સ્નાતક, અનુસ્તાનક એન્જિનિયર યુવાનાએ આપ્યા ઈન્ટરવ્યુ !

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૧

હિંમતનગર નગરપાલિકામાં વર્ગ ૪ની ૨૮ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૦થી બાકી રહેલી આ ભરતી માટે ૮૨૭ ઉમેદવારોએ અરજી કરી હતી. ડૉ. નલિનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે ગઈકાલે સવારે ૮ વાગ્યાથી શરૂ થયેલી ઈન્ટરવ્યુ પ્રક્રિયા રાત્રે ૧૦ વાગ્યા સુધી, તે ૧૪ કલાક ચાલી હતી.

પસંદગી સમિતિમાં પ્રાદેશિક કચેરી ગાંધીનગરના ચીફ ઓફિસર અલ્પેશ પટેલ, હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી, નગરપાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય અને કારોબારી અધ્યક્ષ જીનલ પટેલ હાજર રહ્યા હતો. આ ભરતી સફાઈ કામદાર, ક્લીનર અને ડ્રેનેજ સફાઈ કામદાર જેવી વર્ગ ૪ની જગ્યાઓ માટે હતી.

હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસરે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, ૨૮ જગ્યાઓ માટે આવેલા ૮૨૭ ઉમેદવારોમાં એન્જિનિયર, બીએસસી, એમએસસી, બીબીએ, બીકોમ, એમકોમ જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ સામેલ હતા. આ ઉપરાંત, પતિ-પત્ની અને દેરાણી-જેઠાણી સહિતના પરિવારજનો પણ ઈન્ટરવ્યુ આપવા પહોંચ્યા હતા.

સવારથી મોડી રાત સુધી ચાલેલી આ લાંબી ઈન્ટરવ્યૂ પ્રક્રિયા દરમિયાન નગરપાલિકાનો સમગ્ર સ્ટાફ ખડેપગે હાજર રહ્યો હતો અને વ્યવસ્થા જાળવી રાખી હતી.

# કરમાલી ખાતે અંકલેશ્વર પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અને ડ્રગ્સ બાબતોની જાણકારી આપવા કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર, તા.૧૧

અંકલેશ્વર તાલુકાના કરમાલી ગામના દારૂલ ઉલુમ મદની દારૂત તરબિયત ખાતે સાયબર ક્રાઈમ અને ડ્રગ્સ બાબતોની જાણકારી કાર્યક્રમ યોજાયો હતો.

જનજાગૃતિના હેતુ માટે ખૂબ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અંકલેશ્વર વિભાગના ડીવાયએસપી ડૉ.કુશલ ઓઝા, પાનોલી પોલીસ સ્ટેશનના પીઆઈ શિલ્પા દેસાઈ અને સાયબર ક્રાઈમ સ્ટાફ તેમજ અંકલેશ્વર હાંસોટ વિધાનસભા યુથ કોંગ્રેસના પ્રમુખ શરીફ કાનુગા હાજર રહ્યા હતાં તેમજ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન આપવા માટે દારૂલ ઉલુમ મદની દારૂત તરબીયત કરમાલીના પ્રિન્સિપાલ હઝરત મૌલાના અજવદ અહમદ બેમાત અને શૈખુલ હદીસ મૌલાના અબ્દુલરહીમ નાડા (સુરતી), દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મદ્રેસાના વિદ્યાર્થીઓને ડીવાયએસપી ડૉ. કુશલ ઓઝા સાહેબ દ્વારા સાયબર ફ્રોડ કેવી રીતે


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અટકાવવા અને સતર્ક રહેવા બાબતે તેમજ સમાજમાં ડ્રગ્સના દૂષણથી બચવા અને દૂર રહેવા માટે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું, ત્યાર બાદ પાનોલી સ્થાનિક પીઆઈ શિલ્પા દેસાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન જુનાદીવા ગામના અસલમ ઈબ્રાહીમ પીર ઝકકરીયા સઈદ હાસલોડ (ટ્રસ્ટી), સામાજિક કાર્યકર્તા ઈમ્તિયાઝભાઈ બાણવા, અને દારૂલ ઉલુમનો સ્ટાફ તેમજ રવિદ્રા-કરમાલી ગામના અન્ય લોકો હાજર રહ્યા હતા, કાર્યક્રમના અંતે મદ્રેસાના પ્રિન્સિપાલ મૌલાના અજવદ અહમદ બેમાત દ્વારા અંકલેશ્વર ડીવાયએસપી ડૉ. કુશાલ ઓઝાને પાનોલી પોલીસ સ્ટેશનના મહિલા પીઆઈ શિલ્પા દેસાઈ અને સાયબર ક્રાઈમ સ્ટાફનો દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વિદ્યાનગરના ૩૦ જેટલા વેપારીઓ સાથે રૂા.૮૧ લાખ ઉપરાંતની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૧

આણંદ વિદ્યાનગરના ૩૦થી વધુ હાર્ડવેર તેમજ બિલ્ડર મટીરીયલનું વેચાણ કરતાં વેપારીઓ સાથે રૂપિયા ૮૧ લાખ ઉપરાંતની છેતરપિંડીના ગુનામાં મહેળાવ પોલીસે જુદી જુદી ટીમો બનાવી મુખ્ય આરોપી ગોપાલ ઠક્કરને અમદાવાદ વાડજથી ગણતરીના કલાકોમાં ઝડપી પાડીને વધુ તપાસ અર્થે કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે ગુનાની ગંભીરતાને લઈને તેને પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન પોલીસ પૂછપરછમાં મુખ્ય આરોપી ગોપાલ ઠક્કરે અન્ય બે જણા સાથે મળી છેતરપિંડી કરી હોવાનું કબુલાત કરી છે તેમજ વેપારીઓ પાસે લીધેલ માલ બનાસકાંઠામાં અને અમદાવાદ વાડજમાં બનાવેલા ગોડાઉનમાં સંતાડી દીધો હોવાની કબુલાત કરતાં મહેળાવ પોલીસે બનાસકાંઠા અને અમદાવાદ વાડજમાં જઈને મુદ્દામાલ રીકવર કરવાનો કાર્યવાહી કરી છે.આણંદ વિદ્યાનગર તેમજ આજુબાજુના બિલ્ડર મટીરીયલનો વ્યવસાય કરતાં ૩૦થી વધુ દુકાનના માલિકો પાસેથી આ ગોપાલભાઈ અને તેમના બે ભાગીદારોએ સિમેન્ટ, લોક, કલર, મેટ્રેસ તેમજ અન્ય સામગ્રીનો ઓર્ડર લીધો હતો. વેપારીઓએ ગોપાલભાઈ અને તેના બે ભાગીદારોને માલસામાન સપ્લાય કરતાં તેઓએ જુદી જુદી કિમતોના રૂપિયા ૮૧,૦૯,૧૩૫ લાખના બીજી ઓગસ્ટના ચેક લખી આપ્યાં હતાં. જોકે દુકાન માલિકોએ આ ચેકો બેંકમાં ભરતા તમામ દુકાનદારોના ચેક રિટર્ન થયા હતાં. જેને લઈને તેઓએ મહેળાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગોપાલભાઈ અને તેમના અન્ય બે ભાગીદારો વિરૂદ્ધ છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધીને મહેળાવ પોલીસ મથકમાં પોલીસ ઈન્સ્પેક્ટર જી.એસ.ગઢવી દ્વારા જુદી-જુદી ટીમો બનાવીને તપાસ હાથ ધરી ગણતરીના કલાકો ૮૧ લાખ ઉપરાંતની છેતરપિંડી કરનાર મુખ્ય આરોપી ગોપાલ ઠક્કરને અમદાવાદના વાડજમાંથી ઝડપી પાડી તેને મહેળાવ પોલીસ મથકે લાવી જરૂરી કાર્યવાહી કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતાં કોર્ટે તેના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# નાપાડ તળપદમાં ડિગ્રી વગર દવાખાનું ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૧

છેલ્લાં બે વર્ષથી આણંદ તાલુકાના નાપાડ તળપદમાં ખ્વાજા નગર સોસાયટી મકાન નંબર ૪૨માં રહેતો સંજયકુમાર અકબર ખાન રાઠોડ કોઈપણ જાતની ડીગ્રી વગર ગેરકાયદેસર દવાખાનું ચલાવે છે. આ મળેલ માહિતીને આધારે નાવલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડોક્ટર સંજના ચૌહાણ તેમજ આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર એ.જે.અસારી તેમની ટીમ ત્યાં પહોંચી ગયાં હતાં અને માહિતી મુજબના સ્થળે દવાખાનામાં તપાસ કરતાં એક ઈસમ હાજર મળી આવ્યો હતો. તેની પુછપરછ કરતાં તેણે પોતાનું નામ સંજયકુમાર અકબરખાન રાઠોડ રહે, નાપાડ તળપદ હોવાનું જણાવ્યું હતું.

મેડિકલ ઓફિસર અને આણંદ એસઓજી પોલીસની ટીમે સંજયકુમાર અકબરખાન રાઠોડ પાસે ડોક્ટર હોવા અંગેના સર્ટી અને પ્રમાણપત્ર રજૂ કરવા જણાવતાં તેણે પોતાની પાસે કોઈ જ ડીગ્રી નહીં હોવાનું જણાવ્યું હતું. પોલીસે સ્થળ પરથી દવાઓ તેમજ સાધનો તથા એક મોબાઈલ ફોન મળી રૂપિયા ૫૦,૬૭૬નો મુદ્દામાલ કબ્જે લઈ સંજયકુમાર અકબર ખાન રાઠોડ વિરૂદ્ધ આણંદ રૂરલ પોલીસ મથકમાં ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એક્ટ ૧૯૬૩ની જુદી જુદી કલમો હેઠળ ગુનો દાખલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જમિયતે ઉલમા સંકલન સમિતિ તથા હિતરક્ષક સમિતિ દ્વારા

# સાબરકાંઠા જિલ્લાની વકફ મિલકતો અંગે તજજ્ઞો સાથે મુતવલ્લીઓની વિચારગોષ્ઠિ યોજાઇ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૧

જમિઅતે ઉલમા સાબરકાંઠા, મુસ્લિમ સંકલન સમિતિ અને ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિ દ્વારા ઉમ્મીદ પોર્ટલ પર વકફ ટ્રસ્ટોના રજિસ્ટ્રેશનને લઈ સાબરકાંઠા જિલ્લાના મુતવલ્લીઓની સાથે રેકર્ડ અપડેટ અને વતર્માન જિલ્લાના વકફ મિલકતોની સ્થિતિઓ વિશે ખાદીમભાઈ લાલપુરીના અધ્યક્ષ સ્થાને ચર્ચા વિચારણા કરવામાં આવી, તિલાવતે કુર્આન સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી, મુફ્તી અબ્દુલ અઝીઝ દ્વારા નાત અને વકફ દીની મહત્ત્વ વિશે વાત મૂકવામાં આવી, કાદર નેતાજી જમાતે ઈસ્લામી હિન્દ જિમ્મેદાર સાબરકાંઠા દ્વારા વકફ મિલકતોને લઈ UCC તેમજ સરકાર દ્વારા જે ઉમ્મીદ પોર્ટલ લાવેલ છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી, મો.સોબાન અને કારી હમદાન દ્વારા ઉમ્મીદ પોર્ટલ વિશે દીની અને દુન્યાવી વાત મુકવામાં આવી સાથે જોર આપવામાં આવ્યું કે પરસ્પરના મતભેદ ભૂલી વિવાદ ઉભા કર્યા વગર વકફનું રેકર્ડ અપડેટ કરવામાં આવે, મીરખાન મકરાણી દ્વારા વકફ ૧૯૩૭થી ૨૦૨૫ સુધીની વકફ મિલકતો કઈ રીતે રેકર્ડ ઉપર હતી અને ચેરિટી એકટ વખતે નોધણી પ્રક્રિયા શું હતી ? દેવ સ્થાન ઈનામ ધારો, વકફ મિલકતો ગણોતમાં કઈ રીતે ગઈ, ઓકાફના સર્વે માટે શું પત્રો થયા ? કોર્ટ પ્રક્રિયા શું રહી ? સંસોધન વખતે


(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)

શું ધ્યાન રાખવા જેવું હતું તેમજ ઉમીદ પોર્ટલ પર વકફ મિલકતો રજિસ્ટર માટે રેકર્ડ અપડેટ કઈ રીતે કરવું તેની વાત મુકવામાં આવી. ઝહીરાબાદ ગ્રામ પંચાયત સરપંચ રફીકભાઈ મેમણ દ્વારા પંચાયત દ્વારા વકફ મિલકતોના રેકર્ડ અપડેટ જોઈતી તમામ મદદ કરવાની ખાત્રી આપવામાં આવી હતી. એડવોકેટ સાબુગર દ્વારા વકફ ફેરફાર, વકફ મિલકતો ઉપર ટ્રસ્ટનું નામ ચઢાવવું, લીગલ પ્રક્રિયાઓ અને મહેસુલી કામગીરી વિષે વાત મુકવામાં આવી તેમજ આવેલ ટ્રસ્ટી દ્વારા પોતાની સમસ્યાઓની રજૂઆત કરતા તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિના અધ્યક્ષ ખાદીમભાઈ લાલપુરી દ્વારા રજિસ્ટર વખતનું રેકર્ડ અને વર્તમાન રેકર્ડ એકઠું કરી જિલ્લાના તમામ વકફ ટ્રસ્ટોને મદદ રૂપ રહેવા માટે અને ત્રણ સેન્ટર ચાલુ કરવાની અને વકફ રજિસ્ટર મિલકતોના સર્વેની વાત મુકવામાં આવી જેની સાથે જિલ્લાની કમિટી બનાવી ફોલોઅપ લઈ તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવવા ભાર મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લાના મુસ્લિમ સરપંચ, ટ્રસ્ટીઓ અને મુતવલ્લીઓ અને આગેવાનો હાજર રહ્યા હતા. જમિઅતે ઉલમા સાબરકાંઠા જનરલ સેકેટ્રી મોલવી મોહસીન દ્વારા આવેલ ટ્રસ્ટીઓનો આભાર માનવા અને દુઆ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## જાહેર રોડ પર કેક કાપવાની સાથે ભવ્ય આતશબાજી વચ્ચે ઉજવણી

# કાયદાના ધજાગરા : ઉધનામાં ભાજપના વોર્ડ પ્રમુખનું જાહેરમાં બર્થ-ડે સેલિબ્રેશન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૧

ઉધના ખાતે હાલમાં જ ભાજપ કાર્યાલયમાં થયેલા લાફા પ્રકરણની શાહી સુકાઈ નથી ત્યાં જ વધુ એક નવો વિવાદ સામે આવ્યો છે. ઉધના ખાતે ભારતીય જનતા પાર્ટીનાં ઉધનામાં વોર્ડ નંબર ૨૪ના પ્રમુખ પ્રકાશ ખેરનારે તમામ નીતિ નિયમો નેવે મૂકી જાહેર માર્ગ ઉપર જન્મદિવસની ભવ્ય ઉજવણી કરી હતી. જાહેર રોડ ઉપર કેક કાપી, ફટાકડા ફોડી સુરત પોલીસ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તેવા તમામ નિયમોની ધજીયા ઉડાડી છે. ત્યારે હવે આ સમગ્ર વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થતાં સુરત પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે. સુરત પોલીસ પ્રકાશ ખેરનાર સામે ગુનો નોંધી તેની ધરપકડ કરશે કે કેમ તેવા પણ સવાલ ઉઠી રહ્યા છે.

સુરત શહેર ભાજપમાં હાલમાં જ માત્ર એક સપ્તાહની અંદર બે અલગ-અલગ કાર્યકર્તાઓના વિવાદો સામે આવ્યા છે. ઉધના ખાતે આવેલ ભાજપના કાર્યાલયમાં કાર્યકર્તા દ્વારા ખજાનચી પર કરવામાં આવેલા હુમલાની શાહી હજી સુકાઈ નથી ત્યાં જ ભાજપના વોર્ડ નંબર ૨૪ના પ્રમુખ પ્રકાશ ખેરનારના કારણે નવો વિવાદ સપાટી પર આવ્યો છે. પ્રકાશ ખેરનારનો ઉધના વિસ્તારમાં ધામધૂમથી ભવ્યાતી ભવ્ય જન્મદિવસની ઉજવણી કરી હતી. જેમાં ઉધના વિસ્તારમાં આવેલ સાંઈબાબા સોસાયટીના ગેટ ઉપર મુખ્ય માર્ગ ઉપર તેઓએ રસ્તા વચ્ચે ટેબલ મૂકી કેક કાપી હતી એટલું જ નહી પરંતુ આગળ પાછળ અને ચારેય બાજુમાં આતશબાજી મૂકી ફટાકડા ફોડી સામાન્ય જનતાને બાનમાં લીધી હતી. આતશબાજી અને ફટાકડા સાથે રસ્તા પર કેક કાપવાને કારણે ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવાની નોબત આવી હતી. સુરત પોલીસ દ્વારા જાહેરમાં કેક કાપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં પણ વોર્ડ નંબર ૨૪ના પ્રમુખ પ્રકાશ ખેરનારે તમામ નીતિ નિયમો નેવે મૂકી જાહેરમાં બર્થડે સેલિબ્રેશન કરી સોશિયલ મીડિયામાં વીડિયો પણ વાયરલ કર્યો છે. સામાન્ય લોકો સામે તરત જ ગુનો દાખલ કરતી સુરત પોલીસે હજુ સુધી પ્રકાશ ખેરનાર સામે કોઈ પોલીસ ફરિયાદ દાખલ કરી નથી. ત્યારે આગામી સમયની અંદર સુરત પોલીસ તમામ નીતિ નિયમોનો ઉલાળીયો કરનાર પ્રકાશ ખેરનાર સામે ગુનો દાખલ કરી તે ધરપકડ કરવામાં આવશે કે કેમ તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે.

# ચંડીસર હાઈવે નજીક યુવક ઉપર તલવાર વડે હુમલો કરાતા ચકચાર

ડીસા, તા.૧૧

દાંતીવાડા તાલુકાના ભાખર મોટી ગામના ઈસ્માનીપુરામાં રહેતા સુરેશજી હજુરજી ઠાકોર તેના મિત્રો સાથે રાત્રે ચંડીસર નજીક હોટલ ઉપર જમવા ગયા હતા જયા એક નંબર પ્લેટ વગરની સફેદ કલરની સ્વિફ્ટ કારમાંથી નરેન્દ્રજી અમરતજી ઠાકોર (રહે. ખેડા તા. દાંતીવાડા), આશિષજી પ્રકાશજી ઠાકોર (રહે. ચંડીસર), હિમાલય ગોવિંદભાઈ ભાટિયા (રહે. કુંભલમેર) અને જયેશજી જયંતીજી ઠાકોર (રહે. ચંડીસર) એકદમ નીચે ઉતરી અને સુરેશજીની પાસે ઘસી આવી પૈસાની લેતીદેતી મામલે ગાળો બોલી ડાબા પગના ઘૂંટણ તેમજ ડાબા હાથની કલાઈ પાસે પણ તલવાર મારી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જો કે તેમણે સમય સૂચકતા વાપરીને ડીસા તરફના રોડ ઉપર દોડી જઈને ઝાડીમાં સંતાઈને પોતાનો જીવ બચાવ્યો હતો. જે મામલે ઈજાગ્રસ્ત સુરેશજીએ તેનાં પર હુમલો કરનાર ચાર ઈસમો વિરૂદ્ધ ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આ હુમલાની ઘટનાના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.


**Declaration**

This is to inform all concerned that on 23.10.2022 my Muslim marriage was solemnized at Kasba Husaini Masjid, 211 Char Ghar, Modasa, Arvalli, Gujarat, India between me, Mohammad Bilal Gulam Mohyuddin Malek, S/o Gulam Mohyuddin Abbasmiya Malek and Kherunnisa Gulam Mohyuddin Malek, holding Passport No. U4015645 and Aadhaar no. 4521 5124 4772, and Mst. Saima Islam Muna, D/o Md Nazrul Islam and Mst. Angura Begum, holding Passport No. A00590419 and NID no. 1952051389.

Since after that we have been living as husband and wife, and our marriage was registered at Kasba Husaini Masjid on 23.10.2022.

Contact number of my father: +91 7041803012

This is for general information only.



**ANNEXURE-A** લીઝ નં. ૮/૨૦૨૫

**વકફ અધિનિયમની કલમ ૫૬ અને વકફ પ્રોપર્ટી લીઝ રૂલ્સ ૨૦૧૪(સુધારા)૨૦૨૦ના નિયમ ૫ હેઠળ વકફની મિલકત ભાડાપટ્ટે આપવા અંગેની જાહેરાત**

**વકફનું નામ : મદ્રેસાએ કુવ્વતુલ ઈસ્લામ, બી-૮૪૨, સુરત**

**વકફનું સરનામું : મોજે : ઘલા, તા.કામરેજ જિ.સુરત**

| અં.નં. | ક્યાં આવેલ છે | બ્લોક નં./ સર્વે નં. | ભાડાપટ્ટે આપવાનું ક્ષેત્રફળ (ચો.મી.) | હેતુ | તળીયાની માસિક કિંમત | કેટલા વર્ષ માટે ભાડેપટ્ટે આપવાની ? | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મોજે ઘલા તા.કામરેજ જિ.સુરત | ૫૬૭ ૫૬૪/અ | ૬૩૮૫૯ ૬૭૬૩૫ | વાણિજ્ય (મત્સ્ય ઉદ્યોગ/ લોજીસ્ટીક | રૂા.૮૫,૧૪૫ રૂા.૯૦,૧૮૦/ કુલ=૧,૭૫,૩૨૫/- | ૨૯ વર્ષ માટે | હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ભાડે પટ્ટે આપવાની છે |

ઉપર દર્શાવેલી મિલકત મદ્રેસાએ કુવ્વતુલ ઈસ્લામ, બી-૮૪૨, સુરત વકફ સંસ્થાની માલિકીની છે તે મિલકત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ૨૯ વર્ષ માટે વાણિજ્ય/મત્સ્ય ઉદ્યોગ/લોજીસ્ટીક હેતુઓ માટે ઉકત કોષ્ટકમાં દર્શાવેલ મિલકત ભાડાપટ્ટે આપવાની હોય, ઈચ્છા ધરાવનાર ઈસમો/ સંસ્થાઓ પાસેથી સીલ બંધ કવરમાં ભાવ મંગાવામાં આવે છે. સીલબંધ કવર રજિસ્ટર પોસ્ટ એડીથી તા.૨૬/૧૦/૨૦૨૫ સુધીમાં ટ્રસ્ટને મળી જવા જોઈએ. અન્ય રીતે આવેલા ભાવપત્રકો વિચારણામાં લેવામાં આવશે નહીં. ટેન્ડર સાથે રૂા.૨૫,૦૦૦/-નો વકફ સંસ્થા ''ટ્રસ્ટ''ના નામનો ડ્રાફટ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ભરવાનો રહેશે, અન્ય કોઈ રીતે ભરેલી રકમવાળા ભાવો વિચારણામાં લેવામાં આવશે નહીં. તા.૩૦/૧૦/૨૫ના રોજ ટ્રસ્ટી મંડળની બેઠકમાં પક્ષકારોની રૂબરૂમાં ભાવપતર્કો ખોલવામાં આવશે અને સૌથી વધુ ભાવ ભરનારને ભાડેથી આપવા બાબતે વકફ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર સમક્ષ વિગતવાર દરખાસ્ત કરવામાં આવશે.

(સિક્કો)

મુતવલ્લી મંડળ વતી
મુખ્ય મુતવલ્લીની સહી અને સરનામું
મોજે : ઘલા, તા.કામરેજ જિ.સુરત



**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ**

Established under the Waqf Act, 1995
Constituted by the Government of Gujarat
Under Waqf Act, 1995 (Central Act - 43 of 95 )

ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

**વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬**

**વિષય :- "મુસ્લિમ સમાજ કબ્રસ્તાન વકફ - વસો"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **શેખ હારૂનરસિદ મજીતમીયાં ગામ - વસો,** જિ.ખેડાનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત/જંગમ મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જેના રેવન્યુ રેકર્ડની ચકાસણી કરતાં સદર સંસ્થાના નામની સ્પષ્ટ નોંધ થયેલ છે.

| ગામ/મુ.પો./ઠે | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | સર્વે નં/ મિલ્કત નં | ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| ગામ - વસો, | જિ.ખેડા | ધાર્મિક | જૂનો બ્લોક /સર્વે નં. ૯૪૯ હાલનો નવો બ્લોક / સર્વે નં.૧૨૧૬ ખાતા નં.૬૪૨ | ૦-૪૮-૩૬ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

# EDએ ૬૮ કરોડ રૂપિયાની નકલી બેંક ગેરંટી PMLA કેસમાં રિલાયન્સ પાવરના CFOની ધરપકડ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ઉદ્યોગપતિ અનિલ અંબાણીની ગ્રુપ કંપની રિલાયન્સ પાવરના CFOની ૬૮ કરોડ રૂપિયાની કથિત નકલી બેંક ગેરંટી જારી કરવા સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી છે. સત્તાવાર સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું કે, એજન્સી દ્વારા પૂછપરછ કરવામાં આવ્યા બાદ CFO, અશોક પાલનાની શુક્રવારે રાત્રે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની



છે અને તેણે ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સ્ટોક એક્સચેન્જને આ સંદર્ભમાં યોગ્ય ખુલાસો કર્યો હતો. ગ્રુપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેમના દ્વારા ઓક્ટોબર ૨૦૨૪માં દિલ્હી પોલીસના EOWમાં તૃતીય પક્ષ (આરોપી કંપની) વિરુદ્ધ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને કાયદાની "યોગ્ય પ્રક્રિયા" અનુસરવામાં આવશે. EDના સૂત્રોએ જણાવ્યું હતું કે ભુવનેશ્વર સ્થિત કંપની sbi.co.in જેવા જ એક ઈમેઈલ ડોમેન -

## EDએ તપાસના ભાગ રૂપે, ઓગસ્ટમાં કંપની અને તેના પ્રમોટરો સામે શોધખોળ હાથ ધરી હતી અને તેના મેનેજિંગ ડિરેક્ટર પાર્થસારથી બિસ્વાલની ધરપકડ કરી હતી

જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને શનિવારે ખાસ કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને એજન્સી કસ્ટોડિયલ પૂછપરછ માટે તેમના રિમાન્ડની માંગ કરશે. આ કેસ રિલાયન્સ પાવરની પેટાકંપની, રિલાયન્સ NU BESS લિમિટેડ વતી સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SECI)ને સુપરત કરાયેલી ૬૮.૨ કરોડ રૂપિયાની બેંક ગેરંટી સાથે સંબંધિત છે, જે "બનાવટી" હોવાનું જાણવા મળ્યું છે. આ કંપની અગાઉ મહારાષ્ટ્ર એનર્જી જનરેશન લિમિટેડ તરીકે જાણીતી હતી. વ્યાપારી જૂથો માટે "બનાવટી" બેંક ગેરંટી પૂરી પાડવા માટે રેકેટ ચલાવતી આરોપી કંપનીની ઓળખ ED દ્વારા ઓડિશા સ્થિત બિસ્વાલટ્રેડલિંક તરીકે કરવામાં આવી હતી. તપાસના ભાગ રૂપે, EDએ ઓગસ્ટમાં કંપની અને તેના પ્રમોટરો સામે શોધખોળ હાથ ધરી હતી અને તેના મેનેજિંગ ડિરેક્ટર, પાર્થસારથી બિસ્વાલની ધરપકડ કરી હતી. EDના સૂત્રોએ જણાવ્યું હતું કે પાલને ભંડોળના "ડાયવર્ઝન"માં "મહત્વપૂર્ણ" ભૂમિકા ભજવી હતી. તેમને અને કેટલાક અન્ય લોકોને કંપની બોર્ડ દ્વારા SECIના BESS ટેન્ડર માટે તમામ દસ્તાવેજોને અંતિમ સ્વરૂપ આપવા, મંજૂરી આપવા અને સહી કરવા અને બિડ માટે રિલાયન્સ પાવરની નાણાકીય ક્ષમતાનો ઉપયોગ કરવા માટે સત્તા આપવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે કંપનીએ ફિલિપાઈન્સના મનીલામાં સ્થિત ફર્સ્ટરેન્ડ બેંક પાસેથી બેંક ગેરંટી સબમિટ કરી હતી, પરંતુ ઉપરોક્ત બેંકની તે દેશમાં કોઈ શાખા નથી. મની લોન્ડરિંગ કેસ નવેમ્બર ૨૦૨૪માં દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (EOW)ની FIRમાંથી ઉદભવ્યો છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે કંપની ૮ ટકા કમિશન પર "બનાવટી" બેંક ગેરંટી જારી કરવામાં સામેલ હતી. રિલાયન્સ ગ્રુપે ત્યારે કહ્યું હતું કે રિલાયન્સ પાવર આ કેસમાં "છેતરપિંડી, બનાવટી અને છેતરપિંડીના કાવતરાનો ભોગ" બની s-bi.co.in - નો ઉપયોગ કરી રહી હતી. તેમણે જણાવ્યું હતું કે SECIને "બનાવટી" સંદેશાવ્યવહાર મોકલવા માટે નકલી ડોમેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૂત્રોએ આરોપ લગાવ્યો હતો કે પાલે ટેલિગ્રામ અને વોટ્સએપ જેવા ઈન્ટરનેટ-આધારિત સંદેશાવ્યવહાર પ્લેટફોર્મ દ્વારા પ્રકાશનોને "મંજૂરી" આપી હતી અને કાગળકામને સરળ બનાવ્યું હતું, અને સામાન્ય SAP/વેન્ડર માસ્ટર વર્કફ્લોને છોડી દીધો હતો. ED અનુસાર, બિસ્વાલટ્રેડલિંક "માત્ર કાગળની એન્ટિટી" હતી કારણ કે તેની રજિસ્ટર્ડ ઓફિસ બિસ્વાલના સંબંધીની રહેણાંક મિલકત હતી.

## મની લોન્ડરિંગ : EDએ અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપના એક્ઝિક્યુટિવની ધરપકડ કરી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ઉદ્યોગપતિ અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપના એક્ઝિક્યુટિવની મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ ધરપકડ કરી છે. રિલાયન્સ પાવરના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર (CFO) અશોક પાલને શુક્રવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા

**ઈડી કરોડો રૂપિયાના બેંક "છેતરપિંડી" કેસોના સંદર્ભમાં અનિલ અંબાણી ગ્રુપ ઓફ કંપનીઓની તપાસ કરી રહી છે**

હતા. ઈડી કરોડો રૂપિયાના બેંક "છેતરપિંડી" કેસોના સંદર્ભમાં અનિલ અંબાણી ગ્રુપ ઓફ કંપનીઓની તપાસ કરી રહી છે.

# હવે મહેંદી સામે પણ વાંધો !! યુપીના મુઝફ્ફરનગરમાં મુસ્લિમ દ્વારા મહેંદી લગાડવા સામે વાંધો ઉઠાવી રહ્યા છે હિન્દુત્વ જૂથના સભ્યો, હિંદુ સંગઠન કહે છે કે મુસ્લિમના હાથે મહેંદી લગાડવાનું પાપ સમાન ગણાય !

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર શહેરમાં આપણને વિચલિત કરી દેતો એક વિડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં હિન્દુવાદી સંગઠનોના સભ્યો હિન્દુ મહિલાઓને તહેવારો દરમિયાન મહેંદી લગાડવા માટે જતી મુસ્લિમ મહિલાઓની હેરાન કરતી અને પજવણી કરી રહ્યા છે. ક્રાંતિ સેના તરીકે પોતાને ઓળખાવતા આ હિન્દુત્વ જૂથ દ્વારા એવા સૂત્રો પોકારવામાં આવી રહ્યા છે કે "મહેંદી જેહાદ બંધ કરો" અને હિન્દુ મહિલાઓને મુસ્લિમ મહિલાઓને હાથમાં હાથ નહિ આપવાનું દબાણ કરી રહ્યા છે. આ વિડીયો એ ભારે ચકચાર લગાવી દીધી છે અને કેટલી હદે કોમવાદી ઝેર ફેલાવવામાં આવી રહ્યું છે તેનો એક વધુ ઉદાહરણ જોવા મળી રહ્યું છે.

હિન્દુત્વ જૂથના નવા ગતકડાની સોશિયલ મીડિયા ઉપર જોરદાર



## દેશભરમાં જે રીતે કોમવાદી નફરત અને હિંસાનું વાતાવરણ ઝડપથી ફેલાવવામાં આવી રહ્યું છે તેનો વધુ એક નાદર નમૂનો જોવા મળ્યો છે, ધર્મનું રક્ષણ કરવાના બહાના હેઠળ ખૂબ જ નફરત અને કોમવાદી ઝેર ફેલાવી રહ્યા છે હિન્દુત્વ જૂથો

ટીકા થઈ રહી છે અને આ જૂથ સદીઓથી શાંતિથી સાથે રહેતા બે સમાજ વચ્ચે ભાગલા પડાવવાની અને કોમવાદી નફરત ફેલાવવાની કોશિશ કરી રહ્યાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે. આ વીડિયોમાં હિન્દુ જૂથનો એક સભ્ય એવું બોલતો દેખાય છે કે મુસ્લિમ મહિલાના હાથે મહેંદી મુકાવવી એ પાપ છે. કોઈ હિન્દુ મહિલાએ મુસ્લિમના હાથે મહેંદી મુકાવવી જોઈએ નહીં અને જો તમારે મહેંદી લગાડવી હોય તો તમારી પોતાની ધર્મની બહેનો કે ભાઈઓ પાસે મહેંદી મુકાવવી જોઈએ.

નજરે જોનારા લોકોએ કહ્યું હતું કે મુસ્લિમ મહિલાઓ બુરખા પહેરીને શાંતિથી પોતાનું કામ કરી રહી હતી ત્યારે ભગવા રંગના રૂમાલ વીંટેલા કેટલાક લોકોનું ટોળું આવી ચડ્યું હતું અને સૂત્રો પોકારવા લાગ્યા હતા અને મુસ્લિમ મહિલાઓને કામ કરતી અટકાવી દીધી હતી એટલે ગભરાઈ ગયેલી મુસ્લિમ મહિલાઓ તેમના મહેંદીના કોન વગેરે સાધનો લઈને ત્યાંથી જતી રહી હતી. ત્યારબાદ આ ટોળું અલગ અલગ સ્ટોલ પર ગયું હતું અને ગ્રાહકોને કહેવા લાગ્યા હતા કે મુસ્લિમ કલાકાર કે મહેંદી મુકનારના હાથે મહેંદી મુકાવવાની નથી અને અહીં યોજાતા ખાસ ઉત્સવમાં હાજરી આપી રહેલી હિંદુ મહિલાઓને પણ સંબોધીને આ ટોળકી કહેતી હતી કે આ તહેવાર આપણો છે અને તમારો હાથ તમે મુસ્લિમના હાથમાં આપો છો તો એ પાપ છે.

સ્થાનિક લોકો કહી રહ્યા છે કે પહેલીવાર જ આ પ્રકારની ઘટના આ વિસ્તારમાં બની છે અને અમે તો તમામ તહેવારો સાથે મળીને જ ઉજવ્યા છે. ઈદ ઉપર હિન્દુ પરિવારો મુસ્લિમોને શુભેચ્છાઓ આપે છે અને દિવાળી અથવા કરવા ચોથ ઉપર મુસ્લિમો હિન્દુ મહિલાઓ પાસે જઈને મહેંદી મૂકતી હોય છે અને એમાં કોઈને કશું ખોટું થતું હોય એવું લાગ્યું જ નથી એવું એક મહેંદી કલાકાર શબનમ કહે છે.

શબનમની આંખમાં એકાએક આંસુ ઉભરાઈ આવે છે અને કહે છે કે મારા પરિવારને મદદ કરવા માટે હું દર વર્ષે મહેંદી મૂકવાનું કામ કરું છું પણ એ લોકો અચાનક આવીને અમે જાણે ગુનેગારો હોઈએ એ રીતે અમારું કામ છીનવી લીધું છે અને મહેંદી એ તો એક કળા છે એ કોઈ ધર્મ નથી.

નિરીક્ષકો આ પદ્ધતિને મુસ્લિમોના આર્થિક બહિષ્કાર સમાન ગણાવી રહ્યા છે જેમાં મુસ્લિમોને એમની આજીવિકા અને રોજી રોટી કમાવવાથી પણ રોકવામાં આવી રહ્યા છે. રફીક એમ જ કહે છે કે ઈમાનદારીથી અને મહેનત કરીને મુસ્લિમો પોતાની રોજી કમાય તો એ પણ આ લોકોને પસંદ નથી અને એવું કરવા દેવા માંગતા નથી એ લોકોએ પહેલા લવ જેહાદના નારા લગાવ્યા અને હવે મહેંદી જેહાદના નામે મુસ્લિમો સામે નવું અભિયાન શરૂ કર્યું છે. તે કાલે કંઈક બીજું ઉપાડશે. ક્રાંતિ સેના તરીકે પોતાને ઓળખાવતા આ જૂથના સભ્યો બજારોમાં ફરી રહ્યા છે અને હિન્દુ મહિલાઓને મુસ્લિમ મહિલા આર્ટિસ્ટના હાથે મહેંદી ન મૂકાવવા માટે સમજાવી રહ્યા છે અને દબાણ કરી રહ્યા છે. માનવ અધિકાર સંગઠનોએ આ કામગીરીની જબરી ટીકા કરી છે અને કહ્યું છે કે મુસ્લિમોને સામાજિક અને આર્થિક રીતે વિખુટા પાડી દેવાની આ ચાલબાજી છે. ભારતમાં ભાઈચારાનું હવામાન છે તેને ઝેરી અને વિદુષિત બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે એવું મુઝફ્ફરનગરના સામાજિક કાર્યકર અંજલી શર્મા કહે છે.

અંજલી કહે છે કે મુસ્લિમ મહિલાઓ તેમની આજીવિકા માટે આ કામ કરી રહી છે ત્યારે તેમને અટકાવવું એ બિલકુલ ગેરબંધારણીય છે અને ક્રૂરતા સમાન છે.

સોશિયલ મીડિયામાં પણ હિન્દુ જૂથના કૃત્યની જબરદસ્ત ટીકા થઈ રહી છે અને અનેક લોકોએ લખ્યું છે કે આ તો હિન્દુસ્તાન છે અને દરેક લોકો એકબીજાના તહેવારો સાથે મળીને ઉજવણી કરે છે અને આનંદ કરે છે અને મહેંદીને નફરતનું પ્રતીક બનાવી દેવી એ તો અત્યંત શરમજનક છે.

એક યુઝરે લખ્યું છે કે પહેલા એ લોકોએ બે કોમ વચ્ચેના પ્રેમ પર હુમલા કર્યા છે અને હવે મહેંદી લગાડવામાં પણ એમને તકલીફ પડવા લાગી છે. આ બિલકુલ કોઈ ધાર્મિક વાત નથી. આ ધર્મ નથી પણ બિલકુલ ચોખે ચોખ્ખી નફરત અને રાગદ્વેષ છે.

મુઝફ્ફરનગરના કોમી રમખાણોની કડવી યાદો હજુ પણ મુસ્લિમોના મનમાં તાજી છે ત્યારે આ નવી ઘટનાએ તેમના મનમાં અ સુરક્ષાની ભાવના વધારી દીધી છે. એક મહેંદી આર્ટિસ્ટ નસરીન કહે છે કે અમે તો શાંતિથી આ કામ કરીએ છીએ અને ઈમાનદારી તથા શાંતિ સાથે કામ કરવા માંગીએ છીએ અને જો મહેદી લગાડવી એ પાપ હોય તો બીજું શું શું એ લોકો ઊભું કરશે?

સ્થાનિક આગેવાનોએ આ સંગઠનની પ્રવૃત્તિ સામે પગલાં લેવાની સત્તાવાળાને અપીલ કરી છે અને મુસ્લિમ કલાકારો તથા કારીગરો તથા મહેંદી મુકતા આર્ટિસ્ટનું રક્ષણ કરવા માટે સત્તાવાળાઓને અનુરોધ કર્યો છે. સ્થાનિક ધર્મગુરુ મૌલાના શાકીર કહે છે કે સામાજિક સંપ અને એકતા જે રહી સહી બાકી રહી છે તેનો પણ નાશ થતો અટકાવવો હોય તો પોલીસે તાત્કાલિક પગલાં લેવા જોઈએ..

હિન્દુ સંગઠનની આટલી ઉશ્કેરની સત્તા ઘણા બધા હિન્દુ નાગરિકોએ તેમના મુસ્લિમ પડોશીઓને જ ટેકો આપ્યો છે અને એમનું સમર્થન કર્યું છે. વિજયસિંગ નામના એક દુકાનદાર કહે છે કે મારી પત્ની હંમેશા મુસ્લિમ મહિલાઓના હાથે જ મહેંદી મુકાવે છે અને એ બધા અમારા પરિવાર જેવા છે. અમારે કોનો ભરોસો કરવો કે ન કરવો એ અન્ય લોકોએ અમને કહેવાનું નથી. આ કોઈ હિન્દુત્વ નથી પરંતુ ધર્મના નામે નફરત ફેલાવવાનું કામ છે. ડોક્ટર ફરાહ કુરેશી અને અન્ય આગેવાનોએ સમાજને શાંતિ અને એકતા બનાવી રાખવાન અપીલ કરી છે અને કહ્યું છે કે આપણી આ સદીઓ જૂની એકતાની પરંપરા છે અને એકબીજાના તહેવારો સાથે મળીને હિન્દુ અને મુસ્લિમો ઉજવતા રહ્યા છે ત્યારે એમને અલગ કરવાના અને જુદા પાડવાના આ પ્રયાસો ખતરનાક છે અને ભારત વિરોધી છે. મહેંદી જેહાદ જેવી વાતો ચગાવીને એક સાંસ્કૃતિક આદાન-પ્રદાનને પણ બે કોમ વચ્ચેના વિભાજનના હથિયાર તરીકે ઉપયોગમાં લેવાના આ પ્રયાસો નિંદાને પાત્ર બન્યા છે.

# અમેરિકન મુસ્લિમ સંગઠને મારિયા કોરિના મચાડોને નોબેલ શાંતિ પુરસ્કાર આપવાની નિંદા કરી

**તેણીના નામની જાહેરાત થયા પછી, મચાડોએ પોતાનો નોબેલ વિજય અન્ય લોકો ઉપરાંત, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સમર્પિત કર્યો હતો**

(એજન્સી) તા.૧૧

અમેરિકાના સૌથી મોટા મુસ્લિમ નાગરિક અધિકાર સંગઠન, કાઉન્સિલ ઓન અમેરિકન-ઈસ્લામિક રિલેશન્સ (CAIR)એ નોબેલ પુરસ્કાર સમિતિ દ્વારા વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને આ વર્ષનો શાંતિ પુરસ્કાર આપવાના "અવિવેકી નિર્ણય" લેવાની સખત નિંદા કરી છે.



માટે ન્યાય મેળવવા માટે નૈતિક સુસંગતતા દર્શાવી છે, જેમ કે વિદ્યાર્થીઓ, પત્રકારો, કાર્યકરો, તબીબી વ્યાવસાયિકોમાં, જેમણે આપણા સમયના ગુના: ગાઝામાં નરસંહારનો વિરોધ કરવા માટે પોતાની કારકિર્દી અને પોતાના જીવનને પણ જોખમમાં મૂક્યા છે.

આ વર્ષના શાંતિ પુરસ્કારના વિજેતા તરીકે તેમનું નામ જાહેર થયા પછી, માચાડોએ તેમનો

## CAIRએ કહ્યું છે કે, અમે શ્રીમતી મચાડોને લિકુડ પાર્ટી અને યુરોપમાં મુસ્લિમ વિરોધી ફાસીવાદ માટેનું તેમનું સમર્થન છોડી દેવા હાકલ કરીએ છીએ

CAIRએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, માચાડો, "ઈઝરાયેલની જાતિવાદી લિકુડ પાર્ટીના મુખ્ય સમર્થક છે અને આ વર્ષની શરૂઆતમાં તેમણે ગીર્ટ વાઈલ્ડર્સ અને મેરી લે પેન સહિત યુરોપિયન ફાસીવાદીઓના એક પરિષદમાં ભાષણ આપ્યું હતું, જેમાં ૧૫૦૦ના દાયકામાં સ્પેનિશ મુસ્લિમો અને યહૂદીઓના વંશીય હત્યાનો ઉલ્લેખ કરીને, નવી રેકોનક્વિસ્ટા માટે ખુલ્લેઆમ હાકલ કરી હતી." CAIRએ કહ્યું હતું કે, નોબેલ શાંતિ પુરસ્કાર એવા વ્યક્તિઓને મળવો જોઈએ જેમણે બહાદુરીથી બધા લોકો માટે ન્યાયની હિમાયત કરીને નૈતિક સુસંગતતા દર્શાવી છે, એવા લોકોને નહીં કે જે રાજકારણીઓ છે અને જેઓ વિદેશમાં જાતિવાદ, કટ્ટરતા અને ફાસીવાદને ટેકો આપતા પોતાના દેશમાં લોકશાહીની માંગ કરે છે.

CAIRએ કહ્યું છે કે, અમે શ્રીમતી માચાડોને લિકુડ પાર્ટી અને યુરોપમાં મુસ્લિમ વિરોધી ફાસીવાદ માટેનો તેમનું સમર્થન છોડી દેવા હાકલ કરીએ છીએ.

CAIRએ કહ્યું છે કે, "જો તેણી આમ કરવાનો ઈનકાર કરે છે, તો નોબેલ પુરસ્કાર સમિતિએ તેના નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ, જે તેની પોતાની પ્રતિષ્ઠાને નબળી પાડી રહ્યું છે. એક મુસ્લિમ વિરોધી કટ્ટરપંથી અને યુરોપિયન ફાસીવાદના સમર્થકનો ઉલ્લેખ ડૉ. માર્ટિન લ્યુથર કિંગ, જુનિયર અને નોબેલ શાંતિ પુરસ્કારના અન્ય લાયક વિજેતાઓ સાથે કરવામાં આવવો જોઈએ નહીં. નોબેલ શાંતિ પુરસ્કાર સમિતિએ એવા સન્માનિત વ્યક્તિને ઓળખ આપવી જોઈએ જેમણે બહાદુરીથી બધા લોકો નોબેલ વિજય અન્ય લોકો ઉપરાંત, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સમર્પિત કર્યો હતો. માચાડોએ તેના X (ટ્વિટર) હેન્ડલ પર લખ્યું હતું કે, વેનેઝુએલાના લોકોના સંઘર્ષની આ માન્યતા આપણા કાર્યને પૂર્ણ કરવા માટે એક પ્રોત્સાહન છે: સ્વતંત્રતા પર વિજય મેળવવો જોઈએ. હવે આપણે વિજયના ઉંબરે છીએ અને આજે, પહેલા કરતાં વધુ, આપણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ, યુનાઈટેડ સ્ટેટ્સના લોકો, લેટિન અમેરિકાના લોકો અને વિશ્વના લોકશાહી રાષ્ટ્રો પર સ્વતંત્રતા અને લોકશાહી પ્રાપ્ત કરવા માટે અમારા મુખ્ય સાથીઓ તરીકે વિશ્વાસ રાખીએ છીએ. હું આ પુરસ્કાર વેનેઝુએલાના પીડિત લોકોને અને અમારા હેતુને નિર્ણાયક સમર્થન આપવા બદલ રાષ્ટ્રપતિ ટ્રમ્પને સમર્પિત કરું છું!

# દિલ્હી યુનિવર્સિટીમાં હિન્દુત્વવાદી જૂથોએ પેલેસ્ટીનના સમર્થનમાં વિરોધ પ્રદર્શનમાં વિક્ષેપ પાડ્યો; પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓની અટકાયત

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

પેલેસ્ટીન એકતા માટે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને હિન્દુત્વવાદી જૂથો દ્વારા હિંસક રીતે વિક્ષેપિત કરવામાં આવ્યા અને ત્યારબાદ તેઓને ખોટા આરોપોનો સામનો કરવો પડ્યો છે, જેના કારણે ધાકધમકી, ઉત્પીડન અને પૂર્વગ્રહયુક્ત પોલીસ કાર્યવાહીનો એક ભયાનક ઉદાહરણ સામે આવ્યું છે. ગુરૂવારે, દિલ્હી યુનિવર્સિટીમાં ફ્રેટરનિટી મૂવમેન્ટ અને અનેક વિદ્યાર્થી સંગઠનો દ્વારા આયોજિત રેલીને હિન્દુત્વવાદી જૂથો દ્વારા હિંસક રીતે વિક્ષેપિત કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે કથિત રીતે મહિલાઓ સહિત અનેક વિદ્યાર્થીઓને માર માર્યો, મારપીટ કરી અને અટકાયતમાં લીધા ત્યારે વિરોધીઓની મુશ્કેલીઓ વધી ગઈ હતી. પ્રતિષ્ઠિત દિલ્હી યુનિવર્સિટીમાં બનેલી આ ઘટના હૈદરાબાદમાં અંગ્રેજી અને વિદેશી ભાષા યુનિવર્સિટી (EFLU)ના વિદ્યાર્થીઓ પર અખિલ ભારતીય વિદ્યાર્થિ પરિષદ (ABVP) અને રાજ્ય પોલીસ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા "ક્રૂર હુમલા"ને દર્શાવે છે. વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં એક કાર્યક્રમમાં પેલેસ્ટીની લોકો સાથે એકતા વ્યક્ત કરી રહ્યા હતા. દિલ્હી યુનિવર્સિટીમાં, ફ્રેટરનિટી મૂવમેન્ટે જણાવ્યું હતું કે ટોળાએ પેલેસ્ટીની ધ્વજ ફરકાવવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને વિદ્યાર્થીઓને ડરાવવા માટે ઈસ્લામોફોબિક સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. વિરોધ શરૂ થાય તે પહેલાં જ, જિંગોઈસ્ટિક રાષ્ટ્રવાદી ટોળાના એક જૂથે શાંતિપૂર્ણ વિરોધ પર હુમલો કર્યો, જૂથે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓએ પેલેસ્ટિનિયન ધ્વજ સામે વાંધો ઉઠાવ્યો અને નફરતના સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. તે પછી હિંસા ટૂંક સમયમાં શરૂ થઈ. વિરોધીઓએ જણાવ્યું હતું કે મહિલા સહભાગીઓ સાથે મારપીટ કરવામાં આવી હતી, અને ભીડ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેમાં ઘણા ઘાયલ થયા હતા. ફ્રેટર્નિટી મૂવમેન્ટે આરોપ લગાવ્યો હતો કે વિરોધકર્તાઓની સલામતી સુનિશ્ચિત કરવાને બદલે, દિલ્હી પોલીસે મહિલા

## દિલ્હી પોલીસ દ્વારા મહિલા વિદ્યાર્થીઓ સહિત અનેક પ્રદર્શનકારીઓને માર મારવામાં આવ્યો અને અટકાયતમાં લેવામાં આવ્યા છે

અધિકારીઓની હાજરી વિના મહિલા સહભાગીઓ સહિત વિદ્યાર્થીઓ સામે બળનો ઉપયોગ કર્યો હતો. વિરોધકર્તાઓને ખેંચીને માર મારવામાં આવ્યો હતો અને ઘણાને અન્યાયી રીતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આં જૂથે કહ્યું કે આ ઘટના આ દેશની સંસ્થાઓમાં રહેલી અસહિષ્ણુતા અને ઈસ્લામોફોબિયાને પ્રતિબિંબિત કરે છે અને અમે પેલેસ્ટીની પ્રતિકાર અને સત્તા સમક્ષ સત્ય બોલવાની હિંમત કરનારા દરેક વિદ્યાર્થી



સાથે અડગ રીતે સાથે છીએ." દિલ્હી યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન (SIO) એ આં હિંસા અને અટકાયતની નિંદા કરી છે, જેમાં ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થિ પરિષદ (ABVP) અને દિલ્હી પોલીસ પર કોઈ ઉશ્કેરણી વિના હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. પેલેસ્ટાઈનના લોકો સાથે એકતા દર્શાવવા માટે આર્ટ્સ ફેકલ્ટીથી સંયુક્ત વિરોધ પ્રદર્શન શરૂ થવાનું હતું. આં માર્ચ શરૂ થાય તે પહેલાં, ABVPના કાર્યકરોએ દિલ્હી પોલીસ સાથે મળીને મધર ડેરી પાસે વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો, 'જય શ્રી રામ' અને અન્ય ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કર્યા હતા. ઘણા વિદ્યાર્થીઓ પર શારીરિક હુમલો કરવામાં આવ્યો હતો અને ઓછામાં ઓછા આઠ વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી હતી. સુરક્ષા સુનિશ્ચિત કરવાને બદલે, પોલીસે હુમલાખોરોનો સાથ આપ્યો, શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને નિશાન બનાવ્યા અને તેમના અસંમતિના અધિકારને દબાવ્યો છે. આ ઘટનાને "લોકશાહી મૂલ્યો અને કેમ્પસ સ્વતંત્રતા પર ગંભીર હુમલો" ગણાવતા, જૂથે અટકાયતમાં લેવાયેલા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક મુક્ત કરવાની અને જવાબદારો પાસેથી જવાબદારી લેવાની માંગ કરી છે. જૂથે પેલેસ્ટીનના લોકો સાથે ઊભા રહેવાની અને યુનિવર્સિટીમાં વિરોધ કરવાના લોકશાહી અધિકારનો બચાવ કરવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. હૈદરાબાદ અને નવી દિલ્હીમાં બનેલી ઘટનાઓ વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા શાંતિપૂર્ણ વિરોધ કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરવામાં આવતા પડકારોને ઉજાગર કરે છે.

# અખિલેશ યાદવનું સત્તાવાર ફેસબુક પેજ ૧૬ કલાક માટે રહસ્યમય રીતે નિષ્ક્રિય થયું, સમાજવાદી પાર્ટીએ તેને "ભાજપનું કાવતરું" ગણાવ્યું

(એજન્સી) તા.૧૧

ઉત્તર પ્રદેશના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બનેલા ડિજિટલ વિવાદમાં, સમાજવાદી પાર્ટી (એસપી)ના વડા અખિલેશ યાદવનું સત્તાવાર ફેસબુક પેજ - (જે તેમના જાહેર સંપર્ક માટેનું એક મુખ્ય માધ્યમ છે) - તે લગભગ ૧૬ કલાક માટે રહસ્યમય રીતે નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું. આ ઘટનાને સપાએ "ભાજપનું કાવતરું" ગણાવ્યું હતું, તેણે રાજકીય હસ્તક્ષેપ અને ઓનલાઈન સેન્સરશીપ પર પ્રશ્નો કર્યા છે. પાર્ટીના અધિકારીઓના જણાવ્યા મુજબ, યાદવનું પેજ શુક્રવારે સાંજે મેટા તરફથી કોઈ પૂર્વ ચેતવણી કે સમજૂતી વિના અચાનક ઓફલાઈન થઈ ગયું. શરૂઆતમાં, પાર્ટીના કાર્યકરોએ તેને નિયમિત ટેકનિકલ ખામી ગણાવી હતી, પરંતુ ફેસબુક તરફથી કોઈ જવાબ ના આવતા, શંકાઓ વધુ ઘેરી બની. જ્યારે પેજ આખરે ફરી સક્રિય થયું, ત્યારે અખિલેશ યાદવે લોકનાયક જયપ્રકાશ નારાયણને ટાંકીને એક કરુણ પોસ્ટ સાથે મૌન તોડ્યું: "'સંપૂર્ણ ક્રાંતિ' દ્વારા, મારો અર્થ સમાજના સૌથી વધુ પીડિત લોકોને સત્તાના શિખર પર જોવાનો છે." આ અવતરણને સપા સમર્થકો દ્વારા અસંમતિ વ્યક્ત કરનારા અવાજોને દબાવવાના કથિત પ્રયાસો સામે અવજ્ઞા અને સ્થિતિસ્થાપકતાના ગુપ્ત સંદેશ તરીકે અર્થઘટન કરવામાં આવ્યું હતું. જો કે યાદવે કોઈ પર સીધો



**સમાજવાદી પાર્ટીના વડાનો આરોપ છે કે ૨૦૨૧ આઈટી નિયમો સંપર્ક પ્રણાલીનો ઉપયોગ રાજકીય વ્યક્તિઓને નિશાન બનાવવા માટે થઈ શકે છે**

આરોપ લગાવવાનું ટાળ્યું હતું, પણ સપાના પ્રવક્તા ડૉ. આશુતોષ વર્માએ આ સસ્પેન્શનની ઔપચારિક તપાસની માંગ કરી છે. વર્માએ જણાવ્યું હતું કે, તપાસ દ્વારા નક્કી કરવું જોઈએ કે આ ટેકનિકલ ખામી હતી કે રાજકીય હસ્તક્ષેપ હતો. તેમના વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા હેન્ડલ્સ સક્રિય રહ્યા, તેથી તે વિચિત્ર છે કે ફક્ત તેમના ફેસબુક પેજને જ અસર થઈ છે. તે વિપક્ષી અવાજોને દબાવવા માટે ભાજપની ડિજિટલ વ્યૂહરચનાનો ભાગ હોઈ શકે છે. તેમણે આરોપ લગાવ્યો કે ૨૦૨૧ના આઈટી નિયમો હેઠળ સ્થાપિત સોશિયલ મીડિયા કંપનીઓ સાથે સરકારની સંપર્ક વ્યવસ્થાનો રાજકીય વ્યક્તિઓને નિશાન બનાવવા માટે દુરુપયોગ થઈ શકે છે. તે સંપર્ક અધિકારીઓ સરકાર અને ફેસબુક જેવા પ્લેટફોર્મ વચ્ચે સેતુ તરીકે કામ કરે છે. નેતાઓને અસ્થાયી રૂપે ચૂપ કરવા માટે આવી ઍક્સેસનો સરળતાથી ઉપયોગ કરી શકાય છે. ભાજપ લાંબા સમયથી સોશિયલ મીડિયાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે કારણ કે તે સોશિયલ મીડિયા એવા થોડા સ્થળોમાંનું એક છે જ્યાં અભિવ્યક્તિની સ્વતંત્રતા હજુ પણ છે. ૮ મિલિયનથી વધુ ફોલોઅર્સ સાથે, યાદવનું ફેસબુક પેજ સમાજવાદી પાર્ટી માટે એક મહત્વપૂર્ણ સંચાર કેન્દ્ર તરીકે સેવા આપે છે - તેમાં જાહેરાતો, રેલી અપડેટ્સ અને રાજકીય નિવેદનોનો પ્રસાર થાય છે. તેના અચાનક નિષ્ક્રિય થવાથી, થોડા સમય માટે પણ, પાર્ટીના ડિજિટલ કામગીરીમાં વિક્ષેપ પડ્યો અને સમર્થકોમાં અસ્વસ્થતા ઊભી ગઈ હતી. ફેસબુકે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, ત્યારે પાર્ટીના નજીકના સૂત્રોએ સંકેત આપ્યો છે કે પેજ સામે ફરિયાદથી સ્વચાલિત મધ્યસ્થતા પ્રતિભાવ શરૂ થયો હશે. અન્ય લોકો કહે છે કે તે એક કામચલાઉ અલ્ગોરિધમિક ભૂલ હતી. કારણ ગમે તે હોય, આ ઘટના ભારતના ડિજિટલ લોકશાહીમાં રાજકારણ અને પ્લેટફોર્મ પાવરના વધતા જતા હસ્તક્ષેપને દર્શાવે છે.

# વેકેશનમાં નવનિયુક્ત શિક્ષકોની તાલીમના આયોજનથી મુશ્કેલીના પગલે રજૂઆત

### શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણમંત્રીને તાલીમ તબક્કાવાર યોજવા માટે માગણી કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજયમાં નવનિયુક્ત શિક્ષકોની તાલીમ સત્રની શરૂઆતમાં જાણ કરી ગોઠવવા તથા વર્તમાન ટ્રેનિંગની તારીખ બદલવા માટે શૈક્ષિક સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. હાલમાં જે તાલીમ ગોઠવવામાં આવી છે તે દિવાળી વેકેશન દરમિયાન ગોઠવવામાં આવી હોવાથી શિક્ષકોને મુશ્કેલી પડે તેમ હોવાનું જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં પરિપત્ર કરીને નવનિયુક્ત શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ યોજવા માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ તાલીમ કાર્યક્રમ દિવાળી વેકેશનના પુર્ણાંતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. શિક્ષણની ગુણવત્તામાં વધારો અને નવા શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત માર્ગદર્શન આપવા માટે આ તાલીમ મહત્ત્વપૂર્ણ છે. જો કે, વર્તમાનમાં તાલીમના જાહેર કરાયેલા દિવસો દિવાળી વેકેશન દરમ્યાન આવતાં હોવાથી દિવાળી દરમિયાન મોટાભાગના શિક્ષકો પોતાના વતન ખાતે હોય છે. આ ઉપરાંત આ ટ્રેનિંગની અગાઉથી જાણ કરી ન હોવાથી ઘણા શિક્ષણ સહાયક દ્વારા અગાઉથી સામાજિક પ્રસંગો તેમજ અન્ય સ્થાને જવાના બુકિંગ કરાવી એડવાન્સ પૈસા ભરી દેવામાં આવ્યા છે. આમ, શિક્ષકોએ અગાઉથી જ દિવાળી વેકેશનની તૈયારીઓ કરી લીધી હોવાથી શૈક્ષિક મહસંઘ દ્વારા રાજયના શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, તાલીમ કાર્યક્રમ દિવાળી વેકેશન પૂર્ણ થવાના છેલ્લા પાંચ દિવસ દરમ્યાન યોજવામાં આવે તેમાં પણ જેનું એડવાન્સ બુકિંગ સામાજિક, ધાર્મિક કે અન્ય કારણસર તેઓને આ તાલીમ ફરજિયાત લેવામાંથી છૂટ આપી દ્વિતીય સત્રમાં વારાફરતી આ ટ્રેઈનિંગનો વિકલ્પ આપવામાં આવે જેથી શાળાનું શૈક્ષણિક કાર્ય અવિરત થઈ શકે. તાલીમ જિલ્લા અથવા તાલુકા સ્તરે યોજાય તો વધુ સુવિધાજનક સાબિત થશે. શિક્ષકો તાલીમમાં ભાગ લેવા ઉત્સુક છે, તેથી આ બાબતો પર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને શિક્ષક હિતમાં સાનુકૂળ નિર્ણય લેવામાં આવે તેવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા માગણી કરવામાં આવી છે.

# બહુ મોટા અભરખાથી બનાવાયેલું ગાંધીનગરનું 'ગિફ્ટ સિટી' રાત પડતા ખાલીખમ-ભેંકાર થઈ જાય છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) સિંગાપોર અને દુબઈ જેવા વૈશ્વિક નાણાકીય કેન્દ્રોને ટક્કર આપવાની યોજના સાથે બનાવવામાં આવ્યું હતું. ગગનચુંબી ઈમારતોનું આ શહેર મોટી અપેક્ષાઓ અને આર્થિક સંભાવનાઓ સાથે બનાવવામાં આવ્યું હતું, પરંતુ હાલ વાસ્તવિકતા અલગ છે.

જે ભવ્યતા અને ધમાલ સાથે તે ચમકવું જોઈતું હતું તેને બદલે રોનક જ ગાયબ થઈ ગઈ છે.

અહીંના ભવ્ય ટાવર અને પહોળા રસ્તાઓ હજુ પણ ખાલી દેખાય છે. સૌથી મોટી ચિંતા એ છે કે "વોક ટુ વર્ક" ના સ્વપ્ન સાથે બાંધવામાં આવેલા શહેરની રહેણાંક ઈમારતો ઘરો ખરીદવા તૈયાર નથી. લોકો કામ માટે આવે છે, પણ રોકાતા નથી. ભારતના ડ્રીમ પ્રોજેક્ટને તેની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચતા શું રોકી રહ્યું છે ? કારણો ફક્ત કર પ્રોત્સાહનો પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે મૂળભૂત



કાર્યબળ અને જીવનશૈલીના પડકારો સાથે ઝઝૂમી રહ્યું છે.

GIFT સિટીમાં ખાલી મકાનોની સંખ્યા ચિંતાજનક છે, જે રહેણાંક વિકાસને મર્યાદિત કરે છે. તાજેતરના રિયલ એસ્ટેટ અહેવાલો અનુસાર, જુલાઈ ૨૦૨૫ સુધીમાં GIFT સિટીમાં કુલ રહેણાંક પુરવઠો ૩,૧૯૮ યુનિટ હતો, જેમાંથી આશરે ૨,૧૦૦ યુનિટ વેચાયા વિના રહ્યા. ઘરો ન વેચાવાનું મુખ્ય કારણ કિંમત છે. GIFT સિટીમાં ડેવલપર્સ સીધી જમીન ખરીદતા નથી, પરંતુ ડેવલપમેન્ટ રાઈટ્સ માટે બોલી લગાવે છે. ભવિષ્યની માંગની અપેક્ષા રાખીને, ડેવલપર્સે એટલી વધારે બોલી લગાવી છે કે રહેણાંક જમીનની કિંમત લગભગ બમણી થઈ ગઈ છે. જમીનની ઊંચી કિંમત ખરીદદારોને સીધી અસર કરે છે, જેના કારણે અમદાવાદ અને આસપાસના વિસ્તારો કરતાં એપાર્ટમેન્ટના ભાવ ઘણા વધારે છે, જેના કારણે સરેરાશ કામ કરતા કર્મચારીઓને તે પોષાય એમ નથી.

PwC ઈન્ડિયાના તાજેતરના અભ્યાસ મુજબ, અહીંના કર્મચારીઓ ઝડપથી નોકરી છોડી દે છે, એટલે કે નોકરીનો ટર્નઓવર રેટ ઊંચો છે. કર્મચારીઓ સારા પગાર અને જીવનશૈલી માટે મુંબઈ, બેંગ્લોર અથવા દિલ્હી જેવા સ્થાપિત મહાનગરોમાં જવાનું પસંદ કરે છે.

અહીંના કામદારોને અન્ય મોટા શહેરોની સરખામણીમાં ઓછો પગાર મળે છે.

આંતરરાષ્ટ્રીય નાણાંકીય કેન્દ્રમાં જે સામાજિક અને મનોરંજન સુવિધાઓ (જેમ કે પ્રીમિયમ રેસ્ટોરન્ટ, મોલ, સિનેમા અને સક્રિય નાઈટલાઈફ) હોવી જોઈએ તેનો અહીં અભાવ છે. કર્મચારીઓને હજુ પણ સારી જીવનશૈલી માટે અમદાવાદ આવવું પડે છે.

પરિણામે, GIFT સિટીમાં કામ કરતા ઘણા લોકો અમદાવાદમાં રહેવાનું અને દરરોજ લાંબા અંતરની મુસાફરી કરવાનું પસંદ કરે છે. આના કારણે GIFT સિટી રાત્રે ખાલી પડી જાય છે, જેના કારણે મકાનોની માંગ ખરીદી સુધી નહીં. અહીંના મકાનો માત્ર ભાડા સુધી મર્યાદિત રહી ગયા છે.

GIFT સિટીનો વિચાર લગભગ બે દાયકા પહેલા, ૨૦૦૭માં જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આવ્યો હતો. આજે, Google, IBM અને SBI જેવી મોટી કંપનીઓએ અહીં તેમની વૈશ્વિક ઓફિસો ખોલી છે, અને તે પહેલાથી જ ૩૦,૦૦૦ લોકોને રોજગારી આપી ચૂકી છે. તે એક સંપૂર્ણ શહેરની જેમ ઝોનવાર ડિઝાઈન કરવામાં આવ્યું છે.

વાણિજ્યિક અને નાણાકીય ક્ષેત્રઃ બેંકો, આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો, વીમા કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓ અહીં કાર્યરત છે, જેઓ ખાસ કર પ્રોત્સાહનો મેળવે છે.

રહેણાંક ક્ષેત્રઃ કર્મચારીઓને સમાવવા માટે અહીં હાઈ-રાઈઝ ટાવર બનાવવામાં આવી રહ્યા છે.

સામાજિક ક્ષેત્રઃ આમાં શાળાઓ, હોસ્પિટલો, હોટલ અને છૂટક સેવાઓનો સમાવેશ થાય છે.

ગિફ્ટ સિટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રભાવશાળી છે, પરંતુ જ્યાં સુધી તે એક જીવંત અને સંપૂર્ણ શહેર ન બને ત્યાં સુધી, તેને ખાલી માસ્ટરપીસ રહેવાના પડકારનો સામનો કરવો પડશે.

# આગામી દસકામાં સરકારી નોકરીઓમાં ઓછી ભરતી થશે : કેલેન્ડર જાહેર

અમદાવાદ, તા.૧૧

૩૦ સપ્ટેમ્બરે સરકારે ૧૬ વિભાગનું ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર બહાર પાડ્યું છે, તેણે સરકારી નોકરીની આશા રાખતા ગુજરાતના અસંખ્યા યુવાનોમાં ચિંતાનો માહોલ ઊભો કરી દીધો છે. ઊંડાણથી એનાલિસિસ કરતાં આ ભરતી કેલેન્ડરનો એવો અર્થ નીકળે છે કે આવનારાં આઠ વર્ષમાં નવી સરકારી નોકરીની જગ્યાઓ ઓછી રહેશે. આવનારાં આઠ વર્ષમાં ૧.૮૨ લાખ જગ્યા પર ભરતી થવાની છે, જ્યારે એક અંદાજ મુજબ ગુજરાત રાજ્યમાં લગભગ ૩ લાખ ૪૬ હજાર ૪૩૬ શિક્ષિત યુવાનો બેરોજગાર છે. આના પરથી જ ખબર પડી જાય છે કે ભરતીમાં કેવી કોમ્પિટિશન છે. બીજી તરફ હાલમાં ગુજરાતમાં સરકારી કર્મચારીઓની નિવૃત્તિ વય ૫૮ વર્ષની છે. કર્મચારી સંઘો આ ઉંમર વધારીને ૬૦ વર્ષ કરવાની સતત માગ કરી રહ્યા છે. જો સરકાર આ નિર્ણય લે છે તો જે કર્મચારીઓ આવનારાં બે વર્ષમાં રિટાયર્ડ થવાના હતા તેમની સર્વિસ ચાલુ રહેશે, જેના લીધે સરકારી ભરતીની જગ્યામાં લગભગ બે વર્ષ સુધી નવી જગ્યા ઊભી થવાનું અટકી જશે અને નવી ભરતી પર કામચલાઉ બ્રેક લાગી શકે છે. રિટાયરમેન્ટ એજની આ અનસર્ટેઈનિટીના લીધે જ સરકારી વિભાગો માટે લાંબા ગાળાનું ભરતી આયોજન કરવું મુશ્કેલ બન્યું છે, જે ભરતી જાહેરાતોમાં વિલંબનું મુખ્ય કારણ હોઈ શકે છે.

**રાજ્ય સરકારના ૧૬ વિભાગોમાં આગામી દસ વર્ષમાં થનારી ભરતી**

| વિભાગ થનારી | ભરતી |
|---|---|
| પંચાયત વિભાગ | ૧૫,૪૧૩ |
| શિક્ષણ વિભાગ | ૯૪,૩૫૩ |
| વન પર્યાવરણ | ૨,૨૫૭ |
| કાયદા વિભાગ | ૨૭૮ |
| અન્ન નાગરિક પુરવઠા | ૭૭૮ |
| ખાણ-ખનિજ વિભાગ | ૬૮૪ |
| આદિજાતિ વિકાસ | ૭૪૩ |
| મહિલા બાળ કલ્યાણ | ૧૪૨ |
| શહેરી વિકાસ વિભાગ | ૩૭૮ |
| મહેસૂલ વિભાગ | ૪,૨૨૪ |
| માર્ગ અને મકાન | ૨,૩૬૬ |
| કૃષિ સહકાર અને મત્સ્ય ઉદ્યોગ | ૪૧૨ |
| ગૃહ વિભાગ | ૪૩,૩૪૯ |
| રમતગમત વિભાગ | ૯૫૬ |
| સામાન્ય વહીવટી વિભાગ | ૧,૩૨૦ |
| આરોગ્ય વિભાગ | ૧૩,૩૧૬ |
| સામાજિક ન્યાય અધિકારિતા | ૧,૨૭૯ |

# સુરતમાં મામાએ ભાણેજના ૭ ટુકડા કરી ખાડીમાં ફેંકી દીધા

### હથોડીથી હત્યા કરી છરાથી ટુકડા કરી એક્ટિવા પર બે ફેરામાં ખાડીમાં ફેંક્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૧

સુરતના ભાઠેનામાં ભાણેજ મોહમ્મદ આમિર આલમની તેના જ મામા મોહમ્મદ ઈફ્તિખાર વાજીદ અલીએ નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા બાદ ગુનાને છુપાવવા માટે આરોપી મામાએ લાશના ૭ ટુકડા કરી ખાડીમાં નાખી દીધા હતા, પરંતુ એનો ભેદ હત્યા કરનાર મામાએ જ ગુરૂવારે રાત્રે ગુમ થયાની ખોટી ફરિયાદ નોંધાવ્યા બાદ ખૂલ્યો હતો. હાલ આરોપી મામા ભાણિયાના સાત ટુકડા કરી તેને કોથળામાં પેક કરીને મોપેડમાં નાખીને જતો હોવાના CCTV પણ સામે આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, મૃતક મોહમ્મદ આમિર આલમ અને હત્યારો મામો મોહમ્મદ ઈફ્તિખાર વાજીદ અલી બંને મૂળ બિહારના કટિહારના રહેવાસી છે. ભાઠેનામાં શિવશક્તિનગરમાં ભાડાના ફ્લેટમાં સાથે રહેતા હતા. મામા-ભાણેજ ઉધના રોડ નંબર ૮ પર ૩૦ સિલાઈ મશીન ભાડે ચલાવતા હતા. ઘણા સમયથી ભાણેજ હિસાબ કરી નફો બતાવતો હતો, પણ રોકડ મામાને આપતો નહોતો, જેથી હિસાબોને લઈ બંને વચ્ચે ઝઘડાઓ શરૂ થયા હતા. થોડા સમય પહેલાં બંનેએ છૂટા પડવાનું નક્કી કર્યું હતું. ગત રવિવારની સાંજે ખાતા પર જમ્યા બાદ તેઓ ફ્લેટ પર ગયા બાદ મામાએ હત્યાનો ખેલ કર્યો હતો. બાદમાં પોલીસે લાલ આંખ બતાવતાં મામાએ હત્યા કરી લાશ ખાડીમાં ફેંકી દીધાની કબૂલાત કરી હતી. ઉધના પોલીસે હત્યામાં વપરાયેલા હથોડી અને ચાકુ સહિતના પુરાવાઓ જપ્ત કરવા તથા ખાડીમાં ફેંકાયેલા મૃતદેહના ટુકડાઓ ફાયર વિભાગના અધિકારીઓની મદદથી શોધવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

પૈસાની આ લેતી-દેતી અંગે મામા-ભાણેજ વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા. મામા ઈફ્તિખાર વારંવાર પૈસા માગતાં ભાણેજે હિસાબ આપવાની ના પાડી દીધી હતી, જેથી મામાએ સંજયનગર પાસે ખાતું ભાડે રાખી લીધું હતું અને પોતાના ભાગના ૩૦માંથી ૧૫ મશીન આપી દેવા ભાણજને કહેતાં તેણે ના પાડી દેતાં હત્યાનો એક મહિના પહેલાં જ પ્લાન બનાવ્યો હતો. ઉધના પોલીસ ઈન્સ્પેક્ટર શૈલેશ દેસાઈના જણાવ્યા મુજબ, જ્યારે ભાણેજ આમિર પોતાના રૂમમાં ઊંઘમાં હતો ત્યારે ઈફ્તિખારે વજનદાર હથોડી વડે તેના માથામાં ગંભીર ઘા મારીને તેની નિર્મમ હત્યા કરી નાખી હતી.

આરોપી મામા અને ભાણેજ ભાઠેનાના એક ફ્લેટમાં સાથે રહેતા હતા. જ્યારે અન્ય તેના ભાઈ અને કારીગરો ખાતા પર રહેતા હતા. અવારનવાર હિસાબોના ઝઘડાને લઈ ભાણેજની હત્યા કરવાનો પ્લાન મામાએ મનોમન બનાવી લીધો હતો. હત્યા કઈ રીતે કરવી ? પુરાવા કઈ રીતે નાશ કરવા ? અને જો પકડાઈ જવાઈ તો કેટલી સજા થાય એની જાણકારી તેણે યુટ્યૂબ પરથી મેળવી હતી. છેલ્લા એક મહિનામાં તેણે ૨૦ વખત આ અલગ અલગ માહિતી મેળવી હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી. આરોપીએ મર્ડરનું પ્લાનિંગ કર્યા બાદ ઉધનાની દુકાનમાં નવું ખાતું શરૂ કરવાનું કહી ત્યાંથી છરો અને હથોડી ખરીદ્યાં હતાં. હથોડી વડે હત્યા કર્યા બાદ છરા વડે લાશના ૭ ટુકડા કર્યા હતા. બાદમાં સોમવારની રાત્રે એક્ટિવા પર બે ફેરામાં મીઠી ખાડીમાં લાશના ટુકડાઓ બોરીમાં ભરી નાખી દીધા હતા. બાદમાં આખું ઘર સાફ કરી બીજા દિવસે ખરીદેલો હથોડો અને છરી ફરી એ જ દુકાનમાં ખાતું ચાલુ નહીં કરવાનું કહી અડધી કિંમતે વેચી આવી પુરાવાનો નાશ કરી દીધો હતો.

# મુખ્ય શિક્ષક બનવા પરીક્ષા આપનારાઓ પૈકી માત્ર ૩૩ દિવ્યાંગ ઉમેદવારો જ પાસ થવામાં સફળ

### રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓની ખાસ ભરતી માટેની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રવિવારે દિવ્યાંગ વ્યક્તિતઓની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત લેવામાં આવેલી મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીનું પરિણામ જાહેર કરાયું છે. પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી નોંધાયેલી ૪૨૯ ઉમેદવારો પૈકી ૩૧૬ ઉમેદવારો પરીક્ષામાં હાજર રહ્યા હતા. જેમાંથી જાહેર કરાયેલા પરિણામમાં માત્ર ૩૩ ઉમેદવારો જ પાસ થવામાં સફળ રહ્યા છે. પરીક્ષામાં ૫૫ ટકા લાવનારા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડી પ્રાથમિક શાળાઓમાં સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની લાયકાત ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મગાવવામાં આવી હતી. અરજીઓ મળ્યા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૧ સપ્ટેમ્બરના રોજ પરીક્ષા લેવામાં આવી હતી.

આ પરીક્ષા બપોરના ૧ વાગ્યાથી ૩ વાગ્યા દરમિયાન લેવામાં આવી હતી. જેમાં અમદાવાદ શહેરમાં ૨ પરીક્ષા કેન્દ્રો પર ૨૦૧ ઉમેદવારો નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૧૪૯ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૫૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. જ્યારે રાજકોટમાં પરીક્ષા માટે નોંધાયેલા ૧૧૬ ઉમેદવારો પૈકી પરીક્ષા વખતે ૮૬ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૩૦ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. સુરતમાં ૪૮ ઉમેદવારો નોંધાયા હતા અને ૩૬ ઉમેદવારો હાજર અને ૧૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. જ્યારે વડોદરામાં નોંધાયેલા ૬૪ ઉમેદવારો પૈકી ૪૫ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૧૯ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

પરીક્ષા પૂર્ણ થયા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આન્સર કી જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ હવે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૫૫ ટકા એટલે કે ૮૨ કરતા વધુ ગુણ લાવનારા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પરીક્ષામાં હાજર રહેલા ૩૧૬ ઉમેદવારો પૈકી માત્ર ૩૩ ઉમેદવારો જ પાસ થઈ શક્યા હતા. પરિણામમાં ૫ ઉમેદવારો ૦થી લઈને ૩૯ ગુણ લાવી શક્યા હતા. જ્યારે ૧૧૬ ઉમેદવારોને ૪૦થી ૫૯ ગુણ મળ્યા હતા. ૧૬૨ ઉમેદવરોને ૬૦થી ૮૧ ગુણ મળ્યા હતા. જ્યારે ૩૩ ઉમેદવારોને ૮૨થી ૧૦૦ ગુણ મળ્યા હતા. જો કે, ૧૦૦ કરતા વધુ ગુણ મેળવવામાં એક પણ ઉમેદવાર સફળ રહ્યો ન હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર પ્રથમના ભાવને ઉજાગર કરતી 'મેરા દેશ પહલે'ની ગિફ્ટ સિટીમાં પ્રસ્તુતિ

### ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ વડાપ્રધાનની જીવન યાત્રાના અનેક પાસાઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી

તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો. નરેન્દ્ર મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું. નરેન્દ્ર મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમજ વડાપ્રધાન તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દૃશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. લેખક અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટસીટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું.

### પહેલા હાયર પોસ્ટનું પરિણામ બહાર પાડો, પછી લોઅર પોસ્ટનું

# પોલીસમાં જુદી જુદી ભરતીને બદલે એક સાથે કરવા હાઈકોર્ટનું સૂચન

### આગામી સમયમાં કોન્સ્ટેબલ અને જેલ સિપાહીની ભરતીમાં આ પ્રકારે પરીક્ષા યોજાઈ શકે છે

અમદાવાદ, તા.૧૧

પોલીસ બેડામાં ખાલી જગ્યાઓ મુદ્દે ચાલી રહેલી સુનાવણીમાં સરકારી વકીલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે હાલ પોલીસ ભરતીના પ્રથમ તબક્કામાં સીધી ભરતી પ્રક્રિયામાં PSI ભરતીની ૫૦ હજાર ઉત્તરવહી તપાસાઈ રહી છે, જેનું સિલેક્શન લિસ્ટ નવેમ્બર મહિના જાહેર થશે. હાઈકોર્ટે સરકારી વકીલને સૂચન કર્યું હતું કે સમાન હોદ્દા પર જુદીજુદી ભરતી કરવાની જગ્યાએ એક સાથે ભરતી પ્રક્રિયા કરવી જોઈએ, જેથી સમય બગડે નહીં અને ખાલી પોસ્ટ જલ્દી ભરાય.આગામી સમયમાં કોન્સ્ટેબલ અને જેલ સિપાહીની ભરતીમાં આ પ્રકારે પરીક્ષા યોજાઈ શકે છે. જેલ સિપાહી માટે કેટલીક લાયકાત અલગ હોય છે. પરંતુ પરીક્ષામાં પ્રાધાન્ય આપીને કોમન ભરતી યોજી શકાય છે. આ સાથે જ આગામી સમયમાં બીજા તબક્કાની ભરતી પ્રક્રિયા શરૂ કરવા જાહેરાત આપવામાં આવશે. કોર્ટ મિત્રે કહ્યું હતું કે વર્તમાન ભરતી પ્રક્રિયામાં PSI અને કોન્સ્ટેબલની ભરતી સાથે કરવામાં આવી હતી. જેમાં કોન્સ્ટેબલનું સિલેક્ટ લિસ્ટ ઓક્ટોબર ૨૦૨૫માં બહાર પાડ્યું છે. જ્યારે PSIનું સિલેક્ટ લિસ્ટ નવેમ્બર ૨૦૨૫માં બહાર પાડવામાં આવશે.હાઈકોર્ટે ટકોર કરી હતી કે પહેલા હાયર પોસ્ટનું પરિણામ બહાર પાડો, પછી લોઅર પોસ્ટનું પરિણામ જાહેર કરવું જોઈએ. લોઅર પોસ્ટમાં સિલેક્ટ થયા બાદ જો ઉમેદવાર હાયર પોસ્ટમાં પણ સિલેક્ટ થાય તો લોઅર પોસ્ટમાં જગ્યાઓ ખાલી પડે છે. પરંતુ પહેલા જ હાયર પોસ્ટમાં સિલેક્ટ ન થયાનું ખબર પડે તો આજના જમાનામાં રોજગારી બધાને જોઈતી હોવાથી તેઓ નોકરી જતી કરતા નથી.

### ગુજરાત ઉના સામૂહિક બળાત્કાર કેસમાં કાર્યવાહી

# મરીન પોલીસે દરિયામાં ૨૫ કિમી અંદર જઈને ગેંગરેપના આરોપીને ઝડપ્યા

### ત્રણ પુરૂષોએ એક મહિલા પર બે વાર સામૂહિક બળાત્કાર કર્યો હતો : ગુનો કર્યા પછી આરોપીઓ ભાગી ગયા

ગીર સોમનાથ, તા.૧૧

ગીર સોમનાથ જિલ્લામાં એક મહિલા પર સામૂહિક બળાત્કાર થયો હતો. ગીર સોમનાથ પોલીસે ક્રૂરતાના ગુનેગારોને પકડવા માટે એક ચોંકાવનારૂં પગલું ભર્યું. ઘટનાસ્થળેથી ભાગી ગયા બાદ તેમણે દરિયાની વચ્ચે આરોપીઓને પકડી પાડ્યા. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર પોલીસે આવી સિદ્ધિ હાંસલ કરી છે, જેની ખુદ ડીજીપી વિકાસ સહાયે પ્રશંસા કરી હતી. રાજ્યના ગીર સોમનાથ જિલ્લામાં ત્રણ પુરૂષોએ એક મહિલા પર બે વાર સામૂહિક બળાત્કાર કર્યો હતો. ગુનો કર્યા પછી, આરોપીઓ ભાગી ગયા. પોલીસ તેમને દરેક શક્ય રીતે શોધી રહી હતી. શુક્રવારે, પોલીસને મરીન કંટ્રોલ રૂમ તરફથી વાયરલેસ સંદેશ મળ્યો. તેમની કાર્યવાહી ગુજરાત પોલીસના ઈતિહાસમાં અંકિત થશે. સામૂહિક બળાત્કારના આરોપીઓને પકડવા માટે તેઓ જમીન છોડીને ૨૫ કિલોમીટર દરિયામાં ભાગી ગયા હતા. આરોપીઓએ મહિલાને ઘરે છોડી દેવાનું વચન આપીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. ગીર સોમનાથ જિલ્લામાં સામૂહિક બળાત્કારની ઘટનામાં પોલીસે કડક કાર્યવાહી કરી છે. પાલડી જિલ્લાના ઉના નજીક આવેલું એક ગામ છે. પાલડીથી ૨૦ કિલોમીટર દૂર આવેલા નવબંદર ગામના રહેવાસી ત્રણ આરોપીઓએ મહિલા પર અત્યાચાર ગુજાર્યો હતો. ગુનો કર્યા પછી તેઓ ભાગી ગયા હતા. તેમણે મહિલાને છોડી દેતા પહેલા ધમકી પણ આપી હતી અને ચેતવણી આપી હતી કે જો તે કોઈને કહેશે તો તે વિનાશકારી બનશે. જોકે, જ્યારે મહિલાને પેટમાં દુઃખાવો થયો ત્યારે તેણે આખી ઘટના ડોક્ટરોને જણાવી. આના કારણે ગેંગરેપનો પર્દાફાશ થયો. ત્યારબાદ પોલીસ આરોપીઓને શોધી રહી હતી. ગુજરાતના ઈતિહાસમાં આ પહેલી વાર બન્યું છે કે પોલીસે આરોપીને દરિયાની વચ્ચે પકડી લીધો છે. મહિલા પર ગેંગરેપ કર્યા પછી આરોપી માછીમારી કરવા ગયો હોવાની માહિતી પોલીસને મળ્યા બાદ આ સમગ્ર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મહિલા સામે ગુનો કર્યા પછી, આરોપી નવબંદરના કાંતિભાઈ વાજાની બોટમાં દરિયામાં ભાગી ગયો હતો. પોલીસે મરીન કંટ્રોલ રૂમ તરફથી વાયરલેસ સંદેશ જારી કરીને દરિયામાં તોફાનની ચેતવણી આપી હતી. ત્યારબાદ, બધી બોટ પરત ફરી ગઈ. દરિયો હોવાથી આરોપી કિનારે ભાગી શક્યા નહીં. પરિણામે, ગીર સોમનાથ જિલ્લાના નવાબંદર પોલીસ સ્ટેશન, મરીન કર્મચારીઓ સાથે, એક બોટ લઈને દરિયામાં ગયા. અંતે, રાત્રિના અંધારામાં, પોલીસ આરોપીઓને લઈ જતી બોટ સુધી પહોંચી. મરીન પોલીસે નરેન્દ્ર બારિયા ઉર્ફે એકમાનો કાલીયો અને સંજય મજેઠિયા ઉર્ફે કબુતરની ધરપકડ કરી. ત્રીજો આરોપી બીજી બોટ પર મળી આવ્યો. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય પોલીસ વડા ડીજીપી વિકાસ સહાયે ગીર સોમનાથના પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા અને તેમની ટીમની પ્રશંસા કરી.

# કોંગ્રેસ શાસિત કર્ણાટક અને તેલંગાણા દ્વારા વાર્ષિક ૩૨૦૦૦ રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જમા થાય છે તેવી યોજના ગુજરાતમાં લાગુ કરે : કોંગ્રેસ પ્રમુખ

### ગુજરાત કોંગ્રેસ દ્વારા ૧૫ ઓક્ટોબરે ખેડૂતોના હક્ક અધિકારોના મુદ્દે સૌરાષ્ટ્રના તાલુકા મથકો ઉપર ખેડૂત વિરોધી ભાજપ સામે કાર્યક્રમ આપવામાં આવશે : અમિત ચાવડા

તા.૧૧

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ખેડૂત વિરોધી ભાજપ સરકાર દ્વારા મગફળી પકવતા ખેડૂતોને થઈ રહેલા અન્યાય અંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. સરકાર દ્વારા ખેડૂત દીઠ માત્ર ૭૦ મણ મગફળી ટેકાના ભાવ ખરીદી ની જગ્યાએ સરકારએ ખેડૂત દીઠ ૩૦૦ મણ ખરીદીની માંગ કરી છે. સરકાર દ્વારા જો ટેકાના ભાવે મગફળી ખરીદી ના કરે તો ૧,૩૫,૦૦૦ રજિસ્ટ્રેશન કરાવનાર ખેડૂતોના ખાતામાં બજાર ભાવ અને ટેકા ભાવના ભાવફેરના રૂપિયા સીધા જમા થાય તેવી માંગ કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા જ નિમાયેલી કમિટી " ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન કમિટી"એ આપેલા અહેવાલ મુજબ સરકાર દ્વારા ખેડૂતોને હેક્ટર દીઠ સહાય આપવી જોઈએ. કોંગ્રેસ શાસિત કર્ણાટક અને તેલંગાણા દ્વારા વાર્ષિક ૩૨૦૦૦ રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જમા થાય છે તેવી યોજના ગુજરાતમાં લાગુ કરવી જોઈએ. ગુજરાતના મગફળી પકવતા ખેડૂતોના ન્યાય માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં ખેડૂતો પાસેથી ૩૦૦ મણની ટેકાના ભાવે ખરીદી માટે સમર્થન પત્ર લખાવવામાં આવશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આવનારી ૧૫ ઓક્ટોબર ખેડૂતોના હક્ક અધિકારોના મુદ્દે સૌરાષ્ટ્રના તાલુકા મથકો ઉપર ખેડૂત વિરોધી ભાજપ સામે કાર્યક્રમ આપવામાં આવશે.

ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરનારી ભાજપએ ખેડૂતોના ખર્ચા બમણા કરી દીધા છે. ભાજપ સરકારે કમોસમી વરસાદનો ભોગ બનનાર ખેડૂતો માટે કોઈ પણ પ્રકાર રાહત પેકેજ જાહેરાત નથી કરી. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા કપાસમાં આયાત ઉપર ટેક્સ હટાવી ગુજરાતના કપાસ પકવતા ખેડૂતો જોડે હળહળતો અન્યાય કર્યો છે. વાવેતરના સમયે એ ખેડૂતોને ખાતર ના મળે અને બજારમાં કાળાબજારી થાય, ભોગવે ખેડૂત. ભારતમાલા જેવા પ્રોજેક્ટમાં જબરદસ્તી જમીન સંપાદિત કરી સસ્તા ભાવે જમીન પડાવવાના ધંધા ખેડૂત વિરોધી ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદમાં અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈએ ખેડૂતોને પડી રહેલી મૂશ્કેલીઓ, ભાવફેર, વધતી આર્થિક પરેશાનીની વ્યથા જણાવી હતી. પ્રેસવાર્તામાં ગુજરાત કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડો. મનીષ દોશી, પ્રવક્તા ડો. હિમાંશુ પટેલ, પ્રવક્તા ડો. અમિત નાયક, પ્રવક્તા નિશાંત રાવલ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ચેતનસિંહ પરમાર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ શાસિત સિક્કા નગરપાલિકાના વર્તમાન ચેરમેન સહિતના ભાજપના નગરસેવકોએ ભાજપ પક્ષને તિલાંજલિ આપી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ કોંગ્રેસ પક્ષના તિરંગા ખેસ પહેરાવીને તમામને આવકાર્યા હતા.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે ભાજપા શાસિત સિક્કા નગરપાલિકાના વર્તમાન ચેરમેન જુસબ બરોયા, નગરસેવક વલીમામદ મલેક, અસગર હુંદડા, રેશ્માબેન કુંગડા, મામદભાઈ કુંગડા, રોશનબેન સુંભણીયા તથા ઝુબેદાબેન આજરોજ વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. પંચમહાલ જિલ્લાના આમ આદમી પાર્ટી (આપ)માંથી છેડો ફાડીને આપના ગુજરાત એકમના ઓબીસી ડિપાર્ટમેન્ટના ઉપપ્રમુખ અને તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય મનંતકુમાર બાધારસિંહ પટેલ તથા તેમની સાથેના ૧૦૦ જેટલા કાર્યકરો જોડાયા હતા.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

# શુભમન ગિલની 'સ્પેશિયલ' સદી, રવીન્દ્ર જાડેજાના 3 વિકેટે ભારત મજબૂત, પણ વેસ્ટ ઇન્ડિઝે લડત આપી

તા.૧૧

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બીજી ટેસ્ટમાં યજમાન ટીમે બીજા દિવસે પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. જો કે, અગાઉની મેચની જેમ વેસ્ટ ઈન્ડિઝની બેટિંગ તરત જ ધ્વસ્ત થઈ નહોતી, જેણે ક્રિકેટ ચાહકોને રાહત આપી હતી. ભારતે પોતાના રાતોરાત સ્કોરમાં વધારો કરીને ૫ વિકેટે ૫૧૮ રન બનાવી ઈનિંગ્સ ડિકલેર કરી હતી. સુકાની શુભમન ગિલ (૧૨૯ અણનમ) અને યશસ્વી જયસ્વાલ (૧૭૫)ના 'દાદા સદી' (દમદાર સદી)ના આધારે ભારતે આ વિશાળ સ્કોર બનાવ્યો. દિવસની શરૂઆતમાં જ યશસ્વી જયસ્વાલ ગિલ સાથેની ગેરસમજને કારણે રનઆઉટ થતાં મોટી સદીથી વંચિત રહ્યો હતો. આ ગિલની કપ્તાન તરીકેની પાંચમી ટેસ્ટ સદી છે, જેનાથી તેણે વિરાટ કોહલીના એક કેલેન્ડર વર્ષમાં પાંચ સદીના રેકોર્ડની બરાબરી કરી છે.



**વેસ્ટ ઈન્ડિઝની 'ફાઈટ બેક' : જાડેજાનો તરખાટ છતાં ૧૪૦/૪**

ભારતના ૫૧૮ના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે દિવસના અંત સુધીમાં ૪ વિકેટે ૧૪૦ રન બનાવ્યા હતા, અને તેઓ હજી ૩૭૮ રન પાછળ છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમે અમદાવાદની જેમ સહેલાઈથી હાર માની નહોતી અને બેટિંગમાં સારી લડત બતાવી હતી. દંતકથાઓ વિવ રિચર્ડ્સ અને બ્રાયન લારાએ પણ સ્ટેન્ડ્સમાંથી આ સુધારો જોઈને રાહતનો શ્વાસ લીધો હશે. ટોચના ક્રમના બેટ્સમેન શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવી શક્યા નહોતા, પરંતુ ટીમે સારી ધીરજ બતાવી હતી. મહેમાન ટીમ માટે એલિક અથનાઝેએ (૪૧) પ્રવાસનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો, પણ કુલદીપ યાદવ સામે આક્રમક શોટ રમવાના પ્રયાસમાં તે પોતાની વિકેટ ગુમાવી બેઠો. ઓપનર ટેગનરાઈન ચંદરપોલ (૩૪) પણ રવીન્દ્ર જાડેજાનો શિકાર બન્યો, જેમણે દિવસની રમત પૂરી થતાં સુધીમાં ત્રણ વિકેટ ઝડપીને ભારતને મજબૂત સ્થિતિમાં રાખ્યું હતું. દિવસના અંતે શાઈ હોપ (૩૧) અને વિકેટકીપર તેવિન ઈમલાખ (૧૪) ક્રિઝ પર અડગ રહ્યા હતા અને ૧૦ ઓવર સુધી વધુ કોઈ નુકસાન થવા દીધું ન હતું. ત્રીજા દિવસે ભારતની નજર વેસ્ટ ઈન્ડિઝને વહેલી તકે ઓલઆઉટ કરવા પર રહેશે, ખાસ કરીને જ્યારે પિચ સ્પિનરોને વધુ મદદ કરે તેવી શક્યતા છે.

# ભારત-વેસ્ટ ઈન્ડિઝ ટેસ્ટ : ૬૫ વર્ષનો રેકોર્ડ તૂટ્યો ! એક જ ઇનિંગ્સમાં પાંચેય વિકેટ માટે ૫૦+ રનની ભાગીદારી કરી ભારતે રચ્યો ઇતિહાસ

તા.૧૧

ભારત હાલમાં દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં વેસ્ટ ઈન્ડિઝ સામે બે મેચની શ્રેણીની અંતિમ ટેસ્ટ મેચ રમી રહ્યું છે. પ્રથમ ટેસ્ટની જેમ જ ભારતે ફરી એકવાર જબરદસ્ત પ્રભુત્વ દર્શાવ્યું છે અને ૨-૦થી શ્રેણી જીતવા માટે પ્રવાસી ટીમને સંપૂર્ણપણે હરાવવાનું લક્ષ્ય રાખ્યું છે. ટૉસ જીતીને ભારતે પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું અને પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું. યુવા ઓપનર યશસ્વી જયસ્વાલના શાનદાર ૧૭૫ રન અને કેપ્ટન શુભમન ગિલના અણનમ ૧૨૯ રનની મદદથી બેટ્સમેનોએ એક એવો માઈલસ્ટોન હાંસલ કર્યો જે છેલ્લા ૬૫ વર્ષમાં જોવા મળ્યો ન હતો. ભારતે ૫૧૮/૫ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો.



**ભારતે રચ્યો ઈતિહાસ : પાંચેય વિકેટમાં ૫૦+ ભાગીદારી :** આ પ્રથમ વખત બન્યું છે કે કોઈ એક ટીમ દ્વારા વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ મેચમાં પ્રથમ પાંચ વિકેટ માટે ૫૦+ રનની ભાગીદારી નોંધાવવામાં આવી હોય. આ પહેલા ૬૫ વર્ષ પૂર્વે ૧૯૬૦માં ગાબા ખાતે ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝ સામેની ટાઈ થયેલી ટેસ્ટમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. ભારત માટે આ ત્રીજી વખત છે જ્યારે તેણે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ પહેલા ૧૯૯૩માં મુંબઈ ખાતે ઈંગ્લેન્ડ સામે અને ૨૦૨૩માં અમદાવાદ ખાતે ઓસ્ટ્રેલિયા સામે આ સિદ્ધિ મેળવી હતી.

**આ ટેસ્ટમાં ભારતની પાંચેય સફળ ભાગીદારી :** પહેલી વિકેટ : યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ - ૫૮ રન

બીજી વિકેટ : યશસ્વી જયસ્વાલ અને સાઈ સુદર્શન - ૧૯૩ રન

ત્રીજી વિકેટ : યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ - ૭૪ રન

ચોથી વિકેટ : શુભમન ગિલ અને નીતીશ કુમાર રેડ્ડી - ૯૧ રન

પાંચમી વિકેટ : શુભમન ગિલ અને ધ્રુવ જુરેલ - ૧૦૨ રન

બીજા દિવસના અંતે ભારતનું પ્રભુત્વ

પ્રથમ બે દિવસની રમત પર ભારતનું પ્રભુત્વ રહ્યું હતું. યશસ્વી જયસ્વાલના ૧૭૫ રન અને કેપ્ટન શુભમન ગિલના અણનમ ૧૨૯ રનની મદદથી ભારતે ૫૧૮/૫ પર દાવ ડિક્લેર કર્યો. સાઈ સુદર્શને પણ ૮૭ રનનું યોગદાન આપ્યું હતું. બોલિંગમાં, ભારતે વેસ્ટ ઈન્ડિઝને બીજા દિવસની રમતના અંત સુધીમાં ૧૪૦/૪ પર અટકાવ્યું. રવિન્દ્ર જાડેજા ત્રણ વિકેટ લઈને સૌથી સફળ બોલર રહ્યો. પરિણામે, ભારત પાસે હવે ૩૭૮ રનની મજબૂત લીડ છે અને તે પ્રવાસી ટીમને ફૉલો-ઑન (follow-on) આપવા માટે તૈયાર છે.

# કાયદા અમલીકરણ એજન્સીઓના ડરને લીધે પીડિતો તેમનો સંપર્ક કરતા અચકાય છે : પૂર્વ CJI સંજીવ ખન્ના

## સંજીવ ખન્નાએ વ્હાઈટ-કોલર ગુનાને 'એક ખતરો ગણાવ્યો જે સમાજના નૈતિક માળખાને નષ્ટ કરે છે' અને નાણાકીય કાયદાઓ લાગુ કરવામાં વધુ સંવેદનશીલતા માટે હાકલ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI), સંજીવ ખન્નાએ શનિવારે જણાવ્યું હતું કે સામાન્ય રીતે એવી પ્રચલિત ધારણા છે કે કાયદા અમલીકરણ એજન્સીઓ મદદ કરવાને બદલે હેરાન કરવા માટે અસ્તિત્વ ધરાવે છે, અને આ ડર લોકોને તેમનો સંપર્ક કરતા અટકાવે છે, જેના કારણે સાયબર ગુનેગારો પરિસ્થિતિનો લાભ લઈ શકે છે અને તેઓ વ્યક્તિઓને ડિજિટલ રીતે હેરાન કરી શકે છે.

પૂર્વ CJI ખન્નાએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે તેરાપંથ પ્રોફેશનલ ફોરમ (TPF) દ્વારા આયોજિત તેરાપંથ-દાયિત્વ: વ્હાઈટ-કોલર ક્રાઈમ સામે લડવા પર રાષ્ટ્રીય કાનૂની પરિષદમાં સંબોધન કરતા કહ્યું કે, ન્યાય મેળવવાને બદલે, ઘણા લોકો ડરના કારણે પજવણી કરનારાઓને પૈસા ચૂકવે છે. હવે સમય આવી ગયો છે કે કાયદાનું અમલીકરણ વધુ સુલભ બને અને જાહેર જાગૃતિ વધે, આ દ્વિમાર્ગી પ્રક્રિયા ખરેખર આ મુદ્દાને ઉકેલવામાં મદદ કરી શકે છે.

સંજીવ ખન્નાએ વ્હાઈટ-કોલર ગુનાને 'એક ખતરો ગણાવ્યો જે સમાજના નૈતિક માળખાને નષ્ટ કરે છે' અને નાણાકીય કાયદાઓ લાગુ કરવામાં વધુ સંવેદનશીલતા માટે હાકલ કરી હતી. દરેક કૃત્ય અથવા કાર્ય કરવામાં નિષ્ફળતા જે નાણાકીય અસરો ધરાવે છે તેને એક જ દૃષ્ટિથી જોઈ શકાતી નથી અને તેમણે કાયદા ઘડનારાઓને આંતરરાષ્ટ્રીય છેતરપિંડી, અજાણતાં ભૂલ અને પ્રક્રિયાગત ભૂલ વચ્ચે તફાવત કરવા વિનંતી કરી હતી. ન્યાય વ્યવસ્થાની મજબૂતાઈ સજાની ગંભીરતામાં નહીં પરંતુ ન્યાયની નિશ્ચિતતામાં રહેલી છે.

વ્હાઈટ કોલર ગુનાનો સામનો કરવા માટે અમલીકરણ માળખાને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના પૂર્વ ડિરેક્ટર, કરનાલ સિંહે જણાવ્યું હતું કે ભારતે તાત્કાલિક 'લીડ એજન્સી' ખ્યાલ અપનાવવાની જરૂર છે જેથી બહુવિધ અમલીકરણ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી તપાસ સુમેળ સાથે આગળ વધી શકે. તેમણે અવલોકન કર્યું કે એજન્સીઓ વચ્ચે સંકલનનો અભાવ ઘણીવાર જટિલ નાણાકીય ગુનાઓ સામેની લડાઈને નબળી પાડે છે. ઘણીવાર, એક જ કેસની તપાસ કરતી તપાસ સંસ્થાઓમાં ઓછો સહકાર હોય છે. તપાસ દરમિયાન જપ્ત કરાયેલા પુરાવા અથવા દસ્તાવેજો શેર કરવામાં એજન્સીઓ અનિચ્છા રાખે છે, આના પરિણામે પ્રયાસોનું પુનરાવર્તન થાય છે અને અપૂર્ણ કાર્યવાહી થાય છે.

ઓગસ્ટાવેસ્ટલેન્ડ લાંચ કેસને ઉદાહરણ તરીકે ટાંકતા સિંહે નિર્દેશ કર્યો કે લાંચના નાણાંનો માર્ગ ઘણા દેશોમાં ફર્યો હતો, પરંતુ ભારતમાં પ્રવેશેલો માત્ર એક નાનો ભાગ જ સામે આવ્યો હતો. બાકીના ભંડોળ વિશે કોઈ સ્પષ્ટ માહિતી નથી. તેમણે ગેરકાયદેસર સંપત્તિઓને અસરકારક રીતે શોધી કાઢવા અને પુનઃપ્રાપ્ત કરવા માટે આંતર-એજન્સી સંકલન અને આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂરિયાત દર્શાવી હતી. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)ના મેનેજિંગ ડિરેક્ટર અને CEO, આશિષ કુમાર ચૌહાણે અવલોકન કર્યું કે જેમ જેમ સમાજો વધુ સમૃદ્ધ બને છે, તેમ તેમ 'ગુનાઓ વધુ સફેદ થાય છે.'

એક વરિષ્ઠ ન્યાયાધીશના અવલોકનને ટાંકીને, તેમણે નોંધ્યું કે હિંસક અને વ્યાપારી ગુનાઓનો ગુણોત્તર બે દાયકામાં બદલાઈ ગયો છે, ૮૦ ટકા શારીરિક ગુનાઓથી ૮૦ ટકા નાણાકીય અથવા સાયબર ગુનાઓ થઈ ગયા છે. આજે, પૈસા હવે ખિસ્સામાંથી નહીં પરંતુ સિસ્ટમમાંથી ચોરાય છે. UPIએ રોકડ સમસ્યા દૂર કરી હશે, પરંતુ ભ્રષ્ટાચાર નહીં. તેણે ચોરીઓને ડિજિટલ બનાવી દીધી છે.

# 'પાર્કિંગ પ્લોટ'માં પાર્ટીનો કરુણ અંત : બી.ટેક વિદ્યાર્થીનું મોત, મધ્ય પ્રદેશમાં પોલીસ બર્બરતાનો આક્ષેપ

(એજન્સી) તા.૧૧

મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં પોલીસની કથિત બર્બરતા અને સત્તાના દુરુપયોગની ગંભીર ઘટના સામે આવી છે, જેમાં એક ૨૧ વર્ષના યુવક, ઉદિત ગાયકીનું કરુણ મૃત્યુ થયું છે. ડીએસપીના બનેવી ઉદિતનું મોત શુક્રવારની વહેલી સવારે ઈન્દરપુરી, પીપલાની વિસ્તારમાં એક બગીચા પાસેના પાર્કિંગ એરિયામાં મિત્રો સાથે પાર્ટી કર્યા બાદ પોલીસકર્મીઓના કથિત માર મારવાને કારણે થયું હોવાનું જણાવાયું છે. આખી ઘટના કેવી રીતે બની, ડિગ્રીની ઉજવણી બની મોતનું કારણ, ઉદિત ગાયકી તાજેતરમાં જ બેંગ્લુરૂથી તેના કોલેજના દસ્તાવેજો લેવા માટે ભોપાલ પાછો આવ્યો હતો. ગુરૂવારે ડિગ્રી મેળવ્યા બાદ તેણે તેના ગ્રેજ્યુએશનની ઉજવણી માટે રાત્રે લગભગ ૧૧ વાગ્યે તેના મિત્ર અક્ષત સહિત છ મિત્રો સાથે ઈન્દરપુરીમાં એક બિયર પાર્ટીનું આયોજન કર્યું હતું.

**પોલીસકર્મીઓનો હુમલો અને લાંચની માગણી**

શુક્રવારે વહેલી સવારે લગભગ ૧:૩૦ વાગ્યે, ફરજ પરના બે કોન્સ્ટેબલ, સંતોષ બામણિયા અને સૌરભ આર્ય,એ યુવકોના સમૂહને પાર્ક કરેલી કારમાં જોયો આરોપ છે કે, અધિકારીઓએ યુવકોને અપશબ્દો કહ્યા. ડરના માર્યા ઉદિત કારમાંથી બહાર નીકળી નજીકની ગલીમાં ભાગ્યો, પરંતુ પોલીસકર્મીઓએ તેનો પીછો કર્યો. ૧:૩૦થી ૧:૪૫ વાગ્યાની વચ્ચે, જ્યારે ઉદિતના મિત્રો હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે કોન્સ્ટેબલોએ કથિત રીતે ઉદિતને લાઠીઓ વડે માર માર્યો. અહેવાલ મુજબ, અધિકારીઓએ જાહેર સ્થળે દારૂ પીવાના મામલાને 'સમાધાન' કરવા માટે રૂા.૧૦,૦૦૦ની માગણી કરી હતી, જેને મિત્રોએ ઘટાડીને રૂા.૧,૦૦૦-૨,૦૦૦ કરવાની વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો હતો. આઉટપોસ્ટ પર ઢળી પડ્યો યુવક પોલીસના હુમલા બાદ ઉદિતે અસ્વસ્થતા અને અનેકવાર ઉલ્ટીની ફરિયાદ કરી હતી ત્યારબાદ તે એક મિત્ર સાથે આનંદ નગર પોલીસ આઉટપોસ્ટ પર તેના એક પોલીસ પરિચિતને મળવા ગયો. સવારે લગભગ ૪:૦૦ વાગ્યે, ઉદિત આઉટપોસ્ટ પર જ ઢળી પડ્યો (કોલેપ્સ થઈ ગયો). તેને પહેલા એક ખાનગી હોસ્પિટલમાં અને પછી તાત્કાલિક AIIMS ભોપાલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. આગળની કાર્યવાહી ઘટનાના પગલે, વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ શુક્રવારે સવારે તાત્કાલિક અસરથી બંને કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દીધા છે. AIIMSમાં એક પેનલ દ્વારા કરવામાં આવેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ 'પાનક્રિએટિક હેમરેજ' (સ્વાદુપિંડમાં રક્તસ્ત્રાવ) હોવાનું જણાવાયું છે.પોલીસ હવે કાયદાકીય સલાહ લઈ રહી છે કે આરોપીઓ સામે હત્યા (Murder) કે ગેર-ઈરાદાપૂર્વક હત્યા (Culpable Homicide Not Amounting to Murder)નો કેસ દાખલ કરવો. ઉદિત તેના ગ્રેજ્યુએશનની ઉજવણી કરી રહ્યો હતો ત્યારે બનેલી આ દુર્ઘટનાએ તેના પરિવાર માટે આ નુકસાનને વધુ કરૂણ બનાવી દીધું છે. આ કેસને કારણે શહેરમાં પોલીસના ગેરવર્તન અને સત્તાના દુરૂપયોગ અંગે વ્યાપક ચિંતાઓ ઊભી થઈ છે.

# પાકના નુકસાન સામે લડવા માટે જંગલી ભૂંડનું માંસ ખાવાનો કેરળના મંત્રીનો અનોખો પ્રસ્તાવ

(એજન્સી) તા.૧૧

કેરળના કૃષિ મંત્રી પી. પ્રસાદે શનિવારે દાવો કર્યો હતો કે, જો લોકોને જંગલી ભૂંડનું માંસ ખાવાની છૂટ આપવામાં આવે, તો પાકનો નાશ કરનારા ભૂંડોના વધતા જોખમને વધુ અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે.

આલપ્પુઝા જિલ્લાના પાલમેલ ગ્રામ પંચાયત દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા મંત્રી પ્રસાદે કહ્યું હતું કે, 'મારા મતે, ખેતરોમાં માર્યા ગયેલા જંગલી ભૂંડનું માંસ ખાવાની લોકોને મંજૂરી આપવી જોઈએ.'

તેમણે દાવો કર્યો કે, 'જો લોકોને જંગલી ભૂંડોને મારીને તેનું માંસ ખાવાની મંજૂરી મળે, તો આ સમસ્યા ખૂબ જ ઝડપથી ઉકેલાઈ શકે છે. પરંતુ વર્તમાન કેન્દ્રીય કાયદો આની મંજૂરી આપતો નથી.'

મંત્રીએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે જંગલી ભૂંડ જોખમમાં મુકાયેલી (Endangered) પ્રજાતિ નથી.

પ્રસાદની આ ટિપ્પણીઓ કેરળ વિધાનસભામાં વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨માં સુધારો કરવા માટેનું બિલ પસાર થયાના થોડા દિવસો પછી આવી છે, જેનો હેતુ રાજ્યમાં મનુષ્ય-પ્રાણી સંઘર્ષની વધતી ઘટનાઓને ઘટાડવાનો છે.

# દલિત IPS અધિકારીની આત્મહત્યાનો કેસ, બળજબરીથી પોસ્ટમોર્ટમના આરોપો, વિવાદાસ્પદ SPને હટાવવામાં આવ્યા : સોનિયા ગાંધીનો પત્ર

(એજન્સી) તા.૧૧

હરિયાણા સરકાર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ દલિત IPS અધિકારી વાય પૂરણ કુમારના મૃત્યુ અંગે વિવાદમાં વધુને વધુ ફસાઈ રહ્યા છે. પૂરણ કુમારના રહસ્યમય મૃત્યુના સંદર્ભમાં, તેમની પત્ની અને વરિષ્ઠ IAS અધિકારી, અમનીત પી. કુમારે ચંદીગઢ પોલીસ પર ગંભીર આરોપો લગાવ્યા છે. અમનીતે પોલીસ દ્વારા મૃતદેહ સાથે "ઉતાવળ" અને "અપમાનજનક" વર્તન પર ભારે નારાજગી વ્યક્ત કરી. પોતાને દલિત વિધવા ગણાવતા, તેણીએ કહ્યું કે પોલીસે પરિવારની સંમતિ વિના સેક્ટર ૧૬ હોસ્પિટલથી પીજીઆઈમાં મૃતદેહ લઈ જઈને મહત્વપૂર્ણ પુરાવાઓનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. અમનીતે કહ્યું કે, જો પરિવારની સંમતિ નકામી હોય, તો ચંદીગઢ પોલીસ મૃતદેહ સાથે જે ઈચ્છે તે કરી શકે છે. હું અત્યાર સુધી ચૂપ રહી છું, પરંતુ હવે આ હાથમાંથી નીકળી ગયું છે. આટલી ઉતાવળ શા માટે? પોલીસે તેમની ક્રિયાઓ સમજાવવી જોઈએ. તેણીએ આરોપ લગાવ્યો કે મૃતદેહને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતી વખતે સંભવિત પુરાવાઓનો નાશ થઈ શકે છે, અને ચંદીગઢ પોલીસ આ માટે સંપૂર્ણ જવાબદાર છે. પરિવાર ઘટનાક્રમથી ખૂબ જ આઘાતમાં છે, જ્યારે મૃતદેહ પીજીઆઈમાં જ છે. પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે અંતિમ સંસ્કાર આજે થશે.



પરિવારે હરિયાણાના ડીજીપી શત્રુજીત સિંહ કપૂર અને રોહતકના એસપી નરેન્દ્ર બિજરનિયા સહિત અનેક અધિકારીઓ સામે એફઆઈઆર નોંધાવવાની માંગ કરી હતી. અમનીતે સુસાઈડ નોટ અને ઉત્પીડનના પુરાવાનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીને ફરિયાદ નોંધાવી હતી. ૯ ઓક્ટોબરે મુખ્યમંત્રી સાથેની મુલાકાત દરમિયાન, પરિવારે જણાવ્યું હતું કે જ્યાં સુધી FIR દાખલ ન થાય અને પુત્રી અમેરિકાથી પરત ન આવે ત્યાં સુધી પોસ્ટમોર્ટમ કે અંતિમ સંસ્કાર કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રીએ ઘરની મુલાકાત લીધી હતી અને આરોપી અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની વિનંતી કરી હતી, પરંતુ પાછા ફર્યા પછી ચૂપ રહ્યા હતા. રોહતકના SP બિજર્નિયાને પૂરણ કુમાર કેસમાં દૂર કરવામાં આવ્યા. પરિવારે પૂરણ કુમારના આત્મહત્યા કેસમાં "કાર્યવાહી" કરવાની માંગણી કર્યાના ચાર દિવસ પછી, હરિયાણા સરકારે શનિવારે રોહતકના પોલીસ અધિક્ષક (SP) નરેન્દ્ર બિજર્નિયાને તેમના પદ પરથી દૂર કર્યા અને સુરિન્દર સિંહ ભોરિયાને નિયુક્ત કર્યા છે. IPS અધિકારીની સુસાઈડ નોટ મળ્યા પછી, પરિવારે શરૂઆતમાં DGP અને રોહતકના SPની તાત્કાલિક ધરપકડની માંગ કરી હતી. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે આરોપી અધિકારીઓના નામ FIRમાં સામેલ કરવામાં આવ્યા છે કે નહીં. વિપક્ષનું કહેવું છે કે આખી સરકાર DGP શત્રુઘ્ન કપૂરને બચાવવામાં વ્યસ્ત છે.

**SITની રચના આ કૃત્ય છુપાવવા માટે કરવામાં આવી હતી ? કોઈ કાર્યવાહી કેમ નહીં ?**

૧૦ ઓક્ટોબરના રોજ, ચંદીગઢ પોલીસે હરિયાણાના ડીજીપી કપૂર અને રોહતકના એસપી બિજરનિયા વિરુદ્ધ આઈપીસીની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે ઉશ્કેરણી) અને એસસી/એસટી એક્ટ હેઠળ એફઆઈઆર નોંધી હતી. આઈજી પુષ્પેન્દ્ર કુમારના નેતૃત્વમાં છ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરવામાં આવી હતી. એસઆઈટીને નિષ્પક્ષ અને સમયસર તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. જોકે, દલિત સંગઠનો અને વિપક્ષી પક્ષોનું કહેવું છે કે આ મામલાને છુપાવવા માટે સરકારે એસઆઈટીની રચના કરી હતી. હરિયાણા પોલીસ અધિકારીઓ પોતાના જ ડીજીપીની તપાસ કેવી રીતે કરી શકે? જ્યાં સુધી ડીજીપીને દૂર કરવામાં ન આવે ત્યાં સુધી નિષ્પક્ષ તપાસ અશક્ય છે. પૂરણ કુમારની પત્ની અમનીત વારંવાર ડીજીપી અને એસપી સામે કાર્યવાહીની માંગ કરી ચૂકી છે.

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગે ચંદીગઢ પ્રશાસનને પણ એક નોટિસ ફટકારી છે, જેમાં જાતિ ભેદભાવના આરોપો અંગે વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો છે. દલિત સંગઠનોના સભ્યોએ હરિયાણા સરકારના પગલાંની નિંદા કરવા અને શ્રદ્ધાંજલિ આપવા માટે પૂરણ કુમારના નિવાસસ્થાને મુલાકાત લીધી છે.

પૂરણ કુમાર ૨૦૦૧ બેચના IPS અધિકારી હતા જેમને તાજેતરમાં રોહતક રેન્જમાંથી PTC સુનારિયા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. પરિવારનો આરોપ છે કે આ પોસ્ટિંગ એક "સજા" હતી, જેના કારણે તેઓને માનસિક તણાવ થયો હતો. આ ઘટનાએ પોલીસ વિભાગમાં જાતિ ભેદભાવ અને કાર્યસ્થળ પર ઉત્પીડન પર ચર્ચા જગાવી છે.

**IPS એસોસિએશન ત્રણ દિવસ પછી જાગ્યું**

IPS એસોસિએશને ત્રણ દિવસ પછી મૃત્યુ પર પ્રતિક્રિયા આપી. એસોસિએશને તેના ટ્વિટર હેન્ડલ પર લખ્યું, "IPS એસોસિએશન વાય. પૂરણ કુમાર, IPSના અકાળ અવસાન પર હૃદયપૂર્વક શોક વ્યક્ત કરે છે. આ મુશ્કેલ સમયમાં અમારા સંવેદના તેમના પરિવાર અને પ્રિયજનો સાથે છે. અમે શોકગ્રસ્ત પરિવાર સાથે ઉભા છીએ અને આ દુઃખની ઘડીમાં અમારો સંપૂર્ણ સમર્થન આપીએ છીએ." હરિયાણા IAS ઓફિસર્સ એસોસિએશને વાય. પૂરણ કુમાર, IPSના દુઃખદ અને અકાળ અવસાન પર એક ઠરાવ પણ પસાર કર્યો.

**સોનિયા ગાંધીએ અમનીતને પત્ર લખ્યો**

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ શનિવારે IPS અધિકારી વાય. પૂરણ કુમારના પત્ની અમનીત પી. કુમારને શોક પત્ર લખ્યો હતો. રાજ્યના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા લાંબા સમયથી ચાલી રહેલા જાતિ આધારિત ભેદભાવને કારણે આત્મહત્યા કરી હતી. તેમણે લખ્યું કે, "વાય. પૂરણ કુમારનું અવસાન દર્શાવે છે કે સત્તામાં રહેલા લોકોના ભેદભાવપૂર્ણ વલણ અને પૂર્વગ્રહોને કારણે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પણ સામાજિક ન્યાયથી વંચિત રહી શકે છે. ન્યાય માટેની તમારી લડાઈમાં કરોડો ભારતીયો તમારી સાથે ઉભા છે."

## દલિત IPS અધિકારી વાય. પૂરણ કુમારનું મૃત્યુ : હરિયાણાના દલિત IPS અધિકારી વાય. પૂરણ કુમારની પત્નીએ ચંદીગઢ પોલીસ પર પોસ્ટમોર્ટમ કરવામાં ઉતાવળ અને બેદરકારીનો આરોપ લગાવ્યો છે. સરકારે આ મામલા માટે SITની રચના કરી છે. માયાવતીએ ભાજપનો બચાવ કરતું નિવેદન બહાર પાડ્યું છે

- અનેક આરોપો બાદ, હરિયાણા સરકારે શનિવારે રોહતકના SP નરેન્દ્ર બિજરનિયાને દૂર કર્યા છે.
- ડીજીપી શત્રુઘ્ન કપૂરના કેસમાં સરકારે સંપૂર્ણ મૌન જાળવી રાખ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તેમને રજા પર મોકલી શકાય છે.
- પૂરણ કુમારના પત્ની, IAS અધિકારી અમનીત કુમારે શનિવારે પ્રશ્ન ઉઠાવ્યો કે પોલીસ પોસ્ટમોર્ટમમાં ઉતાવળ કેમ કરી રહી છે.
- કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ અમનીતને પત્ર લખીને પૂરણ કુમારના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું છે.
- બસપા નેતા માયાવતીએ ભાજપનો બચાવ કરતા કહ્યું કે દલિતો સામે આવો અન્યાય ઘણા સમયથી ચાલી રહ્યો છે.
- ભીમ આર્મીના વડા ચંદ્રશેખર આઝાદ શનિવારે ચંદીગઢમાં પૂરણ કુમારની પત્નીને મળવાના છે.
- કોંગ્રેસના સાંસદ રણદીપ સુરજેવાલા અને દીપેન્દ્ર હુડ્ડા IPS પૂરણ કુમારના ઘરે શ્રદ્ધાંજલિ આપવા માટે ગયા હતા.
- સુરજેવાલાએ કહ્યું કે, જ્યારે આ એક IPS અધિકારી સાથે થઈ રહ્યું છે, ત્યારે કોઈ કલ્પના કરી શકે છે કે દેશના બાકીના લોકો પર શું થઈ રહ્યું હશે."

# પાકિસ્તાની પોલીસ સ્ટેશન પર હુમલામાં ઓછામાં ઓછા સાત અધિકારીઓ અને છ આતંકવાદીઓનાં મૃત્યુ

## પોલીસે જણાવ્યું હતું કે, હુમલાખોરોએ ભારે હથિયારોનો ઉપયોગ કર્યો હતો અને ગેટ પર એક આત્મઘાતી બોમ્બરે વિસ્ફોટકો ભરેલી ટ્રકમાં વિસ્ફોટ કર્યા પછી કમ્પાઉન્ડમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો



(એજન્સી) પેશાવર, તા.૧૧

ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનમાં પોલીસ તાલીમ કેન્દ્ર પર બંદૂકધારીઓએ હુમલો કરતા ઓછામાં ઓછા સાત પોલીસ અધિકારીઓ અને છ આતંકવાદીઓ માર્યા ગયા છે અને કલાકો સુધી ભીષણ ગોળીબાર થયો હતો. આ વિસ્તારમાં હિંસાનો આ તાજેતરનો બનાવ છે, જે ઘણા સશસ્ત્ર જૂથોનો અડ્ડો છે, અને પાકિસ્તાન બગડતી સુરક્ષા પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે ત્યારે આ ઘટના બની છે. શુક્રવારે રાત્રે થયેલા હુમલામાં ડેરા ઈસ્માઈલ ખાન શહેરની બહારના રત્તા કુલાચીમાં પોલીસ તાલીમ કેન્દ્રને નિશાન બનાવવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે એક આત્મઘાતી બોમ્બરે વિસ્ફોટકોથી ભરેલી ટ્રકને ગેટ પર ઉડાવી દીધા બાદ હુમલાખોરોએ ભારે હથિયારોનો ઉપયોગ કર્યો હતો અને કમ્પાઉન્ડમાં બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. ડેરા ઈસ્માઈલ ખાનના પોલીસ વડા સજ્જાદ અહમદે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે, 'પ્રારંભિક વિસ્ફોટ પછી, હુમલાખોરો સુવિધામાં ઘૂસી ગયા હતા, જ્યાં લગભગ ૨૦૦ ભરતી સૈનિકો અને તેમના ટ્રેનર્સ હાજર હતા.' પોલીસ અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર લગભગ છ કલાક સુધી ચાલ્યો. અહમદે જણાવ્યું હતું કે, સાત પોલીસ કર્મચારીઓ માર્યા ગયા અને ૧૩ ઘાયલ થયા છે. પોલીસ નિવેદન અનુસાર, હુમલાખોરોએ ભારે હથિયારોનો ઉપયોગ કરીને સંકલિત હુમલો શરૂ કર્યો હતો. ફરજ પરના અધિકારીઓએ વળતો ગોળીબાર કર્યો, અધિકારીઓએ મોટા પાયે જાનહાનિ કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. વિસ્ફોટકોથી ભરેલી ટ્રક તાલીમ કેન્દ્રના મુખ્ય દરવાજા સાથે અથડાઈ, જેના કારણે સીમા દિવાલનો એક ભાગ તૂટી પાયો હતો જેમાં એક પોલીસ અધિકારીનું મોત થયું હતું. થોડીવાર પછી, યુનિફોર્મ પહેરેલા આતંકવાદીઓએ કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો અને ઓટોમેટિક હથિયારોથી ગોળીબાર કર્યો હતો. તેઓએ ગ્રેનેડ ફેંક્યા અને સુરક્ષા દળો પર ભારે ગોળીબાર કર્યો. પોલીસ અને અર્ધલશ્કરી એકમોએ ગોળીબાર કરતાં છ આતંકવાદીઓ માર્યા ગયા અને આત્મઘાતી વેસ્ટ, વિસ્ફોટકો, શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે. પાકિસ્તાની ગૃહમંત્રી મોહસીન નકવીએ માર્યા ગયેલા અધિકારીઓની બહાદુરી અને બલિદાન બદલ પ્રશંસા કરી છે. પ્રતિબંધિત જૂથ, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાને શરૂઆતમાં હુમલાની જવાબદારી સ્વીકારી હતી. બાદમાં તેણે સંડોવણીનો ઈનકાર કરતા બીજું નિવેદન બહાર પાડ્યું હતું. આ જૂથ ૨૦૨૧ માં કાબુલમાં સત્તા કબજે કરનાર અફઘાન તાલિબાન સાથે જોડાયેલું છે, પરંતુ તેનાથી અલગ છે. શુક્રવારે, પાકિસ્તાની સેનાના મુખ્ય પ્રવક્તા, અહમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે ૨૦૨૧થી આતંકવાદ વધ્યો છે, અને ખાસ કરીને અફઘાનિસ્તાનની સરહદે આવેલા ઉત્તરપશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં આંતકવાદ વધી રહ્યો છે. તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને જણાવ્યું હતું કે પાકિસ્તાને તાજેતરના વર્ષોમાં વધતા આતંકવાદી ખતરાને નિષ્ક્રિય કરવા માટે હજારો આતંકવાદ વિરોધી કાર્યવાહી કરી છે. આ વર્ષે, ૧૫ સપ્ટેમ્બર સુધી, સુરક્ષા દળોએ ૧૦,૦૦૦થી વધુ કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં ૯૭૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા, અને ૩૧૧ સૈનિકો અને ૭૩ પોલીસ અધિકારીઓ માર્યા ગયા હતા.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

### સતત ચાર ઘટનાઓથી રાજ્યમાં ચકચાર

# ભાજપમાં આંતરિક જૂથવાદનો દાવાનળ આગની જેમ ફેલાયો

## સુરત, રાજકોટ, પાટણ અને વાપીમાં બનેલી ઘટનાઓને કારણે ભારતીય જનતા પાર્ટીની છબી ખરડાઈ છે

અમદાવાદ, તા.૧૧

ભાજપ આમ તો શિસ્તબદ્ધ પાર્ટી ગણાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શિસ્તબદ્ધ પાર્ટીમાં દબાયેલા અવાજો માથા ઉચકી રહ્યાં છે. પક્ષમાં એક સાંધો ત્યાં તેર તૂટે જેવો ઘાટ સર્જાયો છે. પરંતુ ક્યાં ક્યાં અને કેટલુ જોડશે ભાજપ. આંતરિક જુથવાદમાં વધુને વધુ માથા ઊભા થઈ રહ્યા છે. મેન્ડેટના વિરોધ તો સૌ જાણે છે. પરંતુ હવે જિલ્લાઓના સંગઠનમાં પણ ઓલ ઈઝ નોટ વેલ જેવો મેસેજ જઈ રહ્યો છે. આગામી સમયમાં ચૂંટણી આવવાની છે. ત્યારે ચૂંટણી પહેલા જ ગુજરાત ભાજપમાં નવા ખેલ જોવા મળી રહ્યાં છે. શિસ્તબદ્ધ પાર્ટીમાં હવે લાફાવાળી, મારામારી થવા લાગી છે. એકબીજા પર આક્ષેપો પ્રતિઆક્ષેપો થઈ રહ્યાં છે. સુરત, રાજકોટ, પાટણ અને તાપીમાં બનેલી હાલની ઘટનાઓને કારણે પક્ષમાંનો આંતરિક વિવાદ બહાર આવ્યો છે. સુરતમાં મારામારી : શહેરના રાજકારણમાંથી એક ચોંકાવનારા સમાચાર વાયુવેગે ફેલાયા હતા. જ્યાં ભાજપના બે નેતાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના બની છે. આ ઝઘડામાં ખજાનચી શૈલેષ જરીવાલા અને કાર્યકર્તા દિનેશ સાવલિયા સામસામે આવી ગયા હતા, અને મામલો એટલો વણસ્યો કે દિનેશ સાવલિયાએ ખજાનચી શૈલેષ જરીવાલાને જાહેરમાં લાફો ઝીંકી દીધો હતો રાજકોટ ભાજપમાં કકળાટ : ગુજરાતમાં સૌથી વધુ કકળાટ ક્યાંય હોય તો તે રાજકોટ ભાજપ છે. અહીં પક્ષમાં લાંબા સમયથી કોઈને કોઈ વચ્ચે તકરારો ચાલતી રહે છે. રાજકોટમાં મેયર અને ધારાસભ્ય વચ્ચે તું તું મેં મેં થયું છે. દિવાળી કાર્નિવલના આમંત્રણ કાર્ડ મામલે બંને મહિલા નેતાઓ વચ્ચે શાબ્દિક બોલાચાલી થઈ હતી. MLA દર્શિતા શાહ અને મેયર નયના પેઢડિયા વચ્ચે શહેર ભાજપ પ્રમુખની હાજરીમાં જ માહોલ ગરમાયો હતો. મેયરે ધારાસભ્યને તુંકારો દેતા મામલો વધુ ગરમાયો હતો. પાટણમાં જાહેરમાં બોલાચાલી : સિદ્ધપુર ખાતે નવનિયુક્ત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ પૂર્વે ભાજપના કાર્યકરો વચ્ચે જાહેરમાં બોલાચાલી થઈ હતી. બોલાચાલી થતા લોકોના ટોળા ભેગા થયા હતા. પોલીસ અને કાર્યકરો વચ્ચે પડતા મામલો થાળે પડાયો હતો. જોકે, તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. તાપી જિલ્લામાં આંતરિક જૂથવાદ : તાપી જિલ્લા સંગઠનની રચના થાય એ પહેલા જૂથવાદ બહાર આવતા જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. પ્રદેશ યુવા મોરચાના મંત્રી સૂરજ દેસાઈ વિરૂદ્ધ પાર્ટી વિરોધી કૃત્ય અને કાર્યકર્તાઓને ધમકાવવા અને પાર્ટી દ્વારા કરવામાં આવતા કામોમાં અડચણ ઊભી કરવાના આરોપ લાગ્યા. વાલોડ તાલુકા સંગઠન પ્રમુખ સહિત ૫૦થી વધુ હોદ્દેદાર અને કાર્યકરોએ જિલ્લા સંગઠન પ્રમુખને ફરિયાદ કરી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પેહલા આંતરિક જૂથવાદ ચરમસીમા પર પહોંચ્યો છે. બીજી તરફ, પ્રદેશ યુવા મંત્રી સૂરજ દેસાઈએ તમામ આરોપોને ફગાવ્યા છે. અગાઉ સંગઠનનું કામ હોવાનું જણાવી કેટલાક કાર્યકરો પાસે કોરા કાગળ પર સહી કરાવ્યા બાદ જિલ્લા સંગઠન પ્રમુખને લેખિતમાં ફરિયાદ કરાઈ હોવાનું જણાવ્યું. તેમણે વધુમાં જણાવ્યું કે આગામી દિવસોમાં યોજાનાર સંગઠનની રચનાને લઈ કિન્નાખોરી રાખી ફરિયાદ કરી હોવાનો આક્ષેપ કરાયો. પ્રદેશ યુવા મંત્રી સૂરજ દેસાઈ સામે આક્ષેપ બાદ વાલોડ તાલુકા સંગઠન પ્રમુખનો સંપર્ક કરતા તેઓ સુરત હોવાનું જણાવ્યું.

### ચીફ ઓફિસરના પગારમાંથી નુકસાની ભરપાઈ કરો : હાઈકોર્ટ

# ખંભાતમાં પાલિકા દ્વારા બે માળના મકાન પર બુલડોઝર ફેરવાતા હાઈકોર્ટ લાલઘૂમ

## કોઈ વ્યક્તિ માત્ર મુસ્લિમ છે જેણે કાયદેસર રીતે જમીન મેળવીને દુકાનો બનાવી હતી તેને ગેરકાયદેસર કેવી રીતે ગણી શકાય : કોર્પોરેટર ઈફતેખાર

(સંવાદદાતા દ્વારા)

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)



આણંદ, તા.૧૧

આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં પ્રેસ રોડ પર નગરપાલિકા પાસેથી ભાડા પટ્ટાથી મેળવેલી જમીન પર બનાવેલા બે માળના મકાનને ગેરકાયદેસર દબાણ ગણી વહીવટીતંત્ર દ્વારા બે માળનું મકાન તોડી પાડવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

મળતી વિગતો અનુસાર ખંભાત શહેરમાં રહેતા મતિન વ્હોરાએ કેટલાક સમય પૂર્વે નગરપાલિકામાંથી પ્રેસ રોડ પર આવેલી જમીન ભાડાપટ્ટે મેળવી હતી અને નગરપાલિકા દ્વારા સાધારણ સભામાં ઠરાવ કરીને આ જમીન કાયદેસર રીતે મતીન વ્હોરાને ફાળવવામાં આવી હતી. પરંતુ હાલના ભાજપનાં સત્તાધીશો દ્વારા મુસ્લિમને ફાળવવામાં આવેલી જમીન આંખમાં કણાની જેમ ખૂંચતી હોઈ તેઓએ આ જમીન ફાળવણીનો ઠરાવ રદ કરવા માટે પ્રાદેશિક કમિશનરમાં અપીલ કરતા પ્રાદેશિક કમિશનર દ્વારા આ ઠરાવ રદ કરવામાં આવ્યો હતો.

ભાડપટ્ટે રાખેલી જમીન પર મતિન વ્હોરાએ કાયદેસર રીતે બે માળની દુકાનો બનાવી હતી, ઠરાવ રદ થતા આ બે દુકાનો તોડવા માટે ખંભાતનાં પ્રાંત અધિકારી અને નાયબ પોલીસ અધિક્ષક દ્વારા પોલીસ કાફલા સાથે ૬ ટ્રેક્ટર, એક જેસીબી, એક બુલડોઝર અને મજૂરો સાથે બે માળની દુકાન તોડી નાખી હતી, ત્યારે કેટલાક લોકોએ ગેરકાયદેસર દુકાનો પર દાદાનું બુલડોઝર ફર્યું તેવી વાતો વહેતી કરી હતી, ખરેખર તો આ દુકાનો સરકારી જમીન પર ગેરકાયેદસર કબજો જમાવી દુકાનો બનાવી દેવામાં આવી ન હતી પરંતુ કાયદેસર રીતે ભાડાપટ્ટેથી જમીન મેળવી દુકાનો બનાવવામાં આવી હતી.

આ અંગે પાલિકાના કાઉન્સિલર ઈફતેખાર યમનીએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર રીતે કબ્જો જમાવેલી જમીન પર બુલડોઝર ફરવું જોઈએ, પરંતુ કોઈ વ્યકિત માત્ર મુસ્લિમ છે, જેણે કાયેદસર રીતે જમીન મેળવી દુકાનો બનાવી હતી તેને ગેરકાયદેસર કેવી રીતે ગણી શકાય ? અને હાઈકોર્ટ દ્વારા નગરપાલિકાના સત્તાધીશોને તમાચો મારતા કહ્યું હતું કે આ જે બાંધકામ છે, તે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ તેના પર બાંધકામ કરવામાં આવ્યું છે અને પિટિશનરને આ જમીનનો ઉપયોગ કરવાનો અધિકાર છે અને આ દુકાનો પર જેસીબી ફેરવી તોડી નાખવાના કારણે જે નુકસાન થયું છે તે નુકસાન પાલિકાના ચીફઓફિસરના પગારમાંથી નુકસાની ભરપાઈ કરવા તેમજ જે જમીન બાબતે હાઈકોર્ટમાં પિટિશન પેન્ડિંગ હોવા છતાં કેમ આ ડિમોલિશન કરવામાં આવ્યું છે, તે અંગે સોગંદનામું કોર્ટમાં રજૂ કરવા આદેશ આપ્યો છે. ખંભાત શહેરમાં પાલિકાની એકાઉન્ટ ઓફિસ ગેરકાયદેસર, એક્ષરે હાઉસની આકારણી વગર પરવાનગી વગર બાંધકામ કયારે તોડવામાં આવશે. પાલિકાએ ફકત નોટિસ આપી સંતોષ માનવામાં આવ્યું છે, તે દબાણ શા માટે તોડવામાં નથી આવ્યું ? અપક્ષ કાઉન્સિલરના બે ઘરો વચ્ચે ગેરકાયદેસર બ્રિજ બનાવવામાં આવ્યો છે તે દબાણ કયારે તોડવામાં આવશે. ? તેવા સવાલો કર્યા છે.

### દુર્ઘટનામાં પાંચ લોકોનાં જીવ ગયા હતા

# ૧૩૮ પૈડાંના ટ્રકને શેત્રુંજી નદીના બ્રિજ પર પસાર કરવાના બનાવમાં કાયદાકીય કાર્યવાહી રદ કરવા હાઈકોર્ટનો ઈન્કાર

અમદાવાદ, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટમાં કોટેશ્વરમ આદિમૂલમ મુદલિયાર સહિત કુલ ૦૫ લોકોએ પોતાની સામેની કાનૂની કાર્યવાહી રદ કરવા માટે અરજી દાખલ કરી હતી. જેને ગુજરાત હાઈકોર્ટે નકારી નાખી છે. કેસની વિગતો જોતા ૩૦ જુલાઈ, ૨૦૦૯ના રોજ કર્ણાટક પાસિંગનો વોલ્વો ટ્રક, ૧૩૮ પૈડાના ટ્રેલર સાથે ટર્બાઇન એન્જિનને મુન્દ્રાથી પીપાવાવ લઈ જઈ રહ્યો હતો. જેમાં સુપરવાઇઝર ટ્રક ડ્રાઇવર, એન્જિન લોડ અને અનલોડ કરતા લોકો સામેલ હતા.

મુન્દ્રાથી પીપાવાવનું અંતર ૪૫૦ kmનું હતું. ટ્રક એક દિવસના ૪૦ કિલોમીટર જેટલું અંતર કાપતો હતો. જેને મુન્દ્રાથી પીપાવાવ પહોંચતા ૧૦ દિવસ લાગવાના હતા. ટ્રકે નવ દિવસમાં ૩૪૦ kmનું અંતર કાપી લીધું હતું. પરંતુ ટ્રક શેત્રુંજી નદી ઉપર આવેલા બ્રિજ પરથી પસાર થતા બ્રીજ તૂટ્યો હતો અને ટ્રક નદીમાં પડ્યો હતો. જેમાં કુલ ૦૫ લોકોના મૃત્યુ થયા હતા. જેથી નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. અરજદારોએ નીચલી કોર્ટ સમક્ષ ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરી હતી, જેને નકારી નાખવામાં આવી હતી. અરજદારોનું કહેવું હતું કે તેમના તરફથી કોઈ બેદરકારી રાખવામાં આવી નથી અને ટ્રકે સહી સલામત રીતે ૩૪૦ kmનું અંતર કાપ્યું હતું. વળી ટ્રક સાથે સંકળાયેલ JM બક્ષી કંપનીએ બ્રિજ રીપેરીંગ કે નવો બ્રિજ બનાવવાનો ખર્ચ પણ આપી દેતા. નેશનલ હાઈવે ઓથોરિટીએ ફરિયાદ રદ થાય તો વાંધો નહીં, તેમ પણ જણાવ્યું હતું.

જો કે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત થઈ હતી કે, આરોપીઓએ કોઈપણ જાતની મંજૂરી વગર ખૂબ ભારે અને મોટા વાહનને રોડ ઉપર ચલાવ્યું હતું. RTOએ બે વખત ટ્રકને ઝડપીને કુલ ૧.૮૦ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. તેમ છતાં તેમને કોઈ ઓથોરિટી પાસેથી પરવાનગી મેળવવાનું જરૂરી સમજ્યું ન હતું. ટ્રક, એન્જિન અને ટ્રેલરનું કુલ વજન થઈને ૨૫૦ ટન કરતાં વધુ હતું. આરોપીઓએ આ કામ માટે કોઈ મંજૂરી લીધી નહોતી. RTO એ તેમને પકડીને દંડ કર્યો તેમ છતાં પણ તેઓ આગળ વધ્યા હતા. તેમની બેદરકારીથી પ્રાથમિક દ્રષ્ટિએ ૫ લોકોના જીવ ગયા હતાં.

હાઈકોર્ટે નોંધ્યું હતું કે, શેત્રુંજી નદી ઉપરનો બ્રિજ ટ્રક ટ્રેલર અને એન્જિન સાથેનું વજન ખમી શક્યો નહોતો અને બ્રિજ તૂટી પડ્યો હતો. બ્રિજ ઉપર ભારે અને ઓવરવેઈટ વાહન ઉપર પ્રતિબંધ હતો. આરોપીઓ જાણતા હતા કે આવું કામ કરવાથી અકસ્માતની શક્યતા રહેલી છે, તેમ છતાં તેમણે આવું કાર્ય કર્યું હતું. આથી હાઈકોર્ટે આરોપીઓની અરજી નકારી નાખી હતી.


પહેલી નજરમાં જ ગમી જાય તેવા ફ્લેટ
તમારા ઘરના સપનાંને સાકાર કરો
એ પણ તમારા બજેટમાં જ
૭૦% ઓપન સ્પેસ
૨-૩ બેડરૂમ, હોલ, કીચન
ટીપી-૮૫, સરખેજ, અમદાવાદ
Call : 8000 742 000


**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧૨ ઓક્ટોમ્બર-૨૦૨૫ | રૂા. | ૪૯.૦૦ |


ગુજરાત ટુડે

આગામી દિપોત્સવી વિશેષાંકમાં આપની જાહેરખબર વહેલી તકે મોકલાવો

**દિપોત્સવી**નો તહેવાર આવી રહ્યો છે આ પ્રસંગે પ્રસિદ્ધ થનાર વિશેષાંકમાં આપની ભાગીદારી અનિવાર્ય છે. હંમેશા ગત ૩૪ વર્ષમાં આપના 'ગુજરાત ટુડે' એ અનેક સીમાચિહનરૂપ સિદ્ધિઓ હાંસલ કરી છે. સિદ્ધિઓનો આ સિલસિલો ભવિષ્યમાં પણ અવિરતપણે ચાલ્યા કરે તે માટે આપના દૈનિકને વધુ સધ્ધર બનાવવું આવશ્યક છે. આ વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને 'ગુજરાત ટુડે' દૈનિકના આગામી દિપોત્સવી વિશેષાંકમાં આપ આપના ધંધા વ્યાપાર અને શુભેચ્છાની **જાહેરખબર સત્વરે મોકલી આપીને સહકાર આપશો** જ એવી અપેક્ષા છે 'ગુજરાત ટુડે'ના વાંચકો ચાહકો અને શુભેચ્છકોને આ માટે ખાસ પ્રયાસ કરવા અમારી હાર્દિક અપીલ છે. આપ આપની જાહેરખબર અમારા સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી પણ મોકલી શકો છો.

**દિપોત્સવી વિશેષાંક ૨૨-૧૦-૨૦૨૫ ને બુધવારે પ્રસિદ્ધ થશે**

વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક,૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in





મેઘધનુષ
રવિવાર
ગુજરાત ટુડે
તા.૧૨-૧૦-૨૦૨૫

# સ્કિલ ઇન્ડિયા ડિજિટલ હબ શું છે ? સ્કિલ શીખવા સાથે જોબ મેળવવા માટે સરકાર દ્વારા શરૂ કરાયેલા સાહસ વિશે જાણો

**મિત્રો કેન્દ્ર સરકાર દ્વારા યુવાનોને સ્કિલ વિશે માહિતી આપવા, તાલીમ આપવા અને તેમણે મેળવેલા કૌશલ્યના આધારે જોબ તેમજ કામ મેળવવા માટે આ પ્લેટફોર્મની શરૂઆત વર્ષ ૨૦૨૩માં શરૂ કરી હતી અને તેના એક વર્ષમાં એક કરોડથી વધુ યુવાનોએ તેમાં સાઇન અપ કરીને જોડાઇ ગયા છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય (MSDE) દ્વારા વિકસાવવામાં આવેલ, આ ઓલ-ઇન-વન ડિજિટલ પ્લેટફોર્મ સરકાર દ્વારા થઇ રહેલા પ્રયાસો, ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ અને તાલીમ પ્રદાતાઓને મફત અથવા સસ્તું કૌશલ્ય વિકાસ કાર્યક્રમો પ્રદાન કરવા માટે એક મંચ ઉપર લાવે છે. ફક્ત કૌશલ્ય શીખવા ઉપરાંત, આ પ્લેટફોર્મ નોકરીવાંચ્છુઓને AI-સંચાલિત જોબ મેચિંગ દ્વારા સંબંધિત રોજગાર તકો શોધવામાં મદદ કરે છે. મશીન લર્નિંગ દ્વારા ઉમેદવારોને તેમની કુશળતા અને અનુભવના અનુરૂપ કામ શોધી આપે છે. તે નોકરીવાંચ્છુઓને યોગ્ય કારકિર્દી સાથે જોડાયેલા રાખવા માટે કૌશલ્ય-આધારિત પ્રોફાઈલિંગનો પણ ઉપયોગ કરે છે.**




મિત્રો અત્યારની કેન્દ્ર સરકારની શિક્ષણ અને રોજગાર નીતિ માત્ર થીયરીકલ શિક્ષણના આધારે નહિ પરંતુ સ્કીલ આધારિત પ્રેક્ટીકલ નોલેજ ઉપર પણ ભાર મુકે છે. સરકાર ઈચ્છે છે કે યુવાનોમાં જેટલી સ્કીલ એટલે કે કૌશલ્ય હશે તેટલી રોજગારીની તકો વધશે અને ઉદ્યોગોને સ્કીલ વર્કર મળી રહેશે. તેના કારણે દેશનો સર્વાંગી આર્થિક વિકાસ થઇ શકશે. આથી યુવાનોમાં વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારની સ્કીલ ડેવલપ કરવા માટે વર્ષ ૨૦૨૩માં સ્કિલ ઈન્ડિયા મિશનના ભાગ રૂપે શરૂ કરાયેલ, સ્કિલ ઈન્ડિયા ડિજિટલ હબ (SIDH) વિવિધ ઉદ્યોગોમાં કૌશલ્યની ખોટને દૂર કરવા અને રોજગાર ક્ષમતા સુધારવા માટે બનાવવામાં આવ્યું હતું.

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય (MSDE) દ્વારા વિકસાવવામાં આવેલ, આ ઓલ-ઇન-વન ડિજિટલ પ્લેટફોર્મ સરકાર દ્વારા થઇ રહેલા પ્રયાસો, ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ અને તાલીમ પ્રદાતાઓને મફત અથવા સસ્તું કૌશલ્ય વિકાસ કાર્યક્રમો પ્રદાન કરવા માટે એક મંચ ઉપર લાવે છે. ફક્ત કૌશલ્ય શીખવા ઉપરાંત, આ પ્લેટફોર્મ નોકરીવાંચ્છુઓને AI-સંચાલિત જોબ મેચિંગ દ્વારા સંબંધિત રોજગાર તકો શોધવામાં મદદ કરે છે. મશીન લર્નિંગ દ્વારા ઉમેદવારોને તેમની કુશળતા અને અનુભવના અનુરૂપ કામ શોધી આપે છે. તે નોકરીવાંચ્છુઓને યોગ્ય કારકિર્દી સાથે જોડાયેલા રાખવા માટે કૌશલ્ય-આધારિત પ્રોફાઇલિંગનો પણ ઉપયોગ કરે છે.

આ પ્લેટફોર્મમાં ઘણા બધા લાભો મળે છે. જેવા કે શિક્ષણ માટે વ્યક્તિગત વ્યવસ્થા, ક્યાં ક્યાં સુધારાની જરૂર છે તેનું વિશ્લેષણ, સમસ્યાનું નિરાકરણ અને કૌશલ્યનું મૂલ્યાંકન કરવા માટે ડિજિટલ સ્ક્રીનીંગ પરીક્ષણો અને ભરતી કરનારાઓને શ્રેષ્ઠ ઉમેદવારો પસંદ કરવામાં મદદ કરવા માટે AI-સંચાલિત વર્ચ્યુઅલ ઈન્ટરવ્યુ પ્રદાન કરે છે. ૨૮થી વધુ ઉદ્યોગ-વિશિષ્ટ તાલીમ શ્રેણીઓ, સરકાર દ્વારા માન્ય પ્રમાણપત્રો અને એપ્રેન્ટિસશીપ અને જોબ લિસ્ટિંગની સીધી ઍક્સેસ સાથે, સ્કિલ ઈન્ડિયા ડિજિટલ હબ વિદ્યાર્થીઓ, નવા સ્નાતકો અને વ્યાવસાયિકો માટે એક ગેમ-ચેન્જર છે, જે કૌશલ્ય, કારકિર્દી વૃદ્ધિ અને રોજગારને પહેલા કરતા વધુ સુલભ બનાવે છે. તો ચાલો આજે આપણે તેના વિશે જાણીએ.

**સ્કિલ ઈન્ડિયા ડિજિટલ હબ (SIDH)માં ૧ કરોડથી વધુ નોંધણીઓ થઈ**

આ ડિજીટલ પ્લેટફોર્મ શરૂ થયાને તે પછી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં, સ્કિલ ઈન્ડિયા ડિજિટલ હબ (SIDH)માં એ ૧ કરોડથી વધુ નોંધણીઓ થઈ છે, જે ભારતની કૌશલ્ય પહેલમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. જૂન ૨૦૨૪ સુધીમાં, લગભગ ૮૮ લાખ ઉમેદવારોએ સાઇન અપ કર્યું હતું, અને ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં, પ્લેટફોર્મે ૬૦ લાખથી વધુ સક્રિય શીખનારાઓને જોડ્યા હતા, જે વિવિધ ઉદ્યોગોમાં કૌશલ્ય વિકાસ તકો પૂરી પાડવામાં તેની વધતી જતી લોકપ્રિયતા દર્શાવે છે. સ્કિલ ઈન્ડિયા પ્લેટફોર્મ શીખનારાઓને નોકરીની તકો સાથે કેવી રીતે જોડે છે? તે સવાલ થવો સ્વાભાવિક છે. તો ચાલો તેની પણ વિગતો મેળવીએ.

## હેલ્લો સ્ટુડન્ટ્સ

- સાહેબ સોની

આજના ઝડપથી બદલાતા નોકરી બજારમાં કૌશલ્યની માંગ અને તેમા પડતી ખોટને સમજવી જરૂરી છે કારણ કે ઉદ્યોગો પહેલા કરતાં વધુ ઝડપથી નવી કુશળતાની માંગ કરે છે. આ ખોટ કે અંતરને ઓળખવામાં અને નોકરી શોધનારાઓને યોગ્ય કૌશલ્યની તકો સાથે જોડવામાં ટેકનોલોજી મુખ્ય ભૂમિકા ભજવે છે. AI-સંચાલિત મૂલ્યાંકન ઉમેદવારની વર્તમાન કુશળતાનું વિશ્લેષણ કરે છે, સુધારણા માટેના ક્ષેત્રોને નિર્ધારિત કરે છે અને વ્યક્તિગત શિક્ષણ પ્રત્યે માર્ગદર્શન આપે છે. મોટા અને મહત્વના ડેટા ભેગા કરીને તેનું વિશ્લેષણ કરીને ઉદ્યોગના વલણોને ટ્રેક કરે છે. તેના આધારે તાલીમ આપનારાઓને માંગને અનુરૂપ સ્કીલ ડેવલપમેન્ટ કોર્ષ ડિઝાઇન કરવામાં મદદ મળે છે. AI-સંચાલિત જોબ મેચિંગ ઉમેદવારોને તેમની ક્ષમતાઓને અનુરૂપ કામ સાથે જોડે છે, જ્યારે વર્ચ્યુઅલ તાલીમ પ્લેટફોર્મ ફ્લેક્સીબલ અને ઈન્ટરેક્ટિવ અભ્યાસક્રમો પ્રદાન કરે છે. ચેટબોટ્સ અને કારકિર્દી માર્ગદર્શન સાધનો વ્યક્તિગત પ્રોફાઈલ્સ પર આધારિત કૌશલ્ય કાર્યક્રમોની ભલામણ કરે છે, અને બ્લોકચેન-આધારિત ડિજિટલ પ્રમાણપત્રો નોકરીદાતાઓ માટે કુશળતાની ઝડપી ચકાસણી સુનિશ્ચિત કરે છે. આ તકનીકોને જોડીને, નોકરીવાંચ્છુઓ કાર્યક્ષમ રીતે કૌશલ્ય વધારી શકે છે, માન્ય પ્રમાણપત્રો મેળવી શકે છે અને વધુ સારી નોકરીની તકો મેળવી શકે છે, જેનાથી કારકિર્દી વૃદ્ધિ પહેલા કરતાં વધુ સુલભ બને છે.

સ્કિલ ઈન્ડિયા ડિજિટલ હબ શીખનારાઓને નોકરીદાતાઓ સાથે જોડવા માટે આ બધી તકનીકોનો ઉપયોગ કરે છે. ફક્ત લાયકાતના આધારે મેચ કરવાને બદલે, તે કૌશલ્ય-આધારિત અભિગમ લે છે, જે ઉમેદવારો માટે વધુ સારી નોકરી યોગ્યતા સુનિશ્ચિત કરે છે.

**પ્લેટફોર્મ સાથે જોડાવવાના અનેક ફાયદા**

મિત્રો ઉપરોક્ત વિગતોના આધારે તમે સરળતાથી સમજી ગયા હશો કે ડિજીટલ હબ પ્લેટફોર્મના આધારે યુવાનોને રોજગારી મળી રહે છે. કારણ કે, તેમનું કૌશલ્ય વધારવા માટે સારા કોર્ષ ઓફર કરવામાં અને ત્યારબાદ નોકરી શોધવામાં મદદરૂપ થાય છે. વળી નોકરીદાતાઓ માટે પણ આ એક ઉત્તમ પ્લેટફોર્મ છે. તેઓને પણ તેમની જરૂરિયાત મુજબના કર્મચારીઓ મળી રહે છે. જ્યારે ઉમેદવારોને તેમની આવડત મુજબની જોબ મળી જાય છે. વળી જોબ માર્કેટના લેટેસ્ટ ટ્રેન્ડસ, જરૂરિયાતો, એનાલિસિસ, ડેટા, લેટેસ્ટ ટેકનોલોજી એટલે કે જેની જેની જરૂરિયાત હોય તે બધી જ વસ્તુઓ આ પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ છે.

પ્લેટફોર્મની AI-આધારિત નોકરી ભલામણ સિસ્ટમ તમારી કુશળતા અને તાલીમ સાથે મેળ ખાતી નોકરીઓ સૂચવે છે. સંબંધિત નોકરીઓ માટે ઝડપથી અરજી કરવા માટે આ વેબસાઇટમાં તમારા લોકેશન, ડોમેઈન, કુશળતા વગેરે જેવી વિગતો દાખલ કરીને આ સુવિધાનો ઉપયોગ કરવો જોઇએ. ઈન્ટરવ્યુ માટે તૈયારી રાખવી જોઈએ કારણ કે કેટલીક કંપનીઓ SIDH દ્વારા ઓનલાઈન સ્ક્રીનીંગ ટેસ્ટ અથવા વર્ચ્યુઅલ ઈન્ટરવ્યુ લે છે. તમારી તકો વધે તે માટે સામાન્ય ઈન્ટરવ્યુ પ્રશ્નોનો અભ્યાસ કરો અને સોફ્ટ સ્કિલ્સમાં વધારો કરવો જોઈએ. નેશનલ કરિયર સર્વિસ જેવી એક્સટર્નલ જોબ પ્લેટફોર્મનો પણ ઉપયોગ કરી શકાય અને તમારા SIDH પ્રમાણપત્રને આધારે તકો મળી શકે છે. આ પગલાંઓનું પાલન કરીને, તમે સફળતાપૂર્વક શિક્ષણથી રોજગાર તરફ ભ્રમણ કરી શકો છો, તમારી સ્કીલ ઈન્ડિયા તાલીમનો મહત્તમ ઉપયોગ કરી શકો છો.

**તમારે SIDH કોર્સમાં શા માટે નોંધણી કરાવવી જોઈએ ?**

★ વ્યાપક અભ્યાસક્રમ પસંદગી - અભ્યાસક્રમોને ઉદ્યોગોના પ્રકાર, નોકરીની ભૂમિકાઓ અને પ્રમાણપત્ર પ્રકારો દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે. આથી મલ્ટીપલ ચોઈસ ઉબલબ્ધ છે.

★ ઈન ડિમાન્ડ સ્કીલ - વેબ ડેવલપમેન્ટ, ઈંગ્લીશ કોમ્યુનિકેશન, સાયબર સિક્યુરિટી અને બીજા ઘણા ટ્રેન્ડીંગ ક્ષેત્રોમાં તાલીમ આપે છે.

★ પ્રાદેશિક ભાષા સપોર્ટ - અભ્યાસક્રમો બહુવિધ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે.

★ ખર્ચ-અસરકારક શિક્ષણ - મોટાભાગના અભ્યાસક્રમો મફત છે, જ્યારે કેટલાકને તાલીમ અને પ્રમાણપત્ર માટે નજીવી ફી ચુકવવાની જરૂર પડે છે.

★ ટોચના શૈક્ષણિક ભાગીદારો - NSDC, upGrad અને અન્ય અગ્રણી સંસ્થાઓ દ્વારા આ કોર્ષ તૈયાર કરવામાં આવે છે અને શીખવવામાં આવે છે.

તો મિત્રો પણ તમે પણ https://web.skillindiadigital.gov.in પર તપાસ કરી તેમા લોગીન કરીને તમારી કારકિર્દીની તકો આગળ વધારી શકો છો અથવા નોકરી મેળવી શકો છો.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# ઓ સમંદર વાદળાંને જોઈ તું હરખાવ ના, આંસુ બળી વાદળ થયાં એનો આ વરસાદ છે

કોઈ ચહીતાના ઘરે જવાનું નક્કી કરીને આપણે અગાઉ ક્યારેય ના અનુભવ્યો હોય એવો રોમાંચ અનુભવીને નીકળ્યા હોઈએ અને એના ઝાંપેથી જ કોણ જાણે કેમ ધડકતા હૈયે પાછા વળી જઈએ, એવી રીતે વાદળાં છેક ઝાડની ટોચ સુધી આવી જાય છે, અને વરસ્યાં વગર જતાં રહે છે. વાદળાંનેય છૂપો છૂપો રોમાંચ થતો હશે કે શું ?



## દસ્તક

હર્ષદ પંડ્યા

રાંઝાને મળવા નીકળેલી હીર મનોમન શરમાતાં શરમાતાં કહેતી જ હોય છે ને કે :

**"મિલો ના તુમ તો દિલ ગભરાયે,**
**મિલો તો ચૈન ચુરાયે... હમેં ક્યા હો ગયા...!"**

નથી લાગતું કે કેટલીક મૂંઝવણો પણ મીઠી, મોહક અને માદક હોય છે ! તમને જ્યારે કોઈપણ મૂંઝવણ મીઠી લાગ્યા કરે ત્યારે જરૂર સમજી લેવાનું કે તમને ગમતું કંઈક થઈ રહ્યું છે અથવા થવાનું છે !

વાદળાં વરસાદ રૂપે ઢોળાઈ જવાનું નક્કી કરે છે તે પહેલાં જ મોરને મીઠી મીઠી મૂંઝવણ થયા કરે છે અને પરિણામે એ ટહુકાર કરવા માંડે છે. માણસમાં અને મોરમાં આટલો જ તફાવત છે કે મોર ટહુકવા માંડે છે અને પ્રેમીના રૂપમાં માણસ મલકવા માંડે છે.

કોઈના ચહેરા પરનો મલકાટ પણ વાંચી શકાય, જો એવી દૃષ્ટિ મેળવી અને કેળવી હોય તો ! કોઈના ચહેરા પરનો મલકાટ સાંભળી પણ શકાય, જો એવા કાન મેળવ્યા અને કેળવ્યા હોય તો ! કોઈના ચહેરા પરના મલકાટને દૂર બેઠાં સ્પર્શી પણ શકાય, જો એવો એક અનોખો અહેસાસ કેળવ્યો હોય તો ! મૂળ વાત છે પોતાને ભૂલીને-જેના બનવાનું છે કે પછી જેના બની ગયા છીએ એને જ યાદરૂપે-એના મય થઈ જવાનું છે.

કેટલાંક વાદળ વરસ્યા વિના ચાલ્યાં જાય છે અને કેટલાંકને વરસવાનું સદભાગ્ય મળી જાય છે વાદળાંનેય આપણી જેમ કુંડળી કે જન્માક્ષર જેવું હશે જ ને, એ વગર આવું થોડું બને ? વાદળનું સર્જન જ વિસર્જન માટે થાય છે. એના થઈ રહેલા સર્જનમાં એને જે આનંદ થતો હોય છે એટલો, કદાચ એના કરતાંય વધારે આનંદ, એને વિખેરાઈ જવામાં-એની વિસર્જન થવાની ક્ષણોમાં થતો હશે કારણ કે એક માત્ર 'વિસર્જન' હેતુથી તો એનું સર્જન થયું છે !



આંસુ ક્યારે આવશે-એવું આંખોને ક્યારેય પૂછાતું નથી. એ તો આંખોનેય ખબર ના પડે એમ અચાનક આવી જતા હોય છે. આંસુને આવવાની કોઈ ચોક્કસ તારીખ કે ક્ષણ નથી હોતી. વાદળાંને પણ પૂછાય નહીં કે તુ ક્યારે વરસીશ ? આંસુ અને વરસાદ અતિથિ કહેવાય ! બંનેનો કોઈપણ ક્ષણે આદર-સત્કાર કરવો જોઈએ. બંનેને મીઠો આવકારો આપવો જોઈએ. બંનેને ફૂલ જેવા હળવા મૌનથી કહેવું જોઈએ : "વેલકમ ! તશરીફ લાઈએ ! આપનું સ્વગત છે !" પણ આપણે આટલુંય નથી કરતા. વરસાદની રાહ તો જોઈએ જ છીએ અને જ્યારે એ વરસી પડે છે ત્યારે છત્રી લઈને કે પછી રેઈનકોટ પહેરીને એના મય થવાનું ટાળીએ છીએ ! જેની રાહ જોતા હોઈએ એ જ્યારે અચાનક આપણા ઘરે આવી જાય અને એ જ ક્ષણે આપણે હરખાવાને બદલે મોં બગાડી, મોં મચકોડી આડું જોઈને બેસી જઈએ, તો આવનારનું એ અપમાન ના કહેવાય ? છત્રી ઓઢીને કે રેઈનકોટ પહેરીને વરસાદમાં ફરવું એ તો વરસાદનું હળાહળ અપમાન જ કહેવાય.

આંસુનું પણ આપણે આવું જ, વરસાદનું અપમાન કરીએ છીએ એવું જ, અપમાન કરીએ છીએ. આવતા આંસુને ક્યારેય લૂછાય નહીં ! ભીંજાઈ રહેલી આંખને રૂમાલ વડે લૂછી નાખીએ એમાં આંખોનું તો અપમાન છે જ, આંસુનું અપમાન પણ એનાથી કંઈ ઓછું નથી. આંખોના સમંદરમાં આંસુ જ્યારે બળે છે અને સૂક્ષ્મરૂપે એના ઝીણા ઝીણા વાદળ બંધાય છે અને એવી કોઈ સદભાગી ક્ષણે એ ફરી પાછું આંસુ થઈને વરસી પડે છે ત્યારે આખા ચહેરાનું પર્યાવરણ, આંખોની પૂરી આબોહવા અને એ આંસુના અનોખા સ્પર્શથી આપણું સમગ્ર અસ્તિત્વ જે 'હોવાપણાનો અર્થ' પામતું હોય છે-એ ઘટના જ કુદરત સાથેના સંબંધના ઈતિહાસની મહાન ઘટના બને છે ! મિત્રો, વરસાદને અને આંસુને તમે ક્યારેય પૂછશો નહીં કે તમે શા માટે આવ્યા ? ધરતીના નસીબદાર ભાગ પર વરસાદ અને સમાજના નસીબદાર માણસની આંખોમાં આંસુ આવે છે. વરસાદ તો ક્યારેક કૃત્રિમ પણ લાવી શકાય. આંસુ માટે એ શક્ય નથી. હા, ગ્લિસરીનની મદદથી લવાય છે, પણ એના સ્પર્શની એની ભીનાશની હૂંફ કેટલી ? માટે જ કહું છું કે આવતા વરસાદને અને આવતા આંસુને રોકો નહીં, પૂછો નહીં, લૂછો નહીં, એને આવકારો, પૂરા પ્રેમથી આવકારો... જુઓ પછી, એ તમારી અંદર પ્રસન્નતા, આંનદ અને હેતની હરિયાળી એવી તો ઉગાડી દેશે કે તમે પાનખરમાંય અંદરની મહેકથી મહેકતા રહેશો ! એકવાર પ્રયોગ કરી તો જુઓ ! જુઓ પછી એની કમાલ !

વરસાદ અને આંસુ કઈ દિશામાંથી આવે છે એ ચોક્કસ કહી શકાય નહીં. બંનેનું સર્જન, વિસર્જન માટે જ થતું હોય છે. બંનેના લક્ષ્યમાં થોડો ફરક છે. વરસાદ વરસી પડીને ખુદ હળવો થઈ જાય છે, આંસુ વરસી પડીને માણસના હૈયાને હળવું કરી દે છે. બાકી, બંનેનો સ્વાદ એક સરખો-ખારો. બંનેના સ્વાદમાં હોય ખારાશ, પણ ગુણમાં પૂરેપૂરી મીઠાશ ! બંનેનો સ્પર્શ આપણને અંદરથી એકદમ એનર્જેટિક કરી દે છે. વરસાદ વગરનું આકાશ અને આંસુ વગરની આંખો ભેંકાર લાગે. ખાલીપો પણ અંદરથી કેટલો ભારે અને વજનદાર હોય એનો અનુભવ કરવો હોય તો વરસાદ વગરના સાવ ખાલી આકાશને અને આંસુ વગરની સાવ કોરી આંખોને જોઈ લો-નજરને પણ ભાર લાગવા માંડશે.

સુગંધના ઢગલાનું બીજું નામ એટલે જ વરસાદ અને આંસુનો આવિષ્કાર. વાદળાં પાણીના જ બંધાય એવું કોણે કહ્યું ! આંસુના પણ બંધાય ! 'શબ્દપ્રીત' કહે છે :

**ઓ સમંદર વાદળાંને જોઈ તું**
**હરખાવ ના,**
**આંસુ બળી વાદળ થયાં એનો આ**
**વરસાદ છે;**

**: ટહુકો :**
**મૈં અપને આઈને કો તોડ દુ**
**યે ભી નહીં મુમકિન**
**કિ ઈસમેં સિર્ફ મેરા હી નહીં**
**તેરા ભી ચેહરા હૈ**
**-મુખ્તાર શમીમ**

## શિક્ષણ શોષણનું શસ્ત્ર છે...

કોઈ કાળ એવો ગયો નથી, જેમાં સ્ત્રીનું શોષણ ન થયું હોય. ઋષિમુનિઓના સમયથી એ થતું આવ્યું છે. પિતા હોય કે પુત્ર, મિત્ર હોય કે શત્રુ, અભણ હોય કે શિક્ષિત, કોઈ પણ જાતના બાધ વિગર સ્ત્રીનો શિકાર થતો રહ્યો છે. એ ખરૂં કે સમય જતાં શિક્ષણ વધ્યું, સ્ત્રીઓ માટેનાં માનપાન વધ્યાં, સ્ત્રી પોતે શિક્ષિત થઈ, સ્વતંત્ર રીતે નિર્ણયો લેતી થઈ. કોર્પોરેટ સેક્ટરમાં તેની સક્રિયતા ને ભાગીદારી વધી. કેટલાંક ક્ષેત્રોમાં તો, તે પુરૂષોથી પણ આગળ નીકળી, તે એ હદે કે લગ્ન અને દહેજને મામલે તે પુરૂષોનું શોષણ કરતી થઈ, પણ આ બધાંમાં શિક્ષણ, શોષણ કરવામાં જ ઉપયોગી થયું. એ હકીકત છે કે સ્ત્રી હોય કે પુરૂષ, શિક્ષણ, તેમને વત્તે ઓછે અંશે શોષણ માટે જ ખપમાં આવ્યું છે. અભણ તો આવેશમાં સ્ત્રી પર બળાત્કાર કરતો હશે, પણ શિક્ષિત ગણતરીપૂર્વક, આયોજનથી સ્ત્રીને વશ કરવા મથતો હોય છે. ટૂંકમાં, શોષણમાં જે સૂક્ષ્મતા પ્રવેશી છે, તે શિક્ષણને આભારી છે.

વધારે નહીં તો એકાદ ઉદાહરણ પણ તે માટે પૂરતું થઈ પડશે. ગયા રવિવારના જ વડોદરાના સમાચાર છે. એક વકીલને ત્યાં ૨૬ વર્ષની એક નર્સ નોકરીએ લાગી. આમ તો તે નર્સ હતી, પણ તેણે



### સ્ત્રી સશક્તીકરણ

**- રવીન્દ્ર પારેખ**

નોકરી ઘરની નજીક કરવી હતી, એટલે તેણે તેના મિત્રને નજીકમાં કોઈ નોકરી હોય તો શોધવા કહ્યું. મિત્રે વકીલને ત્યાં નોકરી શોધી આપી. નર્સ નોકરીએ લાગી. થોડો વખત તો બધું ઠીક ચાલ્યું, પછી વકીલે પોત પ્રકાશ્યું. તેણે યુવતીને કહ્યું કે હું તને ૧૪ હજાર પગાર આપું છું, તો તું મારી ગર્લફ્રેન્ડ બની જા. યુવતીની ઈચ્છા જાણ્યા વગર વકીલે તેને બળજબરીએ વશ કરી. એ પછી તો અવારનવાર વકીલ દુષ્કર્મ કરતો રહ્યો. યુવતી શરમની મારી એટલે વેઠતી રહી કે વકીલે અંગત પળોના ફોટાઓ-વીડિયો તેના મિત્રને મોકલીને વાઈરલ કરી દેવાની ધમકી આપી. નાછૂટકે યુવતીએ પોલીસનું શરણું શોધવું પડ્યું. પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધીને વકીલની ધરપકડ કરી...

આમ તો વકીલો દુષ્કર્મનો કેસ લડતા હોય છે, અહીં વકીલ દુષ્કર્મ માટે જવાબદાર છે. વકીલ જેવો શિક્ષિત અને ન્યાય માટે લડતો માણસ પોતાને ત્યાં નોકરી કરતી યુવતીને પગાર આપે છે, એટલે ગર્લફ્રેન્ડ બનવાનું કહીને બળાત્કાર કરે, એટલું જ નહીં વારંવાર કરે છે. કોઈને જે હેતુ માટે નોકરી આપી હોય એ હેતુ બદલીને દુષ્કર્મ માટે નોકરીએ બોલાવવામાં ભોળપણ નથી, નાલાયકી છે. એ પણ દુઃખદ છે કે યુવતી પોતાને વશ વર્તે એટલે તેના ફોટાઓ-વીડિયો તેના મિત્રને મોકલીને બ્લેકમેઈલ કરવાની ધમકી આપે છે. જે ગુનાઓ માટે વકીલો અસીલો માટે લડતા હોય એ ગુનાઓ અહીં વકીલ પોતે કરે છે ને અજાણતા નથી કરતો, જાણીબૂઝીને, સમજીવિચારીને કરે છે, એટલે ગુનો વધુ સંગીન બને છે.

લગભગ દરેક યૌન શોષણના ગુનામાં હવે એક વાત વધારાની ઉમેરાઈ છે, અને તે ફોટા કે વીડિયો વાઇરલ કરી દેવાની. આવી ધમકી આપી સ્ત્રીને વધુ શોષણ માટે સંમત કરવાની આ રીત વધારે જઘન્ય છે. સ્ત્રીઓ એને લીધે વધુ શોષણનો ભોગ બને છે. ખબર નહીં, એ કેટલું વ્યવહારૂ અને યોગ્ય છે, પણ ફોટા કે વીડિયો વાઈરલ કરી દેવાની ધમકીને સ્ત્રીઓએ વશ ન થવું જોઈએ. તેને બદનામ થવાનો ડર હોય એ સમજી શકાય એવું છે, પણ બદનામ તે એકલી જ કેમ થાય ? તેનો વીડિયો વાઈરલ થાય તો એને જોનાર લોકો, એને પીડનારને નહીં જુએ ? એ દુષ્કર્મ કરતો દેખાય તો એ પણ બદનામ થાય કે કેમ ? તો, બદનામ થવાનો ડર સ્ત્રીને જ કેમ ? એ ડર રાખ્યા પછી પણ સ્ત્રીનો છુટકારો થતો નથી. ફોટા-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને બળાત્કારી તેનો વધુને વધુ લાભ લેતો રહે છે. આમ એટલે થાય છે, કારણ જવાબદાર હોવા છતાં વીડિયો વાઈરલ કરનાર એટલો બદનામ નથી થતો, જેટલી સ્ત્રી થાય છે. આ જ ચાલ્યું આવે છે ને આ જ ચાલે છે. સ્થિતિ સુધરી છે તે સાથે શોષણની રીતો પણ સુધરી છે.

★

હવેનો ગયા રવિવારનો નવી દિલ્હીનો એક કિસ્સો તમ્મર લાવી દે એવો છે. વાત નવી દિલ્હીની એક અમીર વ્યક્તિની છે. આ વ્યક્તિને તેના ભાવિ સસરાએ લગ્ન પહેલાં દહેજમાં રેન્જ રોવર અથવા ડુપ્લેક્સ ફ્લેટ આપવાની ઓફર કરી. તે ઉપરાંત પણ બીજું ઘણું આપવાની વાત કરી, પણ ભાવિ જમાઈએ દરેક ઓફરોને સ્પષ્ટપણે નકારી. ખરેખર તો એ વ્યક્તિ સારા સંબંધની શોધમાં હતી. નસીબ જોગે તેને એક શિક્ષિત, સમજદાર છોકરી મળી પણ ગઈ. બન્ને પરિવારોને આ સંબંધથી ઘણો આનંદ હતો. એ આનંદના ભાગ રૂપે સસરાએ દહેજમાં અનેક ઓફરો આપી, પણ ભાવિ જમાઈએ એક પણ ન સ્વીકારી, પરિણામે થોડી વાતચીત પછી સસરાએ સંબંધ તોડી નાખ્યો, એમ કહીને કે આ કંઇ લેતો નથી તો એનામાં જ કંઇ ખામી છે.

કમાલ છે ને ! કોઈ પણ મુરતિયો દહેજની ભાગ્યે જ ના પાડે, પણ આ કિસ્સામાં તેને કન્યા સિવાય સાસરા પક્ષ તરફથી કંઇ જોઈતું નથી. સસરો ખુશીથી બધું આપવા માંગે છે ને ભાવિ જમાઈ કંઇ પણ લેવા તૈયાર નથી. સસરો પણ કમાલનો છે. મોટે ભાગે તો સસરા આપતી વખતે હાથ ખેંચીને રાખતા હોય છે, પણ અહીં મોકળે મને આપવા ઉત્સુક છે ને સામેથી નન્નો આવે છે. કોઈ જમાઈ દહેજ લેવાની ના પાડે તો સસરાને એ વાતનું ગૌરવ થવું જોઈએ, પણ સસરો આડો ફાટે છે ને વરકન્યા પરણવા રાજી છે, છતાં લગ્ન થવા દેતો નથી ને વરમાં જ કોઈ ખામી છે એટલે એ કૈં લેતો નથી-એમ કહીને લગ્ન અટકાવે છે. કોઈ જમાઈ દહેજ જતું ન કરે ને કોઈ સસરો આપવામાં ઉદાર ન હોય. એ રીતે આ અજીબોગરીબ કિસ્સો છે.

લાગે છે એવું કે આ અને એના જેવા કિસ્સાઓમાં ઈગો પણ કામ કરતો હોય એમ બને. અહીં જે ભાવિ જમાઈ છે, તે સાધારણ નથી. તે અમીર છે. તેને કદાચ દહેજ દૂષણ છે કે તે લેવાય એવો ખ્યાલ પણ ન હોય. તેને એવું પણ હોય કે પોતે અમીર છે, તો તેણે શું કામ કોઈનું આપેલું લઈને તેના ઉપકાર હેઠળ આવવું જોઈએ ? આવું જ હોય એવું નથી, આમ પણ હોય એવી એક શક્યતા તરીકે વિચારવાનું રહે. માનવ મન એટલું વિચિત્ર છે કે તે ક્યારે શું વિચારશે ને કરશે તે કળી શકાતું નથી. એવું જ ભાવિ સસરાને પણ હોઈ શકે છે. તે પણ અમીર છે. તેણે દહેજ આપવું છે કે દીકરીનું લગ્ન કરાવવું છે, એવી વાત જ કદાચ તેના મનમાં ન હોય. તેણે તો અમીર જમાઈ સામે પોતાની અમીરી બતાવવી હોય, તેથી તે મોંઘી ભેટની ઓફર મૂકે છે, એમ બતાવવા કે અમીરને પોતે ઓફર આપી શકે એટલો અમીર પોતે છે જ ! ખરેખર તો આમાં પોતાની મોટાઈ જ બંને પક્ષોએ સાબિત કરવી હોય છે. એકે આપીને, બીજાએ નકારીને. એ નકારનું પરિણામ એ આવે છે કે લગ્ન થતાં નથી. અમીર બાપે જમાઈને દહેજ આપવાના લોભમાં દીકરી આપવાનું ધ્યાન રાખ્યું હોત, તો પિતાની જવાબદારી પૂરી થઈ હોત ને દીકરી પ્રસન્ન ચિત્તે આનંદથી પરણીને વિદાય થઈ હોત ! પણ જેનાં લગ્નની વાત હતી એની ચિંતા તો કોઈએ કરી જ નથી...

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

### ભારતીય પત્રકારિત્વ વેન્ટિલેટર પર?

# ઉત્તરાખંડના લેખક પત્રકાર રાજીવ પ્રતાપ ભાગીરથી નદીમાં મૃત હાલતમાં મળી આવ્યા

**ઉત્તરાખંડના લેખક પત્રકાર રાજીવ પ્રતાપ છેલ્લા ૧૦ દિવસથી ગુમ હતા. રવિવારે તેમનો મૃતદેહ ભાગીરથી નદીમાંથી મળી આવ્યો હતો**

**૩૬ વર્ષીય ઉત્તરાકાશીના પત્રકાર રાજીવ પ્રતાપના રહસ્યમય મૃત્યુએ ભારતમાં પત્રકારિત્વના જોખમોને ઉજાગર કર્યા છે**

- **ભારતમાં પત્રકાર તરીકે કામ કરવું એશિયન દેશોમાં સૌથી ખતરનાક છે.**
- **૨૦૧૭થી, બાર કરતા પણ વધુ પત્રકારોની તેમના કામને કારણે હત્યા કરવામાં આવી છે**




રાજીવ પ્રતાપ દિલ્હી ઉત્તરાખંડ લાઈવ સમાચાર સંબંધિત યુટ્યુબ ચેનલ ચલાવતા હતા. છેલ્લે ૧૮ સપ્ટેમ્બરની ઉત્તરાકાશીમાં સાંજે જોવા મળેલા રાજીવ પ્રતાપ ૧૦ દિવસ પહેલા ગુમ થયા હતા. રવિવારે, તેમનો મૃતદેહ ભાગીરથી નદીમાંથી મળી આવ્યો હતો. તેમના મૃત્યુથી તેમના પરિવારે અને પ્રેસ સ્વતંત્રતા જૂથોએ અવાજ ઉઠાવ્યો છે અને કેસની પારદર્શક તપાસની માંગ કરી છે. પ્રતાપ ગુમ થયાના બીજા દિવસે, ૧૯ સપ્ટેમ્બરના રોજ, પોલીસને ગંગોરી નજીક ભાગીરથી નદીમાંથી તેમની કાર ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી આવી હતી. પોલીસની તપાસ અને બચાવની ટીમો પણ સ્થાનિક પત્રકારને શોધી શકી ન હતી. દસ દિવસ પછી, ૨૮ સપ્ટેમ્બરના રોજ, તેમનો મૃતદેહ જોશીયારા બેરેજ પાસેથી મળી આવ્યો હતો. અહેવાલો અનુસાર, પોલીસને પ્રતાપના શરીર પર કોઈ બાહ્ય ઈજાના નિશાન મળ્યા નથી. જેથી એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે રાજીવ પ્રતાપનો માર્ગ અકસ્માત થયો હશે જેમાં તેમની અલ્ટો કાર નદીમાં ખાબકી ગઈ હોવી જોઈએ. જોકે, પોલીસની થીયરીને પ્રતાપના પરિવારે ફગાવી દીધી છે. પ્રતાપની પત્ની મુસ્કાને આ ઘટનામાં ગેરરીતિનો આરોપ લગાવતા મીડિયાને જણાવ્યું છે કે, તેમના પતિને તેમના રિપોર્ટિંગ માટે, ખાસ કરીને સ્થાનિક હોસ્પિટલના રિપોર્ટિંગ બદલ ધમકીઓ મળી રહી હતી. ગાયબ થયાના એક અઠવાડિયા પહેલા તેઓ ધમકીઓને કારણે બહુ જ તણાવમાં રહેતા હતા.

પ્રતાપના કેસ પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચાયું છે. કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ્સ (CPJ)એ સોમવારે એક નિવેદન બહાર પાડીને ભારતીય સત્તાધીશોને આ કેસની 'વિશ્વસનીય અને પારદર્શક' તપાસ કરાવવાની માંગ કરી છે. CPJએ પોલીસને ફક્ત અકસ્માતના સિદ્ધાંત પર આધાર ન રાખવા જણાવ્યું છે. તેમણે મુસ્કાનના નિવેદનને ખાસ ધ્યાનમાં રાખીને કે પ્રતાપને તેના લેખન સંબંધિત મળી રહેલી ધમકીઓ સંદર્ભે પણ તપાસ કરવા જણાવ્યું છે. ભારત પત્રકારો માટે સૌથી ખતરનાક એશિયન દેશોમાંનો એક દેશ છે. CPJ ડેટા દર્શાવે છે કે ૨૦૧૭થી ભારતમાં ઓછામાં ઓછા ૧૨ જેટલા પત્રકારોની તેમના કાર્યને કારણે હત્યા કરવામાં આવી છે. જ્યારે ઘણા અન્ય પત્રકારોને ધમકીઓ, ઉત્પીડન અથવા કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે. પ્રેસ જૂથોએ દલીલ કરી છે કે પ્રતાપનું મૃત્યુ પત્રકારો માટે, ખાસ કરીને સ્થાનિક શાસન, ભ્રષ્ટાચાર અને જાહેર સેવાઓની તપાસ કરનારાઓ માટે સતત જોખમોને પ્રકાશિત કરે છે. ૨૦૨૫ સુધીમાં, ભારત પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ૧૮૦ દેશોમાંથી ૧૫૧મા ક્રમે છે. આ તેના ૨૦૨૪ના ૧૫૯મા ક્રમથી થોડો સુધારો છે. જોકે, રિપોર્ટર્સ સાન્સ ફ્રન્ટીઅર્સે તેના અહેવાલમાં જણાવ્યું છે કે, "ભારતીય મીડિયા ૨૦૧૪થી બિનસત્તાવાર કટોકટીની સ્થિતિમાં છે." એક દાયકા પહેલા, ભારત ૧૪૦મા ક્રમે હતું અને ત્યારથી આ સૂચકાંકમાં સતત નીચે આવી રહ્યું છે, જેનો અર્થ એ થાય કે ભારત પ્રેસ સ્વતંત્રતાના સંદર્ભમાં 'ખૂબ જ ગંભીર' શ્રેણીમાં આવે છે. આ શ્રેણીમાં અન્ય દેશોમાં સઉદી અરેબિયા, યમન, પેલેસ્ટીન અને સીરિયાનો સમાવેશ થાય છે. ભારતમાં પ્રેસ સ્વતંત્રતામાં ઘટાડો છેલ્લા દસ વર્ષથી સતત ચાલી રહ્યો છે. ૨૦૧૪માં, ભારત ૧૪૦મા સ્થાને હતું.

જાન્યુઆરી ૨૦૨૫માં, ૩૩ વર્ષીય પત્રકાર મુકેશ ચંદ્રાકરનો મૃતદેહ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરની માલિકીની મિલકતમાં સેપ્ટિક ટાંકીમાંથી મળી આવ્યો હતો. ૨૦૧૭માં, કર્ણાટકના બેંગ્લોરમાં તેમના નિવાસસ્થાનની બહાર પ્રખ્યાત પત્રકાર ગૌરી લંકેશની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ભાજપના નેતાઓએ ગૌરી લંકેશ પર માનહાનિનો કેસ કર્યો હતો જેમાં લંકેશ કોર્ટમાથી જામીન મેળવીને પર બહાર આવ્યા હતા. તેમની હત્યા હિન્દુત્વ રાજકારણ અને તેના સાથીઓ પરના તેમના પ્રશ્ન સાથે જોડાયેલી હતી. માર્ચ ૨૦૨૨માં, આઉટલુક એવા સમયે સ્વતંત્ર પત્રકારોના ઉદયમાં ઊંડા ઉતર્યો જ્યારે મુખ્ય પ્રવાહના 'વારસાગત' મીડિયા વિશ્વાસના સંકટનો સામનો કરી રહ્યા હતા (અને હજુ પણ કરી રહ્યા છે). 'નોટ્સ ફ્રોમ ધ અંડરગ્રાઉન્ડ' અંકમાં, આઉટલુકે દેશભરના સ્વતંત્ર પત્રકારો સાથે વાત કરી, તેમને સમાચાર કોણ આપે છે અને તેમણે સમાચારના લેન્ડસ્કેપને કેવી રીતે બદલ્યો હતો. 'ધ ઈનવિઝિબલ ન્યૂઝમેકર્સ'માં, મોહમ્મદ ફૈઝલ સ્થાનિક પત્રકારો પર લખ્યું છે અને કેવી રીતે તેમના અહેવાલો મોટા મીડિયા દ્વારા લેવામાં આવ્યા પછી પણ હજુ સુધી કોઈ સામાવાળા ઓળખાતા નથી. ફૈઝલ લખે છે કે, "સ્થાનિક પત્રકારોના ગ્રાઉન્ડ રિપોર્ટ્સ ઘણીવાર મુખ્ય પ્રવાહના મીડિયા દ્વારા 'ઉપયોગમાં' લેવામાં આવે છે, તેઓ ખાસ કરીને ચૂંટણી દરમિયાન માન્યતા અને મહેનતાણાના અભાવનો શોક વ્યક્ત કરે છે." આશુતોષ ભારદ્વાજ 'સ્વતંત્ર મીડિયા કેવી રીતે સમાચાર નિર્માતા બન્યું' તે વિશે લખે છે, જે સરકાર અને મુખ્ય પ્રવાહના મીડિયા પ્રકાશનોના વારસાને પડકારે છે. ઈરામ આગા અને અલીશાન જાફરી લખે છે કે, કેવી રીતે ન્યૂ મુસ્લિમ વોઈસેસ ન્યૂઝ મીડિયામાં પ્રખ્યાત બન્યું, સમુદાયની આસપાસના બહુમતીવાદી કહાનીથી દૂર ભટકાઈ ગયું છે.

**(સૌ. : આઉટલૂક ઈન્ડિયા)**

# નવા અભ્યાસમાં, ખાસ કરીને યુવતીઓમાં હાર્ટ એટેકના છુપાયેલા કારણો મળી આવ્યા

**એક નવા અભ્યાસમાં યુવાનો અને સ્ત્રીઓમાં ઓછા જાણીતા હાર્ટ એટેકના કારણો જાહેર થયા છે, જેમાં એનિમિયા અને SCADનો સમાવેશ થાય છે, જેનું ઘણીવાર ખોટું નિદાન થાય છે**



**હેલ્થ બુલેટીન**

